ISSN 2454-7697

RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

YEAR : 6 • ISSUE : 11 • FEBRUARY : 2019 • PAGES : 56 • PRICE 30/-

ગુજરાતી–અંગ્રેજી વર્ષ - ૬ (કુલ વર્ષ ૬૬) અંક - ૧૧ • ફેબ્રુઆરી ૨૦૧૯ • પાનાં - ૫૬ • કિંમત રૂા. ૩૦/-



हे वाणी वरदायिनी, करिए हृदय निवास।
नवल सृजन की कामना, यही सृजन की आस।।

मात शारदा उर बसो, धरकर सम्यक रूप।
सत्य सृजन करता रहूं, लेकर भाव अनूप।।

सरस्वती के नाम से, कलुष भाव हो अंत।
शब्द सृजन होवे सरस, रसना हो रसवंत।।

वीणापाणि मा मुझको, दे दो यह वरदान।
कलम सृजन जब भी करे, करे लक्ष्य संधान।।

वास करो वागेश्वरी, जिव्हा के आधार।
शब्द सृजन हो जब झरे, विस्मित हो संसार।।

हे भव तारक भारती, वर दे सम्यक ज्ञान।
नित्य सृजन करते हुए, रचे दिव्य अभिधान।।

भाव विमल विमला करो, हो निर्मल मति ज्ञान।
निर्विकार होवे सृजन, दो ऐसा वरदान।।

विंध्यवासिनी दीजिए, शुभ श्रुति का वरदान।
गुंजित होती दिव्य ध्वनि, सृजन करे रसपान।।

महाविद्या सुरपुजिता, अवधि ज्ञानस्वरूप।
लोकानुभूति से सृजन, रचे जगत अनुरूप।।

शुभ्र करो श्वेताम्बरी, मनःपर्यव प्रकाश।
मन शक्ति सामर्थ्य से, सृजन करे आकाश।।

शुभदा केवल ज्ञान से, करे जगत कल्याण।
सृजन करे गति पंचमी, पाए पद निर्वाण।।

વસંત એ તો સૃષ્ટિનું યૌવન છે અને યૌવન એ જીવનની વસંત છે. વસંત એટલે નિસર્ગનો છલકાતો વૈભવ. વસંત એટલે જીવન ખિલવવાનો ઉત્સવ. વસંતઋતુ એટલે તરુવરોનો શણગાર. વસંત એટલે નવપલ્લવિત થયેલું, ખીલેલું, આમ્રકુંજોની મહોરની માદક સુવાસથી મહેંકી ઊઠેલું ઉલ્લાસ અને પ્રસન્નતાથી છલકાતું નિસર્ગનું વાતાવરણ. અને તેમાંયે કોયલનું મધુર કુંજન પણ મનને આનંદવિભોર બનાવે છે. આપણા સૌના જીવનમાં પણ પ્રેમ, મૈત્રી, ક્ષમા અને ધર્મ રૂપી વસંત ખીલે એજ મંગળકામના સાથે સૌને વસંતપંચમીની શુભકામના।

## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા : ૧૯૨૯ થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩
બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન : ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન : ૧૯૩૯-૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન' : ૧૯૫૩ થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯ થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૭માં 'પ્રબુદ્ધ જીવન'નો ૬૫માં વર્ષમાં પ્રવેશ
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં, એટલે ૨૦૧૩ એપ્રિલથી ગુજરાતી-અંગ્રેજી 'પ્રબુદ્ધ જીવન' વર્ષ-૫.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ :**


- પ્રબુધ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.

- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલાવવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે.જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (જુલાઈ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


## સર્જન-સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | સહિયારી વાત | સેજલ શાહ | ૩ |
| ૨. | ક્યા કાશી, ક્યા મગહર | કુમારપાળ દેસાઈ | ૬ |
| ૩. | ઉપનિષદમાં ક્ષેમાદિવિદ્યા | નરેશ વેદ | ૯ |
| ૪. | ગાળનો પ્રત્યુત્તર સ્મિત! | ભાણદેવજી | ૧૧ |
| ૫. | રવિભાણ સંપ્રદાય મોટી વિરાણી, કચ્છ-આશ્રમની ગુરુ પરંપરા | નિરંજન રાજ્યગુરુ | ૧૨ |
| ૬. | મારી મા 'સરસ્વતીચંદ્ર' નડિયાદમાં લખાઈ હતી કે ભાવનગરમાં? | મોહનભાઈ પટેલ | ૧૪ |
| ૭. | કટોકટી : માનવ સંબંધોની! | વિજય શાસ્ત્રી | ૧૭ |
| ૮. | ભારતની શિક્ષણવ્યવસ્થાઃ વર્તમાન અને ભવિષ્ય | પારુલબેન ભરતકુમાર ગાંધી | ૧૮ |
| ૯. | બારણું ઠોકવાનું કર્તવ્ય | નીલમ પરીખ | ૨૧ |
| ૧૦. | પ્રેમપુરી અને પી.એન.આરને સમર્પિત શ્રી નટવરભાઈ દેસાઈ -એક સંમોહક બહુમુખી પ્રતિભા | અનંત કે. શાહ | ૨૫ |
| ૧૧. | જીવનપંથ : ૧૬ જે હારે છે તે શીખે છે | ભદ્રાયુ વછરાજાની | ૨૭ |
| ૧૨. | જૈન ધર્મમાં અપવાદ માર્ગનું સ્વરૂપ | ડૉ. છાયા શાહ | ૨૮ |
| ૧૩. | ગુજરાતી ભાષા અને ગુજરાતી મીડિયા | ભરત પંડિત | ૨૯ |
| ૧૪. | શુભ લેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભ ધ્યાન વિના સમતા નથી | સુબોધી સતીશ મસાલિયા | ૩૧ |
| ૧૫. | કુંભમેળાનો ઈતિહાસ તથા અગત્યતા | પુષ્પા પરીખ | ૩૪ |
| ૧૬. | ગાંધી વાંચનયાત્રા : મહાત્મા ગાંધી : સ્ત્રીઓ માટે અખૂટ ચૈતન્યસ્રોત | સોનલ પરીખ | ૩૫ |
| ૧૭. | જૈન પરંપરાના પુનરુદ્ધારકો : મુનિરાજ કલ્યાણવિમળજી | આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી | ૩૭ |
| ૧૮. | શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૩૮ |
| ૧૯. | નગીનદાસ ભાઈ સંઘવીને પદ્મશ્રીઃ પદ્મશ્રીનું સન્માન | જયેશ ચિતલિયા | ૪૦ |
| ૨૦. | પ્રાર્થના | ભારતી બી. શાહ | ૪૧ |
| ૨૧. | જ્ઞાન-સંવાદ | સુબોધી સતીશ મસાલિયા | ૪૪ |
| ૨૨. | પાલીતાણા તીર્થ સંબંધી વિવાદો અંગે એક મનોમંથન | અભય દોશી | ૪૪ |
| ૨૩. | સ્વાસ્થ્ય શ્રેણી ''આહાર-વિજ્ઞાન, આયુર્વેદ'' અને ધર્મ | હિંમતલાલ શાંતિલાલ ગાંધી | ૪૬ |
| ૨૪. | સર્જન-સ્વાગત | પાર્વતીબેન ખિરાણી | ૪૯ |
| ૨૫. | જાન્યુઆરી અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે | મોહનભાઈ પટેલ | ૫૨ |
| ૨૬. | ભાવ - પ્રતિભાવ | — | ૫૨ |
| ૨૭. | The Momentous Era | Prachi Dhanvant Shah | ૫૩ |
| ૨૮. | જો હોય મારો અંતિમ પત્ર તો... | સુરેશ ગાલા | ૫૬ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા

(પ્રારંભ સન ૧૯૨૯થી)

# પ્રબુદ્ધ જીવન

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૫ • વીર સંવત ૨૫૪૫ • મહા સુદ -૧૧

માનદ્ તંત્રી : સેજલ શાહ

## સહિયારી વાત...

## વિસ્તરતા જઈએ...ચાલોને !

શિયાળાની વહેલી સવારે ઓફિસ જતા માણસો ખૂબજ નસીબદાર હોય છે, એમને સૂરજના ઉગવાની પ્રત્યેક ક્ષણના સહભાગી થવાનું સૌભાગ્ય મળે છે. ધીરે ધીરે ... વિખેરાતો અંધકાર, ઝાંખો પ્રકાશ, મુંબઈના આકાશમાં ઉડતા નામમાત્ર પંખીઓ, એની વચ્ચે ઝાંખા વૃક્ષો અને ઊંચા મકાનો, આ બધાની પછીતે કાળું આકાશ અંધકારની વચ્ચે પણ મકાન અને વૃક્ષના કાળા આકારો મુંબઈની સ્ટ્રીટ લાઈટમાં પોતાના ખોવાયેલા તેજને ગુમાવ્યા પછી પણ ઊંચાઈને સાબૂત રાખી નગરની ડોકને ટટ્ટાર રાખી રહ્યા હોય છે. એટલે જ નગરનો તોર આજેય અકબંધ જણાય છે.

ધીરે ધીરે થતો ઉઘાડ અને પછી અસીમ પ્રકાશમાં ઝાંખું પડી જતું બાકી બધું જ, અંધારામાં દેખાતાં કાળાં મકાનો અને ઝાંખા વૃક્ષો, ઉજાસમાં ખીલી ઊઠે છે. સંચાર વર્તાય છે મકાનો અને વૃક્ષમાં.

ઠંડી સંકોચાય છે અને પ્રકાશ પોતાની સત્તાનો વિસ્તાર કરે છે. આ સત્તાનું સામ્રાજ્ય ગમે છે. આમ તો ભાગ્યે જ કોઈની સત્તાનો સ્વીકાર કરતા આપણે, પ્રકાશને વધાવીએ છીએ, એ જ મજા છે. જે પવિત્ર છે, જે ચેતનવંતુ છે એની સત્તાનો હરખભેર સ્વીકાર કરવાની બુદ્ધિ આપણી પાસે છે. પ્રકૃતિનું ચેતન અને તેની આપણા પરની સત્તા આપણને મ્હોરવામાં મદદરૂપ બને છે. એકરૂપ થઈએ ત્યારે આપણી અંદર પણ પ્રકૃતિ મ્હોરી ઉઠે છે. આ પ્રકાશની સત્તામાં રાતનો કેફ ઊતરી જાય છે અને નવા ઉજાસ અને ચેતનાનું આવરણ પહેરી દિવસ સજ્જ થઈ ગયો છે. કઈ તરફ હવે જવું?

ચલ, મુસાફીર ચલના તેરા સ્વભાવ. પણ આપણે જાણીએ છીએ કે એક સૂર્યોદય થતાં સાથે આપણે એક જ દિવસમાં, અનેક દિશામાં જતાં હોઈએ છીએ. એક તરફ મનમાં એક સ્વપ્ન, ઝંખના હોય છે, બીજી તરફ હાથની ડાયરીમાં આજનું ટાર્ગેટ પૂરી કરવાની જવાબદારી. ડાબા તરફના ખિસ્સામાં છે અઢળક સ્વપ્નો અને જમણી તરફના ખિસ્સામાં છે અઢળક જવાબદારી અને પગ સહજ જ જમણી તરફ ખેંચાય છે. આ વાસ્તવિકતાની વચ્ચે જાતને વિસ્તારવાની વાત, સહિયારી વાત, આજે આપણે કરવાના છીએ. વિસ્તાર કરવા માટે ધોરીમાર્ગ પર જ ચાલવું પડશે, પલાયનવાદ નહીં ચાલે તો ચાલો એ જ માર્ગ પર કરીએ સહિયારો પ્રવાસ.

ઘણીવાર લાગે કે મારો અને પ્રબુદ્ધ વાચકોનો સંબંધ હિંડોળાના લય જેવો છે. હિંડોળો સતત આગળ અને પાછળ થાય ત્યારે જ બેસવાની મજા આવે. હડસેલો મારી, હિંડોળો પાછળ જાય, જાણે હું મારી ગુફામાં જતી ન હોઉં અને અંદર જે કંઈ ધબકે છે, તે કહેવા ફરી પાછી તમારી તરફ આવું છું અને તમારો અને મારો, મારા ભીતરથી તમારા ભીતર સુધી સ્પર્શવાનો, આપણો આ પ્રવાસ દરમહિને ચાલ્યા જ કરે છે. અને આપણા પ્રવાસની વાતોને, મારે હવે તંત્રીલેખના નામથી મુક્તિ અપાવવી છે, કારણ

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતી દીનાબેન ચેતનભાઈ શાહ**
**અને**
**શ્રી ચેતનભાઈ નવનીતલાલ શાહ**
**પુણ્ય સ્મૃતિ**
**માતુશ્રી હીરાલક્ષ્મી નવનીતલાલ શાહ**

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બેન્ક A/c. 0039201 000 20260, બેન્ક ઓફ ઇન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

જેવું નામ આવે તેવું તરત જ એના નિયમો અને તેનું તંત્ર આવે. આપણે મોટે ભાગે વિકાસને, સર્જનને તંત્રના નામે કાપણી કરવા તૈયાર બની બેઠા જ હોઈએ છીએ. નથી કરવી કાપણી, રહેવા દઈએ. આ આડાઅવળા ઉગતા વિચારોના ઝુમખાની, કૂંપળ ફૂટવા દો, ઉગતી તેની દિશા જુઓ, ઠરવા દો અને પછી જુઓ કે જો એ આકાર ધારણ ન કરે તો, તેને ઉખાડીને ફેંકી દો અને આકાર ધારણ કરે તો સ્વીકારવાની, પુરસ્કારવાની ઉદારનીતિ અપનાવો. મનુષ્ય માત્ર અને માત્ર ભાવનો ભૂખ્યો હોય છે. ભૌતિકતાની ભૂખ તો ક્ષણિક હોય છે પણ આ જીવનમાં ભાવની, સ્પંદનની, સંવેદનાની ભૂખ આજીવન હોય છે.

પ્રબુદ્ધ વાચકો સાથેનો આ હીંડોળા-પ્રવાસ, બંનેની ચેતના જીવંત છે, તરસ છે, ત્યાં સુધી ચાલતા રહેવાનો જ વળી.

★★★

હમણાં ખૂબજ નિકટ અને પ્રિય એવા વડીલ મિત્ર સાથે ગોષ્ઠિનો અવકાશ મળ્યો. વાત વાતમાં જ્ઞાનની વાત આવી અને મને વિચાર આવ્યો કે આપણે 'જ્ઞાની' કોને કહીએ છીએ ?

પંડિત, જ્ઞાની શબ્દ આવતા જ મસ્તક ઝૂકી જાય અને એમની વિદ્વતા ખૂબ જ પુલકિત કરે છે. પણ વિદ્વતા કિલ્લા જેવી મજબૂત દિવાલમાં પૂરાયેલી ન હોવી જોઈએ. ભરબપોરે તપતા સૂરજની જેમ, તમને ઘેરી વળે, તેવી પણ ન હોવી જોઈએ. તમને અહોભાવના આવરણ હેઠળ દબાવી, તમારી સર્જનાત્મકતાને ઢબૂરી દે તેવી ન હોવી જોઈએ. વિદ્વતાના દરવાજા એટલા ઉંચા ન હોવા જોઈએ કે કોઈ, એ દિવાલને માત્ર અહોભાવથી વંદન કર્યા કરે પણ પ્રવેશ કરવાની શક્તિ ન કેળવી શકે. જ્ઞાનનો સ્વભાવ વિસ્તરણનો હોવો જોઈએ, જ્ઞાન સહજ બનાવે, જ્ઞાન સરળ બનાવે. વહેતા પાણીની જેમ નિર્મળતાનો અનુભવ કરાવી, સહુને પોતાના જળથી તૃપ્તિ આપે. સહુની સખ્ત ભૂમિને, ભીનાશની કૂંપળથી અંકુરતિ કરે. ખરાં જ્ઞાનીનું નામકર્મ એ જ્ઞાનકર્મ, સૂર્યની પ્રખરતા અને ચંદ્રની શીતળતાનું સાયુજ્ય હોય છે. તેઓ પોતાની સહજતાથી સહુના મન જીતી લે છે અને વર્ષો પછી એમના શબ્દોનું તાત્પર્ય સમજાય છે ત્યારે થાય છે કે આટલા પ્રખર પંડિત સાવ નિકટ હતા છતાં એમને કોઈ ભાર નહોતો લાગતો ત્યારે તેમને માટેનું માન અનેકગણું વધી જાય છે. હિંડોળો સ્થિર છે, પણ જ્યાં સુધી સામાજિક સંબંધોને સ્વીકાર્યા છે, ત્યાં સુધી માત્ર ગુફામાં રહ્યે નહીં ચાલે, ગુફાના પ્રવેશ પછી બહાર આવવાની ફરજ નીભાવવી પડશે અને ફરી પાછા અંદર જતી વખતે પેલી બાહ્ય રજકણનું આવરણ ખંખેરવું પડશે. મોહમુક્તિનો આરંભ અંદરથી થાય છે. સ્વસ્થ બનવાનું છે, નીરસ નહીં, જીવનના પ્રત્યેક મૂળને બને તેટલા રસયુક્ત કરી, નવપલ્લવિત વૃક્ષને સીંચવાનું છે.

★★★

હમણાં '**હસ્તાક્ષરનું અક્ષયપાત્ર**' વાંચતી હતી. અત્યારે તો આ ગ્રંથમાળાનો ૧૫મો મણકો વાંચી રહી છું. પણ ગ્રંથના પ્રત્યેક શબ્દ મારા હૃદયને ઉજાસથી ભરી દે છે. મૂળ તો આ પૂજ્ય પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી મહારાજની ડાયરીમાંથી તૈયાર કરેલ પુસ્તક છે પણ આ ગ્રંથની વિશેષતા એ છે કે એ ડાયરી અને મૂળ હસ્તાક્ષરની અલૌકિકતા જાળવી રાખવા માટે પૂજ્યશ્રીના હસ્તાક્ષરને આધારે ફોન્ટ તૈયાર કરાવીને આ ગ્રંથનું નિર્માણ કરવામાં આવ્યું છે, એ આ ગ્રંથની સૌથી મોટી ખૂબી છે, એટલે વાંચતી વખતે જાણે ડાયરી જ વાંચતા હોય એવી અનુભૂતિ થાય. એ અક્ષરોની સજીવતા આંખને સ્પર્શે અને હૃદય જરાક વધુ સાબૂત બને. બીજુ આ ગ્રંથ આજે આપણાં હાથમાં આવ્યો છે, તેની પાછળ ભારતીય પરંપરામાં જે ગુરુભક્તિ અને ગુરુમહિમાનો પ્રભાવ છે, તેને બહુ મોટો ફાળો ભજવ્યો છે. આ કાર્ય ત્રણ સુભગ સંગમને કારણે બન્યું છે, એક તો પૂજ્ય પંન્યાસશ્રી મહારાજના બે શિષ્યરત્નો વજ્રસેનજી અને હેમપ્રભજીએ પોતાના ગુરૂની ડાયરીના શબ્દોના ઓજસને પારખ્યું અને પ્રકાશિત કરવા સંમતિ આપી, બીજા આ કાર્યને પ્રોડક્શનરૂપે આકારિત કરી દિવસ-રાત શબ્દોને સમજી તેને ગ્રંથનો આકાર આપવા પૂ. વજ્રસેન મ. અને પૂ. હેમપ્રભ મ. સાથે આ યજ્ઞમાં જોડાયા ભારતીબેન દીપકભાઈ મહેતા અને તેઓએ એકથી એક ચડે એવા કલાપૂર્ણ ગ્રંથોના પ્રકાશનને શક્ય બનાવ્યું અને ત્રીજા પોતાના ગુરૂ મહારાજ પ્રત્યેની અનન્ય ભક્તિ અને શ્રદ્ધાને ભાવ ઉપરાંત પ્રત્યક્ષરૂપે આકારિત કરવા નભ જેવી આર્થિક ઉદારતા દર્શાવનાર ઉદ્યોગપતિ સી. કે. મહેતા સાહેબ. આ અનન્ય ગુરૂભક્તોની અપ્રતિમ શ્રદ્ધા અને ચેતનાનું ફળ આ ગ્રંથરૂપે મળે છે.

હવે આ ગ્રંથે મારા વિચારોને વધુ તપાવીને સાત્વિક કર્યા અને કેટલીક સ્પર્શી ગયેલી વાતનો માત્ર ઉલ્લેખ કરું તો, ડાયરીમાંથી જીવનના અનેક રંગો મળે છે. પૂજ્યશ્રીએ જીવન વ્યવહારને સમકિત તરફ વાળતાં શીખવ્યું છે, વ્યવહારિક રીતે. તાત્વીક વાતને સમષ્ટિ માટે ખુલ્લી મૂકી છે. તેઓ લખે છે, 'ધર્મ અને પ્રેમ એ બે અભિન્ન વસ્તુ છે. પંચપરમેષ્ઠિ સમસ્ત જીવરાશિ પ્રત્યે પ્રેમી છે, માટે ધર્મી છે. પ્રેમમાં જાદુ છે. પ્રેમ સમસ્ત જીવલોકનું અમૃત છે. પ્રેમના કારણે જ માતા-પિતા પૂજનીય છે, ભાઈ-ભગિની માનનીય છે, પત્ની-પરિવાર પોષણીય છે, દુષ્ટ દયનીય છે, વેરી પણ વિરોધ કરવા યોગ્ય નથી. સમસ્ત વિશ્વમાં પ્રેમનું સામ્રાજ્ય છે. કર્મ, ધર્મને શરણે છે અને ધર્મ પ્રેમને શરણે છે. જે જેટલાને પ્રેમ આપી શકે છે, તે તેટલા અંશમાં અધર્મથી બચે છે, ધર્મને ભજે છે. **પ્રેમના ઈચ્છુકને પ્રેમ ન આપવો એ જ અધર્મ છે.**'

કેટલી ગહન વાતને સાવ સરળ ભાષામાં મૂકી આપી છે. જે આ સૃષ્ટિને ટકાવી રાખનાર તથ્ય છે, તેને સમ્યક્ અને પવિત્ર ભૂમિકાએ મૂકીને સંસારને વધુ પ્રોત્સાહિત કર્યો છે. મનુષ્ય માત્રની અંદર રહેલી અપાર સ્પર્ધાની ભાવના તેમને સુખેથી જીવવા નથી દેતી. એક તો પોતાની સીમાને વિસ્તારવાનો સતત પ્રયાસ અને બીજી તરફ અન્યની સીમાને સંકુચિત કરવાનો સતત પ્રયાસ ચાલ્યા

કરે અને આખું પણ ટૂંકુ પડે. પણ એની બદલે જો સ્વીકાર્ય ભાવ પ્રેમથી આવી શકતો હોય તો પોતાના આ અવરોધને ઓળંગવું કેવું સરળ બની જાય છે. પેલો ગોરખનાથ પર્વત પર નથી, પોતે જતો કે નથી બીજાને જવા દેતો. આમ કરતાં કોઈ પ્રવાસ પૂરો નથી થતો. કરુણતા તો એ છે કે પોતાના અનન્ય પ્રવાસમાં આપણે બીજાના પ્રવાસની સેળભેળ કરીએ છીએ, ત્યારે કેવી વિરોધી પરિસ્થિતિ નિર્માણ થાય છે! અરિહંતના શબ્દોને માત્ર રટી નથી જવાના, પણ એને કાર્યમાં પરિવર્તિત કરી હૃદયને કેળવવાનું છે. બીજુ ઉત્તમ વાક્ય જુઓ, '**શિક્ષણ આપવાનો સૌથી સહેલો ઉપાય : જુઓ, સાંભળો અને શીખો.**'

મોટે ભાગે આપણે ધારીને બેસીએ છીએ કે સત્ય આપણી પાસે જ છે. પણ અહીં પૂજ્યશ્રીએ નોંધ્યું છે કે 'સ્યાદવાદી મનોવૃત્તિ' એટલે સત્ય જ્યાં હોય ત્યાંથી ગ્રહણ કરવાની વૃત્તિ કેળવવા માટે તૈયાર થવું પડશે... વિચાર અને શબ્દ દ્વારા જ જ્યાં સુધી વ્યવહાર કરવાનું સાર્મથ્ય છે, ત્યાં સુધી આપણા માટે અનેકાન્ત અને સ્યાદવાદનો આશ્રય સ્વીકાર્યા સિવાય ચક્ષુબદ્ધ અને શાંત રહેવાનો બીજો કોઈ ઉપાય જ છે નહિ.'

'આત્મવિદ્યા એ જીવનવૃક્ષની ડાળ નહિ પણ મૂળ છે. મોટરના સારા એંજિનની સાથે જેમ સારા સ્ટીયરીંગની જરૂર હોય છે તેમ વિજ્ઞાનને અંકુશમાં રાખવા માટે આત્મવિદ્યાની જરૂર છે. મનુષ્યના મનના ભાગલાને જોડવાની વાત આત્મવિદ્યા વડે સિદ્ધ થઈ શકે છે. આત્મવિદ્યામાં સંવેદના સામેલ છે. મનુષ્યને મનુષ્ય સાથે જોડ્યા વગર અને મનુષ્યને સ્વ સાથે જોડ્યા વગર કોઈ અધ્યાત્મ, જ્ઞાન કે વિચાર સાચા અર્થમાં ફલીભૂત થવાના નથી.'

આમ તો આ વિષય પર ઘણી વાતો કરી શકાય અને ભવિષ્યમાં જો અવકાશ મળશે ત્યારે વિસ્તારથી વાત કરીશું. પરંતુ અત્યારે હજી એક વાત મૂકું, '**મન સ્વચ્છ થાય એટલે તેમાં આત્માનું પ્રતિબિંબ પડે છે અને આપણને અનુભવયુક્ત ખાતરી થવા માંડે છે કે આપણે મનથી અલગ છીએ, તેના સાક્ષી, નિયંતા છીએ. આવું અપરોક્ષ જ્ઞાન એ જ મુક્તિ.**'

ભાવ, વર્તન, સ્વભાવ બધાનો સુમેળ આપણા આત્માને વધુને વધુ નિર્મળ બનાવે છે પણ અહીં બે વાત યાદ રાખવી જોઈએ, જે પણ કરીએ તે માત્ર ભક્તિભાવથી નહિ પણ સમજણથી કરતાં કરતાં એને જ સ્વભાવ બનાવવો જોઈએ. સ્વભાવ, અભિમાનથી મુક્તિ થાય, ત્યારે જ સુખ અને મુક્તિનું પગથિયું ચડી શકાય છે.

★★★

સુખ અને મુક્તિની સહજતાને પંડિતાઈના આવરણથી દાંભિક બનાવવાને બદલે ઉદારતા અને સૌમ્યતાથી વિસ્તૃત કરવાની ઋતુ વસંતપંચમી આવી ગઈ છે. બરફ આચ્છાદિત ભૂમિ પરથી ધીરે ધીરે બરફ પીગળશે, કેસૂડાના ફૂલોથી સૃષ્ટિ નવપલ્લવિત થશે, સાથે મન પણ. આ બધું જ મન ભરીને માણો. એ માણવામાં કંઈ અજુગતું નથી. જીવનની પ્રત્યેક નવપલ્લવિત પળને ઉત્સવ માનીને ઉજવવી, પ્રકૃતિના સાનિધ્યમાં ઈશ્વરની કૃપા, વહાલ સતત વર્તાય છે. એના કણમાં રહેલી ચેતના જ્યારે મનને સ્પર્શે ત્યારે સમજવું કે તમારી અંદર પણ એ પરમાત્મા કણ રૂપી છે. સૃષ્ટિ, અનાહદ કલરવો, પંખી, પર્વતો, સૌંદર્ય અને પરમાત્મા. એકબીજાથી અભિન્ન છે. એકબીજાના તારેતાર સાથે જોડાયેલા છે. અને તે મનુષ્યને પણ તારેતાર જોડવાનું આહ્‌વાન કરે છે.

અઢળક ફરિયાદો છે, અઢળક પ્રશ્નો છે અને અઢળક આવતી કાલે કરવાના કામો છે. તમે એને થોડીવાર માટે ઉતારી દો, મનને હળવું થવા દો. નહીં થાય તો શબ્દોનો આશરો લો, બોલી નાખો, વાંચો તમારી બહાર કાઢવાની અને અંદર સ્વીકારવાની બંને આદાન પ્રદાન પ્રક્રિયાને કાર્યરત રાખો. ધીરે ધીરે ઓગળશે, ઉતરશે અને મનને જરાક હળવું જેવું લાગશે. એ ક્ષણને કાયમી બનાવવાનો પ્રયત્ન કરો, મુક્તિ હાથવગી નથી, પણ આ જ પથ પર છે નક્કી!

★★★

લેખના આરંભમાં મેં વાતનો આરંભ સત્તાથી કર્યો હતો. સત્તાનો સ્વીકાર અને સત્તાની પસંદગી, એ જ આપણી કસોટી છે. સત્તાની લાલસા એ સ્વભાવ છે. દરેક સત્તા બીજાને વશમાં કરવાની કોશિષ કરે અને મનુષ્ય કાં તો લાચારીવશ એનો સ્વીકાર કરે અને કા પોતાની સર્જનાત્મકતા પર શ્રદ્ધા રાખી એનો વિરોધ કરે. પ્રથમ શ્રેણીના લોકોની સંખ્યા વધુ રહેવાની. જે નિરાશા અને દયનીય પરિસ્થિતિનો અનુભવ કરાવે છે. જ્યારે બીજી શ્રેણીના લોકો વિરોધ કરીને પોતાના રસ્તે નીકળી ગયા છે, ત્યાં તેમને રસ્તો મળશે એવી કોઈ ખાતરી નથી છતાં આત્મવિશ્વાસ તેમને કાર્યરત રાખે છે.

ધર્મની સત્તા ક્રિયા તરફ વાળે છે અને જડ બનાવે, તો તે ન સ્વીકારી, તેને બદલવાનો પ્રયત્ન કરવો પડશે. પણ જે સત્તા તમને અંદરથી સહજ બનાવતી હોય, તેનો સ્વીકાર પણ સહજરૂપે કરી જ લેવો.

વિસ્તાર, મનની સપાટી પર પડેલા ભૂતકાળના ચિહ્નોને દૂર કરીને થશે. એ જ અંકિત, પૂર્વગ્રહને વધુ કોતરી ઐતિહાસિક નથી બનાવવાના. એને રેતીની જેમ વહી જવા દો. આંગળીએ પકડી રાખેલા ટકોરાને ખરી જવા દો, નવો સમય તમને પકડવા તલપાપડ છે, પણ પહેલાં આને રિક્ત તો કરો. હિંડોળો એટલો જ પાછળ જશે, જેટલી લવચિકતા હશે અને પાછળ જગ્યા હશે, પણ હડસેલો તો મારવો જ પડશે.

ચાલોને, થોડો વિસ્તાર કરી જોઈએ, બધુ જ અકબંધ, માપોમાપ નહીં, જરાક જુદા પ્રયોગ તરફ એક પગલું...

❑ ડૉ. સેજલ શાહ
Mobile : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨ થી રાતના ૯ સુધી)

## 'યોં કથિ કહૈ કબીર' – (૪)

# ક્યા કાશી, ક્યા મગહર

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

**સં**ત કબીરે દેશના અન્ય પ્રદેશોમાં ભ્રમણ કર્યું, પરંતુ પોતાનો મુખ્ય નિવાસ તો કાશીમાં રાખ્યો હતો. જીવનભર કાશીમાં રહેનારા સંત કબીરે જીવનને અંતે મૃત્યુ સમયે મગહરમાં જવાનું નક્કી કર્યું. આ કાશીમાં એમણે એકસો ઓગણીસ વર્ષ વિતાવ્યાં હતાં અને પછી એકસો વીસમા વર્ષે અંતકાળ સાવ સમીપ હતો, ત્યારે એમણે મગહરમાં જવાનું અને મૃત્યુ પામવાનું પસંદ કર્યું.

એ સમયે એવી માન્યતા પ્રવર્તતી હતી કે કાશીમાં મૃત્યુ પામે, તેને આપોઆપ મુક્તિ પ્રાપ્ત થાય છે અને મગહરમાં મૃત્યુ પામનારો મનુષ્ય પછીના જન્મમાં ગર્દભ તરીકે જન્મે છે. અનેક રૂઢ, પરંપરાગત અને બંધિયાર વિચારો અને જીવનરીતિનો વિરોધ કરનાર સંત કબીરે આ માન્યતાનો વિરોધ કરવા માટે જ અંતકાળે કાશીથી મગહર આવવું પસંદ કર્યું. એમના કહેવા પ્રમાણે કાશીમાં મૃત્યુ પામીએ તો જ મુક્ત થવાય, એ માન્યતા યથાર્થ નથી અને એ વાત પણ એટલી જ ખોટી છે કે મગહરમાં મૃત્યુ પામવાથી પછીના જન્મે ગર્દભ થવાય.

જીવનની અંતિમ વેળાએ સંત કબીરે કાશી છોડી મગહર જવાની વાત કરી, ત્યારે મિથિલાના પંડિતોની મંડળી એમની પાસે આવી અને કહ્યું, 'તમે ગંભીર ભૂલ કરી રહ્યા છો. લોકો મૃત્યુ સમયે પોતાનું ગામ કે શહેર છોડીને કાશીમાં વસવા આવે છે અને તમે આ મુક્તિનું ધામ છોડીને મગહરમાં જવા માગો છો?'

આના ઉત્તરમાં સંત કબીરે એમને એક બીજક (ક્રમ-૧૦૩) સંભળાવતાં કહ્યું,

*'લોગા તુમહીં મતિ કે ભોરા'*

'હે પંડિતો, તમે ઘણા ભોળા છો' અર્થાત્ તમારી માન્યતા યોગ્ય નથી. વ્યક્તિના મૃત્યુ કે મૃત્યુ પછીની ગતિ સાથે સ્થાનવિશેષનો કોઈ મહિમા નથી. તમે જે સ્થાનવિશેષનો મહિમા કરો છો, તે તમારું ભોળપણ સૂચવે છે.

આનો અર્થ એ નથી કે સંત કબીરે કાશીની ગરિમાનું ખંડન કર્યું હતું, પરંતુ આની પાછળનો એમનો હેતુ અંધવિશ્વાસનો વિરોધ કરવાનો હતો. જેણે જીવનભર અનેક અંધવિશ્વાસોનો વિરોધ કર્યો, જેઓ પાખંડ અને બાહ્યાચારના કટ્ટર વિરોધી હતા એવા સંત કબીરે અહીં આવા બાહ્યાચારને બદલે આત્મસાક્ષાત્કારનો મહિમા કર્યો. એ આત્મસાક્ષાત્કારની વાત કરતાં એમણે કહ્યું,

*જ્યોં પાની-પાની મિલિ ગયઉ*
*ત્યોં ધુરિ મિલા કબીરા ॥૨॥*
*જો મૈથિલ કો સાઁચા બ્યાસ,*
*તોહર મરણ હોય મગહર પાસ ॥૩॥*

એમણે કહ્યું કે 'જેમ પાણીમાં પાણી મળી જાય, એને લાખ પ્રયત્ને પણ જુદું કરી શકાતું નથી. અસલ પાણી અને ઉમેરેલું પાણી એમ ભેદ પાડી શકાતો નથી, એ જ રીતે કબીર પોતાના રામસ્વરૂપમાં અચળ (ધુરિ) થઈ ગયા છે. હવે એમને કોઈ અલગ કરી શકે નહીં.'

અહીં એમણે આત્મસાક્ષાત્કારનો મહિમા કર્યો છે. જેને આત્મસાક્ષાત્કાર થયો હોય, એને કોઈ સ્થળનો શું મહિમા હોય? બીજી બાજુ વર્ષો સુધી કાશીમાં રહ્યા પછી આ મહાન સંતે જોયું કે કાશીમાં મરણની વાત કરીને પંડિતો અને પુરોહિતોએ પોતાની આવક વધારી હતી. એમની દૃષ્ટિ ધનપ્રાપ્તિ પર હતી, મોક્ષપ્રાપ્તિ પર નહીં. જગતમાં એવું કહેનારા ઘણા હોય છે કે અમુક સ્થળે મૃત્યુ પામવાથી ઉચ્ચ ગતિ, નિર્વાણ કે મોક્ષ પ્રાપ્ત થશે. જ્યારે સંત કબીર આને નર્યો અંધવિશ્વાસ માને છે.

એકસો ઓગણીસ વર્ષની જૈફ ઉંમર હોવા છતાં એમણે કાશીનો ત્યાગ કરીને આજે ગોરખપુર-લખનૌ રેલવેલાઈન પર આવેલા મગહરમાં વસવાનું સ્વીકાર્યું. એમનો પ્રશ્ન તો એ હતો કે જે માનવી જીવનભર વૃત્તિ, વાસના અને ઝંખનાઓથી બંધાયેલો હોય, જેણે પારાવાર દુષ્ટકર્મો કર્યાં હોય, તે માત્ર અંતકાળે કાશીમાં આવે, તેથી કઈ રીતે મોક્ષ પામે? મોક્ષ એ તો વાસનાનો ત્યાગ છે. વ્યક્તિ જેમ જેમ વાસનાઓને ત્યજતો જાય, તેમ તેમ એ મોક્ષ તરફ ગતિ કરતો હોય છે. મોક્ષનો સંબંધ આધ્યાત્મિકતા સાથે છે, સ્થાનવિશેષ સાથે નહીં. માત્ર કાશી તરફ ગતિ કરવાથી મોક્ષ મળે નહીં.

સંત કબીરની દૃષ્ટિએ વ્યક્તિનું મૃત્યુ એ એના જીવનસમગ્રનો સરવાળો છે. એની જિંદગીની કમાણીનો છેલ્લો આંકડો છે. આમેય જીવનમાં સાધના મુખ્ય છે, પ્રક્રિયાનો મહિમા છે, પરિણામનો નહીં. જા ઉચિત પ્રક્રિયા કરી ન હોય, તો એ મુજબનું પરિણામ ક્યાંથી સંભવે?

કબીરના સમયમાં તો આવા કેટલાય રૂઢાચારો ચાલતા હતા, પરંતુ આજેય આપણે એવા બાહ્યાચારો જોઈએ છીએ કે જેમાં એમ માનવામાં આવે છે કે અમુક સંત મોક્ષ આપે છે અને અમુક સદ્ગુરુ મુક્તિ અપાવે છે. કબીરનો પહેલો પ્રહાર પાખંડ પર છે અને ધર્મમાં ચાલતા પાખંડ પર પ્રહાર કરતાં તેઓ કહે છે, 'કબીર ગમે ત્યાં જાય તોય એમને એમના રામસ્વરૂપનો નિશ્ચય અટલ છે, એમાંથી એમને કોઈ ચળાવી શકે તેમ નથી.'

એક બીજી બાબત પણ હતી કે મગહર બાજુના વિસ્તારમાં સિદ્ધો અને નાથપંથીઓનો વધુ પ્રચાર હતો. વળી અહીં બૌદ્ધ ધર્મના અવશેષો પરથી એમ લાગે છે કે બૌદ્ધ ધર્મનો પણ મગહરમાં

સારો એવો પ્રચાર હોવો જોઈએ, આથી લોકોને કાશી પ્રત્યે આકર્ષિત કરવા માટે કાશી મોક્ષભૂમિ હોવાની આ માન્યતા પ્રસારિત કરવામાં આવી હોય. લોકો કાશીમાં આવે અને મૃત્યુ પામે તો પુરોહિતો અને પંડિતોને દાન-દક્ષિણા મળે. આવી માન્યતા બીજા ધર્મોમાં પણ હોય છે. કબીરસાહેબે અંધવિશ્વાસને અળગો કરવાની સાથોસાથ એમ કહ્યું કે એમના પ્રાણ કોઈ પણ ભૂમિમાં ચાલ્યા જાય, એનું કશું મહત્ત્વ નથી, કારણ એટલું જ કે તેઓ નિજસ્વરૂપ રામમાં લીન છે. તેઓ કહે છે

ક્યા કાશી ક્યા મગહર ઉસર, જો પૈ હૃદય રામ બસૈ મોરા
જો કાશી તન તજૈ કબીરા, તો રામહિ કહુ કૌન નિહોરા॥

અહીં એમની નિજસ્વરૂપ રામમાં રમમાણ સ્થિતિ જોવા મળે છે. જે નિજસ્વરૂપમાં સ્થિર હોય, એને આસપાસની જાળ-જંજાળ કે સ્થાનનો શો મહિમા?

સંત કબીરની આ વિચારધારા કોઈને ક્રાંતિકારી લાગે અથવા તો કોઈને રૂઢિવાદની સામે પ્રચંડ પોકાર કરતી લાગે, પરંતુ હકીકત એ છે કે ભારતીય વિચારધારામાં પણ એ વાત થયેલી છે કે મોક્ષને કોઈ સ્થળ સાથે લેશમાત્ર સંબંધ નથી. એને તો વ્યક્તિના આત્મગુણો સાથે સંબંધ છે. 'શિવગીતા'માં એક માર્મિક શ્લોક પ્રાપ્ત થાય છે.

*મોક્ષસ્ય ન હિ વાસોઽસ્તિ ન ગ્રામાન્તરમેવ વા ।*
*અજ્ઞાન-હૃદય-ગ્રન્થિ-નાશો મોક્ષ ઈતિ સ્મૃતઃ ॥*

અહીં કહ્યું છે કે મોક્ષ આ સ્થાનમાં છે અથવા તો એની પ્રાપ્તિ માટે બીજા કોઈ સ્થાનમાં જવું જોઈએ, એ માન્યતા સાચી નથી, માનવીના હૃદય પર રહેલી અજ્ઞાનગ્રંથિ નષ્ટ થાય, એને જ મોક્ષ કહેવામાં આવે છે.

આમ 'શિવગીતા'માં જીવને સાચું જ્ઞાન મળે તો મોક્ષ પ્રાપ્ત થાય છે, એને માટે અંતિમ સમયે અમુક સ્થળે જઈને દેહત્યાગ કરવાની જરૂર નથી એમ દર્શાવ્યું છે.

સંત કબીર જેમ વાસનાત્યાગ કરનારને મોક્ષ પ્રાપ્ત થાય છે તેમ કહે છે, તો એ જ રીતે 'મહાભારત'માં વેદવ્યાસ કહે છે કે મમતારહિત થવાથી મુક્તિ મળે છે. સંત કબીરે પોતાની નિજસ્વરૂપ રામની રમણતાને માર્મિક રીતે બતાવી છે. એ કહે છે કે પાણીમાં પાણી ભળી જાય, એ રીતે મારું જીવન રામસ્વરૂપમાં ભળી ગયું છે. કોઈ જ્ઞાની નિજ સ્વરૂપમાં લીન થઈ જાય, પછી એને માટે બાહ્ય પરિસ્થિતિ મહત્ત્વની નથી. જે અવિચળ ભાવથી પોતાના નિજસ્વરૂપ રામમાં લીન થઈ જાય છે, તેને કોઈ વિચલિત કરી શકતું નથી. અહીં નિજસ્વરૂપ રામની લીનતા પર સંત કબીર ભાર આપે છે. એ શરીર આજે છૂટે કે કાલે છૂટે, એ શરીરનો ત્યાગ કાશીમાં થાય કે મગહરમાં થાય, એનો કોઈ મહિમા નથી. એ કોઈ પણ સ્થળે દેહત્યાગ કરે, પરંતુ એ આંતરિક રીતે સ્વ-સ્વરૂપમાં સ્થિર હોવાથી દેહત્યાગનો પણ કશો મહિમા નથી. આથી તો કબીર સ્વયં મિથિલાના પંડિતોને કહે છે કે તમે પણ મારી સાથે મગહર ચાલો, આપણે સહુ ત્યાં જ મૃત્યુ પામીશું.

સંત કબીરની આવી વાત સાંભળીને પંડિતો પુનઃ આશ્ચર્યચકિત થઈ ગયા. એમણે કહ્યું કે અમે તમને મગહરને બદલે અહીં કાશીમાં અંતિમ સમય ગાળવા માટે આગ્રહ કરવા આવ્યા છીએ અને તમે અમને અંતિમ સમય માટે મગહરમાં લઈ જવા માગો છો? તમે શા માટે મગહરમાં મૃત્યુ પામો છો? ત્યારે સંત કબીરે હસતાં હસતાં કહ્યું, 'મગહર મરૈ, મરૈ નહિ પાવૈ, અન્તૈ મરૈ તો રામ લજાવૈ'. સ્થાનવિશેષની વાતનો છેદ ઉડાડતાં સંત કબીર પંડિતોને કહે છે કે અરે મગહરમાં મૃત્યુ પામવાથી તો તમને મોક્ષ મળશે. પણ એ પછીનું માર્મિક વાક્ય એ કહે છે કે મગહર સિવાય જો કોઈ અન્યત્ર મૃત્યુ પામે તો એ એના રામને લજવે છે.

વિશેષનો વિરોધ કરતા સંત કબીર પાસેથી મગહરનું મહિમાગાન સાંભળીને મિથિલાના પંડિતોએ પરમ આશ્ચર્ય અનુભવ્યું. સાવ સામાન્ય એવા નાનકડા ગામ મગહરમાં મૃત્યુ પામવાથી મોક્ષપ્રાપ્તિ કઈ રીતે થાય? વળી કબીર કાશીને મુક્તિધામ માનતા નથી અને મગહરને મુક્તિધામ માને છે એ કેવું કહેવાય? જ્યાં મૃત્યુ પામવાનો મહિમા છે એવા કાશીની આવી અવગણના કેમ? જ્યાં ક્યારેય મૃત્યુ પામવું નહીં એવી પ્રબળ માન્યતા છે એવા મગહરનું આટલું મહત્ત્વ કેમ?

સંત કબીર એ ભારતીય સંતોમાં મહામર્મજ્ઞ છે. એમની વાણીમાં ગહન રહસ્ય રહેલું હોય છે અને તે રહસ્ય સમજવા માટે એમની વાણીના કેટલાંય પડ ખોલવાં પડે છે. સંત કબીરની આ વાત સાંભળીને પંડિતોને આશ્ચર્ય થાય છે અને સંત કબીર તો હસતાં હસતાં એમને કહે છે કે મગહર તો અમરત્વનું ધામ છે, મોક્ષદાયી ગામ છે, જે અહીં મૃત્યુ પામે તે પરમ સ્થિતિને પામે છે.

આ 'મગહર' એટલે શું? આ મગહર એટલે ગોરખપુરની પશ્ચિમમાં આવેલું કોઈ નાનકડું ગામડું નથી. કબીરને માટે મગહર એ કોઈ સ્થળ નથી. એમને માટે તો જે વાસનાત્યાગ કરે, તે કોઈ પણ સ્થળે મોક્ષ પામે છે. એટલે અહીં મગહરનો અર્થ જુદો છે.

'મગ' એટલે માર્ગ અને 'હર' એટલે જ્ઞાન. અર્થાત્ જે જ્ઞાનમાર્ગ પામે છે, તે મુક્ત બની જાય છે. આ જ્ઞાનમાર્ગ એ મોક્ષપ્રાપ્તિનું માધ્યમ છે. ન તો કાશીમાં મરવાથી મોક્ષ પ્રાપ્ત થાય છે કે ન તો મગહરમાં મૃત્યુ પામવાથી ગર્દભ બનાય છે. હકીકત તો એ છે કે જે નિજસ્વરૂપ રામમાં રમમાણ કરે છે તે મોક્ષ પામે છે. પરમ સત્ય તો એ છે કે જે પોતાનાં દુષ્કૃત્યોથી પોતાના રામને લજવે છે તે નરક પામે છે, તે ક્યારેય મોક્ષ પામતો નથી. વળી જે નિજસ્વરૂપ રામમાં રમમાણ છે, એને કાશી શું કે મગહર શું? હરિયાળી ધરતી શું કે ઉજ્જડ રણ શું? ખરી વાત તો એ મુક્તિ પામે છે,

*'જો પૈ હૃદય રામ બસૈ મોરા.'*

કબીર કહે છે, જેના હૃદયમંદિરમાં મારા રામ વસે છે, એ

મોક્ષ પામે છે. બાકી કોઈ સ્થળવિશેષના કારણે પોતાને મુક્તિ મળે છે એમ માનવું તો એ તો સોદાબાજી ગણાય, મુક્તિ તો મનની વાસનાહીન અવસ્થાથી પ્રાપ્ત થાય છે. આમ સંત કબીરે એમની વાણીમાં જ્ઞાનમાર્ગથી સાચી મુક્તિનો પંથ દર્શાવ્યો છે.

સંત કબીર પાસે સાંપ્રદાયિકતા જ નષ્ટ થઈ જાય છે એવું નથી, બલ્કે ધર્મો ધર્મો વચ્ચેના ભેદ પણ ઓગળી જાય છે. એમણે સાંપ્રદાયિકતાની સંકીર્ણતાનો તો ત્યાગ કર્યો જ હતો, પણ એથીય વિશેષ જુદા જુદા ધર્મના ભેદની દીવાલો તોડી નાખી હતી.

બાલ્યાવસ્થાથી જ એ રામભક્તિમાં લીન હતા. એ વાત સાચી છે કે સંત કબીરના રામ એ વાલ્મીકિ કે તુલસીદાસના રામ નથી. નાની વયથી જ રામભક્તિના નશામાં ડૂબેલા હતા. ક્યારેક તો કાંતણ-વણાટ કામ કરતા કબીર રામમાં એટલા લીન બની જતા કે કામ કરવાનું ભૂલી જતા હતા. એમણે પદોમાં હિંદુ દેવતાઓનાં નામ લીધાં હોવાથી મુસલમાન લોકો એના પર ગુસ્સે ભરાયેલા હતા, તો બીજી બાજુ હિંદુઓ પણ મૂર્તિપૂજા, અસ્પૃશ્યતા જેવી બાબતો અંગે આકરા સવાલો પૂછતા કબીર પર કોપાયમાન હતા. વળી મુસ્લિમ કુળમાં જન્મેલા કબીરસાહેબ મોટે ભાગે હિંદુ વૈષ્ણવ ભક્તની જેમ રહેતા હતા. આ રીતે સંત કબીરે ધર્મમાં પેસી ગયેલાં અનિષ્ટો દર્શાવવાની સાથોસાથ ધર્મો ધર્મો વચ્ચેની દીવાલ ભાંગી નાખી અને આ એમનું સૌથી વિરલ કાર્ય કહેવાય.

સંત કબીર કેવાં કેવાં રૂપે પ્રાગટ્ય પામ્યા છે, તે તો જુઓ! દેશ અને વિદેશના સાહિત્યરસિકો અને અધ્યાત્મ જિજ્ઞાસુઓમાં તો ખરા જ, પણ કેટલાય ધર્મ અને કેટલીય કલાઓમાં પ્રગટ્યા છે! દલિત સમાજના 'હીરો' તરીકે એમને જોઈ શકાય અને બ્રાહ્મણ તરીકે પણ જોઈ શકાય. હિંદુ ધર્મએ સંત કબીર અને કબીરપંથને અપનાવ્યા છે. શીખ ધર્મમાં એ એક ભગત તરીકે ઓળખાય છે અને 'ગુરુગ્રંથ સાહિબ'માં એમની ઘણી કવિતાનો સમાવેશ થયો છે. ભારતની ઈસ્લામિક વિચારધારામાં, કવ્વાલીમાં અને સ્થાપત્યમાં પણ કબીર જોવા મળે છે. ઉત્તરપ્રદેશના મગહરમાં આવેલો એમનો રોજો સ્થાપત્યની એક વિરાસત છે.

૧૯મી સદીના મિશનરીઓએ ખ્રિસ્તી ધર્મના વિચારોની સાથોસાથ એમની સાખીઓમાં સામ્યને જોયું અને એમ પણ કહ્યું હતું કે ખ્રિસ્તી ધર્મના પ્રભાવની નીચે તેમણે આ રચનાઓ કરી હશે! કબીરના બૌદ્ધો સિદ્ધોના વિચારો વિશે સંશોધકોએ ઘણું કામ કર્યું છે, તો જૈન ધર્મમાં મહાયોગી આનંદઘનનાં પદો સાથે કબીરની કવિતાની તુલના કરવામાં આવી છે અને આનંદઘનને 'જૈન કબીર' તરીકે ઓળખવામાં આવ્યા છે. કબીરનો હિંદુઓ સિવાય કરેલો ઉલ્લેખ પારસીઓના 'દબિસ્તાન-એ-મઝાહિબ'માં મળે છે. એક અર્થમાં કહીએ તો કબીર સ્થળ અને કાળને ઓળંગી ગયા છે. મહારાષ્ટ્રથી બંગાળ સુધી બધે જ કબીરની કવિતાઓની હસ્તપ્રતો મળે છે. આધુનિક વાચકો અને શ્રોતાઓ આજેય કબીરના બીજકથી મંત્રમુગ્ધ થાય છે. સાંપ્રત સમયમાં જુદા જુદા કલાકારો દ્વારા કબીરનો એકપાત્રી અભિનય પ્રસ્તુત થઈ રહ્યો છે. મુંબઈના હવાઈ પથક પર ગુલામ મોહમ્મદ શેખના મ્યુરલમાં પણ કબીર જોવા મળે છે.

કબીરનાં કાવ્યોમાંથી પ્રેરણા મેળવીને ઘણા નીવડેલા અને નવોદિત કવિઓએ કાવ્યરચનાઓ કરી છે. જ્યારે મોનિકા હોસ્ટમનનું 'Images of Kabir' પુસ્તક એક આગવા અભિગમ સાથે કબીરની કવિતાની સમૃદ્ધિ અને વૈવિધ્ય દર્શાવે છે. કબીરનાં પ્રારંભિક કાવ્યોની ચર્ચા કરતાં પુસ્તકો મળે છે, તો એની સાથોસાથ એને વિશેની દંતકથાઓ અંગે અભ્યાસગ્રંથ મળે છે. સંશોધક નીરોસ્લાવ સ્ટ્રીનડ રાજસ્થાનમાં મળતી કબીરની પ્રારંભિક રચનાઓનો અભ્યાસ કરે છે. કબીરસાહિત્યના સંશોધક લિન્ડા હેસ પણ આ વિષયમાં અભ્યાસ કરે છે. શબનમ વિરમાણીએ 'કબીર પ્રોજેક્ટ' દ્વારા ભારત અને પાકિસ્તાનના કબીરનાં પદોના ગાયકોને એકત્રિત કર્યા છે. લેખક અને અભ્યાસી પુરુષોત્તમ અગ્રવાલે કબીરને આધુનિક સમય સંદર્ભમાં બતાવ્યો છે. સંશોધક પીટર ફ્રિન્ડલેન્ડરે બતાવ્યું છે કે ક્ષિતિમોહન સેનને કારણે રવીન્દ્રનાથ ટાગોર કબીરથી પ્રભાવિત થયા હતા. સંશોધક જેક હાવલે કબીરની હસ્તપ્રતોનો વૈષ્ણવ પશ્ચાદ્ભૂમિકા સાથે અભ્યાસ કરી રહ્યા છે. થોમસ દ બ્રુજીને કબીરની કાવ્યભાષાનો અભ્યાસ કર્યો છે, એવી જ રીતે વિનય ધારવડકર અને અરવિંદ ક્રિશ્રા મલ્હોત્રા પાસેથી કબીરની કવિતાના સુંદર અનુવાદો મળ્યા છે. ચીની અને હંગેરી ભાષામાં કબીરનાં કાવ્યોનો અનુવાદ થયો છે. 'કબીર : જીવન અને દર્શન', 'સંત કબીર અને એમના ઉપદેશ' તથા 'બીજક' (ભા.૧-૨), 'કબીર અમૃતવાણી' જેવા ગ્રંથોના રચયિતા સંત શ્રી અભિલાષ દાસજીએ એમના ગ્રંથોમાં સંત કબીરને પામવાનો અને મૂલવવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. કબીર વિશે પાયાનું કામ કરનાર શ્યામસુંદર દાસ, હજારીપ્રસાદ દ્વિવેદી અને માતાપ્રસાદ ગુપ્તને કઈ રીતે ભૂલી શકાય? જેઓએ કબીરનાં કાવ્યોને વૈશ્વિક અને એકૅડેમિક સંવાદનું માધ્યમ બનાવ્યો.

□□□

૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭.
ફોન ૦૭૯-૨૬૬૦૨૬૭૫
મો. ૦૯૮૨૪૦૧૯૯૨૫

તા. ૧લી એપ્રિલ ૨૦૧૬ થી પરદેશ માટેના લવાજમના દર નીચે પ્રમાણે રહેશે.
**૧ વર્ષના લવાજમના $ 30 ● ૩ વર્ષના લવાજમના $ 80 ● ૫ વર્ષના લવાજમના $ 100 ● ૧૦ વર્ષના લવાજમના $ 200/-**
વાર્ષિક લવાજમ આપશ્રી **$ (ડોલર)** માં મોકલાવો તો **$ પાંચ બેંક ચાર્જિસ** ઉમેરીને મોકલશો.

# ઉપનિષદમાં ક્ષેમાદિવિદ્યા

ડૉ. નરેશ વેદ

**આ** વિદ્યા તૈતિરીય ઉપનિષદની ત્રીજી ભૃગુવલ્લી દસમા અનુવાકમાં બીજાથી પાંચમા શ્લોકમાં આ રીતે આપવામાં આવેલી છે.

य एवं वेद। क्षेष इति वाचि। योगक्षेम इति प्राणापानयो:। कर्मेति हस्तयो:। गतिरिति पादयो:। विमुक्तिरिति पायौ। इति मानुषी: समाज्ञा:। अथ दैवी:। तृप्तिरिति वृष्टौ। खलमिति विद्युति।। यश इति पशुषु। ज्योतिरिति नक्षत्रेषु। प्रजापतिरमृतमानन्द इति उपस्थे। सर्वमित्याकाशं। तत्प्रतिष्ठेत्युपासीत। प्रतिष्ठावान भवति। तन्मह:इत्युपासीत। महान भवति। तन्मन इत्युपासीत। मानवान् भवति। तन्मन इत्युपासीत। नम्यन्तेऽस्मै काया:। तद्हयेतुपासीत। ब्रह्मपान भवति। तद्ब्रुह्मण: परिमर इत्युपासीत।। पर्येणं म्रिवन्ते द्विषन्त: स पत्ना। परि येऽप्रिया भ्रातृव्या:। स यश्चायं पुरुषे। यश्चासापादित्ये। स एक: स य एवंवित्। अस्मालोकात्प्नेय। एतमन्नमयात्मानमुपसंक्र भ्य। एतं प्राणमयमात्मानमुपसंक्रम्य। एत्तं मनोमयमात्मानमुपसंक्रम्य। एतं विज्ञानमयमात्मानमुपसंक्रम्य। एतमानंदमयमात्मानमुपसंक्रम्य। इमांलोकान्कामान्नां कामरुप्यसंचरन्। एतत्साम गायन्वास्ते।।

એટલે કે મળેલા પદાર્થના રક્ષણરૂપં ક્ષેમ વાણીમાં સ્થિર બન્યું છે. ન મળેલા પદાર્થની પ્રાપ્તિરૂપ 'યોગ' અને મળેલાના રક્ષણરૂપ 'ક્ષેમ' પ્રાણ અને અપાનમાં સ્થિર બન્યા છે. કર્મ હાથમાં સ્થિર બન્યું છે. ગતિ પગમાં સ્થિર બની છે. મળત્યાગની ક્રિયા ગુદામાં સ્થિર બની છે. આ બધા મનુષ્યમાં રહેલી શક્તિઓનું જ્ઞાન છે. હવે દૈવીશક્તિઓનું જ્ઞાન આ પ્રમાણે છે – તૃપ્તિ વરસાદમાં સ્થિર બની છે. બળ વીજળીમાં સ્થિર બન્યું છે. યશ પશુઓમાં સ્થિર બન્યો છે. તેજ નક્ષત્રોમાં સ્થિર બન્યું છે. પુત્રજન્મ, અમરપણું (વંશની અખંડિતતા) અને આનંદ ગુહ્યેન્દ્રિયમાં સ્થિર બન્યાં છે. અને બધું જગત આકાશમાં સ્થિર બન્યું છે જે આ સ્થિરતાની ઉપાસના કરે છે, તે સ્થિર બને છે. તેની 'મહઃ' તરીકે જે ઉપાસના કરે છે, તે મહાન થાય છે. તેની 'મન' તરીકે જે ઉપાસના કરે છે, તે માનવાળો થાય છે. તેની 'નમ' તરીકે જે ઉપાસના કરે છે, તેને બધી કામનાઓ નમન કરે છે. તેની બ્રહ્મ તરીકે જે ઉપાસના કરે છે, તે બ્રહ્મવાન થાય છે. તેની 'બ્રહ્મના પરિમર' તરીકે જે ઉપાસના કરે છે, તેના દ્વેષ કરનારા તેની આસપાસ રહેલા શત્રુઓ તેમ જ તેના અણગમતા સગાઓ મરી જાય છે.

અગાઉ શરીર વિદ્યામાં આપણે જોઈ ગયા છીએ કે શરીરમાં અને બ્રહ્માંડમાં જે જે અંગઉપાંગો છે તે જે કોઈ ક્રિયાઓ કરી શકે છે તે કોઈ શક્તિ, સંબલ કે વિભૂતિને કારણે કરે છે. જેમ કે, આંખ જોવાનું, કાન સાંભળવાનું, નાક સૂંઘવાનું, જીભ સ્વાદ દર્શાવવાનું અને ત્વચા સ્પર્શભાન કરાવવાનું કામ કરે છે. આ બધી ઈન્દ્રિયો કોની શક્તિ કે વિભૂતિથી, સેના હુકમથી પોતપોતાનું કામ કરે છે તેની સ્પષ્ટતા કરતાં ઉપનિષદના ઋષિઓએ જણાવ્યું હતું કે શરીરમાં રહેલ આત્મા કે ચૈતન્યતત્ત્વની શક્તિ કે વિભૂતિ વડે, તેના હુકમ વડે આ ઈન્દ્રિયો પોતપોતાનું કામ કરે છે.

હવે આ વિદ્યામાં એ જ્ઞાનેન્દ્રિય સિવાયની કર્મેન્દ્રિયો વિશે અને અંતરિક્ષમાં રહેલ ગ્રહો નક્ષત્રો વર્ષા-વીજળી વગેરેમાં આવી કઈ કઈ શક્તિ કે વિભૂતિ છે તે તેઓ સમજાવે છે.

ન મળેલા પદાર્થની પ્રાપ્તિ કરવી પડે છે અને મળેલા પદાર્થનું રક્ષણ કરવું પડે છે. એટલે કે યોગ અને ક્ષેમની પ્રવૃત્તિ કરવી પડે છે. ન મળેલી પદાર્થની પ્રાપ્તિરૂપ 'યોગ' અને મળેલા પદાર્થના રક્ષણરૂપ 'ક્ષેમ' શેને આધારિત છે, એનો ઉત્તર આપતાં તેઓ જણાવે છે કે મળેલા પદાર્થનું રક્ષણરૂપ ક્ષેમ વાણીમાં સ્થિર છે અને ન મળેલા પદાર્થની પ્રાપ્તિરૂપ યોગ બેઉ પ્રાણ અને અપાન વાયુને આધારે સ્થિર રહેલા છે. આપણા શરીરમાં રહેલું ચૈતન્ય વાણીમાં રક્ષકશક્તિના રૂપમાં રહેલ છે તથા પ્રાણ અને અપાન વાયુમાં પ્રદાતા અને રક્ષક એમ બંને સામર્થ્યયુક્ત છે. એ હાથોમાં કામ કરવાની શક્તિરૂપે, પગમાં ચાલવાની ગતિના રૂપે અને ગુદામાં મળવિસર્જનની ક્રિયાશક્તિના રૂપે કામ કરે છે. મનુષ્યમાં એના શરીરમાં રહેલી ચેતના શક્તિનું અથવા બીજી રીતે કહીએ તો માનુષી શક્તિમત્તાનું આ વર્ણન છે.

ત્યારબાદ ઋષિ દૈવી સત્તાનું વર્ણન કરે છે. મનુષ્યો મર્ત્યલોકમાં વસે છે, એટલે પહેલા એનું વર્ણન કર્યું. જ્યારે અંતરિક્ષમાં દેવો વસે છે. આ દેવો એટલે સર્વોચ્ચ ચૈતન્ય (બ્રહ્મ)ની શક્તિઓ. દેવ પર્જન્ય વર્ષાના દેવ છે. વર્ષા જલની થાય છે. જલમાં તૃપ્તિનો ગુણ છે. જળમાં તૃપ્તિની શક્તિ આપનાર આ ચૈતન્ય જ છે. વર્ષાઋતુમાં આકાશમાં વીજળી થાય છે. વીજળીમાં પ્રકાશ તો છે, પણ એ ઉપરાંત ઉષ્ણતા અને દાહકતાની શક્તિ છે, તે આ ચૈતન્ય કારણે છે. આ ચૈતન્યશક્તિ પશુઓમાં વજન વહોરવાની અને દૂધ આપવાની શક્તિને કારણે એમને મળતા યશ પાછળ, ગ્રહો અને નક્ષત્રોને જે જ્યોતિ મળી છે તેની પાછળ, અને ઉમસ્થ ઉર્ફે જનેનેન્દ્રિયમાં વીર્ય આનંદ અને પ્રજનન સામર્થ્ય છે તેની પાછળ આ શક્તિ જ કામ કરી રહી છે.

અંડજ, ઉદ્‌ભિજ, સ્વેદજ અને જરાયુજ યોનિના પશુપંખી, વનસ્પતિઔષધિ, જીવજંતુ અને મનુષ્ય જેવી મર્ત્યલોકમાં વસતી માનવવસાહત અને અંતરિક્ષમાં રહેલ ગ્રહો-નક્ષત્રો-વીજ-વર્ષા જેવી દૈવીવસાહત આખરે તો બંને સૃષ્ટિ અવકાશમાં સ્થિર રહેલ છે. મતલબ કે ભૂર, ભૂવર લોકમાં સ્વઃ લોકમાં સ્થિર છે. એ લોકમાં રહેલ પરમાત્મા ઉર્ફે અક્ષય બ્રહ્મ આ બધાં સત્ત્વો અને અસ્તિત્વોની જીવંતતા અને સક્રિયતાના પ્રદાતા, સંચાલક અને

સંરક્ષક શક્તિરૂપે કામ કરે છે. અનંત કોટિ બ્રહ્માંડમાં એની રમણા અને એનો વિલાસ છે. અત્ર, તત્ર, સર્વત્ર તેની ઉપસ્થિતિ છે. પરંતુ તે દશ્યમાન નથી. ત્રણેય લોકમાં સર્વ સત્ત્વો અને અસ્તિત્વોમાં એનું ઐશ્વર્ય અને એની વિભૂતિ રહેલાં છે. એ સર્વત્ર વિદ્યમાન છે, ભાષક છે, એટલે એને વિષ્ણુ કે વિભુ કહે છે. એ નામની એ કોઈ વ્યક્તિ કે હસ્તી નથી, પરંતુ નિરંજન, નિરાકાર અને નિર્ગુણ, નિર્લેપ અને નિષ્કામ એવું એ સર્વોચ્ચ ચૈતન્યતત્ત્વ છે. જેને આપણે ultimate reality કે ultimate truth કહીએ છીએ. તે તત્ત્વ જ બધા લોકની બધી ક્રિયાપ્રવૃત્તિ, બધી ગતિવિધિનું પ્રેરક, ચાલક અને યોજક તત્ત્વ છે. ઉપનિષદના ઋષિઓ એને બ્રહ્મ કહીને ઓળખાવે છે. ક્ષર, અક્ષર અને અક્ષય બ્રહ્મ એમ એનાં ત્રણ રૂપો છે. આપણું ભૌતિક જગત તે ક્ષર બ્રહ્મ છે, ઈશ્વર અક્ષર બ્રહ્મ છે અને આ સર્વોચ્ચ ચેતના તે અક્ષય બ્રહ્મ છે. આ બ્રહ્મ તત્ત્વને કારણે તો મર્ત્યલોક, અંતરિક્ષ લોક અને સ્વર્ગલોક વચ્ચે સંબંધ છે.

આ સર્વોચ્ચ ચેતનારૂપ બ્રહ્મ તે સત્ અથવા પુરુષ છે અને પ્રકૃતિ તે ઋત અથવા વ્યવસ્થાતંત્ર છે. બધા લોકમાં બનતી બધી ઘટનાઓ અને ચાલતી પ્રવૃત્તિની ક્રમવ્યવસ્થા કરતી શક્તિને સંસ્કૃતમાં ઋત્ કહે છે. એના ઉપરથી જ સમયાનુક્રમમાં ચાલતી અને બનતી બે ઘટનાઓને ઋતુઓ અને ઋતુમતી કહીને ઓળખવામાં આવે છે. યુગ, સવંત્સર, ઉત્તર-દક્ષિણ અયન, શિયાળો, ઉનાળો ચામાસા જેવી ઋતુઓ, ઠંડી-ગરમી, વર્ષાનો અનુભવ, ખીલવા (વસંત) અને કરમાવા (પાનખર) રાતદિવસ, અજવાળું-અંધારું, ઉગમ, વિકાસ, વિલય, ભરતી-ઓટ, માસિકચક્ર, ગર્ભાધાન, જન્મ-વિકાસ-મૃત્યુ વગેરે બનતું રહે છે. એક ક્રમમાં, એક યોજના મુજબ બનતું રહે છે. ગ્રહો ઉપગ્રહો ધરી ઉપર અને અરસપરસ ઘૂમતા રહે છે, ભૂકંપ, જળરેલ જે ઘટનાઓ બનતી રહે છે – એ બધાંની પાછળ જે બળ, જે શક્તિ કામ કરી રહી છે તે સર્વોચ્ચ ચેતના છે. જેમ રિસ્ટવૉચ કે વૉલક્લોક, બટનશેલ કે પેન્સિલ સેલથી, એ સેલમાં રહેલી વિદ્યુતશક્તિથી ચાલે છે, જેમ ઈલેક્ટ્રિક પાવરથી રેડિયો, ટીવી, એ.સી., માઈક્રોફોન, સિનેમા જેવાં ઉપકરણો ચાલે છે, તેમ બ્રહ્માંડમાં રહેલાં જડ અને ચેતન તત્ત્વો આ બ્રહ્મચૈતન્યશક્તિ વડે જ ચાલી રહ્યાં છે. એટલે જેમાંથી આ બધું પ્રસવ્યું છે, જેના વડે ચાલે છે અને જેમાં લય પામી વિનષ્ટ થવાનું છે તે આ બ્રહ્મતત્ત્વ મુખ્ય છે.

એ બ્રહ્મનું સ્વરૂપ અને કાર્ય સમજવું, એનું અનુસંધાન કરવું એ સૌની મુખ્ય પ્રવૃત્તિ બનવી જોઈએ. પરંતુ મનુષ્ય એકસરખી રીતભાત અને પ્રકૃતિ ધરાવતી નથી હોતી. તેથી કોઈ તેની ઉપાસના 'મહ' તરીકે, તો કોઈ 'મન' તરીકે તો કોઈ 'નમ' તરીકે કરે છે. એમની પ્રકૃતિ અને પ્રત્વધિ અલગ અલગ હોવાને કારણે કોઈ બુદ્ધિથી, કોઈ મનથી કે કોઈ હૃદયથી એને પામવા સમજવાની ચેષ્ટા કરે છે. જેવી જેની ઉપાસના અને આરાધના એવું એને ફળ મળે છે. અગત્યની વાત એને જોવા-સમજવાની છે. જે આવી પ્રવૃત્તિ ધીરગંભીર બનીને કરે છે તે એનો જ્ઞાતા થાય છે, પણ જે ઉત્પત્તિ, સ્થિતિ અને લયતાકારક તરીકે એટલે કે દેશકાળ અને પર્યાવરણના સંદર્ભમાં કરે છે તે તેના સાથે તદ્રૂપ થઈ જઈ સ્વ સાથે અનુસંધાન સાધી શકે છે. ઉપનિષદના ઋષિની ભાષામાં એને બ્રહ્મપરિમરની ઉપાસના અને બ્રાહ્મીસ્થિતિ કહે છે.

ઉપનિષદકાલીન ભાષા અને રૂપકને દૂર કરીને આજની આપણી પરિચિત ભાષામાં વાત કરીએ તો આ વિદ્યા જગતમાં અને જીવનમાં, મનુષ્યશરીર અને કુદરતમાં જે જે ક્રિયાઓ થાય છે, એ કોના શક્તિસંચારથી થાય છે તે વાત સમજાવે છે.

જેમકે મનુષ્યશરીર અને બ્રહ્માંડ પાંચ મહાભૂત વડે બનેલાં છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. આ પાંચેય ભૂતોની વિશિષ્ટ શક્તિઓ છે. જેમ કે પૃથ્વીમાં દઢતા, ફળદ્રૂપતા અને ગુરુત્વાકર્ષણ છે. જળમાં શીતળતા, સ્વચ્છતા અને નિમ્નગામિતા છે. અગ્નિમાં દાહકતા, તેજસ્વીતા અને પાચકતા છે. વાયુમાં ચંચળતા, બલિષ્ઠતા અને વેગ છે. આકાશમાં નિર્લેપતા, નિષ્કર્મણ્યતા અને ઉર્ધ્વાકર્ષણ છે.

મનુષ્યશરીરના અસ્થિ, માંસ, નાડી, ત્વચા અને રોમનો સંબંધ પૃથ્વી સમાન છે. સ્વેદ, શોણિત, શુક્ર, લાળ અને મૂત્રનો સંબંધ જળ સાથે છે. ક્ષુધા, તૃષા, આળસ, નિદ્રા અને કાંતિનો સંબંધ અગ્નિની સાથે છે. સંકુચનવિસ્તરણ, પ્રસરણ, વેગ અને ગતિનો સંબંધ વાયુ સાથે છે. કામ, ક્રોધ, શોક, મોહ, ભયનો સંબંધ આકાશ સાથે મનુષ્યશરીર એક યંત્રની માફક ઘણાં કામ કરે છે. જેમ કે, શ્વાસોચ્છવાસની ક્રિયા, રુધિરાભિષણની ક્રિયા, ચયાપચયની ક્રિયા, ઉત્સર્ગની ક્રિયા, જાગવાની ઊઘવાની દીવાસ્વપ્નો કે રાત્રિસ્વપ્નો જોવાની ક્રિયા, પ્રાણાયામ પ્રત્યાહાર, ધ્યાન-ધારણા અને સમાધિની ક્રિયા. વ્રત, ઉપવાસ, તપશ્ચર્યાની ક્રિયા, શ્રવણ-મનન-ચિંતનની ક્રિયા, મૌનપાળવાની, પ્રાર્થના કરવાની કે સંપ્રેષણ સાધવાની ક્રિયા, જોવા સાંભળવા-સૂંઘવા-સ્વાદ અને સ્પર્શ મેળવવાની ક્રિયા, ઊઠવા બેસવા-ચાલવા, કમાવાની ક્રિયા વગેરે. આ બધી ક્રિયા આપણા શરીરનાં અંગઉપાંગો દ્વારા તેમ જ ઈન્દ્રિયો દ્વારા તથા મન, બુદ્ધિ, ચિત્ત જેવાં અંતઃકરણને આધારે કરે છે. પરંતુ આ બધી ક્રિયાઓ કરવાની પ્રેરણા, શક્તિ અને બળ એને એની અંદર રહેલી ચૈતન્યશક્તિ કરે છે, એ વાત આ વિદ્યા સમજાવે છે.

એ જ રીતે બ્રહ્માંડમાં, જગતમાં અને સંસારમાં જે કાંઈ ક્રિયાઓ થાય છે એ બધી, જેમ કે ઉત્પત્તિ, સ્થિતિ અને લયની, ખીલવા-કરમાવાની, ઋતુ-પરિવર્તનની, ધરતી, આકાશ, જળ-વાયુ અને આકાશ જેવાં પંચ ભૂતોમાં આવતી ધરતીકંપ, વર્ષાવીજળીની, જળરેલની, વાવંટોળ અને ઝંઝાવાતની, જઠરાગ્નિ-કામાગ્નિ, ક્રોધાગ્નિ, વડવાગ્નિની ઘટનાઓ આકસ્મિક અને નિષ્કારણ હોતી નથી. એ બધી ઘટના-ક્રિયાઓ પાછળ પણ પેલું

સર્વોચ્ચ ચૈતન્ય રહેલું હોય છે. કૃતમ્, સર્વથા કર્તૃમ્ અને અન્યથા કર્તૃમ્ આ ચૈતન્ય જ છે.

આ ચૈતન્ય એટલે સર્વત્ર પ્રવર્તમાન અને પ્રવહમાન એવો વૈશ્વિક કાનૂન, universal law. જગતમાં અને જીવનમાં જે કાંઈ બને છે તે આ વૈશ્વિક ધારાધોરણ અનુસાર જ બને છે. જગત અને જીવનનું ઉત્પત્તિ, સ્થિતિ અને લયનું, એમાં બનતી ઘટમાળનું, એમાં આવતી વૃદ્ધિ, વિકાસ, અપક્ષય અને નાશની કે રૂપાંતર પરિવર્તનની ઘટનાનું નિમિત્તકારણ અને ઉપાદાન કારણ પણ આ કાનૂન જ છે. આ કાનૂન સાથે લયતાલ સાધી જીવવાથી બધું સ્વસ્થ અને નિરામય રહે છે અને એ લયતાલ સાથે ભંગ થતાં અસ્વસ્થતા અને બીમારી આવે છે. એની સાથે સંગતતા, સંવાદિતા અને તાદાત્મ્ય સાધવામાં સ્વારસ્ય છે. એ વાત આ વિદ્યા સ્પષ્ટ કરે છે. આ વિદ્યા પણ આ રીતે જીવનનું વિજ્ઞાન સમજાવે છે.

❑❑❑


'કદમ્બ' બંગલો,
૩૫, પ્રોફેસર્સ સોસાયટી,
મોટા બજાર,વલ્લભ વિદ્યાનગર -૩૮૮૧૨૦
ફોન નં. ૦૨૬૯૨ - ૨૩૩૭૫૦ / મો. ૦૯૭૨૭૩૩૩૦૦૦


# ગાળનો પ્રત્યુત્તર સ્મિત !


ભાણદેવજી


કોઈ વ્યક્તિ આપણને ગાળ દે, લાફો મારી દે કે અન્ય કોઈ રીતે આપણું અપમાન કરે ત્યારે આપણને દુઃખ થાય છે, આંતરિક બળતરા થાય છે.

શા માટે?

કારણ છે - તેમના આવા અપમાનજનક વ્યવહારથી આપણા આંતરિક અભાવ (Inner Vanity) સ્પર્શ થઈ જાય છે અને તે આંતરિક અભાવ જાગૃત થાય છે, તેથી આપણને દુઃખ થાય છે.

આમ આપણી આ અપમાનજનિત વેદનાનું ઉપાદાન કારણ, મૂળભૂત કારણ આપણી અંદર છે - આંતરિક અભાવ ગ્રંથિ બહારની ઘટના તો માત્ર નિમિત્ત કારણ છે. તેથી અપમાનના દુઃખથી મુક્ત થવાનો સાચો ઉપાય આપણી અંદર છે, બહાર નથી. જ્યાં સુધી અંદર આ બલા - અભાવ ગ્રંથિ છે, ત્યાં સુધી તેને સ્પર્શ કરે તેવા બહારનાં કારણો તો આવ્યાં જ કરશે. આ બહારનાં બધાં જ કારણોને નિર્મૂલ કરવાનું શક્ય નથી, પરંતુ આ અંદર બેઠેલી બલા અભાવગ્રંથિનું વિસર્જન શક્ય છે અને તે આપણે જ કરવાનું છે.

શો છે ઉપાય?

જાગરણ - અવધાન અને અવધાનજન્ય સમજ!

વ્યર્થને વ્યર્થ તરીકે સમજી લેવાથી વ્યર્થનું વિસર્જન શરૂ થાય છે.

આટલી ભૂમિકા પછી આપણે સમજવાનો પ્રયત્ન કરીએ - ગાળનો પ્રત્યુત્તર ગાળ નહિ, પરંતુ સ્મિત!

એક સજ્જન પુરુષને હું ઓળખું છું, ઓળખતો જ નથી, નિકટભાવે જાણું છું. તેઓ હજુ આ પૃથ્વી પર સારી રીતે હયાત છે. તેઓ એક મોટી અને સુપ્રસિદ્ધ સંસ્થાના નિયામકપદે હતા. ભાતભાતના વિદ્યાર્થીઓ, ભાતભાતના કાર્યકર્તાઓ, શિક્ષકો, પ્રાધ્યાપકો અને અન્યજનો સાથે તેમણે દરરોજ અનેકવિધ કાર્યો પાર પાડવાના હોય,સમસ્યાઓનું નિરાકરણ પણ કરવાનું હોય. કોઈ તોછડી ભાષામાં વાત કરે, કોઈ અપમાન લાગે તેવા શબ્દોના પ્રયોગો કરે, ક્વચિત્ કોઈ ગાળ જેવા શબ્દો પણ બાલી નાખે. આ દુર્વ્યવહાર સામે આ સજ્જન નિયામક મહાશયનો એક જ પ્રતિભાવ હોય. સ્મિત! આવો પ્રતિભાવ ક્યારેક જ નહિ, દીર્ઘકાલ પર્યંત અને સતત!

મેં એકવાર તેમને મિત્રભાવે પૂછ્યું : આ 'ગાળ સામે સ્મિત' કળા તમે કોની પાસેથી શીખ્યા.

તેમણે ઉત્તર આપ્યો, તે અહીં પ્રસ્તુત છે - એક માતાના ખોળામાં એક બાળક બેઠું હતું. દીકરો હતો. કોઈક કારણસર દીકરો ગુસ્સામાં હતો. દીકરો માતાને પોતાની નાની કોમળ મૂઠીથી ઢીકા મારી રહ્યો હતો અને સાથે સાથે બોલતો હતો,

''હું તારો દીકરો નહિ થાઉં; તને મમ્મી નહિ કહું, નહિ કહું!''

ત્યારે તેની માતા શું કરતી હતી? તેનો પ્રતિભાવ શો હતો? માત્ર અને માત્ર સ્મિત! અને વધારામાં બાળકના માથા પર હાથ!

આ પ્રસંગ કહીને મારા વડીલ મિત્રે મને કહ્યું.

''ત્યારથી મારા ચિત્તમાં દૃઢતાપૂર્વક બેસી ગયું છે - ગાળનો સાચો પ્રતિભાવ છે સ્મિત! સ્મિત! સ્મિત!

ગાળની સામે સ્મિતનો બીજો એક પ્રસંગ યાદ આવે છે.

વૃંદાવનમાં એક સિદ્ધ સંત હતા. એકવાર તેમના દર્શન અને સાંનિધ્ય પણ પ્રાપ્ત થયા છે. તેઓ પ્રજ્ઞાચક્ષુ હતા. નામ છે - સ્વામી શરણાનંદજી.

એકવાર સ્વામી શરણાનંદજી પોતાના થોડા મિત્રો-શિષ્યો સાથે પદયાત્રા કરી રહ્યા હતા.

પગદંડીની બંને બાજુ ખેતરો હતાં તેમાં થોડાં ખેતરોમાં મગફળી પણ હતી. બપોરનો સમય થયો. સૌને ભૂખ લાગી હતી.

સ્વામી શરણાનંદજી તો પ્રજ્ઞા ચક્ષુ છે. ખેતરોમાં કયાં કયો પાક છે, તે તો તેઓ જાણી શકે તેમ નથી. સાથે શિષ્યો-મિત્રોએ

સ્વામીજીને કહ્યું -

''ભૂખ તો ખૂબ લાગી છે અને આ બાજુનાં ખેતરોમાં મગફળી જ મગફળી છે અને પાકેલી મગફળી છે. અમે થોડી ખાઈએ?''

સ્વામીજીનો ઉત્તર સ્પષ્ટ હતો, ''ખેતરના માલિકને પૂછો. તેમની સંમતિ મળે તો આપણે મગફળી લઈ શકીએ અને ખાઈ શકીએ.''

થોડે દૂર એક ઝૂંપડી હતી. ઝૂંપડીમાં કોઈ હશે તેમ માનીને એક સાથીએ બૂમ, પાડી ખેતરના માલિક બહાર આવ્યા. તેમણે ખેતરના માલિકને પોતાની સૌની ભૂખની જાણ કરી અને થોડી મગફળીની માગણી કરી.

ખેતરના માલિકે મગફળી તો ન આપી પણ ગાળો ખૂબ આપી. યુવાન શિષ્યો - મિત્રો નારાજ થયા અને કાંઈક ગુસ્સામાં પણ આવી ગયા. તેમણે સ્વામીજીને કહ્યું,

''સ્વામીજી! આ ખેડૂત મગફળી તો નથી આપતો પણ ઊલટાનો ગાળો દે છે?''

સ્વામીજી તો શાંત અને સ્વસ્થ હતા. તેઓ તો નારાજ થવાને બદલે ખડખડાટ હસવા લાગ્યા અને તાલીઓ પાડતાં પાડતાં બોલી ઊઠ્યા,

''તે ખેડૂત ભાઈને કહો કે અમે ભિક્ષામાં ગાળો લેતા નથી.''

શિષ્યો-મિત્રો શાંત થઈ ગયા અને ખેડૂતને તેમણે શાંતિથી કહ્યું -

''ભાઈ! ક્ષમા કરજો. અમે ભિક્ષામાં ગાળો લેતા નથી.''

કાંઈક ઝઘડો થશે, તેમ માનીને ઊભેલા ખેડૂતને આવા શબ્દો સાંભળીને નવાઈ તો લાગી જ અને તેમનો ગુસ્સો પણ ચાલ્યો ગયો.

સ્વામીજી અને મંડળી આગળ ચાલી. થોડી વારમાં તે ખેડૂત એક કપડાંમાં થોડી મગફળી લઈને પાછળ દોડતો આવ્યો અને બોલ્યો,

''મહારાજ! આપ ભિક્ષામાં ગાળો નથી લેતા, તે તો બરાબર છે, પરંતુ આપ ભિક્ષામાં આ મગફળી તો લેશોને!''

સ્વામીજીએ જ કહ્યું,

''હા, અમે ભિક્ષામાં મગફળી તો જરૂર લેશું.''

ખેડૂત મગફળીનું નાનું પોટલું તેમની સમક્ષ મૂકીને પાછો વળી ગયો અને સ્વામીની મંડળીએ આનંદથી મગફળી ખાધી. હા, તેઓ ભિક્ષામાં ગાળો નથી સ્વીકારતા, પણ મગફળી તો જરૂર સ્વીકારે છે!

કેમ? શા માટે?

કારણકે ગાળનો ઉત્તર સ્મિત છે!

❑❑❑

સંપર્ક : ૦૨૮ ૨૨-૨૯૨૬૮૮

# રવિભાણ સંપ્રદાય મોટી વિરાણી, કચ્છ-આશ્રમની ગુરુ પરંપરા

**નિરંજન રાજ્યગુરુ**

**સ્વા**મી રામાનંદજીએ ગુરુ રાઘવાનંદજી પાસેથી આદેશ મેળવી પોતાના જુદા સંપ્રદાયનું ઘડતર કર્યું. જેમાં સંત કબીર, પીપાજી, રૈદાસજી, સેના નાઈ, ધના જાટ, અનંતાનંદ, સુખાનંદ, સુરસુરાનંદ, ભાવાનંદ, નરહરિ, ગાલવાનંદ, યોગાનંદ જેવા પ્રમુખ બાર શિષ્યો હતા. સ્વામી રામાનંદજીનું નિર્વાણ ૧૭૯ વર્ષના આયુષ્ય સાથે ચૈત્ર શુક્લ નવમી (ઈ.સ.૧૪૭૬)ના દિવસે થયું એમ સંપ્રદાયમાં મનાતું આવ્યું છે. રામાનંદીય શ્રી સંપ્રદાયના ઈષ્ટ દેવતા ભગવાન શ્રી રામજી છે. સંપ્રદાયનો ઉદ્ભવ સીતાજીથી થયો છે. કબીરસાહેબની શિષ્ય પરંપરામાં પદ્મનાભથી ચાલી આવેલી એક શાખા ગુજરાતમાં ઊતરી અને રામકબીર મંત્રની કંઠી બાંધ્યા પછી ભાણદાસ 'ભાણ સાહેબ' કહેવાયા. કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતના લોકજીવનમાં છેલ્લાં અઢીસો વર્ષથી ચિરંજીવ સ્થાન લઈને વિશાળ વટવૃક્ષ જેવું સ્વરૂપ પામતો રહ્યો છે રવિ-ભાણ સંપ્રદાય. કચ્છ-સૌરાષ્ટ્ર-ગુજરાતમાં રવિ-ભાણપંથનાં લગભગ સાડાત્રણસો જેટલાં સંતસ્થાનકો, મંદિર, મઢી, આશ્રમ, જગ્યા, સમાધિસ્થાન તરીકે જળવાતાં આવ્યાં છે. ભારતીય સંતપરંપરાના આદ્ય સંત તરીકે લેખાતા સદ્ગુરુ કબીરસાહેબનાં સાધના અને સિદ્ધાંતોનો સ્વીકાર કરીને રવિ-ભાણ પંથના આદ્યપુરુષ ભાણસાહેબે રામકબીર સંપ્રદાયની દીક્ષા લીધેલી. એમના દ્વારા રવિ-ભાણ સંપ્રદાયનો પાયો નખાયો. રવિભાણ સંપ્રદાયના દરેક તેજસ્વી સંત ભજનિકો જેવા કે રવિસાહેબ, ખીમ સાહેબ, મોરારસાહેબ, ત્રિકમસાહેબ વગેરેએ પોતાની રચનાઓમાં પોતાની ગુરુ પરંપરા વર્ણવી છે જે હસ્તપ્રતોમાં સચવાયેલી જોવા મળે છે.

રવિ-ભાણ સંપ્રદાયના આદ્યપુરુષ ભાણસાહેબે કમીજલા(તા. વિરમગામ) ગામે ચૈત્ર સુદ - ૩ (રવિવાર-ગુરુવાર તા. ૧૬-૦૩-૧૭૫૫). ૫૭ વર્ષની વયે સમાધિ લીધી. ત્યારબાદ એમના બુંદશિષ્ય ખીમસાહેબે કચ્છના રાપર ગામે દરિયાસ્થાનમાં ૬૭ વર્ષની વયે ઈ.સ. ૧૮૦૧, વિ.સં. ૧૮૫૭માં સમાધિ લીધી. ભાણસાહેબના અત્યંત તેજસ્વી શિષ્ય તે રવિસાહેબ. જેમણે પોતાના શિષ્ય મોરારસાહેબની જગ્યા-ખંભાલીડા (ધ્રોલ પાસે) માં ૭૭ વર્ષની વયે ઈ.સ. ૧૮૦૪, વિ.સં. ૧૮૬૦માં દેહત્યાગ કર્યો. અને મોરારસાહેબે પણ ખંભાલીડામાં જ ઈ.સ. ૧૮૪૯, વિ.સં. ૧૯૦૫માં ૯૧ વર્ષની વયે ચૈત્ર સુદ ૨ ના દિવસે જીવંત સમાધિ લીધી. ઈ.સ. ૧૭૫૮માં બનાસકાંઠા જિલ્લાના થરાદ ગામે વાઘેલા

રજપૂત જ્ઞાતિમાં જન્મેલા માનસિંહજીએ રવિસાહેબ પાસે એકવીસ વર્ષની વયે દીક્ષા લીધી અને મોરારસાહેબ નામે ધારણ કર્યું. ગુરુ આજ્ઞાએ ધ્રોલ પાસેના ખંભાલીડા ગામે આશ્રમની સ્થાપના કરેલી. મોરારસાહેબના શિષ્યોમાં ખીમસાહેબના પ્રપૌત્ર સુંદરદાસજી, ટંકારાના જીવાભગત ખત્રી અને ચરણદાસજી, જોડિયાના લોહાણા ધરમશી ભગત જેવા ભક્ત કવિઓ મુખ્ય છે. નેકનામ ગામના સંધી મુસ્લિમ ભક્ત કવિ હોથી અને સુરેન્દ્રનગર જિલ્લાના વાવડી ગામના વણકર ભક્ત કરમણ ભગતે પણ ભજનોની રચના કરી છે. કરમણના શિષ્ય લખીરામના 'પ્યાલા' પ્રકારના ભજનો ખૂબ જ લોકપ્રિય રચનાઓ તરીકે ભજન મંજળીઓમાં ગવાય છે.

મોરારસાહેબના શિષ્ય ચરણદાસજી ખંભાલિડા જગ્યાના ગાદીપતિ મહંત થયેલા. એમના શિષ્ય થયા કચ્છ મધ્યેના અબડાસા તાલુકાના હિંગરીયા ગામમાં અવતરેલ સંત શ્રી હરિસાહેબ. તેમણે ખંભાલિડા (સૌરાષ્ટ્ર)માંથી તેમના ગુરુ ચરણ સ્વામીજીની આજ્ઞા મેળવી રવિભાણ સંપ્રદાયનો નેજો હિંગરીયા (કચ્છ)માં સ્થાપ્યો અને રવિભાણ આશ્રમ હિંગરીયાની જગ્યા બાંધી, આ અરસામાં આશરે સંવત ૧૯૨૯માં સૌરાષ્ટ્રમાં જન્મેલા મકનદાસજી તથા તેમના બહેન જાનકીદાસજી યાત્રા કરતાં કરતાં હિંગરીયા (કચ્છ) આવ્યા. હરિસાહેબ સાથે ખૂબ સત્સંગ કર્યો અને પોતાના સદ્ગુરુ પદે સ્થાપ્યા, થોડા સમય બાદ હરિ સાહેબે મકનદાસજીને આદેશ આપ્યો કે તમો અહીંથી ઉત્તર દિશામાં નખત્રાણાની ઉત્તરે આવેલા વિરાણી મોટી ગામે જાઓ અને તમે એ ગામમાં જ રવિભાણ આશ્રમની સ્થાપના કરજો. ગુરુ આજ્ઞા શિરોમાન્ય કરી આ બંને ભાઈ-બહેન કચ્છના યાત્રાધામોમાં યાત્રા કરીને મોટી વિરાણી ગામે આવ્યા અને જગ્યા બાંધીને રવિભાણ સંપ્રદાયના નામના નેજો રોપી આશ્રમની સ્થાપના કરી. મકનદાસજી તથા એમનાં બહેન જાનકીદાસજી બંને આશ્રમમાં આવતા સાધુ સંતોની સેવા કરતા અને સેવક ભક્તો અને જિજ્ઞાસુઓને જ્ઞાન પીરસતા. મકનદાસજી પછી વિરાણીની ગાદીએ પ્રિયાદાસજી આવ્યા, એમના પછી લક્ષ્મીદાસજી અને હાલમાં શાંતિદાસજી આ 'રવિ-ભાણ આશ્રમ-રામમંદિર'ના મહંતપદે બિરાજે છે. મકનદાસજીના સત્કાર્યોના સુવાસને કારણે મોટી વિરાણી આજુ-બાજુના ગામડાઓ પૈકી કોટડા (જડોદરા), જતાવીરા, ઉખેડા, ભારાપર, કાદિયા, દેવીસર, વીથોણ, અરલ અંગીયા વગેરેના સંતપ્રેમી લોકો આ આશ્રમમાં સંતદર્શન અને સત્સંગ માટે આવતા અને દર્શન કરી પોતાની જાતને ધન્ય માનતા. મકનદાસજીએ ઉનાળામાં પશુ-પંખી માટે તળાવની આવશ્યકતા વિરાણીથી ત્રણેક કિ.મી. દૂર ખાંભલા ગામની નજીક એમંક વિશાળ તળાવ ખોદાવ્યું, હાલે પણ એ તળાવ 'મકનદાસજીના તળાવ' તરીકે ઓળખાય છે.

સંવત ૧૯૬૦માં મકનદાસજી ગામ કોટડા (જડોદર) સત્સંગ અર્થે ગયેલા, ત્યાં તેમને એક સેવકે પોતાના છ વર્ષના પુત્રને સહર્ષ સોંપી દીધો. આ બાળક તે પ્રિયાદાસજી તરીકે ખ્યાતિ પામ્યા. તેમનો જન્મ સંવત ૧૯૫૩માં કડવા પાટીદાર જ્ઞાતિના નાકરાણી કુટુંબમાં થયેલ. મકનદાસજીએ આ પ્રિયાદાસજીને પોતાના આશ્રમમાં ઉછેરીને મોટા કર્યા અને તેમને વિધિપૂર્વક દીક્ષા આપી પોતાના પટ્ટશિષ્ય તરીકે સ્થાપ્યા. થોડા સમય બાદ સંવત ૧૯૭૫ના શ્રાવણ માસની સુદી ૧૧ના દિને મકનદાસજીએ વિદાય લીધી. તેમની સમાધિ વિરાણી ગામની પશ્ચિમે આવેલ છે. ચાલીસેક વર્ષ સુધી આ આશ્રમની મહંત ગાદી શોભાવ્યા બાદ પ્રિયાદાસજીએ પણ સંવત ૨૦૦૫ના પોષ માસના કૃષ્ણપક્ષની છઠ્ઠી તિથિને તા. ૩૧-૦૧-૪૮ને શનિવારના દિને નશ્વર દેહનો ત્યાગ કર્યો અને એમના શિષ્ય લક્ષ્મીદાસજી ગાદીએ આવ્યા. જેમનો જન્મ નખત્રાણા તાલુકાના કોટડા (જડોદર) ગામમાં કડવા પાટીદાર જ્ઞાતિમાં રામાણી પરિવારમાં થયેલ. તેમના માતાનું નામ સેજબઈ અને પિતાનું નામ રતનશી ભાણજી રામાણી હતું. પ્રિયાદાસજીએ સંવત ૧૯૯૮માં આ લક્ષ્મીદાસજીને વિધિપૂર્વક દીક્ષા આપી પોતાના પટ્ટશિષ્ય બનાવેલા. લક્ષ્મીદાસજીની વય વિદ્યાભ્યાસની હતી તેથી લક્ષ્મીદાસજીને વિદ્યા પ્રાપ્તિ અર્થે અને સંપ્રદાય જ્ઞાન અર્થે રાજકોટ મુકામે કબીર આશ્રમમાં મૂકવામાં આવ્યા. ત્યાં તેમણે સાત વર્ષ સુધી રહી વિદ્યા અને જ્ઞાન મેળવ્યું. લક્ષ્મીદાસજીની વિદાય પછી શાંતિદાસજી ગાદીએ આવ્યા.

લક્ષ્મીદાસજીના શિષ્ય અને હાલના મહંત શાંતિદાસજીનો જન્મ નખત્રાણા તાલુકાના જતાવીરા ગામે સંવત ૨૦૨૯ના ચૈત્ર વદ ૧૦ ને રવિવારે કડવા પાટીદાર જ્ઞાતિમાં દિવાણી કુટુંબમાં થયેલ છે. તેમના માતુશ્રીનું નામ જીવાંબેન અને પિતાશ્રીનું નામ પટેલ માવજી ગોવિંદ.. જે મૂળ તો વિરાણી મોટીનાં જ વતની. અને જતાવીરા ગામે રહેતા. તેમના સુખી સંસારમાં એક ઊણપ હતી. બાળકનો જન્મ થાય અને અવસાન પામે, આ દુઃખ તેમણે તેમના ગુરુ વિરાણી આશ્રમના મહંત પૂ. લક્ષ્મીદાસજી પાસે વ્યક્ત કર્યું. લક્ષ્મીદાસજીએ તેમને એવો સંકલ્પ કરવા જણાવ્યું કે જો તેમના બાળક બચે તો એક પુત્ર આ રવિભાણ આશ્રમ વિરાણીમાં સુપરત કરવો. આ દંપતીએ ખૂબ જ હર્ષથી આ સંકલ્પ કર્યો. આ સંકલ્પ પછી ગુરુકૃપાથી તેમને ત્યાં ત્રણ પુત્રો થયા અને જે આજે પણ હયાત છે. આ ત્રણ પુત્રો પૈકી વચેટ પુત્ર તે નામે શાંતિદાસની આ આશ્રમમાં સોંપણી કરવામાં આવી, શ્રી લક્ષ્મીદાસજીએ સંવત ૨૦૩૯ની રામનવમીએ કચ્છ કાઠિયાવાડના અનેક સંત મહાત્માઓની ઉપસ્થિતિમાં રવિભાણ આશ્રમ, વિરાણી મોટીમાં વિધિપૂર્વક દીક્ષા આપી પટ્ટશિષ્ય પદાર્પણ કર્યું અને શાંતિદાસજીને સગીર હોવાથી કબીર આશ્રમ, રાજકોટમાં વિદ્યાભ્યાસ જ્ઞાન સંપાદન કરવા મોકલ્યા.

શ્રી લક્ષ્મીદાસજીએ શ્રીરવિભાણ આશ્રમ, મોટી વિરાણી જગ્યાનો જીર્ણોદ્ધાર તથા શ્રી રામ મંદિર પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

સંવત ૨૦૩૯ના ચૈત્ર સુદ ૭ થી ચૈત્ર સુદ ૯ ના દિવસોમાં કરેલો. આ શુભ પ્રસંગે પધારેલ સંતો મહાત્માઓ પૈકી ગુરુગાદી ખંભાલીડાના પૂ. મહંત શ્રી રાઘવપ્રસાદ ગુરુ શ્રી રામદાસજી, વડોદરાવાળા સંત શ્રી પૂ. ઘનશ્યામદાસજી ગુરુ શ્રી હરભજનદાસજી, હિંગરીયા (કચ્છ)ના સંત શ્રી રતનદાસજી ગુરુ શ્રી દયારામજી તથા રાજકોટના કબીર આશ્રમના મહંત શ્રી પૂ. સંતદાસજી ગુરુ શ્રી ભગવાનદાસજી, વાંઢાયવાળા સંત શ્રી પૂ. વાલદાસજી ગુરુ શ્રી ઓધવરામજી, મોરબીના સંત શ્રી પૂ. શિવરામદાસજી ગુરુ શ્રી પ્રેમદાસજી, મૈયારીના સાધુ શ્રી રામદાસ ગુરુ, શ્રી વીરદાસ તથા માંડવીના ચપલેશ્વર મહાદેવ મંદિરના મહંત પૂ. સ્વામી નારાયણનંદ સરસ્વતીજી અને કાઠડા (કચ્છ)વાળા માતાજી પૂ. કુ. લાછબાઈમા તથા પાંચાળના અન્ય સંત મહાત્માઓ પધારેલ હતાં. એ જ દિવસની રાત્રે સંતવાણીનો ભવ્ય કાર્યક્રમ રાખવામાં આવેલ. પ.પૂ. સંત શ્રી નારાયણનંદ સરસ્વતી તથા સાધુ શ્રી રામદાસ ગુરુ શ્રી વીરદાસે સંતવાણી રજૂ કરી, સર્વે શ્રોતાઓને ભજનાનંદથી તરબોળ કરી દીધેલ. દોઢસો બસો સંતો-મહંતો. સાધુ મહાત્માઓની હાજરીમાં શ્રી ગુરુગાદી ખંભાલીડાના મહંત પ.પૂ. શ્રી રાઘવપ્રસાદજીના વરદ હસ્તે સંત શ્રી શાંતિદાસજીને શાલ ઓઢાડવામાં આવી. જે હાલમાં મહંતપદે બિરાજે છે.

જ્યારે હિંગરીયા કચ્છની હરિસાહેબની જગ્યામાં હરિસાહેબ પછી દયારામજી, એમના પછી રતનદાસજી અને હાલમાં મહંત તરીકે કલ્યાણદાસજી બિરાજે છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૪૩૭૧૯૦૪

# મારી મા
# 'સરસ્વતીચંદ્ર' નડિયાદમાં લખાઈ હતી કે ભાવનગરમાં ?

**મોહનભાઈ પટેલ**

**થો**ડાં વર્ષો પહેલાંની વાત છે. 'ગાંધી' ફિલ્મ બનાવનાર રિચાર્ડ એટનબરો ભારત આવ્યા હતા. શ્રી રામકૃષ્ણ બજાજને ત્યાં રાત્રે થોડા મિત્રો માટે ભોજનનો કાર્યક્રમ રાખ્યો હતો. ભોજન વખતે વાતવાતમાં એટનબરોને રામકૃષ્ણ બજાજે કહ્યું કે, આ મોહનભાઈએ દાંડીકૂચમાં ભાગ લીધો હતો. એટનબરો ચમક્યા!

'પણ એ તો ૧૯૩૦ની વાત.'

મને પૂછ્યું, 'તમને કેટલાં વર્ષ થયાં?'

મેં કહ્યું, 'પંચાવન,'

'તો તમે ૧૯૩૦માં દાંડીકૂચમાં કઈ રીતે ભાગ લઈ શકો?'

મેં કહ્યું, 'મારી માએ દાંડીકૂચમાં ભાગ લીધેલો, મને કાખમાં લઈને, ત્યારે હું એક વર્ષનો હતો.'

ગાંધીજીની દાંડીયાત્રા મારા ગામ ઉત્તરસંડાથી પસાર થઈ હતી. માએ તો ગામ છોડ્યું, ઘેર સસરા, સાસુ અને પતિ એટલે કે મારા પિતા મુંબઈમાં નોકરી કરે. ત્યાં ગાંધીજીનું નામ આવ્યું, દાંડીકૂચની વાત આવી. એટલે માંહ્યલો સળવળ્યો. સાસુ-સસરાની રજા લઈને મારી મા શ્રીમતી સૂરજબેન ઈશ્વરભાઈ પટેલ, ત્રીસ વર્ષનાં જુવાન જોધ, મોટા ઘરની વહુ કહેવાય, કોઈ વાતનો ખ્યાલ રાખ્યા વગર તે વખતે તો ગાંધીજી અને તેમની દાંડીકૂચ, બે સિવાય કશું જ નહીં, કરીને નીકળી પડ્યાં. મમતા રહી એક મારી, એક વર્ષના એના બાળકને, તો લીધો કાખમાં, એને મારું વજન ભારે ન પડ્યું, ગાંધીજીની કૂચમાં ચાલવાનું, હકીકતમાં તો દોડવાનું વસમું ન લાગ્યું.

એટનબરોને ખૂબ અજાયબી થઈ કે, 'મેં ઈતિહાસ વાંચીને ગાંધી ફિલ્મનું સર્જન કર્યું છે. થોડી માહિતી હાલમાં હયાત એવા કેટલાક જે ગાંધીજીના સંપર્કમાં રહેતા હતા તેમની પાસેથી મેળવી છે. પણ ઘેર ઘેર ગાંધીજીનો સંદેશ આટલું જોમ જગાવી શકે તેની કલ્પના નહોતી.' તેમને મારી માને મળવાની ઈચ્છા થઈ પણ મા તો મારા વતન - ઉત્તરસંડામાં. એટલે એટનબરોને તેમને મળવાનું શક્ય બન્યું નહીં. 'ફરી કોઈ વાર મુંબઈ આવો અને મા જો એ વખતે મુંબઈ હશે તો મળવાનું ગોઠવીશું' કહીને અમે વાત પૂરી કરી.

આ સાથે એક સ્મૃતિ થઈ આવે છે. ૧૯૪૨માં હું તે વખતે ૧૩ વર્ષનો, ત્રીજી કે ચોથી ઑગસ્ટ, ૧૯૪૨માં સરદાર પટેલનું નડિયાદના સંતરામ મંદિરના ચોકમાં ભાષણ હતું. અમે કોંગ્રેસ સેવાદળના સભ્ય. અમે છોકરાઓ તો જવાના જ હતા પણ માએ કહ્યું, 'મારે પણ આવવું છે.'

અમે કહ્યું કે, 'અમે તો ચાલતા જવાના ને ચાલતા પાછા આવવાના. ચાર ગાઉનું અંતર.'

તો કહે કે, 'ભલે ને, વાંધો નહીં, તમારા કરતાં મારા ટાંટિયા વધુ સાબૂત છે.' સરદારનું ભાષણ સાંભળીને રાતે અગિયાર વાગે નડિયાદથી ચાલીને અમે ઉત્તરસંડા ઘેર પહોંચ્યા, માને કોઈ થાક નહીં, બીજે દિવસે તો ફળિયાની બધી સ્ત્રીઓને ભેગી કરીને સરદારે શું કહ્યું એ બધું કહી સંભળાવ્યું, સમજાવ્યું.

થોડા દિવસોમાં ભારત છોડો - ક્વિટ ઈન્ડિયા આંદોલન શરૂ થયું. જેલમાં જતાં પહેલાં ગાંધીજીએ દેશવાસીઓને કહ્યું, 'કરેંગે યા મરેંગે' - સરદારે કહ્યું હતું કે, 'નાનું-મોટું પોતાનાથી જે બને તે પોતાની સૂઝમાં જે આવે તે કરી છૂટે.' મારી માને સૂઝ્યું કે ગામના પટેલ થઈને સરકાર વતી મુખીપણું કેમ કરી શકાય?

ગામમાં અમારાં સાત-આઠ કુટુંબોને મુખીપણાનો વારસો. સરકારી હોદ્દો વારાફરતી ભોગવવાનો. માએ તો બધા જોડે વાત ચલાવી કે સૌ રાજીનામાં આપી દો. જે સરકારની સામે આપણી લડત ચાલતી હોય, એ જ સરકારની નોકરી તમારાથી કેમ થઈ શકે? બધાએ ફટાફટ રાજીનામાં લખી આપ્યાં. એક અમારા વડીલ શકુજી કાકા તે વખતે મુખી હતા, 'તે કહે હું મુખીપણું ન છોડું.' રાજીનામું આપવાની તેમણે ના પાડી. મારી માએ તો એમના જેવી બીજી આઠ-દસ સ્ત્રીઓને ભેગી કરી અને ગયા મુખીને ત્યાં. મુખીને કહે, 'હમણાં ને હમણાં રાજીનામું લખી આપો, ન લખી આપો તો તમારા બારણામાં સત્યાગ્રહ કરીશું અને આમરણાંત ઉપવાસ કરીશું.' શકુજી ગભરાયા, 'હમણાં આવું છું' એમ કહીને પાછલે બારણેથી વાડામાં થઈને ખેતરોમાં ભાગી ગયા. થોડી વારમાં ગામના લોકો એમને સમજાવી પાછા લઈ આવ્યા. શકુજીને ગળે મારી માની વાત ઊતરી કે 'અમે તારા ભાઈભાંડુઓ જેલમાં જવાની તૈયારી કરતાં હોઈએ ત્યારે તને મુખીપણાનો મોહ વળગી રહ્યો છે? આ સરકાર તો આજે નહીં તો કાલે જવાની, માટે શું કામ એને વળગી રહ્યો છે? તારે તો તારા ભાઈઓ પહેલા કે પેલા પરદેશી ગોરાઓ?' પત્યું, શકુજી કહે 'લાવો કાગળ.' સહી કરી દીધી.

મારી માની યાદશક્તિ એટલે જાણે જીવતું જાગતું કોમ્પ્યુટર. પંદર વરસની ઉંમરે પરણ્યાં ને તુરત જ ૧૯૧૫માં મુંબઈ આવ્યાં. એ જમાનાના મુંબઈનું વર્ણન કરતાં કહે કે, 'જ્યાં જુઓ ત્યાં ગોરાઓની બોલબાલા. બહુ કરે તો પારસી, નહીં તો ચોતારા. (વર્ણસંકર પ્રજા માટે એટલે કે એંગ્લો ઈન્ડિયન્સ માટે એ જમાનામાં એવો શબ્દ વપરાતો.) ચોપાટી ઉપર ફરવા જઈએ તો ગોરા ને એની મેડમ સામેથી આવતાં હોય તો આપણા દેશી બધા બાજુએ ખસી જાય. ટ્રામો ખરી પણ ઘોડાથી ખેંચાય. તે વખતે વીજળીનો આટલો વપરાશ નહીં.

વાલકેશ્વરમાં એક રૂમમાં અમે રહેતાં હતાં. (એટલે કે એ વખતે મારા પિતાશ્રીને મારી મા, બે જ) ખોલીનું ભાડું હતું મહિનાનું પાંચ રૂપિયા. વીજળી નહીં એટલે ઘાસતેલના દીવા કરીએ, સ્ત્રીઓને બહાર જવાનું નહીં. શાકભાજી અથવા નાની-મોટી ઘર જરૂરિયાતોની ખરીદી પુરુષો જ કરે, કોઈ સારા ઘરની સ્ત્રી પુરુષોની જેમ ઑફિસમાં કે દુકાનમાં કામ કરી શકે એવી તો કલ્પના જ નહોતી. એ વખતે ઈલેક્ટ્રિક ટ્રેનો પણ નહોતી. હું પહેલવહેલી મુંબઈ આવી ત્યારે એન્જિન ગાડીમાં કોલાબા સ્ટેશને ઊતરેલી, કારણ કે એ જમાનામાં બોમ્બે સેન્ટ્રલ નહીં પણ મુંબઈનું રેલવે સ્ટેશન કોલાબા. મને કહે કે, 'તારા બાપુજી મને ઘોડાગાડીમાં બેસાડીને વાલકેશ્વરની ખોલી પર લઈ ગયા હતા. મારા માટે એ ઘોડાગાડીમાં બેસવાનો પહેલો પ્રસંગ. પણ દેશમાં ઘરના બળદગાડામાં નાનપણમાં ખૂબ ફરેલાં. ઘોડાગાડીનો એક આનો એ વખતે કોલાબાથી વાલકેશ્વર જવાનો ચૂકવ્યો ત્યારે હું આભી બની ગઈ કે ઘોડાગાડીમાં બેસવાના આટલા બધા પૈસા હોય! ખોલીમાં રહેતાં ત્યાં પાણીનો નળ પહેલા માળ સુધી ન હતો, નીચેથી બાલદી ભરીને પાણી લાવવાનું. આ કામ પણ પુરુષો જ કરતા.'

એમની વાતોનો પાર ન હતો. મુંબઈ વિશે જૂનું જાણવું હોય, વાલકેશ્વર, ભૂલેશ્વર, ખેતવાડી, જૂનાં ભાટિયા કુટુંબો, જેમને ત્યાં મારા પિતાશ્રીએ નોકરી કરેલી જેવા કે હરિદાસ મૂલજી ભાટિયા, લધા કલ્યાણજી, ખટાઉ મકનજી જેવાની વાતોમાંથી ઊંચા જ ન આવે. તેમનો વૈભવ, જીવન જીવવાની રીત, ખાનદાની, ઉદારતા બધાનું આબેહૂબ વર્ણન કરે.

થોડા વખત પહેલાં શ્રેષ્ઠીવર્ય દીપચંદભાઈ ગાર્ડીને ઈચ્છા થઈ ૧૯૪૪ના બૉમ્બ ધડાકાઓ વિશે જાણવાની. દારૂગોળો ભરેલી બોટો મુંબઈના બારામાં લાંગરી હતી. તેમાં આગ લાગી અને વિસ્ફોટ ઉપર વિસ્ફોટ થઈને માઈલોના માઈલો સુધી તારાજી સર્જાઈ. ઘણાં મકાનો જમીનદોસ્ત થયાં અને ઘણા લોકોના જાન ગયા. કોઈએ કહ્યું કે, 'સૂરજબા પાસે જાવ, તેમને આ વાતની બધી માહિતી હશે.' એટલે દીપચંદભાઈ આવ્યા. માની પાસે બેસીને પૂરેપૂરો આંખે દેખ્યો હાલ સાંભળ્યો. 'ભાઈ, તે વખતે હું ભૂલેશ્વરમાં કબૂતરખાના પાસે કંઈક ખરીદી કરવા ગઈ હતી. રહીએ જોગેશ્વરીમાં પણ કુટુંબના કોઈના લગ્નપ્રસંગની ખરીદી હતી એટલે ભૂલેશ્વર ગઈ હતી. અને પછી તો બીજો ધડાકો થયો. લોક બધું ભાગ્યું ચર્ની રોડના સ્ટેશન તરફ અને આ તો લડાઈ અહીં આવી પહોંચી. કેવો ગભરાટ, નાસભાગ. બધું વર્ણન જાણે સિનેમાના પડદા ઉપર જોતાં જોતાં રનિંગ કોમેન્ટરી ન આપતાં હોય!

એક વખત મારા મિત્ર અનંતરાય (બચુભાઈ) ખેતાણી અને તેમનાં પત્ની મારે ઘેર આવ્યાં હતાં. મા ઘણી વખત ખેતાણી કુટુંબની વાત કરતાં. એટલે બચુભાઈ અને તેમનાં પત્નીને હું બા પાસે લઈ ગયો. સહેજ એમની ઓળખાણ આપી કે, આ બચુભાઈ, દુર્લભજીભાઈ ખેતાણીના દીકરા.

બચુભાઈને જોઈને મા કહે, 'આ તો નાનો છે, અમારા વખતમાં તું નહીં. જો ભાઈ, તારા કુટુંબને અને અમારે ભાઈબંધી થયાંને આજે ૫૫ વર્ષ થઈ ગયાં.' માએ તરત જ ગણિત માંડી દીધેલું. બચુભાઈ તો ૫૫ વર્ષથી નાના. મારા મોટા દીકરા અંબાલાલને માથે કંઈક ખરજવા જેવું થયું હતું. બધાની સલાહ મળી કે ચોપાટી ઉપર કોઈ સેનેટોરિયમમાં રહેવા જાવ. દરિયાની હવા લાગે તો ખરજવું મટી જશે.

અમે ગયાં અને તે જ દિવસોમાં, તારા બાપુજી (એટલે કે દુર્લભજીભાઈ ખેતાણી) પણ આવા જ કોઈ કારણે ત્યાં રહેવા આવ્યા. અમારી બાજુની જ રૂમમાં. અંબાલાલ તે વખતે એક વર્ષનો અને આજે તેને ૫૬ થયાં. પણ ત્યારથી તારા કુટુંબ જોડે

અમારો નાતો.

એ જમાનામાં પણ ચાર ગુજરાતી ચોપડી ભણેલા મારાં મા શિક્ષિતોમાં ખપે. વાંચનનો ખૂબ શોખ. મને કહે કે ''પહેલવહેલું પુસ્તક મેં 'કરણઘેલો' વાંચ્યું. ત્યાર પછી રમણલાલ વસંતલાલ દેસાઈની નવલકથાઓ વાંચેલી, ગાંધીજીની આત્મકથા વાંચેલી, શ્રીમદ્ ભાગવત, મહાભારત, રામાયણ, શ્રીમદ્ ભગવદ્ગીતા વગેરે તો રોજિંદા વાંચનમાં હોવાના પણ સાથે સાથે આવા સર્જનાત્મક સાહિત્યનો ચસકો પણ ખરો.'' એક વખત મને કહે કે, 'ગોવર્ધનરામે સરસ્વતીચંદ્ર તો નડિયાદમાં બેસીને લખી છે. ભાવનગરમાં નહિ.'

મેં દલીલ કરી કે, 'ના, ના. એ તો ભાવનગરના દીવાન હતા અને બધું વર્ણન પણ એમણે જાણે ભાવનગરના પ્રસંગ હોય એ રીતે જ આલેખ્યું છે.' તો મને કહે કે, 'પેલું તળાવ, ઓવારો, મહાદેવનું મંદિર, પેલો વડ, એનું વર્ણન ફરીથી વાંચી જો. આબેહૂબ આ વર્ણન નડિયાદના મંદિરોમાંથી લીધું છે. નડિયાદ અને ઉત્તરસંડા વચ્ચે આ સુંદર જગ્યા આવેલી છે. તું જઈને જોઈ આવ.' અને ખરેખર જોયું તો રમણીય વર્ણન સંપૂર્ણતઃ નડિયાદની ભાગોળે આવેલું તળાવ અને મહાદેવના મંદિરનું હતું. વર્ષો વીત્યાં એમ એ આધુનિક પણ બનતાં ગયાં. મારું પ્રેમલગ્ન પણ સ્વીકાર્યું. મારી દીકરી નિશાને રામાનંદ સાગરને ત્યાં પરણાવી, એટલે કે પરનાત, પરપ્રાંત અને પરભાષી કુટુંબમાં, તેની સામે પણ તેમણે કોઈ વાંધો ઉઠાવ્યો નહીં પ્રોત્સાહન આપ્યું.

મારાં બધાં જ સંતાનો પોતપોતાની પસંદગી પ્રમાણે પરણ્યાં. માને તેનો વાંધો જ નહીં. પોતાની રીતે સ્વતંત્ર. ટેપ રેકોર્ડર પર પુનિત મહારાજનાં ભજનો, ડોંગરે મહારાજની કથા વગેરે જાતે વગાડે અને ગામની વીસ પચીસ તેમની સમવયસ્ક સ્ત્રીઓ મારે ઘેર ભેગી થાય અને રોજ સાંજે ચારથી છ તેમનો આ કાર્યક્રમ ચાલે. સમય વીતતા ટેલિવિઝન અને વીડિયો આવ્યાં તો તેની કેસેટોમાં મોરારીબાબુની કે રમેશ ઓઝાની કથાઓ હોય, એ બધી પોતે સાચવે અને આ બધાં ઉપકરણો પોતે જ સાચવે ને ચલાવે.

ચીજોની સાચવણી તો મારી માની જ. કોઈ વસ્તુ ગેરવલ્લે જાય નહીં. દરેક નાની-મોટી ચીજનો હિસાબ પોતાની પાસે. પોતાને જરૂર હોય તેવી વિગતોની નોંધ પણ પોતે જ સાચવે અને ડાયરી રાખે.

ચાર-પાંચ વર્ષ પહેલાં એક શ્લોક હું ગણગણતો હતો, 'અસિત ગિરિ સમં સ્યાત્...' વગેરે પણ આગળ પ્રાસ ન બેસે અને શબ્દો યાદ ન આવે, મને યાદ એટલું જ કે હું છ-સાત વર્ષનો હતો ત્યારથી જ મને ચાર-પાંચ શ્લોકો કંઠસ્થ હતા અને તે એટલા માટે કે મારી મા એ શ્લોકોનું રોજ પઠન કરે.

જ્યારે મને આ શ્લોકોનો પ્રાસ ન બેઠો, શબ્દો ન જડ્યા ત્યારે મેં તેમને પૂછ્યું. મને ફરીથી એ શ્લોક અને તેની સાથેના બીજા શ્લોકો પણ સંભળાવ્યા. ૬૦થી વધુ વર્ષ પહેલાંની વાત યાદ કરતાં મેં કહ્યું કે, તમારી પાસે એક ગીતાનું પુસ્તક હતું, તેમાં જમણે પાને બાળબોધ (દેવનાગરી લિપિ)માં આ શ્લોકો હતા તેમાંથી તમે વાંચતાં હતાં. તો કહે, ''ખરી વાત, 'પંચરત્ન ગીતા' આ રહી.'' અને પોતાના ઓશિકાની બાજુમાંથી કાઢીને મને બતાવી. મેં જોયું કે બરોબર ૬૦ વર્ષ પહેલાં જોયેલું તે જ એ પુસ્તક. મેં કહ્યું, 'તમે હજુ સુધી સાચવી રાખ્યું છે?' તો કહે, 'એ તો હું હંમેશાં મારી જોડે જ રાખવાની, તારા બાપુજીએ મને આપી હતી' અને જે લજ્જાથી, મારા સદ્ગત પિતાશ્રીને યાદ કરીને તેમનો ઉલ્લેખ કર્યો તે વખતે મને નેવું વર્ષનાં એ વૃદ્ધ માતામાં જાણે કે સોળ વર્ષની નવોઢાંના દર્શન થયાં.

મા ગયાં, ઘણું બધું મૂકતાં ગયાં, પંચરત્ન ગીતા તો ખરી જ. સાથે ૯૬ વર્ષનું લાંબું અને સક્રિય જીવન, સુખ અને દુઃખના નિચોડ, જોયેલું અને જાણેલું, તેની વાતો. અમારા કુટુંબ માટે એ એક અમૂલ્ય અને અણમોલ વારસા સમાન છે.

બધાં મને આશ્વાસન આપે છે. સંદેશા મોકલે છે. માજીના મરણના કારણે હું હવે મા વગરનો થયો ને ! માટે તેઓ મારા દુઃખમાં સહભાગી થાય છે, પણ હું કહું કે આવું ઉત્કૃષ્ટ જીવન જેનું હોય, આટલું લાંબુ સુદીર્ઘ આયુષ્ય ધરાઈને જીવ્યાં, તેવું સંતોષ આપનારું આયુષ્ય હોય અને તેનો જો કાળે કરીને અંત આવે તો એમાં શોક શાનો? ૯૫ પૂરાં કર્યા અને ૧૦૦ ન કરી શક્યા તેનો અફસોસ શાનો? આવો અસંતોષ અનુભવીએ કે વ્યક્ત કરીએ તો પછી સદીઓથી આપણને મળેલું જ્ઞાન અને સમજણ શા કામનાં? જાતસ્ય હિ ધ્રુવો મૃત્યુ...એ બધી વાતો ક્યાં ગઈ?

સાચી સમજણ તો એમાં છે કે આ દીર્ઘાયુષી મા જે મોડી કે વહેલી જવાની જ હતી એને પગલે આપણે પણ સૌએ જવાનું છે, તેના જીવનમાંથી ધડો લઈએ, તેની શિખામણોને યાદ કરીએ અને એક ઉમદા ઉત્કૃષ્ટ પ્રવૃત્તિસભર જીવનના સાક્ષી હોવાનો આનંદ માણીએ, તેનો ઉત્સવ ઊજવીએ. ❑❑❑

## ''યુગપુરુષ ચિત્રભાનુજી''

પૂજ્ય ચિત્રભાનુજીના જીવન અને કાર્યનું એક દળદાર પુસ્તક તૈયાર થઇ રહ્યું છે. પુસ્તકના પ્રકાશન નિમિતે એક ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે ભારતીય વિદ્યા ભવન, ગીતા મંદિર હોલ ખાતે તા ૯-૩-૧૯ ના શનિવારના રોજ સાંજે ૫.૩૦ કલાકે જાણીતા વક્તાઓ તથા પુસ્તકના અમુક અંશોનું પઠન જાણીતા નાટ્ય કલાકારો દ્વારા કરવામાં આવશે. આ પુસ્તકનું પ્રકાશન અંગ્રેજીમાં અમેરિકામાં એમેઝોન દ્વારા પ્રકાશિત થઇ ગયું છે, તેની ગુજરાતી આવૃત્તિનું પ્રકાશન મુંબઈ તથા અમદાવાદની જાણીતી સંસ્થા નવભારત સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશન થઇ રહ્યું છે. અંગ્રેજી તથા ગુજરાતી પુસ્તકના લેખક દિલીપ.વી.શાહ દ્વારા તૈયાર થયું છે. આ કાર્યક્રમમાં પધારવા જાહેર આમંત્રણ છે. તો આપ તથા આપના મિત્રોને લઇ જરૂરથી પધારશો.

# કટોકટી : માનવ સંબંધોની !

ડૉ. વિજય શાસ્ત્રી

ઊર્જા કટોકટી, નાણાકીય કટોકટી વગેરે કટોકટીઓ આપણને અવારનવાર પીડા આપતી રહે છે, પણ સૌથી વધુ પીડા માનવીય કટોકટીમાંથી નીપજે છે. પશ્ચિમના ઍરિક ફ્રૉમ અને ઍરિક હોફમાન જેવા માનવતાવાદી ચિંતકોએ આ હ્યુમન ક્રાઈસિસ વિશે ખાસ્સું ચિંતન કર્યું છે. શું આ કટોકટી ખરેખર નિવારી શકાય એવી છે ખરી? માણસ-માણસને 'મળે' (રિપિટ : ફક્ત 'મળે') તેનાથી આ સમસ્યા ઉકેલાતી નથી પણ 'ભળે' એ જરૂરી છે એટલું જ નહિ પણ 'ભળી જાય' એ વધુ જરૂરી છે.

એક અજબ ખેલ ચાલી રહ્યો છે. તમે જેને રોજેરોજ જોતા-મળતા હો તેમની સાથે તમારો ઝાઝો ઘરોબો નથી હોતો એ વાત ગમે એવી નથી છતાં સાચી તો છે જ! ઘરના સભ્યો, બિલ્ડિંગમાં રહેતા પડોશીઓ, વ્યવસાયના સ્થળે એક જ ડબામાં પુરાયેલાં ઢોર જેવા માણસો-બધાંને એકબીજા માટે લગાવ હોય એવું અપવાદરૂપ કિસ્સાઓને બાદ કરતાં ઝાઝું જોવા મળતું નથી. અથડાઈ નહીં પડાય એ રીતે જેમ ટ્રાફિકથી ભરચક રાજમાર્ગ પર વાહન ચલાવવું પડે છે તેવી જ રીતે અથડાઈ નહીં પડાય એ રીતે ઘરમાં, શેરીમાં, સમાજમાં અને વ્યવસાય સ્થળમાં જાતને ચલાવવી પડે છે. પરસ્પરથી સેઈફ ડિસ્ટન્સ-સલામત અંતરે - ચાલ્યા કરવાનું ગમે કે ના ગમે તોપણ પસંદ કર્યા વગર છૂટકો નથી હોતો. ફોર વ્હીલરના ડ્રાઈવિંગની તાલીમ આપતા વાહન પાછળ લખાણ હોય છે : તમારું વાહન દસ ફૂટ દૂર રાખો. હાંકનાર શીખે છે. આવું અદશ્ય લખાણ જાણે દરેક વ્યક્તિની પીઠ પર વંચાય છે! આ પ્રકારની માનવીય કટોકટી, અંતરો વચ્ચે અંતર રાખવાની સાવધાની કેળવવામાં મોટાભાગના લોકો સફળ થઈ જતા હોય છે કેમ કે નકારાત્મક વલણ કેળવવામાં કોઈ ખાસ લાયકાતની જરૂર પડતી નથી. પણ સંબંધ બાંધવામાં અને ખાસ તો ટકાવવામાં સમય, શક્તિ, ખાસ કૌશલ્ય, લાગણીઓનો ઘસારો અને બીજું ઘણું બધું જરૂરી બને છે. સંબંધ ટકાવવો ઠીક ઠીક મોંઘો અને છોડી દેવો, તોડી દેવો ખાસ્સો સસ્તો પડતો હોવાથી, છોડવા તોડવાનો વિકલ્પ વધુ ને વધુ લોકો પસંદ કરતાં જાય છે. જોકે કેટલાક કિસ્સામાં સંબંધ તોડવાનું પણ ખાસ્સું મોંઘું પડતું હોય છે એમ કહેવામાં પણ તથ્ય છે જ. સલામત અંતર કેળવવામાં પણ ઓછો શ્રમ નથી પડતો. લાગણીઓનો વીંટો વાળી મનના અંધારા ખૂણે ઢબૂરી રાખવાનું પણ ઓછું કપરું નથી. પણ આવા માણસો ઝાઝા હોતા નથી. તેમને જેમની વચ્ચે રહેવાનું થાય છે એ આખું ટોળું લાગણીઓની બાબતમાં જ્યારે સાવ રુક્ષ, બરછટ, તોછડું ઉદાસીન અને સમજ વગરનું હોય છે ત્યારે આવા માણસો એકલા પડી જતા હોય છે. એકલતા જીરવવાની કેળવણી લીધી ન હોય તો પછી ડિપ્રેશન અને હતાશા તેમનો કોળિયો હરી જાય છે. વિખ્યાત પશ્ચિમી ચિંતક ઍમર્સને એકલતાનો હુમલો ખાળવા માટે અંડરસ્ટેન્ડિંગનું હથિયાર અજમાવવાની સલાહ આપી છે. જ્યારે માણસ સમજી જાય કે આ ટોળું મારે લાયક નથી અથવા હું આ ટોળાને લાયક નથી ત્યારે તેનામાં આપોઆપ અન્યો માટે અભાવો અને નિર્વેદ ઉદ્‌ભવવા માંડે છે. બીજાઓ સાથે નહિ ભળી શકવાનું દુઃખ તેને સતાવતું નથી. જેમ બાળકો રમતાં હોય ત્યારે કોઈ વડીલ દૂર બેઠા બેઠા એ રમતો જોયા કરે તેમ ટોળાની હિલચાલને, દૂર બેઠા બેઠા જોયા કરવામાં, સમજ કેળવાયેલી હોય તો ક્યારેક રમૂજ પણ અનુભવી શકાય છે. બર્નાર્ડ શૉ તેમની નાટયકાર કારકિર્દીના આરંભે જાહેર સમારંભોમાં ચાહીને જતા. આ સમારંભોમાં બ્રિટિશ સમાજની જે સ્નોબિશ હરકતો પ્રગટ થતી રહેતી તે દૂર રહ્યે રહ્યે નિહાળવામાં એમને પોતાની કૃતિઓ માટે ઘણી સામગ્રી મળતી. 'લેડી વિન્ડર ચીઅર્સ ફૅન' જેવી કૃતિમાં તે સવિશેષપણે જોઈ શકાય છે. આવા સમારંભોમાં બ્રિટિશ ઉન્નત-ભ્રૂ લોકો ભેગાં થાય પણ કોઈ કોઈને બોલાવે નહિ, પછી વાત કરવાનો તો પ્રશ્ન જ ક્યાંથી રહે? બધાં ચાવી આપેલાં પૂતળાંની જેમ આવે અને કાર્યક્રમ પૂરો થયે એમ જ ચૂપચાપ પ્રવેશદ્વારની બહાર નીકળી જાય.

આપણે ત્યાં છેક આવું વાતાવરણ નથી એ સદ્‌ભાવ ગણાય કે દુર્ભાગ્ય એ નક્કી કરવું અઘરું છે. તમે જો કામના માણસ હશો તો સમારંભસ્થળે પહોંચતાંની સાથે જ અમુક ચોક્કસ લોકો તમને ઘેરી વળશે. તેમને આજે ને આજે જ તમારું કામ નથી હોતું પણ તેમની બેબી કે તેમનો 'સન' ('દીકરો' શબ્દ બોલવામાં તેઓ નીચે પડી જતાં હોય છે!) આવતા જૂનમાં ફલાણી ઢીંકણી પરીક્ષામાં બેસવાનાં હોય છે પછી ઍડમિશન માટે તમારી જરૂર પડે તેમ હોય છે. તમે 'કદાચ' કામ લાગો એવી આછીપાતળી ગણતરી તેમણે ક્યારનીય મનોમન કરી લીધી હોય છે એટલે તમારા જેવા સામાન્ય પ્રેક્ષકને પણ તેઓ અછોવાનો કરવા માંડે છે. તમે ભોળા તે આ 'ભાવભીના' સ્વાગતથી ગળગળા પણ થઈ જાઓ છો, પછી જ્યારે ચોક્કસ સમય આવે ત્યારે આ ઘરોબો ફિક્સ ડિપૉઝિટની જેમ પાકે છે અને તમારે ઘેર આવી તેઓશ્રી તેમનું કામ કરાવી (કે કઢાવી?) જાય છે. અહીં સુધી તો વાર્તા સરળ ચાલે છે પણ એમનો આ દીકરો કે દીકરી તમે અપાવેલા ઍડમિશનને જોરે ભણી ગણીને તમારી રેન્જમાંથી બહાર નીકળી જાય પછી (રિપિટઃ 'પછી') જ્યારે આવા જ કોઈ સમારંભમાં પાછા તમારે જવાનું થાય અને ત્યાં એ જ માણસ પણ ઉપસ્થિત હોય ને તમે હરખભેર જૂનો સ્નેહભાવ, સદ્‌ભાવ વગેરે વગેરે યાદ કરીને તેને ભેટવા બે હાથ લંબાવતા ધસી જાઓ તે જ વખતે તેઓશ્રી તમારી નોંધ પણ લીધા વગર (જોકે જુદી રીતની નોંધ તો તેમણે ક્યારનીય લઈ લીધેલી હોય જ છે!!) બીજી કોઈની સાથે ઊલટભેર વાતે વળગવા વિરુદ્ધ દિશામાં દોડી જાય ત્યારે તમને એ નવા 'બકરા'ને ચેતવણી આપવાનું મન થાય છે - પણ...

❑❑❑

સંપર્ક : ૦૯૮૨૫૨૮૦૧૫૫
જે/૩/૩૦૨ મુક્તાનંદ,
અડાજણ રોડ, સુરત - ૩૯૫૦૦૯.

# ભારતની શિક્ષણવ્યવસ્થા: વર્તમાન અને ભવિષ્ય

પારુલબેન ભરતકુમાર ગાંધી

આપણા દેશને ગુલામીની જંજીરમાં જકડનાર અંગ્રેજોએ મેકોલો શિક્ષણ પદ્ધતિના પ્રચાર દ્વારા તેમ જ સ્વીકાર દ્વારા આ દેશના કરોડો લોકોને માનસિક રીતે ગુલામ બનાવી દીધા. ગાંધીજીએ અહિંસક આંદોલન શરૂ કર્યા પછી જ્યારે દેશ આઝાદ થયો ત્યારે પણ આપણા દેશના લોકોની માનસિકતા ગુલામો જેવી જ રહી. આજે પણ આપણો વિદેશી વ્યક્તિઓ, વિદેશી વસ્તુઓ અને વિદેશી વિચારો - વલણો અને રિવાજો પ્રત્યેનો પ્રેમ એવો જ રહ્યો છે એમ નહિ, દિવસેને દિવસે વધતો જાય છે. આથી જ આપણે વધુમાં વધુ વિદેશી બાબતોને પોતીકાનો દરજ્જો દેતા આવ્યાં છીએ. રાષ્ટ્રપિતા ગાંધીજીએ જે વિદેશી વસ્તુઓની હોળી કરી સ્વદેશીને મહત્ત્વ આપ્યું તે ભુલાઈ ગયું છે. બુનિયાદી તાલીમ આપતી અને શ્રમનું મહત્ત્વ સમજાવતી શિક્ષણ સંસ્થાઓને તેમણે ઉત્તેજન આપેલું અને તેના દ્વારા રાષ્ટ્રના લોકોમાં એક નૈતિક લાયકાત કેળવવાનો પ્રયત્ન તેમણે શરૂ કરેલો, પણ આજે આવી સંસ્થાઓ નામશેષ થતી જાય છે. સાદાઈ અને માતૃભાષાનું મહત્ત્વ એ બંને બાબતોની જીવનમાં આવશ્યકતા કેવી છે તે બાબત તેઓ સમજતા હતા અને એટલે જ તેમણે એ બધી બાબતોને પ્રાધાન્ય આપેલું, પરંતુ વિદેશી પાછળ ગાંડી બનેલી આપણી માનસિકતાએ દેશી બોટલમાં વિદેશી શરાબની જેમ આપણી સંસ્થાઓમાં જુદા જુદા સુધારાઓ વિકાસ તરફ આગેકૂચ જેવા લોભામણા, રૂપાળા-છેતરામણાં નામો હેઠળ શિક્ષણવ્યવસ્થાને તળિયે ધકેલી દીધી. કોઈપણ દેશ જ્યારે વિકાસ સાધે છે તેમાં પાયામાં શિક્ષણવ્યવસ્થા રહેલી છે. ગાંધીજીએ રાષ્ટ્રના ઘડતરના વિકાસના જે સપનાં જોયા હતાં અને તેને સિદ્ધ કરવા માટે તેમણે જે માર્ગદર્શક સિદ્ધાંતો આપ્યાં હતાં તેની આજે સદંતર અવગણના થાય છે. આથી જ આજની મોટાભાગની શિક્ષણસંસ્થાઓ અબજોની કમાણી કરે છે સાથે સાથે ભારતીય સંસ્કૃતિ, સંસ્કાર, સભ્યતા અને નીતિમત્તાનો છેદ ઉડાવી ફક્તને ફક્ત પશ્ચિમ તરફી માનસિકતા ઊભી કરી રહી છે. આથી જ સમાજના જાગૃત વર્ગે, દેશના વફાદાર સેવકોએ આ બાબતે સંગઠિત થઈ નવી શિક્ષણવ્યવસ્થા, ગાંધીના સ્વપ્નોના ભારતની શિક્ષણવ્યવસ્થાને સમાજમાં અંજામ દેવા માટે એકઠા થવાની તાતી જરૂરિયાત ઊભી થઈ છે.

શિક્ષણ એટલે સભ્યતા અને સંસ્કારનો વારસો, સંસ્કૃતિના મૂળભૂત લક્ષણોની નિરંતરતા અને પરિવર્તન - આ બધાનો સમન્વય સાધીને વ્યક્તિની સાથોસાથ કુટુંબ - સમાજ અને સમગ્ર દેશને નૈતિક, ભૌતિક અને આધ્યાત્મિક ઉન્નતિ બક્ષનાર તત્ત્વ. આપણો ભારત દેશ એક સમયે ''વિશ્વગુરુ''ના ઉચ્ચપદે બિરાજિત હતો કારણ કે ઉપરની વ્યાખ્યાનું આચરણમાં મહત્ત્વ હતું. પરંતુ આજે આપણા શિક્ષણક્ષેત્રનું વાતાવરણ જોઈએ તો નરી નિરાશા સાંપડે છે. માત્ર ને માત્ર અક્ષરજ્ઞાન અને ગોખણપટ્ટી પર આધારિત અને આજના જીવનની તમામ વિકૃતિઓ જેમાં સમાવિષ્ટ છે તેવી આ શિક્ષણવ્યવસ્થા ન તો આપણા વર્તમાનને ચોક્કસ દિશાસૂચન કરશે કે ન ભવિષ્યને ઉજ્જ્વળ બનાવશે. અત્યારે આ દેશને એક એવી શિક્ષણવ્યવસ્થાની જરૂર છે જે તેને પોતાનું ખોવાયેલું ''વિશ્વગુરુ''નું સ્થાન તો પાછું અપાવે જ પણ અંદર રહેલી વિકૃતિઓને દૂર કરી સમાજમાં સહૃદયતા, સંસ્કાર, સદાચાર અને મૈત્રીભાવનો વિકાસ કરે. એ માટે શિક્ષણવ્યવસ્થા જડમૂળથી પરિવર્તન ઝંખે છે. એ માટે આપણી ઋષિસંસ્કૃતિ, ગુરુકુળ આધારિત, ગાંધીવિચારસરણીને અમલમાં મૂકતી બધી વિશિષ્ટ પદ્ધતિઓને આવરી લઈ નવી શિક્ષણવ્યવસ્થા વિકસાવવી જરૂરી છે. વર્તમાન શિક્ષણવ્યવસ્થામાં નીચેનાં પરિવર્તનો જરૂરી છે :

**(૧)શિક્ષણનું ખાનગીકરણ, વ્યાપારીકરણ દૂર કરવું -** શિક્ષણવ્યવસ્થા એ દરેક રાષ્ટ્રની પાયાની સંસ્થા છે, અંગ છે, સામાજિક કાર્ય છે. તેનો વેપાર કરી બજારમાં મૂકવું હિતાવહ નથી. શિક્ષણમાં સરકાર-પ્રજા-પ્રબુદ્ધ નાગરિકો અને સંસ્થાઓએ બધાની સક્રિય ભાગીદારીને આવશ્યક બનાવી તે રીતે એક નવી જ વ્યવસ્થાનું માળખું તૈયાર કરવું. ગાંધીજીના વિચારો અનુસાર વિદ્યાર્થી સાચા અર્થમાં તાલીમાર્થી બને અને સંસ્થા, સમાજ કે સરકાર પર બોજ બનવાને બદલે સ્વનિર્ભર બને એ વિભાવના હતી તેને બદલે ''સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ'' ખોલીને શિક્ષણની હાટડીઓ ખોલી દેવાઈ છે. તેમાં તાલીમ પામેલો વિદ્યાર્થી રોજગાર, આજીવિકા મેળવી શકતો નથી, એને બદલે પોતાની જાતને બોજરૂપ માનતો થઈ જાય છે.

**(૨)શિક્ષણનો મૂળભૂત ઉદ્દેશ્ય ચારિત્ર્યઘડતરનો જ હોવો જોઈએ** - આજે શિક્ષણ મેળવવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ આવક મેળવવાનો છે. આનાથી વધુ કોઈને કાંઈ જ જોઈતું નથી. ભણો અને પછી નાણાંની ટંકશાળ પાડો. આ એક જ સૂત્રે માનવીને શિખરેથી ખીણમાં ગબડાવી દીધો છે. તે સાધ્ય ન બનતા, સાધન બની ગયું છે. ચારિત્ર્યનિર્માણનો મહત્ત્વનો મુદ્દો એક બાજુ રહી ગયો છે. ઉપયોગિતા અને અર્થોપાર્જનની શક્યતા જ મહત્ત્વની બની ગઈ છે. ચારિત્ર્યઘડતર એ મહાન રાષ્ટ્રનો પાયો છે. એવા શિક્ષણને પામેલા લોકો જ દેશને પ્રગતિના શિખરે પહોંચાડી શકે છે. એવી શિક્ષણપદ્ધતિ જરૂરી.

**(૩)સ્વદોષદર્શન અને પરગુણદર્શન કરાવનાર દૃષ્ટિને દેનાર**

**શિક્ષણ જરૂરી** - આજનું શિક્ષણ સ્વદોષદર્શન કરાવવામાં મદદરૂપ બનવાને બદલે હરીફાઈ અને ગળાકાપ સ્પર્ધા ઊભી કરી દુર્ગુણોને પ્રોત્સાહન આપે છે. જ્યાં સુધી પોતાના દોષો જોઈ તેનું દમન નહિ થાય, બીજાના ગુણો જોઈ તેની પ્રશંસા નહિ થાય, ક્રોધ-માન-માયા લોભ જેવા દોષોને - દુર્ગુણોને દેશવટો આપી ક્ષમા-સરળતા-નિખાલસતા-સંતોષ જેવા ગુણો ખીલવશું નહિ ત્યાં સુધી નૈતિક, સામાજિક, આધ્યાત્મિક વિકાસ શક્ય જ નથી.

**(૪)સંસ્કૃતિનું જતન કરી તેને ઉજજવળ બનાવે એ જ સાચું શિક્ષણ** - સંસ્કૃતિ એ એવો આયનો છે જેમાં જે તે સમાજની હૂબહુ તસવીર જોવા મળે છે. પૂર્વની સંસ્કૃતિ એ અલગ ભાતવાળી સંસ્કૃતિ છે. તેમાં અતિ, અરાજકતા, ઉપભોક્તાવાદને સ્થાન જ નથી. જ્યારે પશ્ચિમી સંસ્કૃતિ પૂર્વથી અલગ જ છે, ભોગપ્રદાન છે. સ્વાર્થ, ગણતરી, વ્યવહાર, કટુતા અને લાગણીવિહીનતા એ તેનાં લક્ષણો છે. જ્યારે પર્યાવરણની જાળવણી દ્વારા પ્રકૃતિ પ્રત્યેનો પ્રેમ, સત્કાર્યો અને સદ્ભાવના દ્વારા આચારમાં પવિત્રતા, જગતના દરેક જીવો પ્રત્યે કરુણા, મૈત્રી અને પ્રેમ તથા પરોપકારની વૃત્તિ એ પૂર્વની સંસ્કૃતિ છે જે ત્યાગપ્રધાન છે. આજે પશ્ચિમી સંસ્કૃતિનું વાવાઝોડું પૂર્વ પર ઝળુંબી રહ્યું છે. ત્યારે વિશ્વશાંતિ અને વિશ્વપ્રેમનો સંદેશો ફેલાવનાર મહાવીર અને ગાંધીના વિચારોની ક્રૂર કત્લેઆમ થઈ રહી છે. પ્રકૃતિ, અહિંસા, પર્યાવરણપ્રેમ, જીવદયા, સર્વધર્મસમભાવ, અનેકાંતના સમર્થક, સર્વે માનવને એકસરખી નજરે જોનાર, સાદાઈ અને સંસ્કારોને પ્રધાનતા આપનાર ગાંધીજીના વિચારોને વિશ્વ આખાએ વોસિરાવી દીધા છે. ભારતીય સંસ્કૃતિ તેની ભવ્યતા માટે પ્રસિદ્ધ છે. આવી સંસ્કૃતિની જાળવણી કરી પ્રકૃતિપ્રેમ, નિષ્કલંક આચરણ અને કરુણાનો આર્વિભાવ કરે એવી શિક્ષણવ્યવસ્થા જરૂરી બની છે.

**(૫) સંયમ, વિનય, વિવેકનું ભાન કરાવે તે સાચું શિક્ષણ** - માનવી એ પશુ કરતાં જુદો પડે છે. પશુતાથી અલગ પાડનાર મહત્વના ગુણો તે સંયમ, વિનય અને વિવેક. સંયમનું મહત્ત્વ સમજાશે નહિ ત્યાં સુધી માનવી બાહ્ય દુનિયામાં ઝાવા નાખ્યા કરશે. વર્તમાન શિક્ષણપદ્ધતિ સંયમ કેળવવાને બદલે ઉત્તેજના વધારવાનું શીખવે છે જે ખરેખર ગલત વિચારધારા છે. સંયમ બધી જ સમસ્યાઓની ચાવી છે. આથી જ ગાંધીજીએ પોતાના જીવનમાં આ ત્રણે ગુણોને અદકેરુ સ્થાન આપ્યું હતું. આ ગુણોના વિકાસ માટે ગુરુકુળ દ્વારા શિક્ષણ, બ્રહ્મચર્યનું સેવન તથા તેનું મહત્ત્વ સમજાય તેવી શિક્ષણપદ્ધતિનો વિકાસ કરવો જરૂરી.

**(૬) સર્જનાત્મકતા એ શિક્ષણવ્યવસ્થાનો પાયો છે તેનો વિકાસ થવો જરૂરી** - દરેક વ્યક્તિ પ્રગતિના શિખરે પહોંચવા ઈચ્છે છે પરંતુ એ માટે તેને ટૂંકામાં ટૂંકો રસ્તો જોઈએ છીએ. ધૈર્ય, જિજ્ઞાસા, જિજિવિષા અને કલ્પનાશીલ મન એ સફળતાની ગુરુચાવી છે. તેનાથી સભ્યતા, સંસ્કાર, સદાચાર ખીલે છે. ખંડનાત્મકતા અને વિધ્વંસકતાને દેશવટો દઈ, ઈર્ષાને અળગી કરી માત્રને માત્ર પોતાનામાં રહેલી શક્તિઓને ખીલવી આગળ વધવામાં મદદ કરે તેવી શિક્ષણવ્યવસ્થા જરૂરી છે.

**(૭) 'સ્વ'ની ઓળખાણ કરાવે તે શિક્ષણ** - સાચું શિક્ષણ સ્વની ઓળખાણ કરાવે છે. સ્વની જાગૃતિ લાવે છે, આત્મવિશ્વાસ જગાડી વિકાસના શિખરે પહોંચાડે છે. જ્યારે વર્તમાન શિક્ષણપ્રણાલી બાહ્યજગતની, બાહ્ય બાબતોની ઓળખાણ કરાવે છે પણ સ્વ પ્રત્યે ઉદાસીનતા ધરાવે છે. આંતરિક બાબતોથી સાવ અળગું રહે છે. પરિણામે જે વિકાસ થાય છે તે સાચો વિકાસ નહિ, વિકાસની ભ્રમણારૂપ બને છે.

**(૮)પરિશ્રમનું મૂલ્ય સમજાવે તે શિક્ષણ** - આજનું શિક્ષણ શ્રમની ગરિમા પ્રસ્થાપિત કરવાને બદલે શ્રમની અવગણના કરે છે. ગાંધીજી શ્રમનું મહત્ત્વ સમજતા હતા તેથી તેમણે સ્વાવલંબી જીવનપદ્ધતિ વિકસાવવાની સાથે શ્રમને પણ ખૂબ મહત્ત્વ આપ્યું હતું. પોતાના સઘળાં કાર્યો પોતે જ કરવા તે વાત પર તેમણે ખૂબ જ ભાર મૂક્યો હતો. એથી ઊલટું આજનો શિક્ષિત યુવાન કોમ્પ્યુટર તો ચલાવી શકે છે પરંતુ સ્વચ્છતા, સાદાઈ, સંતોષની અવગણના કરે છે. તેને પગાર મોટો જોઈએ છે પણ A.C. ઓફિસમાં બેસીને જ કામ કરવું છે. હાથ-પગ ચલાવવામાં તે નાનમ સમજે છે. ભારત ગ્રામીણ સંસ્કૃતિ અને વધારે ગામડાઓ ધરાવતો દેશ હોવાથી ઉત્પાદક પરિશ્રમ સાથે જોડાય તે શિક્ષણ જ ઉન્નતિના દર્શન કરાવી શકે.

**(૯)અંગ્રેજી માધ્યમની શિક્ષણપદ્ધતિમાં ધરમૂળથી બદલાવ જરૂરી** - અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન લેવું ખરાબ બાબત નથી પરંતુ અંગ્રેજી શીખ્યા પછી માતૃભાષાના મહત્ત્વને ભૂલી જવું તે ખરાબ છે. આજે અંગ્રેજી માધ્યમની મોંઘી શાળાઓમાં ભણતાં બાળકો અન્ય બાળકોથી પોતાની જાતને ઊંચી માનવાના મિથ્યાભિમાનમાં રાચે છે આથી બધાની સાથે સહેલાઈથી ભળી શકતાં નથી. માતૃભાષા-રાષ્ટ્રભાષા ખૂબ જ મહત્ત્વની છે તેની ક્યારેય ઉપેક્ષા કે અવગણના ન કરવી જોઈએ. તેમ કરનારો સમાજ અને દેશને પણ પોતાનાથી જુદા સમજે છે અને તેથી અનેક સમસ્યાઓ ઉદ્ભવે છે. આથી એવી પદ્ધતિનું નિર્માણ કરવું જે માતૃભાષા રાષ્ટ્રભાષાને મહત્ત્વ આપી તેનું સન્માન જાળવી વ્યક્તિને આગળ વધારે.

**(૧૦) શિક્ષકનું સ્થાન સન્માનજનક બનાવવું જરૂરી** - પ્રાચીન શિક્ષણવ્યવસ્થા ગુરુકુળ, આશ્રમશાળાઓનો અભ્યાસ કરતાં જણાય છે કે તે સમયે શિક્ષકનું સ્થાન ઘણું ઊંચું હતું. ગુરુ વંદનીય-પૂજનીય-આદર્શરૂપ ગણાતા. તેમનો પડયો બોલ ઝીલાતો. આજે શિક્ષકના માન-સન્માન પહેલાની તુલનાએ ઘણા ઘટી ગયા છે. ઘણી વખત તો શિક્ષકને હાંસીપાત્ર બનાવી દેવાય છે. જોકે શિક્ષકના અવમૂલ્યનમાં તેમના વર્તાવે ઘણો ઊંડો ભાગ ભજવ્યો છે. પહેલા ગુરૂ પોતાના શિષ્યોને પુત્રવત્ પાળતા. તેમાં જીવનની મહત્ત્વની

બાબતોમાં માર્ગદર્શક બનતાં. આર્થિક રીતે મદદ કરતાં, વિદ્યાને ટ્યૂશન દ્વારા વેચતા નહિ. આ બધી બાબતોનું ધ્યાન રાખી ગુરુ-શિષ્ય બંને પદનું સ્થાન અને માન નવી રીતે નિર્માણ થાય તે માટેના પ્રયત્નો જરૂરી.

**(૧૧) શિક્ષણમાં ધાર્મિકતા - આધ્યાત્મિકતાનું આરોપણ કરવું જરૂરી** - જ્યાં વિજ્ઞાન અને તેની શોધો પૂરી થાય છે ત્યાંથી આધ્યાત્મિકતા શરૂ થાય છે. ભારત એવો દેશ જેના વિવિધ આધ્યાત્મિક દર્શનોએ વિશ્વ આખામાં પોતાનું એક આગવું સ્થાન ઊભું કર્યું છે. ભારતના આધ્યાત્મિક ગુરુઓએ જુદા જુદા વિષયો સંબંધી જ જ્ઞાન-શોધખોળ કરી છે તેને માટે દરેક ભારતીય ગર્વ લઈ શકે છે. આવા આપણા મહાન પૂર્વજોની જે કાર્યપ્રણાલી હતી તેને ફરીથી કાર્યાન્વિત કરી તેને આગળ ધપાવવાના પ્રયત્નો થશે તો જ ભારતમાં વિકાસનો અભ્યુદય થઈ શકે. ધર્મ અને આધ્યાત્મ એ વિજ્ઞાનથી અલગ નથી. એ બંનેને સાથે રાખી શિક્ષણની એવી પદ્ધતિ વિકસાવવાની જરૂરી છે કે નાલંદા જેવી વિશ્વ વિદ્યાપીઠો ફરીને વર્તમાન અને ભવિષ્ય બને. વળી આપણા પ્રાચીન ગ્રંથો જે પ્રાકૃત, સંસ્કૃત, અર્ધમાગધી વગેરે ભાષાઓમાં છે તેમાં રહેલા ગહન અર્થને શોધી કાઢવા આવી ભાષાઓનું જ્ઞાન પ્રચાર-પ્રસાર કરવો જોઈએ. જેનાથી આપણી ભૂતકાળની ભવ્યતાને આપણે વર્તમાને સ્થાપિત કરી શકીએ.

ઉપસંહાર -

આજનો માનવી ઉપભોક્તાવાદ, અતિ સગવડતા અને યાંત્રિકરણનો ગુલામ બની ગયો છે. અતિની ગતિ ક્યારેય હોતી નથી પણ અધોગતિ જરૂરથી હોય છે. દિવસે દિવસે પ્રકૃતિથી દૂર થતો માનવી, હતાશા, માનસિક તાણ અને બેચેનીનો ભોગ બનતો જાય છે. આજે વિકસિત દેશો, વિકસતા દેશો અને પછાત દેશોની સરખામણ કરીશું તો ખ્યાલ આવશે કે વધુમાં વધુ સમસ્યાઓ વિકસિત દેશના લોકોની જ હોય છે.

આપણને તો રામ, મહાવીર, મીરાં, કૃષ્ણ જેવાં મહાન પૂર્વજો મળ્યાં છે. એમના વારસદારો તરીકે આપણે આવા માયકાંગલા થઈશું કે જે દરેક બાબત માટે બીજા પર નિર્ભર છે. આજે દેશ જે દિશામાં આગળ વધી રહ્યો છે તે જોતાં તો શિક્ષણપદ્ધતિને ધરમૂળથી બદલવાની જરૂર છે. ધર્મ-અર્થ-કામ અને મોક્ષ એ ચારેય પાસાઓને જીવનના જુદા જુદા તબક્કે યોગ્ય સ્થાન આપનાર, ગાંધીજીનો માનસપુત્ર ભારતીય કયાં ખોવાયો છે? ગાંધીજીએ નીતિનિયંત્રિત પુરુષાર્થને જ અર્થપુરુષાર્થ કહ્યો છે. નીતિ અને મર્યાદાના લોપવાળું અર્થોપાર્જન એ અર્થાંધતા છે - લોભાંધતા છે. કામક્ષેત્રે જો સંયમ-સદાચાર નથી તો તે પણ કામાંધતા છે. આ ચાર પુરુષાર્થમાં ધર્મને પ્રથમ સ્થાન અપાયું છે તે એટલા માટે કે તેને સાથે રાખી બીજા ત્રણેય કાર્યો કરવાના છે. એથી ઊલટું આજે આપણે ધર્મને કયાંય પાછળ ધકેલી તેનું સ્થાન ધનને આપી દીધું છે. આ વિકાસ નથી પતન છે. તે પરમગતિ તરફ નહિ પરંતુ અધોગતિ તરફ લઈ જનારું છે.

આજે કુદરત દ્વારા મફત મળતા પ્રકાશ, હવા અને પાણી મેળવવા પ્રજાને દોહ્યલા બન્યા છે. પ્રાથમિક જરૂરિયાતો મોંઘી બનતી જાય છે અને તે છતાં તેને મેળવવા માનવી પાગલ બન્યો છે. ગમે તેમ કરીને પણ ધન મેળવો અને પછી તેનાથી વિકૃતિની હદ સુધી ખરીદી કરો એવું વલણ એ હદે વિકસ્યું છે કે માનવી આર્થિક અને માનસિક રીતે બેહાલ બની ગયો છે. આજે અબજો કમાતો માણસ પણ શાંતિ-સમાધિથી એટલો દૂર છે તે વાત જ પુરવાર કરે છે કે આ વિકાસના મૃગજળ છે. તેને વાસ્તવિકતામાં પરિવર્તિત કરવા હોય તો સત્વરે શિક્ષણપદ્ધતિ ધરમૂળથી પરિવર્તન ઝંખે છે.

❑❑❑

સંપર્ક : ૯૭૨૫૯૮૦૮૮૫
''ઉષાસ્મૃતિ'' ૧, ભક્તિનગર સોસાયટી,
જૈન ઉપાશ્રય પાસે, રાજકોટ - ૩૬૦૦૦૨

**પૂજ્ય આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજીનો ૫૦મો દીક્ષાદિન ઉજવાયો**
**રશિયનપુસ્તકનું તથા શ્રાવિકા કથાઓનું વિમોચન થયું**

અમદાવાદ શ્રી રેવતીનગર જૈન સંઘ,વાસણામાં પરમ પૂજ્ય આચાર્ય શ્રીવાત્સલ્યદીપસૂરીશ્વરજીમ.નો ૫૦મો દીક્ષા દીવસ ભવ્ય રીતેઉજવાયો.આ પ્રસંગે તેઓશ્રી લિખિત રશિયન પુસ્તક તથા શ્રાવિકા કથાઓ પુસ્તકનું વિમોચન શેઠશ્રી અનિલભાઈ બકેરી તથા શેઠશ્રી યોગેનભાઈ લાઠીયાના હસ્તે થયું.પ્રસિધ્ધ ડો.સુધીરભાઈ શાહ તથા પ્રસિધ્ધ લેખક ડો. કુમારપાળ દેસાઇએ પૂજ્યશ્રીના સાહિત્યની અને જીવનની પ્રશંસા કરતા કહ્યું કે એક રશિયન પુસ્તક જૈન સાધુના હસ્તે થાય તે વિશ્વની વિરલ અને સુવર્ણાક્ષરે આલેખાતી ઐતિહાસિક ઘટના છે.આ પ્રસંગે ડો. સંદીપ ઓઝા,ડો.મૌનસ ઠાકર,મુબઈથી આવેલા જૈન અગ્રણી શ્રી મુકેશભાઈ કામદાર, શ્રી ભૂપતભાઈ કાંટેર,શ્રી હેમેન્દ્રભાઈ શાહ,શ્રી દીલીપભાઈ કોઠારી, પ્રો.જશુભાઈએ પ્રવચનો કર્યા હતા.પૂજય આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરિજીએ સૌને ધર્મલાભ આપતા કહ્યું કે આ સંયમજીવનમાં થયેલી સાધના શ્રી દેવગુરુધર્મની કૃપાનું ફળ છે.વિશ્વની ભાષામાંજૈન સાહિત્ય પહોંચે છે તેના નિમિત્ત બનવાની ખુશી કેમ ન થાય ? આ પ્રસંગે વિશાળ જૈન/અજૈન સમાજ દેશવિદેશથી ઊમટયો હતો.કાર્યક્રમનું સરસ સંચાલન સંજય દત્રાણીયાએ કર્યું હતું.શ્રી પ્રીતેશભાઈ શાહે સ્વામી વાત્સલ્યનો લાભ લીધો હતો.

# બારણું ઠોકવાનું કર્તવ્ય

**નીલમ પરીખ**

કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું સુપ્રસિદ્ધ કાવ્ય 'એકલા ચલો રે' એ જેટલું સમયોચિત હતું તેટલું જ એમનું બીજું કાવ્ય 'તેથી કાંઈ ચિંતા કર્યે ચાલશે ના' એ ગાંધીયુગ માટે સમયોચિત છે. આ કાવ્યમાં કર્તવ્યની જેવી પ્રખર મૂર્તિ ઉતારવામાં આવી છે તેવી ભાગ્યે જ બીજે ક્યાંય જોવા મળે. એકલા એકલવાયા, પોતે ઠરાવેલે પંથે તડકોછાંયો, સુખદુઃખ જોયા વિના, કોઈનાય સાથસથવારાની રાહ જોયા વિના, ડગલે પગલે નિરાશા થતી હોય તોય તે ગણકાર્યા વિના આગે કદમ ભર્યે જવાનો જ દૃઢનિશ્ચય આમાં દેખાય છે. ઈશુ ખ્રિસ્તે કહ્યું છે કે 'બારણું ઠોકો, તે ઊઘડ્યા વિના રહેશે જ નહીં.' પરંતુ આપણા કવિવર તો તેથીય આગળ વધીને કહે છે કે, 'બારણું ઠોકવાનું જ તારું કર્તવ્ય છે, પછી ભલે તે ઊઘડે કે ન ઊઘડે, ભલે તે જરાય ચસે નહીં, તું તારે ઠોક્યા કર.' એટલે ફળની આશા વિના કામ કર્યે જવાનો નિષ્કામ કર્મમાર્ગ આમાં સુંદર રીતે બતાવ્યો છે.

ગાંધીજીનું તો આખું જીવન નિષ્કામ કર્મ માર્ગે જ વીત્યું હતું. મારા શિક્ષણકાર્યમાંથી નિવૃત્ત થયા પછી ગાંધીજી વિશે વધુ વાંચતાં, વિચારતાં સતત એક પ્રશ્ન મનમાં ઘૂંટાયા કરતો હતો. મોહનદાસને મહાત્મા સુધી પહોંચતા કરવામાં એમની માતાએ શું ભાગ ભજવ્યો? ગાંધીજીએ આઝાદીની લડતનો આરંભ કર્યા બાદ જેલ ગયા, પછી કેટલીયે સભાઓ ભરી, તેમનાં ભાષણો સાંભળ્યાં પણ એમાં ગાંધીજીનાં માતુશ્રીનું પુણ્યસ્મરણ ક્યાંયે સાંભળવા ન મળ્યું. ગાંધીને પેદા કરનાર સ્ત્રીએ પણ કંઈક અજબ ભાગ ભજવ્યો હશે જ. ગાંધીને વિલાયત મોકલતાં પહેલાં માતાએ સખત વિરોધ નોંધાવ્યો અને પછીથી ત્રણ મહાવ્રતો લેવરાવ્યા બાદ બતાવેલી મરજીમાં એનાં ઊંડાં મૂળ દેખાય છે. ત્રણ મહાવ્રતો - બ્રહ્મચર્ય, માંસ ત્યાગ અને મદિરા ત્યાગનાં વ્રતો - લેવરાવીને જ તેમણે ગાંધીજીના જીવનનો પાયો નાખ્યો એમ કહી શકાય. ગાંધીજીના શરીરને તેમણે જન્મ આપ્યો તે તો છે જ, પણ ગાંધીજીના અધ્યાત્મ શરીરને પણ તેમણે જ જન્મ આપ્યો. તેમણે જે આધ્યાત્મિક બીજો વાવ્યાં તે જ આગળ જતાં ફૂલ્યાં અને ફાલ્યાં છે. આજે જે બહેનો મૂંગે મોઢે કામ કરી રહી છે અને જેમને બાળકો ઉછેરવાનું કર્તવ્ય પણ મળ્યું છે તેઓ દેશ માટે અતિ ઉજ્જવળ ભાવિ તૈયાર કરી રહી છે એમ નથી લાગતું?

એકવાર મહાદેવભાઈ ગાંધીજીની 'આત્મકથા'ની સંક્ષિપ્ત આવૃત્તિનાં પ્રૂફ તપાસતાં બાપુને પૂછે છે : ''તમારી માતાનાં કઠણ વ્રતો : એકાદશી, ચાતુર્માસ, ચાંદ્રાયણ, વગેરેની વાત કરી છે, પણ આપે તો શબ્દ saintliness (પવિત્રતા) વાપર્યો છે. અહીં પવિત્રતા કરતાં તપશ્ચર્યા કહેવા આપ નથી ઈચ્છતા? તો શબ્દ austerity ન લખાય?''

બાપુ કહે : 'ના, મેં પવિત્રતા હેતુપૂર્વક વાપર્યો છે. તપશ્ચર્યામાં તો બાહ્યત્યાગ, સહનશક્તિ અને આડંબર પણ હોઈ શકે, પણ પવિત્રતા એ તો આંતર ગુણ છે. મારી માતાના આંતર જીવનનો પડઘો એની તપશ્ચર્યામાં પડતો. મારામાં કશી પવિત્રતા જોતા હો તો તે મારા પિતાની નથી, પણ મારી માતાની છે. મારી માતા ચાળીસ વરસે ગુજરી ગયેલાં એટલે મેં એની ભરજુવાની જોઈ છે. પણ કદી એને ઉછાંછળી કે ટાપટીપવાળી કે કાંઈ પણ શોખ કે આડંબર કરનારી મેં જોઈ નથી. એની પવિત્રતાની જ છાપ હંમેશને માટે મારા ઉપર રહી ગઈ છે.'

'અમને બાળકોને કાંદાનો બહુ શોખ. વૈષ્ણવ ધર્મમાં કાંદા ન ખવાય. પણ મા સાથે કજિયો કરીએ. મા બાપડી પોતે ન ખાય પણ અમારે માટે જુદા કાંદા રાંધીને અમને ખવડાવે. અને એમ ખવડાવતાં ખવડાવતાં ટીકા કરીને અમારી આદત માતાએ છોડાવી, એ એની શુદ્ધ અહિંસા અને સત્યાગ્રહ હતો. અમારો સિદ્ધાંત ભોગનો હતો, એનો ત્યાગનો હતો. પોતાનો ત્યાગ ન છોડતાં, અમારા ભોગને રીઝવતાં. પણ પ્રેમને બળે એ છોડાવી શકી. ત્યારથી હું મારી મા પાસે પ્રેમમય અસહકાર શીખ્યો.....'

'મારી દૃઢ માન્યતા છે કે હિન્દુસ્તાનની મુક્તિ તેની સ્ત્રીઓના ત્યાગ અને જ્ઞાન પર આધાર રાખે છે.... હુ હંમેશ એક વસ્તુ જોર દઈને કહેતો આવ્યો છું કે, જ્યારે આપણે દેવ-દેવી કે પ્રાચીન વીર પુરુષો વિશે બોલીએ છીએ ત્યારે સ્ત્રીનું નામ પહેલું મૂકીએ છીએ. જેમ કે સીતારામ, રાધાકૃષ્ણ. નહીં કે રામસીતા, કૃષ્ણરાધા. આ રિવાજ રહસ્યહીન નથી. આપણે ત્યાં સ્ત્રીનું સન્માન થતું અને એમનાં કાર્ય તથા લાયકાતની ખાસ કદર કરાતી. આ જૂના રિવાજને આપણે અક્ષરશઃ અને અર્થશઃ ચાલુ રાખવો જોઈએ...'

ગાંધીજીનું આખું જીવન તદ્દન ખુલ્લું હતું. અંગત અને ખાનગી ગણાય એવી એમની વાતો જેટલી જગત જાણતું હશે એટલી ભાગ્યે જ બીજા કોઈ નેતાની જગત જાણતું હોય. છતાં ગાંધીજીની ઘણીયે જાણવા જેવી વાતો ઓછી જણાઈ હોય અથવા હજી જનતાને જાણવા ન મળી હોય. આ પુસ્તકમાં ગાંધીજીના વાર્તાલાપો અને પત્રો મારફત ગાંધીજીની બહાર નહીં આવેલી ખાસિયતો તથા જીવનપ્રસંગો તેમ જ વ્યક્તિગત તથા સામાજિક જીવનને લગતા ઘણા અગત્યના વિષયો ઉપર ગાંધીજીના વિચારો વાચકને જાણવા મળશે.

આ પત્રગુચ્છનું પ્રકાશન પિતા અને પુત્ર-પુત્રવધૂઓ વચ્ચેના તંતુઓને નવી ઝલક આપશે એવી આશા છે. આ પત્રોમાં મમતા, કાળજી, વ્યથા, ગુસ્સો, ચેતવણી, ઔદાર્ય, પ્રોત્સાહન, પ્રશંસા,

ગૌરવ, આનંદ અને પાસે બેસાડી સલાહસૂચનો આપતા ગાંધીજીનું આગવું ચિત્ર દોરે છે. એમનો સ્નેહ સદાય વિસ્તરતો જ રહ્યો છે.

પુત્ર-પુત્રવધૂને લગ્નપ્રસંગે અપાયેલ આશીર્વાદનું પદપુષ્પ એક પરિવાર પૂરતું મર્યાદિત ન રહેતાં આપણી સમગ્ર યુવા પેઢીની સહયાત્રા માટેની મશાલ અને મંગલ પગલે વરેલી પુષ્પપાંદડી બની રહે છે. ગાંધીજીના પત્રો ભૂતકાળને વાગોળવા માટે નથી પરંતુ ભવિષ્યની વાટમાં ભાથું બંધાવવા જેવા લાગ્યા છે.

ગાંધીજીએ અનેક વાર કહ્યું છે કે, અહિંસા સ્ત્રીઓના હાડમાં રહેલો ગુણ છે. સ્ત્રી એ અહિંસાની સાક્ષાત્ પ્રતિમા છે. અહિંસાનો અર્થ જ નિરવધિ પ્રેમ. અને એવા પ્રેમ એટલે વળી કષ્ટસહનની અસીમ શક્તિ. બહેનો પોતાના કુટુંબને માટે બલિદાન આપતી જ આવી છે. હવે તેમણે દેશને અર્થે બલિદાન આપવાનું શીખવું રહ્યું. સઘળી બહેનોને હું મારી અહિંસક સેનામાં જોડાવા આમંત્રું છું.

આમ, અન્ય બહેનોની સાથે પોતાની પુત્રવધૂઓને પણ દેશસેવાના કાર્યમાં પળોટવા માંડી. વ્યક્તિત્વના સર્જક ગાંધીજીએ દરેક વ્યક્તિમાં જે શુભ છે તેને ચાલના આપી છે. ગાંધીજી મહાત્મા હોવા છતાં પરિવાર માટે કેટલી માયા-મમતા હતી તે આમાં બતાવવાનો અલ્પ પ્રયત્ન છે. ખાસ તો પુત્રો તરફ તો પ્રેમ હોય જ, પણ તે જમાનામાં એક સસરા તરીકે ગાંધીજીએ વહુને ઘૂમટામાં ન રાખતાં દીકરી ગણીને કેવી કેવી હૂંફ આપી, કેળવણી આપી તે રજૂ કરવાના સ્પષ્ટ ખ્યાલ સાથે આ લખું છું. સંદર્ભને ખાતર પુત્રોનો આછો પરિચય અને પુત્રવધૂઓ તથા પુત્રો પરના કેટલાક પ્રગટ-અપ્રગટ પત્રોનો પણ આમાં સમાવેશ કર્યો છે.

ગાંધીજી પુત્ર-પુત્રવધૂઓને તથા તેમનાં સંતાનોને જીવનઘડતરની ઝીણી ઝીણી બાબતોમાં કેવી શિખામણ આપતા એ મારાં બા અને માસી પાસેથી જાણીને મને ભારે આશ્ચર્ય થતું. બહાર જતી વખતે પોતાની વસ્તુઓ બાબતમાં સાવચેતી રાખવી, દીવાની વાટ કેવી રીતે સંકોરવી, સળગેલી દીવાસળીની સળીને ખાલી બાકસમાં એકઠી કરવી જેથી એ ફરીવાર ઉપયોગમાં આવે, કચરો કાઢી રહ્યા પછી સાવરણી જ્યાં ત્યાં ન ફેંકતાં તેને સ્થળે મૂકવી, શાકભાજી-ફળ સમારી રહ્યાં પછી છાલ-છોતરાં, વગેરે ફેંકી ન દેતાં ગાયને નાખવાં. કંજૂસ તેમ જ ઉડાઉ બેમાંથી એકેય ન બનતાં, કરકસરપૂર્વક જ્યાં જેટલી વસ્તુની કે પૈસાની જરૂર હોય ત્યાં તેટલાનો જ ઉપયોગ કરવો - વગેરે બાબતો વિશે કસ્તૂરબા અને ગાંધીજીએ આપેલા સંસ્કાર બળના જોરે મારી બા અને માસી પણ અમને અવારનવાર ટોકતાં. મા-માસીનો અમારા માટેનો આ ઉત્તમ વારસો છે. ખવડાવી-પીવડાવીને જે લાડ લડાવવાનાં હોય છે તે તો એમણે જરૂર લડાવ્યાં જ હશે પણ આ ચિત્ત પર જે સંસ્કાર નાખ્યા છે તે એમના મારા પર ભારે ઉપકાર છે. મારા અંતરમાં જે સંભારણાં પડ્યાં છે તેમાં આ ઉત્તમ સંભારણું છે.

સંધ્યા થાય એટલે સઘળાં કામ મૂકીને ઈશ્વરચિંતન કરવું. જેમ તોફાન વાદળીને ઉડાવી દે, તેમ પ્રભુના નામથી વિષયવાસનારૂપી વાદળાં ઊડી જાય. તમે જો ઈશ્વરને ન સ્મરો તો તેમાં તેને શું? એ તમારું જ દુર્ભાગ્ય! માટે ઈશ્વરના શરણાગત થઈને રહેવું. ઈશ્વર પોતે જ જ્યારે જે વસ્તુની જરૂર હોય ત્યારે તે આપે છે. આપણે સાંસારિક ચીજોની ઈચ્છા ન કરવી.

જે પહેરો તે સ્વચ્છ અને સાંધેલું હોવું જોઈએ. મેલું કે ફાટેલું વાપરવું એ આળસ, અજ્ઞાન અને અસભ્યતાની નિશાની છે. દરેકને પોતાનાં કપડાં સીવતાં નહીં તો ફાટેલાં સાંધીને ઠીક કરતાં તો આવડવું જ જોઈએ. સેવાગ્રામમાં બહેનોના પોશાક વિશે ગાંધીજી કહે છે : '...હું માનું છું કે, પંજાબનો પોશાક સૌથી સારો છે. એને સહેજ બદલીને કોઈ કોઈ વાર અમતુસ્સલામબહેન પહેરે છે તે ખૂબ સારો છે. પંજાબનાં પહેરણ, દુપટ્ટો અને સલવારમાં કળા છે, અને એમાં સ્ત્રીનું અંગેઅંગ બિલકુલ છૂટથી ઢંકાયેલું પણ રહે છે. દુપટ્ટામાં જેમ કળા છે તેમ ઠંડીના દિવસોમાં તે ખૂબ કામની વસ્તુ પણ છે. એનાથી ખૂબ આરામ રહે છે. પહેરણ સ્ત્રીના આખા શરીરને ઢાંકી દે છે.'

બાળકોની માંદગીમાં કોઈ પુત્રવધૂ જરા બેબાકળી થઈ જાય તો ગાંધીજી તુરત લખતા : '...બચ્ચાંને મંદવાડ ઘોડાવેગે આવે ને ઘોડાવેગે જાય. કેમ કે તેનો કોઠો આપણા જેવો બગડેલો હોતો નથી. આપણે તેમાં અનેક ન ભરવાનું ભરીને બગાડી મૂકીએ છીએ.... તેના રખેવાળ ભગવાન છે....'

બાળઉછેરના સંદર્ભે પૌત્રી રામીને લખે છે : 'છોકરાઓને મારવાની અને ખિજાવાની ટેવ કાઢી નાખવી, રમાડીને તેઓ પાસેથી ઘણું કામ લઈ શકાય. બાળકોને પણ આબરૂ હોય છે. ફજેતીથી તેઓ શરમાય છે. મોટેરાં કરતાં બાળકોમાં આબરૂની અને સ્વમાનની લાગણી વધારે તીવ્ર હોય છે. એનો વિચાર મોટેરાં કેમ નહીં કરતાં હોય?'

કસ્તૂરબા અને ગાંધીજી વ્યવસ્થાનાં પણ ખૂબ આગ્રહી. એકેએક વસ્તુ એની જગ્યાએ જ મૂકવાની. ગાંધીજી હંમેશાં કહેતા કે જીવનમાં વ્યવસ્થિતતા હોવી બહુ જરૂરી છે. જો સૂર્ય, ચંદ્ર, પૃથ્વી-કુદરતના નિયમોનું પાલન ન કરે તો ક્ષણવારમાં આખું વિશ્વ વેરણછેરણ થઈ જાય. મારા જેવા માણસની એક એક ક્ષણ કામથી ભરેલી રહે છે. મારી વસ્તુઓ તેને ઠેકાણે ન મળે તો કેટલો સમય બગડે? અંગ્રેજીમાં ગંદકીની વ્યાખ્યા છે - Anything out of place is dirt, - જે કોઈ વસ્તુ પોતાને સ્થાને ન હોય તે કચરો છે.

માણસ ગમે એટલું ભણે, ગમે તેટલું કેળવાય પણ જેનામાં સૂઝ નથી એ માણસ કહેવડાવવાને લાયક નથી. આપણા યુવાનોમાં સૂઝનો સાવ જ અભાવ છે એ ગાંધીજીને ખૂંચતું, ઝાડુ વાળો, વાસણ માંજો કે શાક સમારો-દરેકમાં સૂઝ વાપરવી જોઈએ. ખરાબમાંથી પણ સારું ગ્રહણ કરવું. જો શાંતિ ઈચ્છતા હો તો કોઈના દોષ જોતા નહીં પણ દોષ જોજો પોતાના. જગતને પોતાનું કરી લેતાં શીખો. કોઈ પારકું નથી એમ માનો તો જગત તમારું છે. આમ નાની નાની કેટલીય બાબતો પર ગાંધીજી સૂક્ષ્મ નજર

રાખતા હતા. એ દૃષ્ટિએ કહી શકાય - ખરે જ તેઓ master of details હતા!

પોતાના માણસો પ્રત્યે વધારે કઠોર થઈ સાચી કરકસર કેમ કરવી તે સમજાવતા અને જાહેર નાણાંનો ઉપયોગ પરિવાર માટે ન થાય એની સતત કાળજી રાખી પોતે જાહેર નાણાંના સાચા રક્ષક હતા તે નીચેના પ્રસંગોમાંથી દેખાઈ આવે છેઃ

હરિલાલભાઈની દીકરી મનુબહેન માંદી પડીને સેવાગ્રામ થોડા દિવસ રહી હતી, તો ગાંધીજીએ મનુબહેનના પતિ સુરેન્દ્ર મશરૂવાળાને લખ્યું : '...મારો ધર્મ મનુ ઉપર થયેલો ખર્ચ તમારી પાસેથી લેવાનો છે. મેં કોઈ નોખા હિસાબ તો નથી રાખ્યા.... તને પાલવે તે રકમ મોકલશે એટલે ધર્મ સચવાશે. કમાતાં છોકરાં પબ્લિક ઉપર ન નભે એ જ બરાબર ને?...'

હરિલાલભાઈની મોટી દીકરી રામીબહેનના પતિ કુંવરજીભાઈ પારેખને ટી.બી. થયેલો ત્યારે ગાંધીજીએ એમને પોતાની પાસે છએક માસ રાખી સારવાર કરેલી. તેઓ જમાઈ હોવા છતાં ગાંધીજીએ તેમના ખર્ચનું બિલ મોકલી આપેલું!

પૌત્ર કાન્તિભાઈ મૈસૂરમાં દાક્તરીનો અભ્યાસ કરતા હતા. રજાઓમાં સેવાગ્રામ આવ્યા. કાન્તિભાઈ એક ધોતી વધારે માગતા હતા. ગાંધીજીને એની જરૂર નહોતી લાગતી. કોણ જાણે કેટલી વાર સુધી આ વાતની ચર્ચા ચાલી પણ ગાંધીજીએ મંજૂરી ન જ આપી. એટલે કાન્તિભાઈના ગયા પછી એક સાથીએ ગાંધીજીને પૂછ્યું, 'બાપુ, આપનો સમય કેટલો કીમતી છે અને વિસાત તો એક ધોતિયાની હતી!' ગાંધીજીએ કહ્યું, 'સવાલ ધોતિયાનો નથી, સિદ્ધાંતનો છે. આપણે રહ્યા દરિદ્રનારાયણના પૂજારી, આપણે તેની સેવા કરવી હોય તો જનતા પાસેથી આપણે માટે ઓછામાં ઓછું લઈને વધારેમાં વધારે આપવું જોઈએ. વગર જરૂરે એક પણ પૈસો ખરચવો મને ચોરીની પેઠે ખટકે છે. જરૂર હોય તો એક હજાર રૂપિયાનો પણ હિસાબ ન ગણીએ...પણ કાન્તિ માટે એક વધારે ધોતીની જરૂર નથી લાગતી, પછી કેમ મગાવી દઉં?'

મણિલાલ અને દેવદાસને પત્રકારત્વના ક્ષેત્રે ઘડવામાં ઝીણી ઝીણી વિગતો સતત સમજાવતા રહેતા. લાહોરના દૈનિક **ટ્રિબ્યૂન**ના વયોવૃદ્ધ સહતંત્રી શ્રી આયંગર ગાંધીજી વિશે કહેતા, 'His English is the best in Asia'- એશિયામાં તેમનું અંગ્રેજી સૌથી સારું છે. - તેઓ પોતાના સમયના સૌથી મહાન પત્રકાર હતા. તેમણે જેમ મનુષ્યજીવનને ઉચ્ચ કરી બતાવ્યું તેમ પત્રકારના ધંધાને પણ સત્તાથી ઊંચો કરી બતાવ્યો. આ ક્ષેત્રમાં તેઓ સચ્ચાઈ અને સાદાઈનો નમૂનો હતા. **ઇન્ડિયન ઓપીનિયન** અને **હરિજન** દ્વારા તેમણે સાબિત કરી આપ્યું કે, પત્રકારો સત્ય, સદ્‌ભાવ અને સહિષ્ણુતાના દૂત છે. તેમના કામનો આધાર નૈતિકતા અને આધ્યાત્મિકતા છે. પત્રકારમાં પરિશ્રમ, નિર્ભયતા અને નિષ્પક્ષપાત હોવાં જોઈએ. તેઓ જે કંઈ લખે તેની પૂરી તપાસ કરીને સાવધાનીપૂર્વક લખવું જોઈએ. કલમને તેમણે તલવાર કરતાંયે વધારે શક્તિશાળી બનાવી હતી!

ગાંધીજીના પત્રોમાં ધ્યાન ખેંચે એવી બાબત એ છે કે તેમાં ક્યાંયે લાગણીવેડા નથી. અપૂર્વ વાત્સલ્યભાવથી લખાયેલા પત્રોમાં સ્વસ્થ ચિંતન પ્રગટ થયું છે. સામાન્ય વડીલ પોતાનાં બાળકો સાથે જે ચર્ચા સરળતાથી ન કરી શકે તે ગાંધીજીએ મણિલાલ અને સુશીલા પરના પત્રોમાં કેવી સ્વસ્થતાથી કરી છે! અને છતાં તેનો પ્રભાવ ઓછો નથી. તટસ્થ રહેવા છતાં તેમાં શુષ્કતા ક્યારેય પ્રવેશી નથી. મિત્રભાવે વર્તતા છતાં તેમના આ પત્રોમાં વાત્સલ્યનો ભાવ ક્યારેય સુકાયો નથી.

આ પત્રવ્યવહારમાં હૃદયેહૃદય વાત કરતું હોઈ એ વિચારો અને ઉદ્‌ગારો વધારે સીધા અને વધારે ઘનિષ્ઠ સંબંધમાં આપણને જોવા મળ્યા છે. મા જાણે પોતાના વહાલસોયા દીકરા દીકરીઓને પ્રેમથી પાસે બેસાડી વાત કરતી હોય એમ જ આ પત્રો વાંચતાં લાગે છે.

જેલને મહેલ અને મંદિર માનનાર ગાંધીજીએ યેરવડા મંદિરમાં બેઠાં બેઠાં પોતાની ગંભીર અને મહાન જીવનસાધના ચાલુ રાખી અને દર અઠવાડિયે પોતાને હાથે લખેલા પત્રો દ્વારા પોતાના ચિંતન-મનનની પ્રસાદી પોતાના સાથીઓને, પુત્રો-પુત્રવધૂઓને હંમેશાં મોકલતા રહ્યા. આ પત્રોમાં ગાંધીજીનું જે રૂપ પ્રગટ થયું છે તે તેમની વિરલ વત્સલતાનો એક અદ્‌ભુત નમૂનો છે.

ગાંધીજીના પત્રવ્યવહારની કેટલીક મહત્ત્વની ખાસિયતો ધ્યાન ખેંચે તેવી છે : એક તો એમના પત્રો ટૂંકા રહેતા. ટૂંકામાં ઘણો સાર આપી દેવાની એમની લેખનશૈલીની વિશેષતા તેમના પત્રવ્યવહારમાં પણ દેખાતી. બીજું, સુઘડતાનું ખાસ ધ્યાન રાખવામાં આવતું. છેકછાક તેમને બિલકુલ ગમતી નહીં. તેમાં તેમને વિચારહીનતા અને બેપરવાઈ લાગતાં. ત્રીજું, અક્ષરની સુંદરતા વિશે તેઓ બહુ આગ્રહ રાખતા અને પોતાના અક્ષરની ટીકા કરવાની તક કદી જતી કરતા નહીં. ચોથી મહત્ત્વની વસ્તુ હતી કરકસરની. પોસ્ટકાર્ડથી ચાલે ત્યાં સુધી તેઓ કદી પરબીડિયું વાપરતા નહીં. સામાન્ય રીતે છાપાનાં રેપર કે એક તરફ લખેલા નકામા કાગળોનો ઉપયોગ કરતા. તેમને પોતાને માટે કશું ગુપ્ત નહોતું, પણ બીજાંઓનો વિચાર કરીને અથવા લાંબો પત્ર લખવાનો હોય ત્યારે જ તેઓ પરબીડિયું વાપરતા. પત્ર બીજી વાર વાંચ્યા વિના મોકલતા નહીં અને કોઈ વાર એટલો સમય ન મળતો તો પત્રના ખૂણા પર લખી દેતા કે બીજી વાર વાંચ્યા નથી. આ બધી બાબતો વિશે પોતાનાં પૌત્રપૌત્રીઓને અચૂક લખતા પણ ખરા જ. ગાગરમાં સાગરની પેઠે એમના જોખીતોળીને વાપરેલા શબ્દોવાળાએ પત્રોમાં જે પ્રાણ, જે પ્રેરણા, જે પડકાર અને જે આત્માનુભવ ભરેલાં છે એનું વર્ણન કરવું મુશ્કેલ છે.

ગાંધીજીએ નવવધૂને જનેતાની પેઠે વાત્સલ્યથી આદર્શ ગૃહિણીના પાઠ શીખવ્યા. ખાનદાન કુટુંબની દીકરીને મોટા ઘરને - આશ્રમને - શોભે તે રીતે ગૃહસ્થાશ્રમમાં પળોટી હતી.

પુત્રવધૂઓને સંપત્તિની પડી નહોતી, ભભકો એમણે બતાવ્યો

નથી, સત્તાનો સ્વાદ એમણે ચાખ્યો નથી, અમલ ચલાવતાં એમને કદી આવડ્યું નહોતું અને છતાં બધી પુત્રવધૂઓનું જીવન પૂર્ણ વૈભવવંતુ હતું. સ્નેહ એમનું ધન હતું જે તેઓ બધાં પર વર્ષાવતાં, સ્વાર્પણ એમની શક્તિ - એ માટે તેઓ સદા તૈયાર રહેતાં, પ્રેમ એમની સત્તા - જેનો અમલ તેઓ બધે કરતાં.

નાની પુત્રવધૂ લક્ષ્મીબહેન સિવાય કોઈ બહુ ભણ્યાં ન હતાં. છતાં આજુબાજુ સર્વને એમણે કેટલા બધા મહાન પાઠ શીખવ્યા! ધન, સત્તા અને જ્ઞાન વગર રાજરાણીનેય દુર્લભ એવા માનમરતબો એમને મળ્યાં. નમ્રતા, સ્નેહ, સૌજન્ય, સહનશક્તિ અને આત્મત્યાગથી તેઓ સૌ ભારતીય સ્ત્રીત્વનાં ગરબાં આદર્શ અને હૃદયરાણી બન્યાં!

ગાંધીજીમાં વિનોદ ભારોભાર ભર્યો હતો એથી પત્રમાં હંમેશાં પુત્રવધૂ સાથે એકાદબે મજાક-મશ્કરી કરેલી જ હોય. આથી પુત્રવધૂઓને તો ગાંધીજીમાં ધૂની અને તોફાનની છાંટવાળા આનંદી ડોસાનું જ દર્શન થયું હતું!

આ પુસ્તક લખવા પાછળ મારા મનમાં ઘેરાતી આપણાં ભાવિ બાળકો માટે ચિંતા અને ભય હતાં. ભાવિ પેઢીને માટે જો સૌથી મોટો પડકાર આજે હોય તો તે બહારનો ભય નહીં પણ અંદરનો ભય છે અને એ છે ચારિત્રનો -કૌટુંબિક અને સામાજિક મૂલ્યો અને સહારાનો અભાવ છે. આજે પહેલાં કરતાં માતાપિતાના માર્ગદર્શનની, એના પોતાના દૃષ્ટાંતની તેમ જ સંતાનો સાથેના ભાવસંક્રમણની વિશેષ આવશ્યકતા છે.

આજે જ્યારે માબાપ શિક્ષણ માટે, અભ્યાસેતર પ્રવૃત્તિઓ માટે અને જીવનની સફળતા માટે બાળકો પર ભારે દબાણ કરે છે ત્યારે ગાંધીજી - જે પોતે પણ કેળવણીકાર હતા - તે એમનાં પુત્ર-પુત્રવધૂઓને કહેતા : તમે પરીક્ષામાં સિદ્ધિ પ્રાપ્ત કરો કે પ્રમાણપત્ર મેળવો એ ઈચ્છાવાયોગ્ય ખરું, પણ તમે મને મારા જીવનમાં તમારા કર્તવ્ય અને ચારિત્ર બાબત જે અનેક નાનો-મોટો હર્ષ કે આનંદ આપ્યો છે અને આપતાં રહો છો તેની બરાબરી તમે મેળવેલાં કોઈ પ્રમાણપત્ર કરી શકે નહીં.

તમે જેટલો પરિશ્રમ થઈ શકે તેટલો પરિશ્રમ કરો. તમારી તમામ તાકાત સાથે કામ કરો. તમારે સરખામણી અને સ્પર્ધા કરવાની છે તમારી પોતાની જાત સાથે જ. ખુદ પોતાને માટે જ તમારે તમારા કામનું અને વર્તન-વ્યવહારનું ધોરણ ઊંચું રાખવાનું છે અને સૌથી મહત્ત્વની વાત તો એ છે કે આપણે આપણી જાતમાં શ્રદ્ધા રાખવાની.

કેટલો બધો આત્મવિશ્વાસ આ બાપુ પોતાનાં સંતાનોમાં પ્રેરે છે! બાપુ આશ્રમમાં હોય કે બહાર હોય. જેલમાં હોય કે પ્રવાસમાં હોય, એમને પોતાનાં પુત્રો-પુત્રવધૂઓ, પૌત્ર-પૌત્રીઓનું હંમેશ ધ્યાન રહેતું. એમના જીવનને સાચી દિશામાં લઈ જવા માટે બાપુ કેટલા જાગ્રત અને ક્રિયાશીલ રહેતા હતા તે આ પત્રોના એક એક શબ્દ અને વાક્ય પરથી સ્પષ્ટ દેખાય છે. એમાં શું નથી? હાસ્ય, વિનોદ, મર્મ, કટાક્ષ, સલાહ-સહાનુભૂતિ, મમતા, શિખામણ - બધું જ ગાગરમાં સાગરની જેમ હાજર છે. માની મમતા, પિતાની આજ્ઞા અને ગુરુની સાવધાની આ પત્રોમાં જાણે ઊભરાય છે.

ઘણાંખરાં માબાપ જે ભૂલ કરતાં હોય છે તે ભૂલ ગાંધીજીએ પોતે પણ કરી છે. માટે જ તેઓ લખતા : મારે તમને સાંભળવા જોઈતા હતા ત્યારે હું બોલતો રહ્યો. જ્યારે મારે ધીરજ રાખવાની હતી તે વેળા હું ગુસ્સે થયો હતો..... આ દોષ માટે હું તમારી ક્ષમા માગું છું. આ ભૂલ કંઈ એકલા ગાંધીજીની નથી. દુનિયાનાં તમામ માતાપિતાના હૃદયની વાત એમણે અહીં કહી દીધી છે!

ગાંધીજીનાં સંતાનો-પુત્રવધૂઓ અને પૌત્ર-પૌત્રીઓ ખૂબ ભાગ્યશાળી હતાં. ગાંધીજીએ પોતાનું અને પોતાના પરિવારનું અને પોતાનાં ભાંડરાંઓનું એવું ઘડતર કર્યું, એવું ઉષ્માભર્યું, સ્નેહાળ અને સંગીન કૌટુંબિક વાતાવરણ આપ્યું કે જેથી તેઓ વિશ્વાસપૂર્વક આગળ વધતાં ગયાં અને પોતપોતાના ક્ષેત્રમાં મોખરે રહ્યાં. ગાંધીજી પાસેથી ઉત્તમ સંસ્કારનો, મૂલ્યોનો, શિક્ષણનો અને જનસેવાનો વારસો એમને મળ્યો હતો. આ અમૂલ્ય વારસાનું ગંગાવતરણ પેઢી દર પેઢી થાય એવું સહેજે આપણે ઈચ્છીએ.

આ પત્રોએ દીપકનું કામ કરવાનું છે જ્યાંથી સૌએ શક્તિશાળી, આત્મનિર્ભર, આત્મવિશ્વાસુ અને ભયરહિત બનવાનું છે. 'आत्म दीपो भव।'

તેથી બારણું ઠોક ગાઉં છું :

*'તું તારા દિલનો દીવો થાને,*
*ઓરે ઓરે ઓ...ભાયા.'*

ગાંધીજીએ પુત્ર-પુત્રવધૂઓને ઘડવાની જે કાળજી લીધી છે તે માટે કબીરજીની એક સાખીનું સ્મરણ કરી વિરમું :

गुरु कुम्हार शिष कुंभ है, गढि गढि काढे खोट।
अंतर हाथ सहार दे, बाहर बहि चोट।।

જાગ્રત ગુરુ કે પિતા તરફથી ક્યાંક બહાર ટપલાનો કઠોર માર લાગતો હોય ત્યારે અંદર કોમળ હાથનો સહારો પણ સાથે જ આપવામાં આવતો હોય છે.

અને છેલ્લે, આ પુસ્તકમાં આવકારના બે બોલ લખી આપવા બદલ ગુજરાત વિદ્યાપીઠના કુલનાયક શ્રી જિતેન્દ્રભાઈ દેસાઈની હું દિલથી આભારી છું. અને નવજીવન અને તેના કર્મચારીઓની ઋણી છું.

'મહાદેવભાઈની ડાયરી' અને 'ગાંધીજીનો અક્ષરદેહ'માંથી સંદર્ભ લેવા ઉદારતાથી સંમતિ આપનાર નારાયણભાઈ દેસાઈ અને નવજીવન ટ્રસ્ટનો અંતરથી આભાર માની વિરમું છું.

❑❑❑

'સરગમ' - ગણેશ ફાર્મ,
છાપરા રોડ, નવસારી - ૩૯૬ ૪૪૫

# પ્રેમપુરી અને પી.એન.આર ને સમર્પિત
# શ્રી નટવરભાઈ દેસાઈ -એક સંમોહક બહુમુખી પ્રતિભા

અનંત કે. શાહ (બાબાભાઈ)

નટવરભાઈનું મૂળ વતન ઝમરાળા, ભાવનગરની બાજુમાં આવેલું એક નાનકડું ગામ. એવામાં એક પ્રસંગે પત્ની પુષ્પાબેન સાથે નટવરભાઈને ભાવનગર આવવાનું થયું. અમારી સંસ્થાના કાર્યકર ચંદુકાકાએ સંસ્થાની મુલાકાતનો 'વાયદો' યાદ કરાવ્યો. આ વખતે કોઈ બહાનું ચાલે તેમ ન હતું એટલે નટવરભાઈએ 'હા' ભણી. પરંતુ મનમાં તો હજુ દ્વિધા જ હતી, કે ''આ બહેરા-મૂંગાની શાળામાં એવું તે શું જોવાનું હશે?'' છતાં કાકાની આમન્યા જાળવવા, એક દિવસ તેઓ શાળામાં આવી ચડયા.

શાળાના પ્રિન્સિપાલ સુશ્રી કુસુમબહેનની સાથે ફરતાં-ફરતાં કેમ્પસનું નયનરમ્ય વાતાવરણ તેમને પહેલી જ નજરે સ્પર્શી ગયું. પછી કુદરતની કૃપાથી વંચિત એવાં સુંદર મજાના કાલાં-ઘેલાં શ્રવણમંદ બાળકો જોયાં. આ બાળકોને ધીરજ અને ખંતથી બોલતાં અને લખતાં શીખવવા માટે સતત સંઘર્ષ કરતી શિક્ષિકાઓને જોઈ ત્યારે તેમને કોઈક જુદી જ દુનિયામાં આવી ચડયાનો અહેસાસ થયો. આંખો ભીની થઈ, હૃદયમાં સંવેદનાની સરવાણીઓ ફૂટી.

એવામાં નટવરભાઈના જીવનમાં એક અણધાર્યો બનાવ બન્યો. ટૂંકી બીમારીમાં પત્ની પુષ્પાબેનનું પ્રાણપંખેરું ઊડી ગયું. સમગ્ર પરિવાર ઊંડા આઘાતમાં ડૂબી ગયો. પત્ની વગરના જીવનમાં ખાલીપો શું ચીજ છે? તેનો અનુભવ નટવરભાઈને થવા લાગ્યો. આ કરુણાંતિકાની કળ હજુ વળી ન હતી ત્યાં ન્યૂ ઈન્ડિયા એટ ઈન્સ્યોરન્સ કં. માં ૬૦ની વયમર્યાદાને લીધે નોકરીમાંથી નિવૃત્ત થવું પડ્યું. સદાય બિન્દાસ્ત, દિનચર્યાથી ગળાડૂબ નટવરભાઈ સામે એક પછી એક સમસ્યાઓ ડોકિયાં કરવા લાગી.

એક તરફ ખૂબ જતન કરીને સંવારેલાં સંસારની જીવનનૈયા હાલક-ડોલક થતી હતી અને બીજી તરફ આર્થિક ઉપાર્જન માટે કાંઈક કરવું કે ન કરવું તેની વિસામણ હતી. ત્યારે કોઈએ પુનર્લગ્નનો પ્રસ્તાવ મૂક્યો. એ જ અરસામાં નટવરભાઈને દેશ-વિદેશમાંથી સારી-સારી કંપનીઓ તરફથી નોકરીની લોભામણી ઓફરો પણ મળવા લાગી હતી. એક તરફ પત્ની પુષ્પાબેનની ઉણપને વિસારે પાડીને તેમના નિવાસસ્થાન આનંદભુવનમાં ભાઈને સદાય ખુશ રાખવા મથતો પરિવાર હતો, અને બીજી તરફ પુનર્લગ્નની તુલનાત્મક યથાર્થતા હતી. બે વચ્ચે પસંદગી કરવાની હતી. પરંતુ આવનાર પાત્ર કેવું નીવડે એ 'નસીબના પારખાં' કરવાને બદલે પોતાનાં પરિવારના માળાને સાચવીને બેસી રહેવામાં જ નટવરભાઈએ ડહાપણ માન્યું અને પુનર્લગ્નનો પ્રસ્તાવ ઠુકરાવ્યો. પછી નટવરભાઈ સમક્ષ સમસ્યા હતી, આર્થિક ઉપાર્જન સાથે દૈનિક જીવનમાં વ્યસ્ત રહેવાની. એ માટે નોકરી એ એક સારો વિકલ્પ હતો. અને એ નોકરી ન સ્વીકારે તો આખો દિવસ કરે પણ શું? અને આ તો મુંબઈ છે ભાઈ. અહીં એસ્કેલેટર ઉપર પણ માણસ દોડે છે. પરિવારે ધંધાદારી પ્રવૃત્તિનો વિરોધ કર્યો અને અન્ય મનગમતી પ્રવૃત્તિ કરવા કહ્યું આમ છતાં ઘણો વિચાર કર્યા પછી ભાઈએ આર્થિક ઉપાર્જન કે નોકરીની વાત ઉપર પૂર્ણવિરામ મૂકી દીધું.

ઊંડા ચિંતન અને મનન પછી હવે નટવરભાઈએ જીવનની એક નવી કેડી કંડારવા આધ્યાત્મિક પ્રવૃત્તિ, સાહિત્ય અને લલિતકલા અને માનવસેવાનો માર્ગ પકડવાનું નક્કી કર્યું. જોગાનુજોગ નટવરભાઈને મુંબઈના પ્રેમપુરી આશ્રમના સંસ્થાપકોમાંના એક શ્રી હરિભાઈ ડ્રેસવાલાનાં સંપર્કમાં આવવાનું થયું. સાધુ સંતોની સેવામાં સદાયે મગ્ન રહેનાર, નિર્મળ - નિખાલસ હરિભાઈના વ્યક્તિત્વને ભાઈ વારી ગયા. એકબીજાનો પરિચય વધતો ગયો. આખરે એક દિવસ હરિભાઈએ, નટવરભાઈ સમક્ષ પ્રેમપુરી આશ્રમમાં જોડાવા પ્રસ્તાવ મૂક્યો. પ્રસ્તાવ સારો હતો. મનને ગમતી પ્રવૃત્તિ હતી. પરંતુ નટવરભાઈના મનમાં દ્વિધા હતી, એમને પોતાનો ભૂતકાળ ડંખી રહ્યો હતો, હરિભાઈને છેહ કેમ દેવાય? પોતાની મોનોટોનસ નોકરી, ઓરિએન્ટલ ક્લબનાં પોતે વર્ષોથી મેમ્બર, 'ચેઈન સ્મોકર'નું બિરુદ અને ગંજીપત્તાના પાના ચીપી-ચીપીને ઠઠ્ઠર થઈ ગયેલાં આ હાથ, હરિભાઈ પકડવા માગતા હતા, હરિભાઈને આ બધી ક્યાં ખબર હતી? પરંતુ ભાઈએ નિખાલસભાવે હરિભાઈ સમક્ષ એકરાર કરીને એટલું જ કહ્યું, ''હું પ્રેમપુરી આશ્રમમાં બેસવાની મારી લાયકાત સમજતો નથી, માટે મને માફ કરો.'' આ સામે ચાલીને કરેલા એકરારથી હરિભાઈ ખૂબ રાજી થયા. નટવરભાઈમાં એમની શ્રદ્ધા અનેકગણી વધી ગઈ. માત્ર એટલું જ કહ્યું, ''વાલિયામાંથી જો વાલ્મીકિ થાય, તો તમારું તો નામ જ નટવરલાલ છે, માટે ગઈગૂજરી ભૂલી જાવ, જાગ્યા ત્યારથી સવાર, હું બસ એટલું જાણું, તમારા માટે પ્રેમપુરીના દરવાજા ખુલ્લા છે.''

આવું વિશાળ હૃદય અને દીર્ઘદ્રષ્ટિ ધરાવતા હરિભાઈ ડ્રેસવાળા સાથે ખભે-ખભા મિલાવીને કામ કરવાનો અવસર નટવરભાઈને સામેથી પ્રાપ્ત થયો. સાથે જ જીવન જીવવાનો નવો માર્ગ મોકળો થયો. પ્રેમપુરી આશ્રમમાં ઓતપ્રોત થઈ જતાં ભાઈને જરાયે વાર ન લાગી. સાધુ, સંતો, કવિઓ, ગાયકો, સંગીતકારો અને સાહિત્યકારો ઉપરાંત ગર્ભશ્રીમંત શ્રોતાઓમાં નટવરભાઈ એટલા તો પ્રિય થઈ ગયા કે કોઈને પણ સ્વાભાવિક રીતે ઈર્ષા થાય. જોતજોતામાં

પ્રેમપુરી આશ્રમની પ્રવૃત્તિઓને લોકભોગ્ય બનાવીને એક ઊંચા શિખર પર પ્રસ્થાપિત કરવાનો યશ નટવરભાઈને જાય છે, એમ કહું તો તેમાં અતિશયોક્તિ નથી.

પ્રેમપુરીની આધ્યાત્મિક પ્રવૃત્તિ પછી હવે નટવરભાઈએ માનવ સેવા એ જ પ્રભુ સેવા સમજી પી.એન.આર. સોસાયટીમાં સક્રિય યોગદાન આપવાનું શરૂ કર્યું. એવામાં અમારી મુંબઈ કમિટીનું નેતૃત્વ કરતા શામજીભાઈ પારેખનું નિધન થયું. ભાવનગરની સંસ્થાઓની જીવનદોરી મુંબઈનગરી હતી. શામજીભાઈના જવાથી શૂન્યાવકાશ સર્જાયો ત્યારે નટવરભાઈએ નેતૃત્વ સંભાળ્યું.

નટવરભાઈએ પ્રેમપુરીમાં બેઠાં-બેઠાં પી.એન.આર. સોસાયટીની સમસ્યાઓના નિરાકરણ માટે સક્રિય યોગદાન આપવાનું શરૂ કર્યું અને સંસ્થાને જીવનદાન મળી ગયું.

પી.એન.આર સોસાયટીની મુંબઈ કમિટીનું સુકાન નટવરભાઈએ સંભાળ્યું, પછીના અઢી દાયકામાં સંસ્થાની પ્રવૃત્તિઓ ભાવનગર જિલ્લાના આશરે આઠસો ગામડાંઓ, ગુજરાત ઉપરાંત દેશનાં સત્તર રાજ્યો, બાંગ્લાદેશ, નેપાળ સુધી વિસ્તરી. એક લાખ જેટલી પોલિયો કરેક્ટીવ સર્જરી કરીને ૫૦ હજાર બાળકોને તેમના પગ પર ચાલતાં કરાયાં. એક કરોડથી વધુ પોલિયો વેક્સીનના ટીપાં પીવડાવીને ભાવનગર જિલ્લાને પોલિયો ફ્રી કરવામાં સફળતા મળી. હજારો-લાખો લાભાર્થીઓને કૃત્રિમ પગ, હાથ, કેલીપર, વ્હીલચેર, ટ્રાયસિકલ અને શ્રવણયંત્ર અપાયાં. વિકલાંગ બાળકનો જન્મ જ ન થાય તે માટે, ઈમ્પેક્ટ ફાઉન્ડેશન, યુ.કે. સાથે ડિસેબિલિટી પ્રિવેન્શન પાર્ટનરશિપ પ્રોગ્રામો શરૂ થયાં. ૧૦૦ બેડની અદ્યતન હોસ્પિટલમાં જન્મથી કે જન્મ પછી આવેલી વિકલાંગતાની સારવાર અને સર્જરીની સુવિધા શરૂ થઈ. માતાઓ, શિક્ષકોની તાલીમ માટે નટરાજ કોલેજની સ્થાપના કરવામાં આવી. સંસ્થામાં અંદાજે ચાર લાખ સ્કવેર ફૂટનાં બાંધકામો થયાં. શ્રવણમંદ ઉપરાંત પ્રજ્ઞાચક્ષુ, મંદબુદ્ધિ, સેરીબ્રલ પાલ્સિ, ઓટિઝમ બાળકો માટે પણ શાળાઓ બની. સંસ્થામાં રોજના લાભાર્થીઓની સંખ્યા બે હજારથી વધુ અને પાંચસોનો સ્ટાફ થતાં વાર્ષિક બજેટ રૂપિયા અઢાર કરોડને આંબી ગયું. સાદી સરળ ભાષામાં કહું તો અમારે રોજ ચારથી પાંચ લાખ રૂપિયા જોઈએ. પરંતુ તેમાં અમે ક્યારેય મુશ્કેલી અનુભવી નથી. ખરું કહું તો એમાં નટવરભાઈનો જાદુ કામ કરી ગયો. મુંબઈમાં નટવરભાઈનો એક વિશાળ ચાહક વર્ગ રહ્યો છે. આ વર્ગ, નટવરભાઈની માનવસેવાથી સંમોહિત થયેલો છે, જે તેમનામાં અપાર શ્રદ્ધા ધરાવે છે. એટલે જ વાતો-વાતોમાં, ભાઈ સામેવાળાનું ખિસ્સું ક્યારે હળવું કરી નાખે તેની પેલાને ખબર પણ રહેતી નથી. જોકે આ મિત્રો સંમોહનમાંથી બહાર આવે અને ખિસ્સું હળવું થયાની ખબર પડે ત્યારે અફસોસ નથી કરતા, ઉલટાનો આનંદ અનુભવે છે. ભાઈના ઘણા ચાહકો તો એવા છે કે ખિસ્સું હળવું થવાનું છે એમ જાણવા છતાં ફરી-ફરીને નટવરભાઈ પાસે હળવા થવા આવે છે, અને નાણાંનો આ પ્રવાહ નટવરભાઈ, વિકલાંગ-વંચિતોની વહારે આવીને વહેવરાવે છે.

નટવરભાઈની આ બહુમુખી પ્રતિભામાં એમનો નિખાલસ અને રમૂજી સ્વભાવ, ખુદનું વ્યક્તિત્વ અને બીજાંને પોતાના કરી લેવાની કુનેહવાળો સ્વભાવ પણ કામ કરી જતો હોય તેમ મેં ઘણી વખત અનુભવ્યું છે. જીવન-મરણ વચ્ચેનો સવાલ હોય ત્યારે પણ, એ ક્ષણને તેઓ આનંદમાં પલટી શકે છે, એ એમના ગોલ બ્લેડરનાં ઓપરેશન સમયે સૌએ અનુભવ્યો. 'ભાઈ' ઓપરેશન થિયેટરમાં ટેબલ ઉપર સૂતા હતા, ઓપરેશન શરૂ થવાની તૈયારી થતાં જ એક સ્વરૂપવાન યુવતી ભાઈ પાસે આવી. ભાઈએ પૂછયું, ''બહેન કોણ છો?'' પેલી યુવતીએ કહ્યું, ''હું એનેસ્થેટિસ્ટ છું, મારું કામ તમને બેભાન કરવાનું છે.'' ભાઈએ હાથનો ઈશારો કર્યો પેલીને નજીક બોલાવી, કહે, 'શીશી સુંઘાડવાની તમારે જરૂરત નહીં પડે, બસ, મારી સામે જોશો એટલે હું બેભાન થઈ જઈશ.'' અને ઓપરેશન થિયેટરમાં હાસ્યનું મોજું ફરી વળ્યું.

એ આવી જ રમૂજ પોતાની જાત પર પણ કરી શકે છે. એક વખત પડી ગયા, માથામાં વાગ્યું ત્યારે બ્રિચ કેન્ડી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવામાં આવ્યા. ડૉક્ટરોને અંદરો-અંદર વાત કરતા સાંભળ્યા, ''આમ તો હવે કાંઈ વાંધા જેવું નથી લાગતું પણ હેડ ઈન્જરી છે. મગજ ઉપર ઈજા થઈ હોય તો કંઈ કહેવાય નહીં, એક રાત ઓબ્ઝર્વેશનમાં રાખીએ. ભાઈએ ડૉક્ટરને કહ્યું, 'એની ચિંતા તમે છોડો, જેને મગજ હોય એને ઈજા થાય ને!' અને વાતાવરણ એકદમ હળવું થઈ ગયું.

આ રમૂજવૃત્તિથી તેઓ મોટા મોટા જ્ઞાની વિદ્વાનોને પણ ઘડીકમાં મિત્ર બનાવી શકે છે.

એવો એક પ્રસંગ મને બરાબર યાદ છે. અમારી સંસ્થામાં એક સમારંભ થવાનો હતો. ગુજરાત હાઈ કોર્ટનાં રિટાયર્ડ ચીફ જસ્ટિસ બટુકભાઈ મહેતા ભાવનગરમાં રહે. તેઓ વિદ્વાન વક્તા. ઉંમરને કારણે તેઓએ આંખની દૃષ્ટિ ગુમાવી દીધેલી. હું અને નટવરભાઈ તેમના બંગલે પહોંચ્યાં. થોડી આમ-તેમ વાતો થઈ પછી નટવરભાઈએ પૂછ્યું, ''બટુકભાઈ તમે અભ્યાસ કયાં કર્યો? બટુકભાઈ કહે, ''મેટ્રિક પછી, મુંબઈ આવીને એલ્ફિન્સ્ટન કોલેજમાં''. નટુભાઈ કહે, ''તો એ સમયમાં તો હું પણ એ કોલેજમાં હતો.'' બટુકભાઈ કહે, ''પણ મેં તો કોઈ દિવસ તમને જોયા હોય તેવું યાદ નથી.'' ત્યારે નટુભાઈએ ફોડ પાડયો, ''સાહેબ, તમે ક્લાસમાં બેસીને ભણ્યાં એટલે વિદ્વાન ચીફ જસ્ટિસ થયા છો, હું તો કૉલેજની ફેન્સિંગ વોલનો વિદ્યાર્થી છું એટલે તો મારી આ હાલત છે.'' અને બંને ખડખડાટ હસી પડ્યા. જાણે લંગોટિયા મિત્ર ન હોય!

આવી જ મજાક તેઓ મોટાં સત્તાધારી સાથે નિ:સંકોચ રીતે કરી જાણે છે. કેન્દ્ર સરકારનાં તત્કાલિન પર્યાવરણ મંત્રી શ્રીમતી મેનકા ગાંધી, અમારી નટરાજ કોલેજની શિલારોપણ વિધિ માટે આવેલાં. ત્યારે તેમના હસ્તે વૃક્ષારોપણ ચાલી રહ્યું હતું. મેડમ સાથે રાજકારણીઓ, અધિકારીઓ અને અમારા દાતાઓ તથા

કાર્યકરો ચાલી રહ્યા હતા, એવામાં ભાવનગર ગૌશાળાનાં ટ્રસ્ટીઓનું ટોળું આવી ચડ્યું અને કહે, ''બહેનજી, બહેનજી હમારે બિમાર પશુઓંકે લિયે એમ્બ્યુલન્સ ભેજ કર આપને કમાલ કર દિયા, હમ આપકે બહુત આભારી હૈ.' મેડમે સામે સવાલ કર્યો, ''અચ્છા-અચ્છા એમ્બ્યુલન્સકા અચ્છા ઉપયોગ કરતે હો તો યે બતાઈએ ઉસમેં કૌન-કૌનસે પશુઓંકો લે જાતે હો?'' હોંશે હોંશે ટ્રસ્ટીઓ બોલ્યા, ''બહેનજી હમ તો ગાય, બેલ, સબકો લે જાતે હૈ.'' બહેનજીએ વળી સવાલ કર્યો, ''અચ્છા યે બતાઈએ કી આપ ગધેકો કયું નહીં લે જાતે?'' ઘડીભર સન્નાટો છવાઈ ગયો. જવાબ દેવાની કોની હિંમત ચાલે? છેવટે ટોળામાંથી નટવરભાઈ બોલ્યા, ''ગધે સબ દિલ્હી ચલે ગયે હૈ.'' અને થોડી સ્તબ્ધતા પછી, મેડમ પોતાનું હાસ્ય રોકી ન શક્યા. સાથે સૌ ખડખડાટ હસી પડયા.

આવી એક એકથી વિશેષ પ્રતિભા ધરાવતા નટવરભાઈનો ૯૧મો જન્મદિવસ તા. ૧૨-૧૨-૧૮ નો ઊજવાય ગયો. પોતે ભાવનગરની વિકલાંગોની સંસ્થાના આવનારા કાર્યક્રમનાં આયોજનમાં વ્યસ્ત હતા. અને ન જાણ્યું જાનકીનાથે કાલે શું થવાનું છે. તેમ ટૂંકી બીમારીમાં તા. ૨૮-૧-૧૯ના રોજ તેમનો જીવનદીપ બુઝાઈ ગયો. ❑❑❑

(જાન્યુઆરી ૧૯માં અંકમાં શ્રી નટવરભાઈ દેસાઈનો 'વિદાય વેળા' લેખ લીધો ત્યારે થનાર ઘટના અંગે કયાં ખ્યાલ હતો. આ પણ કુદરતનો જ કોઈ સંકેત હશે. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે પી.એન.આર. સંસ્થાને પર્યુષણ દરમ્યાન એકવાર પસંદ કરી ભંડોળ ભેગુ કર્યું હતું.)

**જીવનપંથ : ૧૬**

# જે હારે છે તે શીખે છે

**ડૉ. ભદ્રાયુ વછરાજાની**

નિદા ફાઝલીનો શેર છે :

*'જિંદગી કે હર કદમ પર ગિરેં,*
*મગર સિખા.. કૈસે ગિરતોંકો થામ લેતે હૈં ?.'*
*ઠેસ ન વાગે તો જિંદગી શા કામની?*
*ઠોકર ખાધા વગર પ્રગતિ શક્ય ખરી?*

જેણે પડી જવાની પીડા અનુભવી નથી, તેને ઊભા થવાના આનંદનું ગૌરવ ક્યાંથી હોય?

ઠેસ ખાવી, ઠોકર વાગવી, પડવું, આખડવું, પટકાઈ પડવું, દગો થવો, નિષ્ફળ જવું, નિરાશ થવું, આત્મવિશ્વાસ ડગી જવો...આવી કેટલીય હૃદયંગમ ઘટનાઓનો સરવાળો એટલે જિંદગી. કોઈ એવું કહી શકે કે, આ તો જિંદગીને જોવાનો નકારાત્મક અભિગમ છે!. હા, અવશ્ય છે. પરંતુ જેમણે જિંદગીની આ નકારાત્મક ભૂમિકાને અનુભવી નથી તેણે સમજો કે જિંદગીને માણી જ નથી. જિંદગીનું ગણિત બહુ સીધું ને સાદું છે : 'જે હારે છે તે શીખે છે, જે શીખે છે તે જીતે છે.' શ્રી વિનોબા ભાવે બહુ સરળ ભાષામાં કહે છે : 'જે જીવતાં જીવતાં શીખે છે તે જ સાચી જિંદગી જીવે છે.' શ્રી આનંદ ભાર્ગવ જિંદગીની ફિલસૂફી સાવ જ સીધી રીતે સમજાવે છે : 'જીવનનાં દરેક પહેલાં ડગલાંમાંથી કશુંક શીખવાનું છે અને જીવનનાં દરેક બીજાં ડગલાંમાંથી અગાઉ શીખેલું ચકાસવાનું છે.' Life is, to learn, how to Learn.

નિષ્ઠાપૂર્વકની ફરજ બજાવવામાં અને સાચા દિલનો પ્રેમ કરવામાં જિંદગીએ મારી ભારે કસોટી કરી છે. સહજ કર્મ અને સહજ પ્રેમના મારા ગૌરવપ્રદ અનુભવોએ મને જીવનની મિઠાશ માણવાની વિરલ તક પૂરી પાડી છે.. મધ્યમ વર્ગનું કુટુંબ, પિતા એક જ કમાય, પાંચ સંતાનો ઉતરચઢ, એક સાથે ચાર તો કૉલેજમાં ભણે એટલે તંગી અને તાણાતાણી બાળપણમાં જ માણવા મળી! બે વર્ષે એકવાર ઘરમાં દરજી બેસે અને સૌની લઘુતમ જરૂરિયાત મુજબનાં કપડાં સીવે. મોટાં ભાઈભાંડુ માટે નવાં કપડાં સીવાય અને ચોથા-પાંચમાના ભાગે મોટાઓને ટૂંકાં થયેલાં કપડાં આવે.! અણસમજુ ઉંમર હોવા છતાં આવી નાની નાની બાબતોની ઊંડી છાપ મનમાં જમા થવા લાગી. આજે મોટા થયા પછી પણ નવાં-નક્કોર, અપ-ટુ-ડેટ, ઢગલાબંધ કપડાંમાંથી કોઈપણ એકની ઘડી ખોલતાં પહેલાં મન પ્રશ્ન પૂછે છે : 'બીજા બધાને સારું પહેરણ મળી ગયું છે ને? તો જ ઘડી ખોલજે..' અભાવ તમને અન્ય વિશે વિચારવા પ્રેરે છે. કોઈકે શબ્દ રમત રમતાં રમતાં ગોઠવ્યું : 'ન હોય ત્યારે અભાવ નડે છે અને હોય ત્યારે સ્વભાવ નડે છે.'.. પણ એટલું જરૂર કે આવા અનુભવોએ ખુમારી ઠાંસોઠાંસ ભરી દીધી.

આજથી લગભગ બત્રીસેક વર્ષ પહેલાં બેન્કમાં નોકરી મળવી તે જીવન સ્વપ્ન ગણાતું. સહજ રીતે કશું મળતું નહીં, તેથી મહેનત કરી શોધતાં શીખ્યો, ઉત્કૃષ્ટતાથી પૂર્ણતા તરફ પ્રયાણ કરતાં શીખ્યો, પરિણામે હોંશિયારોની યાદીમાં મોખરે રહેવા લાગ્યો. એક સાથે ત્રણ બેન્કમાં પસંદગી પામ્યો. બેંકોની સ્પર્ધાત્મક પરીક્ષાઓ જેટલી આપું તેમાં પાસ થઉં, એટલે મારી પાસે વિકલ્પો ઘણા. બેંક ઑફ બરોડાની રાજકોટ બ્રાંચમાં મને નોકરી મળી. જે સ્કૂલમાં ધોરણ પાંચથી ધોરણ અગિયાર (જૂની એસ.એસ.સી.) ભણેલો તે જ સ્કૂલમાં B.Sc. થયા પછી પ્રાથમિક શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો. મને ભણાવનારા મારા પ્રિય શિક્ષકોને મનમાં વસાવી હું પણ આદર્શ શિક્ષક થવાનાં સ્વપ્નાં સેવતો હતો. ધોરણ : ૫-૬-૭નાં બાળકોને હોંશે હોંશે ગણિત-વિજ્ઞાન ભણાવતો હતો. મહિને રૂા. ૨૫૦/- પગાર મળતો. નિજાનંદ માણતો હતો ત્યાં જ બેંક

ઑફ બરોડાની નોકરી સ્વીકારવાની ફરજ પડી. બેંકની નોકરી માભાદાર, મોભાદાર અને માલદાર પણ.. રૂ. ૨૫૦/-માંથી રૂ. ૯૫૦/- નો જમ્પ, કુટુંબમાં તો આપણું વજન વધી ગયું!. મને બેંકની Multi Service Agency યોજનામાં કામ સોંપાયું. બેંકે મને લ્યુના મૉપેડ આપ્યું. નાના અને નબળા વર્ગના લોકોને સ્વરોજગારીમાં મદદરૂપ થવા સીવવાના સંચા-ઈલેક્ટ્રિક ચરખા જેવાં યાંત્રિક સાધનો ખરીદવા બેંકે લૉન આપવાની આ યોજના. મારે નબળા વિસ્તારોમાં જવાનું, અરજીની ચકારણી કરવાની, રોજગારીની શક્યતા છે કે નહીં તે નક્કી કરવાનું, લોન પરત ભરપાઈ કરી શકશે કે નહીં તે મૂલવવાનું અને લોન આપવી કે ન આપવી તેનો નિર્ણય અરજીપત્રકમાં લિખિતમાં આપવાનો. હું જેમાં 'હા' કહું, તેને લૉન મળે જ અને હું જેમાં 'ના' કહું, તેને લોન આપવી બેંક માટે મુશ્કેલ બને. મારો અભિપ્રાય નિર્ણયાત્મક બને તે નક્કી. હું ઉત્સાહથી કામે લાગી ગયો. લોન પરત ભરપાઈ થાય અને લોનથી ખરેખર એક ગરીબ ઘરનો પેટનો ખાડો પૂરાય, તેવો મારો અભિપ્રાય... (ક્રમશઃ)

❑❑❑

સરનામું : પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, અમીન માર્ગ, રાજકોટ.
મો. ૦૯૮૯૯૮૯૨૦૩૩૩, ફોન : (૦૨૮૧)૨૫૮૮૭૧૧
ઈમેલ : bhadrayu2@gmail.com

# જૈન ધર્મમાં અપવાદ માર્ગનું સ્વરૂપ

ડૉ. છાયા શાહ

ઉત્સર્ગમાર્ગ એટલે સર્વજ્ઞ પ્રભુએ પ્રરૂપેલો માર્ગ. ક્યારેક ઉત્સર્ગ માર્ગ છોડીને અપવાદ માર્ગ અપનાવવો પડે છે. મહાપુરુષોએ બુદ્ધિપૂર્વક કટોકટીનો સમય પારખીને, તે પણ પોતાની બહુશ્રુતતાના આધાર પર તેમ જ સ્વયં મહાપુરુષ હોવાને લીધે ભવભીરુ રહીને, પાપનો પૂરો ભય રાખીને, અપવાદ આચરેલો હોય, માટે તે અપવાદ માન્ય થઈ શકે છે.

ઉત્સર્ગ માર્ગ છોડીને ક્યારેક આચરવામાં આવેલ, સાચા અપવાદમાર્ગના લક્ષણ નીચે પ્રમાણે હોય છે. આચાર્ય હરિભદ્રસૂરીશ્વરજીએ લલિતવિસ્તરા ગ્રંથમાં સાચા અપવાદ માર્ગના લક્ષણો બતાવ્યાં છે.

**(૧) ઉત્સર્ગ - અપવાદનો ઉદ્દેશ એક જોઈએ** - અર્થાત્ ઉત્સર્ગ જે ઉદ્દેશથી હોય તે જ ઉદ્દેશથી અપવાદ હોવો જોઈએ અર્થાત્ અપવાદ પરિણામે ઉત્સર્ગનો પોષક હોય છે. દા.ત. મુનિને માટે ઉત્સર્ગ માર્ગ એ છે કે પૃથ્વીકાય, અપકાય વગેરે જીવોની હિંસા ન કરાય. એનો ઉદ્દેશ સંયમનું પાલન છે. હવે એ સંયમ તો જ રહે મુનિ વિહરતા રહી ગૃહસ્થ આદિના રાગમાં ન ફસાય. હવે વિહરતા રહેવામાં કદાચ વચમાં નદીય આવે તો વિધિસર પાણીમાં પગ મૂકી નદી પાર કરે. આમાં અલબત્ત હિંસા છે. તેથી તે અપવાદ ગણાય, પણ ઉદ્દેશ સંયમનો છે તેથી તે અપવાદિક હિંસા ઉત્સર્ગને બાધક નથી બનતી પણ ઉત્સર્ગના ઉદ્દેશથી જ અપવાદ માર્ગ અપનાવાય છે.

બન્ને માર્ગનો ઉદ્દેશ એક જ છે. મુનિ વિહાર ન કરે ને એક જ જગ્યાએ રહે તો ઘણા દોષ સેવાય (દોષનું વર્ણન પાછળ આવે છે)

**(૨) અપવાદ માર્ગનું બીજું લક્ષણ છે ગૌરવ** - લાઘવનો વિચાર અર્થાત્ એ વિચારાતું હોય કે વધુ દોષ શેમાં છે અને ઓછો દોષ શેમાં? ઉત્સર્ગ પકડી રાખવામાં કે અપવાદ સેવવામાં? ઉત્સર્ગ-અપવાદ બંને સામે આવે ત્યારે એ જોવાનું કે ઉત્સર્ગ પકડી રાખી અપવાદ ત્યજવામાં દોષ વધુ - ઓછો. કે ઉત્સર્ગ છોડી અપવાદ ભજવવામાં દોષ વધુ ઓછો? ''ગૌરવ-લાઘવનો વિચાર'' વિચારવું જોઈએ કે અપવાદ ન સેવતા ઉત્સર્ગ પકડી રખાય તો વધુ લાભ શું? અને ઉત્સર્ગ છોડી અપવાદ સેવાય તો વધુ લાભ શું? પૂર્વે સાધુને અપવાદે નદી પાર કરવાનું કહ્યું. આમાં પાણીની વિરાધના થાય છે પણ વિહાર ચાલુ રાખવાથી પરિષહો સહન થાય છે. કાયક્લેશ તપથી કર્મ અને કાયા કસાય છે, ગૃહસ્થો પ્રત્યેના રાગથી બચાય છે, દોષિત ગોચરી, પાપકથાથી બચી સંયમ સચવાય છે બધા મોટા લાભો છે. એના બદલે એ અપવાદ ન સેવતા સ્થિરવાસ કરવામાં આવે તો નદીના પાણીની હિંસા ન થાય તે લાભ ખરો પરંતુ સમજવું જોઈએ કે તેથી સામે નુકસાન ઘણાં છે. આમ ગૌરવ-લાઘવાનો વિચાર કરવાપૂર્વક અપવાદ હોય.

**(૩) અપવાદ માર્ગનું ત્રીજું લક્ષણ શુભપણું** - અપવાદ એવો હોવો જોઈએ કે જે શુભ હોય-હિતકારી હોય. જેમ કે પિતા-ગુરુને પગ ન અડાડાય. તે ઉત્સર્ગ માર્ગ છે પરંતુ તેમને શારીરિક તકલીફમાં જરૂર પડયે એમની પીઠ પર ઊભા રહેવું પડે. પગેથી કચરવી પણ પડે. આ અપવાદ માર્ગ શુભ છે. કારણકે ઉપકારી પૂજ્યની સેવા માટે પગ લગાડાય છે. એવી રીતે સાધુને રોગમાં ચિકિત્સા કરાવવી પડે ત્યાં અપવાદવાદનું સેવન થાય છે પરંતુ એ સમાધિ અને રત્નત્રયીની અધિક સાધના માટે હોવાથી શુભ છે. આવુ શુભ હોય છે તેમ શુભાનુબંધી અર્થાત્ શુભની પરંપરાવાળો હોય છે.

**(૪) અપવાદનું એક એ પણ લક્ષણ છે કે મહાપુરુષથી સેવેલપણું** - ઉત્સર્ગ માર્ગની જેમ સંયોગવશાત્ સેવેલ! એવા શુદ્ધ અપવાદ માર્ગથી પણ આત્માની ઊંચી ઊંચી ભૂમિકા સિદ્ધ થતી આવે છે. એ માટે અપવાદના આ લક્ષણ તરીકે એ અપવાદ

મહાપુરુષોએ સેવેલો છે તે જોઈએ. વીર પ્રભુને કેવળજ્ઞાન સુધી મૌન રાખવાનું હતું છતાં અપવાદે ચંડકોશિક સર્પને 'બુજ્જ બુજ્જ ચંડકોશિયા' એમ ઉચ્ચારણ કરી સર્પને દીર્ઘ દુર્ગતિની પરંપરામાંથી બચાવી લીધો?

જંઘાબળ ક્ષીણ થઈ જતાં મોટા આચાર્યો અપવાદે સ્થિરવાસ કરતાં એથી એ અનેક વિરાધનાઓથી બચી જતા.

આવા લક્ષણોવાળા અપવાદ ઉત્સર્ગનો જ એક પ્રકાર છે કેમ કે એટલી વિશેષતાવાળો અપવાદ એ ઉત્સર્ગના સ્થાને રહેવાથી ઉત્સર્ગના ફળને સાધી આપે છે.

એટલા જ માટે અહીં એટલું ધ્યાનમાં રાખવાનું કે અપવાદ કંઈ જ્યાં ને ત્યાં, જેમ ને તેમ સેવવાનો નથી. ઉત્સર્ગપાલનમાં અશક્યતા હોય, ઉત્સર્ગ પાળવા જતાં સંયોગોને લીધે બીજા વધુ દોષ ઊભા થતા હોય... ઈત્યાદી કારણો હોય અને અપવાદ સેવનથી એ આપત્તિઓ ટળી જતી હોય, વધુ હિત થતું હોય, ત્યાં અપવાદ સેવવાનો છે. તે પણ જરૂર જેટલો જ, ને જરૂરી કાળ જેટલો જ.

ગમે તેમ, ગમે ત્યારે અપવાદ અપનાવાતો નથી. જેમ કે જે અપવાદ -

(૧) સૂત્રનો બાધક હોય
(૨) ગૌરવ લાઘવાના વિચાર વગરનો હોય
(૩) અહિતની પરંપરા ચલાવનારો હોય
(૪) આત્માને અહિતકારી હોય
(૫) અઘટિત હોય
(૬) ઉત્સર્ગના ઉદ્દેશ સાથે અસંગત હોય
(૭) પરમગુરુ તીર્થંકર દેવને લઘુતા પમાડનારો હોય
(૮) મહાપુરુષોએ નહીં પરંતુ ક્ષુદ્ર જીવોએ, ગુણહીન જીવોએ આચરેલો હોય તે અપવાદ મનઃ કલ્પિત છે, સાચો અપવાદ નથી.

એ સેવ્ય નથી, ઉપાદેય નથી.

❑❑❑

૯૪, લાવણ્ય સોસાયટી, અમદાવાદ
ફોન : ૨૬૬૧૨૮૬૦, મો : ૦૯૯૯૮૩૩૬૯૯૨

# ગુજરાતી ભાષા અને ગુજરાતી મીડિયા

**ભરત પંડિત**

ગુજરાતી ભાષા 'બચાવવા' અને એના 'ઉજળા ભવિષ્ય' વિષે બોલાય છે, લખાય છે, સેમિનારો યોજાય છે, વિશેષાંકો નીકળતા રહે છે. જૂના અને નવા લેખકો-ચર્ચાપત્રીઓ કરોડો શબ્દો વાચકોને આપી ચૂક્યા છે, રાધર આપી રહ્યા છે. ગુજરાતી ભાષા મરી જશે. ભવિષ્ય ધૂંધળુ છે. ઉપાય શો છે? ઈંગ્લિશ કે ફ્રેન્ચ ન શીખવું તે? બાળકને અંગ્રેજી માધ્યમની શાળામાં ન મૂકવું તે? જેઓને સાચો ઉપાય જડી ગયો છે તેઓ લાગી પડ્યા છે. માત્ર મુંબઈની વાત કરીએ તો કિશોરભાઈ મહેતા, સેજલબેન શાહ - ઍકેડેમી સભ્ય તેમ જ 'પ્રબુદ્ધ-જીવન'નાં વર્તમાન તંત્રી, નિકુંજભાઈ શેઠ અને આશાબેન શેઠ. વગેરેના પ્રયાસો ખંતિલા અને સરાહનીય છે. પરંતુ અહીં માત્ર 'બચાવ' અને 'ઉજળા ભવિષ્ય'ના મુદ્દે જ વાત કરવી છે એવું નથી.

કોઈ સૂચન લખે છે : ગુજરાતી ભાષાને સરળ કરવાની જરૂર છે. સરળ એટલે? 'ઊંઝા' જોડણીનો સર્વમાન્ય સ્વીકાર? કે શિક્ષકો પરીક્ષકોના ઉદાર વલણની જીજીવિશા? (ફ્રેન્ચમાં માર્કસ કપાતા નથી, ગુજરાતીમાં કાપે છે કેમ? જોડણી) એ લોકો અમુક શબ્દોમાં સ્પેલિંગમાં ફેરફાર કરી લખાણમાં સરળતા લાવ્યા છે. દા.ત. Humour નું Humor કર્યુ. ઉચ્ચારો સરખા રાખ્યા એમાં હરખાવા જેવું શું છે? આપણે 'ઊંઝા' અપનાવીએ તો લેખકોને સરળતા રહે, વાચકોને શું ફરક પડે છે? ઉચ્ચારો તો બદલાતા નથીને! અંગ્રેજીમાં એક શબ્દના અનેક અર્થ થાય છે છતાં જગતભરમાં ભાષા સફળતાથી વપરાય છે. આપણી સરળતા આપણી ભાષા પૂરતી પણ સીમિત ખરી? આપણે 'ડોલ' અને 'ડૉલ' તેમ જ 'લોફર' અને 'લૉફર'ના એકસરખા ઉચ્ચાર કરીએ છીએ. ભગિની ભાષા મરાઠીમાં 'શુશ્રૃષા' શબ્દ સરળતાથી વપરાય છે, ઉચ્ચારાય છે. આપણે આ શબ્દનો કેવોક ઉપયોગ કરીએ છીએ? હજી કેટલી સરળતા? ઉત્તર ગુજરાતીઓને કાઠિયાવાડી ઉચ્ચારો જલદી સમજાતા નથી, તો ઉત્તર ગુજરાતી શબ્દોચ્ચારો ઘણીવાર રમૂજમાં ખપે છે. બામને બોમ અને થાંભલાને થોંભલો, પાણીને પૉણી અને કયાં ને ચ્યોં. આ બધું અચરજ જેવું પણ મીઠડું લાગે છે. 'મારા લેંબડામાં એક ડાળ મેઠી કે રંછોર રંજીલા, સૂર-તાલમાં આવી ગરબી ગવાય ત્યારે જોવાની અને સાંભળવાની મજા આવે છે.

ભાષા જીભથી ટકશે, કલમથી નહીં, શબ્દોના જાદુ-મંતરથી લેખકોને 'રમી' રમવાની મજા આવે, પરંતુ ભાતીગળ ઉચ્ચારો સાથે 'અંતાક્ષરી' રમવાની મજા જ ઓર છે. અંગ્રેજી અને ફ્રેન્ચ ભાષાની ડૉલ- Doll સાથે આપણી પદ્મણીને સરખાવી ઉતારી શું કામ પાડવાની. એ લોકોએ 'Pueumatic' નો ઉચ્ચાર P થી નહીં, N થી કર્યો છે. 'ન્યુમેટિક' (એટલે હવાને લગતું) ''એ 'વીક'એન્ડમાં 'વીક' હતો.'' બંને 'વીક' ઉચ્ચારોમાં સરખા પરંતુ અર્થો બદલાયેલા રહે! કેટલું અઘરું? છતાં 'જગતભાષા' છે.

સાંભળો, જૈન ફિલોસોફીમાં શ્રદ્ધા ધરાવતા ૧૨૦૦ જાપાનીઓ

શાકાહારી બન્યા. જાપાનીઝ ભાષાના ઉચ્ચારો જુદા હોવા છતાં ઝડપથી નવકારમંત્ર શીખી લે છે. એટલું જ નહીં, શ્રદ્ધા વધવાથી નવકાર-મંત્રોનાં ઉચ્ચારો સાથે નિયમો પાળવાનું વ્રત પણ લીધું. આ વાત આજકાલની છે પરંતુ એના મૂળિયા ખૂબ ઊંડા છે, ગુજરાતમાં છે અને ગુજરાતીમાં છે. જયંતસેનસુરિજી મહારાજસાહેબના સાંનિધ્યમાં અનેક જાપાનીઓ ગુજરાતમાં આવતા થયા હતા. આથી જ જાપાનમાં અનેક ગુરુભક્તો જયંતસેનસુરિજીની વાર્ષિક પુણ્યતિથિએ સામૂહિક જાપ પણ કરે છે. આથી જ દર વર્ષે એક ગ્રુપ જાપાનથી ભારત આવે છે. નવકારમંત્ર અને જીવન શૈલી વિષે સમજણ (અને માર્ગદર્શન વગેરે) બધું જ ગુજરાતીમાં જ..! જાપાનીઓ તો ઘણું-બધું નવું-નવું આસાનીથી શીખી લે છે (રાજ કપૂરનું ''આવારા હૂઁ...'' સમૂહમાં જાપાનીઓ ને ગાતા સાંભળતા જોઈએ ત્યારે અચરજ જ થાય છે) તો પછી ગુજરાતી એમને શીખતા કેટલી વાર?

અકળામણ ત્યારે જ થાય છે જ્યારે આપણાં જ ભાઈઓ-બહેનોને સમજાવવા 'ગુજરાતીનું ગુજરાતી કરવું પડે છે. અમુક ફરજંદો તો (મા-બાપ બંને) ગુજરાતી હોવા છતાં એક્ચ્યુઅલી એ લોકોને અંગ્રેજીમાં જ સમજાવવા પડે, યુ સી...! બ.ક. ઠાકોરનાં એક અંગ્રેજી પત્રના જવાબમાં ગાંધીબાપુ ટકોર કરે કે બંને હિન્દુસ્તાની એક જ ભાષા જાણતા હોવા છતાં એકબીજાને અંગ્રેજીમાં લખે, બોલે તેને ઓછામાં ઓછી છ માસની સખત મજૂરી સાથે સજા કરવામાં આવે (૨૪.૭.૧૯૧૮) અમલ હજી બાકી છે.

શિક્ષણનું માધ્યમ જ નહીં, કેળવણી પણ ગુજરાતીમાં જ હોવી જોઈએ. ઘરમાં પાળેલા શ્વાન સાથે ભલે અંગ્રેજીમાં વ્યવહાર થાય, બાળક સાથે તો ગુજરાતીમાં બોલો. કંઈક ભેદ રાખો ભઈ! 'પ્રબુદ્ધ જીવન' ઑક્ટોબર - ૨૦૧૭ (તંત્રી - સેજલ શાહ)નાં વિશેષાંક 'માતૃભાષા ગાંધીજી અને સાંપ્રત સમય' આખે આખો વાંચી જવા જેવો છે.

એક દશ્ય રાજકોટના રસ્તે જોયેલું. અંગ્રેજી માધ્યમની શાળામાં જઈ રહેલાં બાળકો યુનિફોર્મ સાથે કિકિયારીઓ કરતાં સ્કૂલ-વેનમાં ખીચોખીચ જઈ રહ્યાં હતાં. સાઈડમાં એક પપ્પા એની બાળકીને સાઇકલ ઉપર ડબલ સવારીમાં ગુજરાતી મિડિયમ શાળામાં શાંતિથી પૅડલ મારતા મૂકવા જઈ રહ્યા હતા. પપ્પાએ પસંદ કરેલ શાળાનું માધ્યમ તો હાઈજેનિક ખરું જ, શાળાએ બાળકને પહોંચાડવાની પ્રક્રિયા પણ હાઈજેનિક તો ખરી જ ને! ઉચ્ચ વિચારોને સાથે લઈ જીવન-ઘડતર કોણ કંઈ રીતે કરી રહ્યું છે? 'દેખાદેખી ત્યાં નહીં પરમેશ્વર.'

ગુજરાતી માધ્યમ ફક્ત નબળા વર્ગે જ ટકાવી રાખ્યું છે. સમાજના દરેક વર્ગના લોકો માતૃભાષા સાથે જોડાય એ માટે શું ખંતીલા અને ચીવટવાળાઓ એ જ મહેનત કરવાની? પ્રબુદ્ધ સાહિત્યકારો કલમતોડ મહેનત કરે જ છે, અને સૂઝું - સૂઝું વાચનારાઓનો તોટો પણ નથી પરંતુ એ પાત્ર 'ઉજળા ભવિષ્ય' માટે થયું. સવાલ થાય છે 'ટકાવવાનો'. 'ખડી' બોલી જ માતૃભાષાને ટકાવશે. આ અંગે હિન્દી ફિલ્મકાર આપણા ગુજરાતી સંજય ભણસાલીના 'બોલીવૂડી' પ્રયાસો પ્રશંસનીય છે. માતૃભાષાને એમણે પોતાની હિન્દી ફિલ્મોમાં 'ગુજરાતી તળપદી' ગાયકો દ્વારા લોકહદય સુધી પહોંચાડી, ટકાવી રાખવાની ખેવના બતાવી છે. એ ઈચ્છત તો પુરુષોત્તમ ઉપાધ્યાય કે આશિત દેસાઈને માઈક આપી શક્યા હોત પરંતુ એ જાણે છે કે તળપદી ગાયકો થકી (કરસન સાગઠિયા/ ઓસમાણ પીર) આપણી ભાષા વધુ અસરકારક રીતે લોકહૃદયે પહોંચશે અને વધુ ગમશે. ભણસાલીએ 'ક્લાસ' અને 'ખાસ'ની ઉપયોગિતા 'રાધર' જરૂરિયાત પારખી છે.

ગાંધીજી કે અન્ય મહાનુભાવો કે સાહિત્યકારોના માતૃભાષા પરત્વે વિચારો કેવા ઉમદા છે!

ગાંધીજીના રાજકીય ગુરુ ગોપાલકૃષ્ણ ગોખલે સાથે માતૃભાષાનો એક સુંદર કિસ્સો જોડાયેલો છે. બોલવાથી માતૃભાષાને કેટલું માઈલેજ મળે છે એનો આ કિસ્સો ઉમદા ઉદાહરણ પૂરું પાડે છે. દ. આફ્રિકામાં એક જાહેરસભાનું આયોજન હતું. પ્રશ્ન એ ઊભો થયો કે કઈ ભાષામાં બોલવું? ગાંધીજી કહે, ''તમે હિન્દીમાં બોલો હું પણ હિન્દીમાં જ બોલીશ. ''ગોખલે કહે, કોણ સમજશે?'' ગાંધીજી કહે ''એવું જ છે તો પછી તમારી માતૃભાષામાં જ બોલો. ગોખલે કહ્યું, ''લ્યો, એ તો હાસ્યાપદ જ થશે, ''ગાંધીજી કહે. ''મારી તમને વિનંતી છે કે તમે તમારી માતૃભાષામાં જ બોલો, અહીંયા લોકો એ જાણીને ગૌરવ અનુભવશે કે હિન્દુસ્તાનના આટલા મોટા નેતા પોતાની માતૃભાષાને ચાહે છે.''

ગોખલે મરાઠીમાં જ બોલ્યા. ગાંધીજીએ એનો હિન્દીમાં તરજુમો કર્યો. પછી તો છેલ્લા પ્રવાસ સુધી તેઓ મરાઠીમાં જ બોલ્યા.

ગુજરાતી ભાષાના ઉજ્જવળ ભવિષ્યની જવાબદારી અને માતા-પિતા, શિક્ષણ શાસ્ત્રીઓ, રાજકારણીઓ... સાથે-સાથે કહેવા દો 'ધધુપપુઓ'ની પણ છે. મુંબઈની વિલેપાર્લે સ્થિત 'નાણાવટી વિમેન્સ કોલેજ'માં ગુજરાતી માધ્યમથી બી.એ.ની ડિગ્રી લઈ શકાય છે. અહીં સાહિત્ય ઉપરાંત અર્થશાસ્ત્રનો વિષય પણ ગુજરાતી માધ્યમમાં ભણાવાય છે.

ગુજરાતીમાં (માતૃભાષામાં) જ પ્રાથમિકતાથી શિક્ષણ મેળવવું અનિવાર્ય-કાયદા દ્વારા થાય તે સરાહનીય ખરું. પરંતુ માતૃભાષાને કવચ બોલતા રહેવાથી મળે છે. કારણ એનાથી 'તળપદી' ખડી બોલી વગેરે ઉજાગર થાય છે અને એ જ માતૃભાષાને ટકાવવા 'ટૉનિક' બને છે. લોકહૃદય સુધી પહોંચાડવાની વાત કરો. માત્ર લખી લખીને સેંકડો માર્ગદર્શકો ગુજરી ગયા અને છતાં હજી આજે પણ 'ભાષા બચાવ' ને 'ટકાવ' અને 'ધૂંધળા ભવિષ્ય' અંગે છાતી કૂટાતી રહેતી હોય તો એમાં કોનો કેટલા ટકા?

જે પોતાની માતૃભાષાને બોલે છે તે કરોડો ગુજરાતીઓના હૃદયમાં રાજ કરે છે. અને જે માત્ર લખ-લખ કરી કેટલાને વંચાવતા રહેશે? ક્યાં સુધી? સસ્તી, સારી, મજબૂત અને ટકાઉ ભાષા માત્ર બોલવાથી જ ટકશે. પૂછો કચ્છી માડુંઓને મોરારિ બાપુ ગુજરાતીમાં લખતા 'ડરે' છે! કહે છે, ''હું લખું છું તો ભાષાવિદો વ્યાકરણની ભૂલો કાઢે છે. એવું કોણ કરે? મને તો બોલવાની જ મજા આવે છે.''

માતૃભાષાની ખેવના કરતાં લેખો લખો, લખશું તો વંચાશે, પરંતુ બોલવાનું Miss ન કરો પ્લીઝ, Miss, Misses and Mister...! માતૃભાષામાં જ બોલવાનું ને બોલવાનું જ 'Mission' - મિશન - જીવનકર્તવ્ય ચાલુ રાખો. બોલતી વખતે આપણે જો માતૃભાષામાં જ સંવાદ સાધવાના આગ્રહી રહીશું તો સામાન્ય બોલચાલમાં અનિવાર્યપણે ઉપયોગમાં આવી જતાં કૉક-કૉક અંગ્રેજી શબ્દો ક્ષમ્યસ્વ ન ગણી શકાય? ગણી જ શકાય, સાવધાની રાખવી જરૂરી છે. સૉરી-થૅંક્સ કે ગુડ મૉર્નિંગ ભલે સાહજીકતાથી કહીએ પરંતુ માફ કરજો, આભાર કે સુપ્રભાત પણ કોકકોકવાર બોલજો... જો જો ચહેરો થોડોક વધુ પલપશે... તબસ્સૂમ!

માતૃભાષાને ટકાવવા 'સંવાદ'જ ઉમદા મીડિયા છે.

❑❑❑

સંપર્ક : ૯૮૩૩૮૬૮૬૯૧

# શુભ લેશ્યા વિના શુભ ધ્યાન નથી, શુભ ધ્યાન વિના સમતા નથી

**સુબોધી સતીશ મસાલિયા**

**આ**પણા આત્માના બંધનનું મૂળ કર્મ છે અને કર્મનું મૂળ મનમાં છે. આપણા મનનું શુદ્ધીકરણ અને મારણ ન કરીએ ત્યાં સુધી મુક્તિ મેળવી શકાતી નથી. તે માટે ભગવાને શુભ લેશ્યા, શુભ ધ્યાન બતાવ્યા છે. ગાઢ કર્મોના ક્ષય માટે બધાને અંતે શરણ ધ્યાન છે. સર્વશ્રેષ્ઠ અનુષ્ઠાન ધ્યાન છે. સમતામાં પહોંચવા માટે શુભ ધ્યાન એ અમોઘ ઉપાય છે. ૧૪ પૂર્વ શાસ્ત્રના પારગામીને ૪ જ્ઞાનના ધણીને પણ કર્મક્ષય કરવા અને સર્વ દોષોનું ઉન્મૂલન કરવા ધ્યાનનું જ શરણું લેવું પડે છે. બધો ધર્મ કરીને તેનું અંતિમ ફળ તો આત્માને શુભ ધ્યાનમાં સ્થિર કરવો તે જ છે. ધ્યાન એ મનની અવસ્થા છે, ઉત્કૃષ્ટ કક્ષાની અનુભૂતિ કરવાનો એકમાત્ર ઉપાય ધ્યાન છે. જૈન શાસનમાં આરાધના માટે અસંખ્ય યોગો છે. જેમકે ભક્તિયોગ, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ, સામ્યયોગ અને ધ્યાનયોગ આમ ક્રમસહ યોગો બતાવ્યા છે. અને તે બધામાં પણ ટોપ લેવલમાં ધ્યાન યોગ છે. દરેક સાધનામાં અંતિમ ચરણમાં ધ્યાન યોગ છે. કર્મયોગનું વર્ણન આચાર રૂપે અધ્યાત્મમાં આવે છે. સાધુ ક્રિયા પણ કર્મયોગમાં આવે, શાસ્ત્રયોગમાં બહોળું શાસ્ત્રજ્ઞાન જોઈએ, જ્ઞાનયોગ પામેલાને સામ્યયોગ આવે અને પછી ધ્યાન આવે. ટોપમાં ધ્યાન યોગ છે. આ બધા સ્ટેપ ક્રમશઃ પસાર કર્યા પછી જ નિર્મળ ધ્યાન યોગ આવે. તમામ કચરો કાઢવાની તાકાત લેશ્યા અને ધ્યાનમાં છે. બધા મોક્ષે ગયા તે આબે યોગના આલંબનને પામીને ગયા છે. ધ્યાનના બે ભેદ છે. શુભ અને અશુભ. તેમ લેશ્યાના પણ બે ભેદ છે. શુભ અને અશુભ. આત્મશુદ્ધિ કરવી હોય તો શુભ લેશ્યા અને શુભ ધ્યાનનું આલંબન લેવું પડે.

આપણે જીવનમાં શુભ ધ્યાનના માર્ગે જવું હોય તો શુભ લેશ્યા કેળવવી જ પડે. તે નહિ આવે ત્યાં સુધી શુભ ધ્યાન દીવાસ્વપ્ન જેવી વાત બનશે. શુભ લેશ્યા એ જૈન દર્શનનો આગવો વિષય દુનિયાના ધર્મશાસ્ત્રોમાં ક્યાંય આ વાત આવતી નથી. લબ્ધિમનનું - પ્રકૃતિનું સુંદર વિશ્લેષણ લેશ્યા દ્વારા જૈન દર્શને કર્યું છે. જૈનધર્મની સામાન્ય ક્રિયા કરવા માટે પણ પ્રકૃતિ બદલવી પડે, તો શુભ ધ્યાન જેવા ઉત્તમ અનુષ્ઠાન માટે તો ચોક્કસ પ્રકૃતિમાં શુભ લેશ્યા જોઈએ. જેમ એક વ્યક્તિ પરમાત્માની ભક્તિ બહુ લયલીન થઈને કરે છે પણ જો તેનો સ્વભાવ સ્વાર્થી હોય, જેમકે ધંધામાં તેને સ્વાર્થ આવે તો સાચી વ્યક્તિને ગમે તેટલું નુકસાન થાય તે જોવા પોતે તૈયાર ન હોય, પોતાના લાભ માટે ગમે તે કરવા તૈયાર હોય તો તે વ્યક્તિની લેશ્યા અશુભજ ગણાય. તે સારા વિચારોમાં તલ્લીન થાય પણ તેને શુભ ધ્યાન આવવાની કોઈ શક્યતા જ નથી. તેવી રીતે ધંધામાં લાગે કે જરા વિશ્વાસઘાત કરીશું તો બે-પાંચ કરોડ મળશે, ત્યારે સામેનો પાયમાલ થાય તેમ હોય તેમ છતાં શું વિચારો? તેનું જે થવું હોય તે થાય પણ આપણે તો મેળવી લો. આ બધા અશુભ લેશ્યા - કૃષ્ણ લેશ્યાના ભાવો છે, પછી ભલે તે પ્રસંગે દાન-દયા-પરોપકાર કરતો હોય, પણ મૂળથી પ્રકૃતિ ઉગ્ર સ્વાર્થવાળી છે. જેમકે કોઈને પોતાના દેહ પર, રૂપ પર આકર્ષણ હોય. તે સંસારમાં રચ્યોરચ્યો રહેતો હોય, તેને શરીર પર ખૂબ મમતા છે, ખાવાની આસક્તિ પણ ઘણી છે, તેને મમતા-આસક્તિના કારણે લેશ્યા પણ અશુભ જ હોય. જીવનમાં ઘણી વખત બધાને ખોટા વહાલા થવા - રાજી રાખવા પ્રયત્ન કરતા હો, સગાંવહાલાં મળે ત્યારે એવી મીઠી-મીઠી વાતો કરે કે જેમાં જુઠ્ઠાણાનું ગણિત જ ન હોય, જો જરા કોઈનાથી ઓછું આવે તો વાતવાતમાં ખોટું લાગી જાય - રીસ ચડી જાય, મામૂલી બાબતમાં વાંધાવચકા પાડે. કોઈને મોટા-મોટા વિશ્વાસ આપો, ઘડીમાં વાત કરીને પાછા ફરી જાઓ, આ બધા અશુભ લેશ્યાજન્ય ભાવો છે. શુભ લેશ્યા વગર શુભ ધ્યાન શક્ય જ નથી. લેશ્યાના ભેદો છે તેમાં ટોપમાં શુભ લેશ્યામાં શુક્લ લેશ્યા છે. અને પ્રાથમિક શુભ લેશ્યામાં તેજો લેશ્યા છે. અત્યારે તો પ્રાથમિક શુભ લેશ્યા આવવી પણ ઘણી જ મુશ્કેલ છે.

પોતાના સ્વાર્થ માટે તે વ્યક્તિ સામેનાનું ગમે તેટલું નુકસાન કરવા તૈયાર હોય તો તે વ્યક્તિની લેશ્યા અશુભ છે માટે શુભ ધ્યાન આવી શકે જ નહીં. ઘણી વાર એવું પણ બને કે લેશ્યા શુભ હોય પ્રકૃતિજન્ય તેનામાં સુંદર ગુણો હોય પરંતુ તે વ્યક્તિ પાપ-પુન્ય-આત્મા વિ. માનતો જ નથી તેવી વ્યક્તિને શુભ લેશ્યા હોવા છતાં શુભ ધ્યાન આવી શકતું નથી. તે વ્યક્તિ જે કાંઈ વિચાર કરે, પ્રવૃત્તિ કરે, મોજમજા કરે કે દુઃખ આપત્તિમાં આવે પણ તે આર્તધ્યાનમાં જ હોય. એટલે ધ્યાન અશુભ હોય. આપણામાં જો શુભ લેશ્યા ન હોય તો આપણા માટે ધ્યાન તો હવામાં બાચકા ભરવા જેવી વાત છે. જેને જીવનમાં માત્ર પોતાના જ સ્વાર્થની ચિંતા હોય તે કદી પણ શુભ લેશ્યામાં જઈ શકે નહિ. શુભ લેશ્યા-પામવા માટે મનમાં સંકલ્પ જોઈએ અને સરળતા જોઈએ. લાગણી હોય તેના માટે સારા અભિપ્રાય આપો ને દ્વેષ હોય ત્યાં તેને ગમે તે રીતે પાયમાલ કરી નાખો, આવી બધી પ્રકૃતિઓ અશુભ લેશ્યામાં હોય માટે તેને શુભ ધ્યાનની પણ તક નથી. ધ્યાનના ૪ સ્ટેજ (૧) ચિંતન (૨) ભાવના (૩) અનુપ્રેક્ષા (૪) ધ્યાન.

ચિંતન એટલે એક જ વસ્તુ પર ધારાબદ્ધ ઉંડાણથી વિચારવાનું છે. આપણે શુભ ચિંતન લેવાનું છે. ધર્મમાં શુભ જ લેવાનું છે. દા.ત. પરમાત્માતત્ત્વ તો પરમાત્મા કેવા છે? તેના ગુણા કયા? સ્વરૂપ કેવું? તે અદ્વિતીય કેમ છે? આમ એક એક મુદ્દા ઊભા કરો ને તેમાં ઊંડા ઉતરતા જાઓ. ધારાબદ્ધ વિચારણાને ચિંતન કહેવાય. દા.ત. તમે આત્માનું ચિંતન કરતા હો ત્યારે વચમાં ટેબલનું ચિંતન ચાલુ થઈ જાય, આ શૃંખલાબદ્ધ વિચારધારા નથી. ભલે તમે પાચ મિનિટ ચિંતન કરો પણ મનને બરાબર સૂચના આપીને કરો કે ''મારે પરમાત્માના ગુણોનું તેમના સ્વરૂપનું ચિંતન કરવું છે.'' તેથી તમને ખ્યાલ આવશે કે તમે એક વિષય પર ધારાબધ્ધ કેટલો ટાઈમ ચિંતન કરી શકો છો. ધ્યાન કરનારને કલાકો સુધી ચિંતન કરવાની પહેલા ટેવ પાડવી પડશે. તેના વગર ધ્યાનનો ઢાંચો ગોઠવાતો નથી. શુભ ધ્યાનમાં તો ૧૦૦ % મન પર કાબૂ જોઈશે. ચિંતન પછી ભાવનાનું સ્ટેપ આવશે. જે જાણેલું સત્ તત્વ છે તેનીજ વારંવાર ભાવના કરવાની છે. રિપિટ કરો તો જ ભાવિત થવાય છે. ચિંતન કરવું હજુ સહેલું છે. કારણકે તેમાં નવું નવું સ્ફુરે, જાણવા મળે. આમ તો મનને કુતૂહલવૃત્તિ હોય છે માટે ચિંતનમાં તો હજુ મન ટકી શકે પરંતુ ભાવનામાં તો એકની એક વાતનું રિપિટેશન કરવાનું છે. પાંચે ઇન્દ્રિયોના ભોગોનું જીવો ત્યાં સુધી કેટલું રિપિટેશન કરો છો? તમે પેંડો ૫૦ વાર ખાધો હોય છતાં એ જ પેંડો પાછો આપે તો પણ રસ આવે છે ને? કેમકે ત્યાં રુચિ છે. માટે રુચિની ચકાસણી ભાવનામાં જ થાય છે. જેને ભાવના ન ફાવે તે ધ્યાનમાં જઈ શકતો નથી. (૧) શુભચિંતન કરવા માટે સાંસારિક ભાવોથી પર થવું જોઈએ. એટલો ટાઈમ સારા વિચારોમાં રહેવું એટલું જ નહિ, પણ એટલો ટાઈમ સંસારના વિષયોથી મન દૂર થવું જોઈએ. (૨) જેમાં, આંતરિક મૈત્રી આદિ શુભ પરિણામો પ્રગટતાં નથી. તે શુભ ચિંતન નથી. તમે અડધો કલાક પરમાત્માનું ચિંતન કરવા બેઠા તે વખતે, પહેલા જેટલા જીવો પ્રત્યે ગેરવર્તાવ કર્યા હોય તેમના પ્રત્યે ક્ષમાનો ભાવ પહેલા જોઈએ. શુભચિંતન કર્મની નિર્જરા ને પુણ્યબંધનું સાધન છે. કોઈ કહેશે અત્યારેય અમારે આત્માનું ચિંતન કરવું છે તેમાં ક્ષમાની શું જરૂર? પરંતુ શુભનું ચિંતન કરવું હોય તો શુભભાવો પાયામાં જ જોઈશે. ઘણા કહે છે કે ભલે અમે સંસારમાં જે કરતા હોય તે કરીએ પણ જ્યારે ધર્મમાં આવીએ ત્યારે તેમાં જ એકાકાર થઈ જઈએ છીએ પણ આ અશક્ય છે. કારણ જેને અશુભમાં રાગ છે તે શુભમાં એકાકાર થઈ શકતો નથી. માટે જ પહેલાં અંતઃકરણને શુભભાવોથી, મૈત્રીઆદિભાવોથી વાસિત કરવાનું છે. (૩) આજકાલ મોટી કંપનીઓમાં એક્ઝિક્યુટીવોને પણ ધ્યાનની પ્રેક્ટીસ અપાતી હોય છે, પણ તેનો ધ્યેય ફક્ત ભૌતિક દૃષ્ટિ હોય છે. ''આનાથી મારા શરીરના રોગ ઓછા થશે કે મારી કાર્યક્ષમતા વધશે'' એવા ભૌતિક લાભ માટે કરાતું ધ્યાન તે અશુભ ધ્યાન છે. ચિંતન-મનન-ભાવનાના સ્ટેજ વગરનું ધ્યાન, કર્મયોગ, શાસ્ત્રયોગ, જ્ઞાનયોગ, સામ્યયોગના સ્ટેપ ચઢ્યા વગરનું ધ્યાન, મોક્ષલક્ષિતા વગરનું ધ્યાન અશુભ ધ્યાનમાં આવે છે. (૪) અત્યારે તમને ધર્મના વિષયમાં જે જ્ઞાન છે તે બધું ખાલી માહિતી રૂપે છે.૧% જ્ઞાન પણ અનુભવ જ્ઞાન નથી, પણ તે જ્ઞાન જો ચિંતન રૂપે થાય તો અસરકારક બને અને તે જ જ્ઞાન જો ભાવના રૂપે પરિણમે તો વધારે જોરદાર અસર થાય અને પછી જ આગળના સ્ટેજમાં જઈ શકાય. જેમકે ૧૨ ભાવનાઓ છે, ''સંસાર અનિત્ય છે. તેમાં કોઈનુંય શરણું નથી.'' આ બધી ભાવનાઓ જાણી લીધી પણ તેનાથી કાંઈ આત્મા એમને એમ ભાવિત થતા નથી, પણ વારંવાર એનું પુનરાવર્તન કરતાં એવી પ્રગાઢ અસર સંચિત થાય છે કે આ સંસારમાં ખરેખર પરમાત્મા સિવાય મારે કોઈનું શરણ નથી એમ લાગે ત્યારે ભાવિત થયા એમ કહેવાય. માટે પૂર્વભૂમિકા રૂપે ચિંતન અને ભાવના આ બે સ્ટેજને આત્મસાત્ કરવાના છે.

**આપણે ચિંતન માટેના થોડાક વિચારો જાણીએ :-**

સૌથી પહેલા તમારા મન સાથે નક્કી કરો કે મારે શું જોઈએ છે? હું જે કાંઈ સત્કાર્યો કરું છું. સારા અનુષ્ઠાનો કરું છું જેમકે પૂજા-સેવા-જાપ-સામાયિક-પ્રતિક્રમણ-બીજા ધાર્મિક અનુષ્ઠાનો, શાસ્ત્રોનું વાંચન, સૂત્ર પઠન એની પાછળનો મારો ધ્યેય શું છે? માનવ-મન વિષે, ઉપયોગમન -લબ્ધિમન વિષે આટઆટલું જાણ્યા પછી શું મારે ફક્ત સારી ગતિ મેળવીને અટકી જવું છે કે મોક્ષ મેળવવો છે. તમારી અંદર અંદરની ભાવના શું છે? તેમાં ડોકિયું કરો. ''કોઈ કહે છે, મેળવવા જેવો તો મોક્ષ છે, સંસારની ભ્રમણની ગતિ છોડવા જેવી જ છે માટે છોડવી છે'' એમ નહિ. તમારો આત્મા શું કહે છે? શું ખરેખર તમારો આત્મા ભવભ્રમણથી

થાકી ગયો છે? શું તમારો આત્મા એમ પોકરે છે... કે હું હવે ચારમાંથી એકેય ગતિમાં ભટકવા નથી માગતો. મને તો પંચમી ગતિ મોક્ષ જ જોઈએ? જો આ જન્મમાં પુનના યોગે થોડા ભોગસુખ અનુકૂળ મળી ગયા હોય, ધનસુખ, કુટુંબસુખ, સંતાનસુખ, શરીરસુખ મળી ગયું હોય ને આત્મા એમાં જ રમણ કરવા માગતો હોય તો પહેલા આત્માને એ યાદ દેવડાવો કે હે ચિંતન જીવ કઈ ઘડીએ આમાંથી કયું સુખ છીનવાઈ જશે કે ક્યારે દુઃખની ગર્તમાં ફેંકાઈ જશું તે ખબર નથી. આ દેહ પણ કઈ ક્ષણે વિદાય લઈ લેશે તે પણ ખબર નથી. પાછળના અનંતા ભવોમાં કેવું કેવું દુઃખ સહન કર્યું હશે તેની તો ફક્ત કલ્પના જ કરવી રહી. મારા જીવે વનસ્પતિના ભવમાં ટાઢ-તડકામાં ઊભા રહીને કેવા કેવા દુઃખ સહન કર્યા હશે, કોઈએ કુહાડો માર્યો હશે ત્યારે ન એક ચીસ પાડી શક્યો હોઈ શકે ન ત્યાંથી ભાગી શક્યો હોઈશ, વિકલેન્દ્રિયના ભવમાં કોઈએ પગ નીચે દબાવી દીધા હશે, કોઈએ જીવતાજીવ પાણીમાં ઉકાળી નાખ્યા હશે, કોઈએ દવા છાંટીને ગુંગળાવીને મારી નાખ્યા હશે. શું એવું બધું દુઃખ ભોગવવા પાછું પહોંચી જવું છે એકેન્દ્રિયમાં વિકલેન્દ્રિયમાં? પશુ-પક્ષી-જલચરના ભવમાં કોઈએ પાંખ કાપી નાખી હશે, કોઈએ બાંધી રાખીને ઢોરમાર માર્યો હશે, કોઈએ પાંજરામાં પૂરી ખેલ કરાવવા માટે આગના ચાબખા માર્યા હશે... શું આવી તીર્યંચ યોનીમાં પાછું જવું છે? તો પછી શું નરકમાં જવું છે? ભયંકર ભૂખ-તરસની પીડા સહન કરવા, તેલના તાવડામાં ઉકળવા કે પછી કરવતથી કપાવા? જેનું કેવળીએ જે વર્ણન કર્યું છે તે સાંભળીને ધ્રૂજી જઈએ છીએ તે જાત અનુભવ કરવા જવું છે? કે પછી દેવગતિમાં ? ભૂત-પ્રેત-પિશાચ-પરમાધામ બધા દેવગતિ જ કહેવાય.... તમને લાગે અમે દેવ બનીએ તો સારું.... આવા પ્રકારના દેવ બની ગયા તો? હજારો વર્ષ સુધી તેમાં જ રહેવું પડે.... અહીં તો આપઘાતે કરી શકો. ત્યાં તો No. Choice નીચલા વર્ગમાં તો સ્વમિવર્ગ ઓછો છે ને સેવક વર્ગ વધારે છે. એક વખત સેવક (દેવ) તરીકે જન્મ લીધો પછી હજારો વર્ષ સેવક તરીકે જ ગુજારવા પડે. આ જન્મનો દુશ્મન, જેનું તમને મોં એ જોવું ગમતું ન હોય તે ત્યાં કદાચ તમારો સ્વામી હોય.... મને કે કમને હજારો વર્ષ (દેવોનું મીનીમમ આયુષ્ય ૧૦ હજાર વર્ષ હોય) તેની સેવા કરવાની. પાછું અવધિજ્ઞાન હોય એટલે ખબર પડે કે આજ મારો દુશ્મન.... મારે એની સેવા કરવાની એનો હુકમ માનવાનો... અહીં તો પુન્ય હોય તો સેવકમાંથી સ્વામી બની જાઓ. ત્યાં તો સેવક તરીકે જન્મ્યા એટલે જીવો ત્યાં સુધી સેવક તરીકે જ રહેવાનું. વળી પાછું ત્યાંય, રાગ, દ્વેષ, ઈર્ષ્યા, ઝઘડા એકબીજાની દેવીને ઉપાડી જાય ને વર્ષો સુધી યુદ્ધ ચાલે. શું પાછા આવી ગંદકીમાં પેદા થવું છે? ને તેય પાછો ભવ પૂરો થાય એટલે Most of તીર્યંચ એકેન્દ્રિયમાં પટકાવાનું? એમ તમારા જીવને સમજાવીને પૂછો કે હે જીવ તને હવે શું જોઈએ છે? એક ટકો ભૌતિક સુખની આશામાં ૯૯% દુઃખદાયક એવી ચારેય ગતિમાં ભ્રમણ જ કર્યા કરવું છે કે પછી શાશ્વત સુખ પામવું છે? જ્યારે આત્મા અંદરથી માને છે, પ્રતીતિ કરે છે કે ના.... બહુ થયું ઘણું થયું... હવે તો મને શાશ્વત સુખ જ જોઈએ.... એ શાશ્વત સુખની જ જ્યારે તાલાવેલી લાગશે ત્યારે ખૂબ જ સવાલ કરશે કે એ શાશ્વત સુખ છે ક્યાં? હું એને ક્યાં શોધું? મંદિરમાં છે? જંગલમાં છે? જલ-થલ-ગગનમાં ક્યાં છે? ત્યારે અંદરથી જવાબ મળે છે કે સુખ તો તારા આત્મામાં જ છે. મંદિર કહો કે મૂર્તિ કહો કે મંત્ર કહો કે મહાવીર કહો.... એ બધા આત્મા સુધી પહોંચવાના અવલંબન છે, સાધન છે. સાધ્ય નથી. તો આત્મા સુધી ક્યારે પહોંચવાનું? મૃત્યુ પછી કે પહેલા? ના-ના મૃત્યુ પહેલા જ ને? તો મૃત્યુ ક્યારે છે? ખબર નથી.... બીજી ક્ષણે પણ હોઈ શકે.... તો તો હવે એક ક્ષણ પણ બગાડવી પરવડે નહીં... જીવ .... તું નિગોદમાંથી ક્યારે નીકળ્યો હોઈશ તે પણ ખબર નથી.... તેમાંય ૧૦૦૦ સાગરોપમ વર્ષ (અનંતોસમય) વિકલેન્દ્રિયમાં ગુમાવ્યા. બાકી રહ્યાં બીજા ૧૦૦૦ સાગરોપમ વર્ષ તેમાંય આજ દિવસ સુધી કેટલાં વર્ષ વીતી ગયા હશે ને કેટલાં બાકી હશે તેય ખબર નથી..... એક હજાર સાગરોપમ વર્ષ માંય માનવભવ તો ૪૭ કે ૪૮ જ મળે... તેમાંય આ કેટલામો ભવ હશે કોને ખબર. માનવભવ મળે એટલે ધર્મઆરાધના કરવા મળી જ હોય એવું ફિક્સ નથી. ક્યારેક જન્મતાં જ મૃત્યુ પામ્યા હોય, તો ક્યારેક યુગલિયા જન્મ્યા હોય, જેમાં ધર્મ હતો જ નહીં તો ક્યારેક ચોર-ડાકુ-લૂંટારા બન્યા હોય તો ક્યારે કસાઈ કે માછીમાર... કોને ખબર છે. કેવા કેવા માનવભવ કર્યા ને કેવા કેવા હજી કરવાના છે? તો હે જીવ ચેત જે મળ્યું છે.... માનવભવ મળ્યો છે, સંપૂર્ણ સર્વાંગ પ્રાપ્ત થયા છે, કેવળીએ પ્રરૂપેલો ધર્મ મળ્યો છે..... તત્ત્વની સમજ મળી છે તો શાશ્વત સુખની શોધમાં નીકળ.... કયાં જઈશ? તારામાં જ, તારા આત્માની શોધમાં જ તારી અંદર જ ડોકિયું કર.... પણ કાંઈ મળતું નથી. કાંઈ દેખાતું નથી.... ધીરજથી કામ લે.... પહેલા તો Firm determine કર કે.... ''હે આતમગમ મારે તને જોવો જ છે, અનુભવવો જ છે.... હવે તારો વિયોગ નથી સહેવાતો. અનંતા વર્ષ તારાથી અલગ રહ્યો છું.... હવે નહીં... હવે તો આ જનમમાં તને મળ્યા વગર, તને પામ્યા વગર જવું જ નથી. મારે તને જોવો છે, અનુભવવો છે... તું ક્યાં છે? તું ક્યાં છે.''

**પરમાત્માના મિલન માટે ધ્યાન જરૂરી :-**

ધ્યાન મુદ્રામાં જો બેસીને કરવું હોય તો ડાબા હાથની હથેળી પર જમણા હાથની હથેળી રાખવી. બેસીને સુખાસન, પદ્માસન કે અર્ધપદ્માસનમાં ધ્યાન થઈ શકે. ઊભા ઊભા કાઉસગ્ગ મુદ્રામાં થઈ શકે. શેમાં તમે કાયાને વધારે વખત સ્થિર રાખી શકો છો તે જોવાનું. સીધા બેસવાથી આપણી બરોળ સીધી રહે છે. કરોડ રજ્જુને આરામ મળવાથી પ્રાણધારા સામાન્ય રીતે પોતાનું કાર્ય

શરૂ કરી દે છે. કરોડરજ્જુ એટલે જ મેરુ દંડ જે મેરુ પર્વતનું પ્રતીક છે. જેમ મેરુપર્વતની આસપાસ સૂર્ય-ચંદ્ર ફરે છે એવી જ રીતે મેરુદંડની આસપાસ સૂર્ય - ચંદ્ર ગાડી ચાલે છે. આપણા અંદર ૭૨૦૦૦ નાડીઓ આવેલી છે. એમાંની મુખ્ય નાડીઓ મેરુદંડ સાથે સંકળાયેલી છે. મેરુદંડનો ઉપરનો ભાગ આપણા મગજ સાથે જોડાયેલ છે અને કરોડનો છેલ્લો ભાગ શક્તિ કેન્દ્ર રૂપે મૂળાધારમાં નિષ્ક્રિય અવસ્થામાં પડેલો છે. આત્મ વિકાસની દૃષ્ટિએ મેરુદંડનું ખૂબ જ મહત્ત્વ રહ્યું છે. સમગ્ર જીવસૃષ્ટિમાં મેરુદંડ હોય છે, જે પ્રાણધારાને વહેવાનું એક સાધન છે. મનુષ્ય નો મેરુ દંડ સીધો છે, ઊભો છે, જે પ્રાણધારાને નીચેથી ઉપર તરફ મોકલે છે. પશુઓમાં આ મેરુદંડ આડો હોય છે. વનસ્પતિમાં ઊંધો-નીચે તરફ તો, કંદમૂળમાં તૂટેલો આડોઅવળો હોય છે. માનવીનો મેરુદંડ ઉર્ધ્વગમન માટેનું પ્રતીક છે.

આ મેરુદંડ પ્રાણ ઊર્જાનો ખજાનો છે. મૂળાધાર ચક્રથી શરૂ થયેલી પ્રાણધારા શક્તિ સ્ત્રોત ૩ વહેતી કરોડરજ્જુમાં થઈને ઉપર ચઢે છે. આ પ્રાણધારાનો છેલ્લો છેડો સહસ્ત્રાર છે. નાભિના મણિપૂર ચક્રથી સુષુમ્નાનો માર્ગ શરૂ થાય છે. તે આજ્ઞાયચક્રમાં સમાપ્ત થાય છે. ત્યાં બીજી બે નાડી આવીને મળે છે જેને સૂર્યનાડી (પીંગળા) અને ચંદ્રનાડી (ઇડા) કહે છે. ચંદ્રનાડી શીતળ અને સૂર્યનાડી ઉષ્ણ, તેજસ્વી અને પ્રકાશિત હોય છે. આ રીતે ઇડા-પિંગલા આપસમાં એકબીજાને લપેટાઈને ફેલાય છે. સુષુમ્ના ગંભીર રીતે એક જ ગતિમાં સ્વધિષ્ઠાથી આજ્ઞાચક્ર સુધી ચાલે છે. એનું સ્થાન આપણી કરોડરજ્જુમાં છે. વિશુદ્ધ ચક્રની નજીક આવી એ બે ભાગમાં વહેંચાઈ જાય છે અને આજ્ઞાચક્રમાં જઈ બે પાંખડીવાલા કમળ સ્વરૂપે સ્થિર થાય છે. માનવની અદ્‌ભુત ક્ષમતા આ ત્રણે નાડીઓ દ્વારા વહેતી હોય છે. સમસ્ત પ્રાણ ઊર્જાનું નિયમન થાય છે ત્યારે આ ત્રણેય નાડીઓ દ્વારા આપણી આજુબાજુ તેના વલયો રચાય છે અને ગતિ કરે છે. એમાં ભાવ પ્રમાણે આભાઓ નીકળે છે. તે મંડળનું સ્વરૂપ લે છે ત્યારે આપણે તેને આભામંડળ કે ઓરા કહીએ છીએ. તે નિરંતર ફરતાં રહે છે. આપણા વિષયકષાય અનુસાર એમાં અલગ-અલગ રંગ બને છે. જૈન દર્શનમાં આ રંગોને લેશ્યાના નામે ઓળખવામાં આવે છે. શુક્લ ભાવોમાં, શુદ્ધ દશામાં તરંગો રંગવિહિન બની જાય છે. જે પોતાનામાં શુક્લ હોવાને લીધે અને શુક્લ લેશ્યા નામ આપ્યું છે. વાસ્તવિક રૂપમાં વિષય કષાયો દ્વારા યોગ પ્રવર્તે છે ત્યારે તેમાં રંગો ઊપસી આવે છે. જીવ પહેલાં ભાવ અને પછી કર્માણુ ભાવથી બંધાયેલો રહે છે.

(ચક્રો વિષે માહિતી મેળવો આવતા અંકે)

❑❑❑ સંપર્ક : ૯૮૯૨૧૬૩૬૦૯

# કુંભમેળાનો ઈતિહાસ તથા અગત્યતા

**પુષ્પા પરીખ**

**મે**ળો એટલે કોઈ યાદગીરીમાં થતો મેળાવડો. એને એક જાતનો તહેવાર પણ ગણી શકાય.

આપણા પ્રત્યેક તહેવારની પાછળ કંઈકને કંઈક મહત્ત્વનું કારણ અને તેના પરિણામ દેખાઈ આવે છે. આજે આપણે હાલમાં ઉજવાતા કુંભમેળા વિષે થોડી માહિતી મેળવશું.

**કુંભમેળાનો ઈતિહાસ**

આ એક એવો તહેવાર છે જે હજારો વર્ષોથી મનાવાય છે. એની શરૂઆત વિષે ચોક્કસ જાણકારી નથી પરંતુ એમ જાણવા મળે છે કે ત્રેતાયુગમાં દેવો અને દાનવો વચ્ચે રસાકસી થઈ હતી. આ રસાકસી સમુદ્રમંથન વખતે થયેલી. આ સમુદ્રમંથનમાંથી ૧૪ રત્નો કે વસ્તુઓ નીકળેલી અને જ્યારે અમૃતનો ઘડો નીકળ્યો ત્યારે દેવોને વિચાર આવ્યો કે જો આ ઘડો દાનવોના હાથમાં જશે તો દુનિયાભરમાં કાળો કેર વરતાઈ જશે તેથી દેવોએ ઈન્દ્રના પુત્ર જયંતને ધનવંતરી (સમુદ્રમંથન કરનાર) પાસેથી અમૃતનો ઘડો છીનવી ભાગી જવા જણાવ્યું. જેવો જયંત ઘડો લઈને ભાગ્યો તે જ સમયે દેવો અને દાનવો વચ્ચે યુદ્ધ તો શરૂ થઈ ગયું અને એમ કહેવાય છે કે એ યુદ્ધ પુરાં બાર વર્ષ ચાલ્યું. આ દરમિયાન અમૃતનો ઘડો ૧૨ વખત નીચે મૂકવામાં આવ્યો હતો અને તેની રક્ષા સૂર્યદેવે કરી હતી અને ચંદ્રએ તેને શીતળતા બક્ષેલી. આ બાર સ્થળોએ જ્યાં અમૃતના ટીપાં ઢળ્યા તે સ્થળોએ આજે કુંભમેળો ભરાય છે, આ બાર સ્થળોમાંથી આઠ તો પરલોકમાં છે જ્યારે ચાર સ્થળો આપણી પૃથ્વી પર છે. આ ચાર સ્થળો એટલે - પ્રયાગ (અલાહાબાદ), હરિદ્વાર, ઉજ્જૈન અને ત્ર્યંબકેશ્વર (નાશિક).

આપણા ધાર્મિક ગ્રંથોમાં પણ કુંભમેળાનો ઉલ્લેખ જોવા મળે છે.

(૧) અમુક નિષ્ણાતોના હિસાબે આ મેળાની શરૂઆત ૩૪૬૪ B.C. માં એટલે કે આજથી ૧૦૦૦ વર્ષો પૂર્વે - મોહેં-જો-દડો અને હડપ્પા પૂર્વે થઈ છે.

(૨) ૨૩૮૨ B.C.માં વિશ્વામિત્ર (બીજા) પ્રમાણે માઘ માસની પૂર્ણિમાના સ્નાનનું મહત્ત્વ બતાવ્યું છે.

(૩) ૧૩૦૨ B.C.માં મહર્ષિ જ્યોતિષે પણ માઘ માસની પૂર્ણિમાના સ્નાનને પવિત્ર માન્યું છે.

(૪) ચીનના મુસાફર હ્યુએન ત્સંગે પણ તેમના પુસ્તકમાં કુંભમેળા વિષે ઉલ્લેખ કરતાં પ્રયાગરાજના કુંભમેળાની શરૂઆત હર્ષવર્ધન રાજાના સમયમાં પ્રયાગ ખાતે થયાનું જણાવ્યું છે.

જગદ્‌ગુરુ આદિશંકરાચાર્યએ હિંદુઓના ધાર્મિક તહેવારોને સમસ્ત હિંદુઓના એક જ તહેવારો ગણાવીને જુદા ધર્મના ગુરુઓને પણ આ તહેવારો ઊજવવા માટે પ્રોત્સાહન આપ્યું. સમય જતાં

આ તહેવારોને વેદમાં ગણાવીને વધુ માન આપ્યું અને વધુ સાધુ સંતો, ધાર્મિક નેતાઓ વગેરેને આ મેળામાં ભાગ લેતા કર્યા. ૧૫૧૫ના વર્ષમાં શ્રી ચૈતન્ય મહાપ્રભુ બંગાળથી અત્રે પધાર્યા હતા.

આજકાલ તો જૈનો, બૌદ્ધો, શીખો તથા પરદેશીઓ પણ અત્રે અતિઉત્સાહ સહ, ઉત્કંઠાસહ પધારે છે. સરકારે પણ અત્રે રહેવા કરવાની સુઘડ વ્યવસ્થા કરવા માંડી છે. કોઈક ધાર્મિક ભાવનાથી તે કોઈક અત્રેનું દશ્ય નિહાળવા પણ આવતા હોય છે. સાધુ સંતો તથા ભાવુકો નદીમાં ડૂબકી મારી પાપ ધોઈ મોક્ષ મેળવવા અતિ ઉત્સાહથી ઉમટતા હોય છે.

નાશિક-ત્ર્યંબકેશ્વરનું મહત્ત્વ તો ખાસ કરીને રામ જ્યારે સીતાજીને શોધવા નીકળ્યા ત્યારે ત્યાં પંચવટીમાં આવ્યા હતા અને રાવણ સામે યુદ્ધમાં જીત મેળવવા સિંહસ્થ વિધિ આ ત્ર્યંબકેશ્વરમાં ''કુશવર્ત'' ખાતે યોજી હતી તેથી જ છે. એમ માનવામાં આવે છે કે રામની જીત આ વિધિના હિસાબે જ થઈ હતી. આ વિધિનું ખાસ મહત્ત્વ છે. આ વિધિમાં ''ગંગાપૂજન'' ''તીર્થશ્રદ્ધા'' અને ''કુંભદાન''એ ત્રણ ખાસ વિધિઓ માનવામાં આવે છે.

પ્રત્યેક ધર્મ જરૂર એમ માને છે કે મનુષ્યનું ભાવિ સારા અને નરસા વચ્ચેના યુદ્ધ પર આધારિત છે. આપણા મોટાભાગના તહેવારોની ઉજવણી સારાની ખરાબ સાથેની જીત રૂપે જ છે.

સર્વે કુંભમેળામાં સૌથી વધુ મહત્ત્વ અલાહાબાદના પ્રયાગ ખાતે દર બાર વર્ષે થતા કુંભમેળાનું છે. પ્રયાગ ખાતે ગંગા યમુના અને સરસ્વતીનું સંગમ થાય છે. પ્રયાગ ખાતે યોજાતા કુંભમેળામાં લાખો લોકો - સાધુ સંતો તથા અન્ય ભક્તો - પવિત્ર ડૂબકી મારવા ઉમટતા જોવાનો એક અનેરો લહાવો છે. ❑❑❑

સંપર્ક : ૦૨૨-૨૩૮૭૦૧૫૧

**ગાંધી વાચનયાત્રા**

# મહાત્મા ગાંધી : સ્ત્રીઓ માટે અખૂટ ચૈતન્યસ્રોત

**નીલમ પરીખ**

નવજીવન પ્રકાશિત ગાંધીજીના પુસ્તકોમાંના કોઈ એક પુસ્તક વિશે લખવું એટલે જાણે કે Vally of Flowers ની વચ્ચે ઊભા રહેવું બાપુના વિશાળ સાહિત્યના ઉદ્યાનમાં ફુલ ચુંટવા જાઉ અને ત્યાં ઉગેલા સુંદર સુગંધિત પુષ્પો જોઈને મીઠી મૂંઝવણ અનુભવી, મારી નાનકડી છાબડીમાં ક્યા પુષ્પને સમાવું અને કયાને નહીં!

દક્ષિણ આફ્રિકામાં ગાંધીજી અને એન્ડ્રૂઝની વચ્ચે થયેલી એક વાતનું સ્મરણ થયું. બાપુ કહે, 'સમાજ વ્યવસ્થામાં જો સ્ત્રીહૃદયને યોગ્ય અને પૂરતુ સ્થાન હોય તો સર્વોદય થવાનો જ, એટલે એન્ડ્રૂઝ ચાર્લીએ મોહનને કહ્યું, Mohan, you have a feminine soul' અને બસ, **સ્ત્રીઓ અને સ્ત્રીજીવનની સમસ્યાઓ** પુસ્તક હાથમાં આવ્યું. ગાંધીજીના સ્ત્રીજીવન અને તેની સમસ્યા પરના વિચારોનું આ સંપાદન લલ્લુભાઈ મકનજીએ કર્યું છે.

ગાંધીવાણીમાં બહેનો માટે અખૂટ ચૈતન્ય, પોષણ રહેલું છે. ગાંધીજી દેશનેતા તરીકે, ધર્મોપદેશક તરીકે, કર્મયોગી તરીકે, બાપુ તરીકે, મા તરીકે - આમ વિવિધ રૂપે બહેનોની આગળ રજૂ થયા છે. ગાંધીજી બહેનોને પત્રો દ્વારા, પ્રવચનો દ્વારા, પોતાના લખાણો દ્વારા... કંઈ ને કંઈ માર્ગદર્શન આપતા જ રહેતા અને બહેનોના જીવનને ઘડતા. આઝાદીની લડતો- આંદોલનોના કાળ દરમિયાન કે તે કાળે રંગાયેલા ઇતિહાસની ગતિવિધિઓની તથા બાપુના વિચારોની ઝાંખી આ પુસ્તકમાંથી મળે છે. બાપુએ પોતાના સાંપ્રત સમાજની બહેનોની સમસ્યાઓનું દર્શન કરાવ્યું છે જે જીવનની તિમિરમય કેડી પર અજવાળું પાથરી જાય છે, લલ્લુભાઈ લખે છે.

ગાંધીજીએ સ્ત્રીઓને લડતમાં જોતરીને અને આશ્રમમાં તેમને સમાન હક અને સ્વતંત્રતા આપીને સ્ત્રીઓનું સમાજમાં કેવું સ્થાન હોવું જોઈએ, તેનો ઉત્તમ નમુનો રાષ્ટ્રને પૂરો પાડયો છે. આશ્રમજીવન દ્વારા સ્ત્રીઆલમની ઉત્તમ સેવા કરી છે. સમાજજીવનમાં જરૂરી પરિવર્તન કરવાને માટે રૂઢિઓ અને બંધનો તોડવા તેમણે તેજસ્વી લખાણોનો ધોધ વર્ષાવ્યો હતો. સ્ત્રીજીવનને લગતા મહત્વના લખાણોને ૩૬ પુસ્તકોમાંથી ભેગા કરીને સંપાદકે ૯૦ પાનામાં વિષયવાર સમાવ્યા છે. એક પણ ફકરો કે વાક્ય એવા નથી જે સંદર્ભ વિનાના હોય. આમ છતાં વિષય પરના વિચારનું સાતત્ય જળવાયુ છે. તે પરથી સંપાદકે કરેલી મહેનત લેખે લાગી છે અને તે અભિનંદન પાત્ર ઠરી છે.

પિતૃસત્તાક સમાજમાં નારીનું સ્થાન સદીઓથી દ્વિતીય દરજ્જાનું રહ્યું છે, પરંતુ ગાંધીજી કહે છે, 'પ્રભુએ પુરૂષ અને સ્ત્રી મળીને એક અખંડ અને પૂર્ણ ઘટમાળ બનાવી છે. પ્રભુ પાસે બન્નેનો દરજ્જો સરખો જ છે.'

૧૯૨૫ની સાલમાં બંગાળના લામચર નામના નાના ગામમાં બાપુના આગમન પ્રસંગે બહેનોએ જાતે કાંતેલી-વણેલી ખાદી 'ભક્તિ અને પુષ્પાંજલિ રૂપે' બાપુને ચરણે ધરી અને લખ્યું 'જનગણમન અધિનાયક ભારતના ભાગ્યાવિધાતા ગાંધીજીને ગિરપરાધીના નારીજાતિના પ્રણામ!' બાપુને આ 'ગિરપરાધીના' શબ્દ ખૂંચ્યો અને તે શબ્દ પકડી લઈને બહેનોને કહ્યું:

સ્ત્રીઓને પરાધીન કોણે કહી? શાસ્ત્રમાં સ્ત્રીની પરાધીનતા નથી. સીતા રામની અર્ધાંગના હતી અને એણે રામના હૃદય ઉપર પ્રભુત્વ મેળવેલું હતું. દમયંતી પરાધીન નહોતી, મહાભારત વાંચીને

કોણ કહેશે તે દ્રોપદી પરાધીન હતી? પાંડવો જ્યારે દ્રોપદીની રક્ષા કરતાં અટક્યા ત્યારે કૃષ્ણની સ્તુતિ કરીને પોતાની રક્ષા કરનાર દ્રોપદીને પરાધીન કોણ કહેશે? જેનામાં પવિત્ર રહેવાની શક્તિ છે. જેનામાં પોતાના શીલની રક્ષા કરવાની શક્તિ છે તેને પરાધીન કહેવી એ અધર્મ છે.

સ્ત્રીઓ પ્રત્યેનો ગાંધીજીનો અભિગમ અનોખો છે. તેઓ કહે છે. હું સ્ત્રી છું. સ્ત્રીઓને સારું હું સ્ત્રી જેવો બન્યો છું ને તેનું હૃદય ઓળખું છું. પુરુષોએ પોતાની મર્યાદા સમજવાની છે અને જ્યાં લગી પતિપણું છુટે નહીં ત્યાં સુધી સ્ત્રીને ઓળખાય જ નહીં. આવો પતિ હું મટ્યો એટલે જ બાને ઓળખવા પામ્યો ને બીજી બહેનોને ઓળખવા લાગ્યો.

હું લાખો સ્ત્રીઓના પરિચયમાં આવ્યો છું. એ મને કહે છે કે અમે તમને પુરુષ નહીં પણ સ્ત્રી જ ગણીએ છીએ. મને ભાસે છે કે આ વાત ખરી છે. દક્ષિણ આફ્રિકામાં મેં જોયું કે સ્ત્રીઓની સેવા વિના દરિદ્રનારાયણની સેવા ન થઈ શકે. લોકોએ મને 'મહાત્મા' નું પદ આપ્યું છે તેનો યશ બાને છે.

બાપુ તો બહેનોને કહેતા,

તમારું અંતર મારી પાસે ઠાલવી મારી પાસેથી 'મા' નું કામ લેજો.

અસંખ્ય બહેનોએ બાપુ પાસે પોતાનું અંતર ઠાલવી જીવનનું કીમતી ભાથું મેળવ્યું હતું. તેમાંનાં કેટલાંક અવતરણો...

બાપુ કહે છે;

જગતમાં કેવળ સ્ત્રી સંગઠન થાય તો આ એટમબોમ્બને દડાની માફક ફેંકી દઈ શકે એવી બહાદુરીભરી અહિંસા દાખવી શકવાની શક્તિ તેઓ ધરાવે છે. પ્રભુએ જ એ શક્તિ સ્ત્રીઓને આપી છે.

સ્ત્રીઓમાં ઈશ્વરે પ્રેમાળ હૃદય મૂકેલું છે.... અને શાન્તિની પ્રતિનિધિ સારું જ ઈશ્વરે સ્ત્રીઓને સરજેલી છે. સ્ત્રીને મેં અહિંસાની સાક્ષાત્ મૂર્તિ કહી છે.

પુરુષ અહિંસાધર્મ બુદ્ધિથી સમજે છે. જ્યારે સ્ત્રી અહિંસા પીને જ જન્મેલી છે. જીવનમાં જે કાંઈ પવિત્ર અને ધાર્મિક છે તે બધાંની વિશિષ્ટ રક્ષક સ્ત્રીઓ છે.

પત્ની પતિના અપરાધોમાં ભાગ લેવા બંધાયેલ નથી. પત્ની પતિનો કાન ઝાલીને તેને ખાડામાં પડતો રોકે છે.

બાળાત્કારે પળાયેલું વૈધવ્ય એ પાપ છે. સ્વેચ્છાએ પળાયેલું એ ધર્મ છે, આત્માની શોભા છે.... વિધવા ત્યાગમુર્તિ છે.

સ્ત્રીની પરતંત્રતાનું મૂળ તેના વિલાસ છે. સ્ત્રીઓનો સાચો શણગાર તો ચોખ્ખું અને પવિત્ર હૃદય જ છે.

સ્ત્રીઓને માટે ગૃહસ્થાશ્રમ છે ને પુરુષો પેઠે માત્ર વાસનાતૃપ્તિ પૂરતો નથી પણ માતૃપદના ગૌરવને કૃતાર્થ કરવા માટે છે... સ્ત્રીઓ સ્વેચ્છાએ અંતઃપ્રેરણાથી બ્રહ્મચર્યના સ્વીકાર કરશે ત્યારે એમની શક્તિ પુરુષો કરતા અનેક ગણી ચડી જશે.

આદર્શની દૃષ્ટિએ પુરુષ કરતા સ્ત્રી ઉચ્ચ પ્રાણી છે..... સ્ત્રી જ્યારે પોતાના સાચા સ્વભાવને ઓળખશે અને એને જ વફાદાર રહેશે તથા પુરુષ પણ સ્ત્રીને ઓળખીને એની ખાસિયતની કદર કરશે ત્યારે દુનિયાનું નેતૃત્વ સ્ત્રીજાતિ પાસે જ જશે. પછી પુરુષો એમનાથી ડરતા પણ નહીં ફરે અને એમને વશ કરવાની અપેક્ષા પણ નહીં રાખે...

કહેવત છે 'ઘર ભાંગવા સર્વ આવે, પણ બાંધવા કોઈ ન આવે.' પણ બાપુએ સ્ત્રીની શક્તિ ઓળખી, નિર્ભય બનાવી. બહેનોમાં રહેલી કોમળતા-કારૂણ્યનો સ્ત્રોત સૂકવ્યા વિના બહેનોની તેજસ્વિતાનું દર્શન કરાવ્યું છે. એમનું મનોબળ મજબુત કર્યું છે. પોતાનું જીવન પોતાની રીતે સ્વતંત્ર ઈચ્છા મુજબ ઘડી અને કેળવી શકે જેથી માનવપ્રગતિમાં અને દેશસેવામાં પોતાનો ફાળો આપી શકે એવું નક્કર ઘડતર ગાંધીજીએ બહેનોનું કર્યું છે. સ્ત્રી પોતાની આત્મ-ઓળખ, પોતાની સ્વતંત્રતા અને પોતાની જાત પ્રત્યેની વાત કહેવા હવે આગળ આવી છે. આ દૃષ્ટિએ સમગ્ર સંપાદન અત્યંત ઉપયોગી અને દરેક સ્ત્રીએ સમજવા જેવું છે.

(સૌજન્ય : નવજીવનનો અક્ષરદેહ)

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન સૌજન્યદાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૫,૦૦૦/- | શ્રી દિપકભાઈ પી. શાહ |
| ૨૫,૦૦૦/- | શ્રી નીતીનભાઈ રસીકલાલ શાહ |
| ૨૫,૦૦૦/- | શ્રી કાંતિલાલ કરમશી વિક્રમશી |
| ૭૫,૦૦૦/- | |

### જમનાદાસ હાથિભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| | |
|---|---|
| ૨૧,૨૦૦/- | લાયન્સ ક્લબ ઓફ ગેટવે ચેરિટી ફંડ<br>કે.ઓ. લાયન્સ સ્મિતા બી. શાહ |
| ૨૧,૨૦૦/- | |

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| | |
|---|---|
| ૧,૦૦,૦૦૦/- | સ્વ. કિરણબેન મનસુખલાલ શાહની<br>સ્મૃતિ-રૂપે |
| ૧,૦૦,૦૦૦/- | |

**'પ્રબુદ્ધ જીવન'ને પચ્ચીસ હજારનું અનુદાન આપી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**

**'પ્રબુદ્ધ જીવન' કોર્પસ ફંડમાં ત્રણ લાખનું અનુદાન આપી પંદર વર્ષ સુધી કોઈ પણ એક મહિનાનું સૌજન્ય પ્રાપ્ત કરો.**

**'પ્રબુદ્ધ જીવન'ના ખાસ અંક માટેના સૌજન્યનું અનુદાન રૂપિયા ચાલીસ હજાર છે.**

**સ્વજનને શબ્દાંજલિ જ્ઞાનકર્મથી અર્પી જ્ઞાનપુણ્ય પ્રાપ્ત કરો.**

## જૈન પરંપરાના પુનરુદ્ધારકો-૨૧

**એકેકું ડગલું ભરે શેત્રુંજા સમો જેહ, ઋષભ કહે ભવ ક્રોડના કર્મ ખપાવે તેહ !**

# મુનિરાજ કલ્યાણવિમળજી ઝંખતા હતા કે પાલિતાણાની તળેટીમાં યાત્રિકોને ભાતું અપાય !

**આચાર્યશ્રી વાત્સલ્યદીપસૂરીશ્વરજી**

જગતની તમામ ભાષાઓ અને જગતના તમામ લોકોનો એક ચિરપરિચિત શબ્દ છે ભૂખ. ભૂ એટલે ભૂમિ અને ખ એટલે આકાશ. ભૂમિથી આકાશ સુધી જેની પીડા ભટકાવે, ભમાવે તેનું નામ ભૂખ, ભૂખનાં દુઃખ આકરાં છે!

પાલિતાણાની ધર્મભૂમિ અને શત્રુંજય તીર્થનું ધર્મક્ષેત્ર હંમેશાં સૌને આકર્ષે છે. હજારો યાત્રિકો હંમેશાં અહીં યાત્રાર્થે આવે છે. ભગવાન આદિનાથને પૂજે છે. આજથી ચારસો વરસ પહેલાં કવિ ઋષભદાસે પ્રત્યેક ધર્મી જૈનની ભાવનાનું ગાન કરતાં કહ્યું છે કે,

પ્રહ ઊઠી વંદું, ઋષભદેવ ગુણવંત!

એવા શત્રુંજય તીર્થની આ વાત છે. આજથી આશરે દોઢસો વરસ પહેલાંની વાત. પાલિતાણા હંમેશાં યાત્રિકોથી ધમધમતું રહે. યાત્રિકોનં કીડિયારું ઊભરાતું હોય એમ રોજ ભક્તો વૃંદ આવ્યા કરે. પહાડ પર ચઢે. પ્રભુની પૂજા કરે, ભક્તિ કરે. નીચે ઊતરીને ધર્મશાળામાં વિસામો લે. ભોજનશાળામાં જમીને અથવા સાથે લાવેલું ભાતું ખાઈને પછી વિદાય લે. પગલે-પગલે યાત્રિકનું અંતર પ્રભુને વંદે. એમના આત્માને જિનદર્શનનો આનંદ પુલકિત કરે.

તે સમયે પાલિતાણામાં એક મુનિશ્રીનો વાસ. દયાળુ અને ભદ્રિક મુનિરાજ. એમનું નામ શ્રી કલ્યાણવિમળજી મહારાજ. શત્રુંજય તીર્થની ભક્તિ અને શ્રી આદિનાથ ભગવાનની ભક્તિની એમની ટેક. એ રોજ યાત્રાર્થે જાય, યાત્રિકોને જુએ. યાત્રા કરીને પાછા વળે ત્યારે મનમાં એક વિચાર જાગે કે આ યાત્રિકોને કંઈક ભાતું અપાય તો સારું! સૌથી મોટું દુઃખ તે ભૂખનું દુઃખ. આ યાત્રિકોને કંઈક ચણા-મમરા જેવું પણ અપાય, તોય ટેકો રહે. મનમાં એ વિચાર તો થાય પણ કહેવું કોને? આ કામ શ્રીમંત માનવીનું છે, નાનાનું કામ નહિ.

એકદા બપોરની વેળા યાત્રાથી પાછા વળી શ્રી કલ્યાણવિમળજી તીર્થની તળેટીમાં વૃક્ષની છાયામાં ઊભા રહ્યા. ગરમી કહે મારું કામ. પ્રચંડ તાપનો સમય. એ વખતે બાજુમાં ઝાડની નીચે એક કુટુંબ બેઠેલું. કોલકાતાના એ ગર્ભશ્રીમંત શેઠ. રાયબાબુ સીતાપચંદજી કુટુંબના વડીલ હતા. મુનિવર એમની નજીક ગયા. યાત્રિકોની વિટંબણા કહી, પોતાની ભાવના કહીને કંઈક ભાતું અપાય તો સારું તેમ કહ્યું. શેઠના દિલમાં એ વાતથી પ્રેરણા થઈ ને ચણા તથા સેવ-મમરાનું ભાતું શરૂ થયું! મુનિવરને હરખનો પાર નહિ, હવે યાત્રિકો આવે, પાછાં વળતાં ચણા ને સેવ-મમરાનું ભાથું ખાય. થોડી શાંતિ મળે અને ચાલ્યા જાય. મુનિવર એ જુએ ને એમના બત્રીસ કોઠે દીવા ઝળહળ થાય.

મુનિવર ઝંખે કે ભાતું હજી અપૂરતું છે, એમાં કંઈક ઉમેરાવું જોઈએ તો થાકેલાં યાત્રિકને રાંધવાની જંજાળ મટે ને ધર્મભાવના વધે. શુભ ભાવનાનાં પ્રતિબિંબ સદૈવ પડે જ છે. કોઈ શ્રીમંતોએ એકઠા થઈને ભાતામાં ઢેબરાં ને દહીં શરૂ કર્યાં. મુનિ મહારાજ શ્રી કલ્યાણવિમળજી રાજીના રેડ થઈ ગયા. એમનો ઉત્સાહ હૈયામાં સમાય નહિ. અમદાવાદના નગરશેઠ હીમાભાઈ યાત્રા કરીને પાછા વળતા હતા અને મુનિશ્રી તેમની પાસે ગયા. કહ્યું કે - 'ધર્મના પ્રાંગણમાં સૌ ધર્મીજનો સરખાં છે, ભાતું જમીને જાવ.'

શેઠ ગાડીમાંથી નીચે ઊતર્યા ને કુટુંબ સમેત વડલાના ઝાડ નીચે બેઠા, હાથમાં થાળી લીધી. ઢેબરું લીધું ને જમવા બેઠા, પણ રે! ઢેબરું તૂટે જ નહિ!

મુનિવર ત્યાં આવ્યા. એમણે કહ્યું, 'શેઠ! સેવ-મમરાથી પેટ ભરાય નહિ. ઢેબરાંથી પહોંચાતું નથી : કંઈક વ્યવસ્થા કરો, આ ધર્મનું કામ છે, સાચું કામ છે. જે કરશે તે ભવ તરશે.'

શેઠ કહે, 'આપની વાત સત્ય છે. ભાતું આપવામાં મોટું પુણ્ય છે. હવેથી મોટો લાડવો અને સેવ-ગાંઠિયાની વ્યવસ્થા હું કરીશ.' એ પુણ્યવંતી પળે લાડવા અને સેવ-ગાંઠિયાનું ભાતું શરૂ થયું તે અદ્યાપિ ચાલુ છે. નાનાં-મોટાં સૌ એ ભાતાનો પ્રસાદ આરોગીને સંતોષનો ઓડકાર લે છે! ગરીબને તો એક દિનનું ભોજન છે. ભાતું આરોગે, શાંતિવાવનું પાણી પીએ, ને એ મુનિવરને સંભારે.

સમય કદીએ રોકાય નહિ. બસ્સો વરસ વીત્યાં એ વાતને, અને ભાતું અખંડ ચાલુ છે. શત્રુંજય તીર્થની તળેટી તરફ જતાં નાહર બિલ્ડિંગ અને પાંચ બંગલાવાળી ધર્મશાળાની વચમાં એક ચરણપાદુકાવાળું સમાધિસ્થાન દેખાય છે, તે આ મુનિરાજનું સ્મૃતિમંદિર છે! એ દેરીમાં વિ.સં. ૧૯૧૨નો શિલાલેખ મળે છે એટલે આ ભાતાની શરૂઆત તેનાં દસ વર્ષની પૂર્વેની ગણીએ તોય પોણા બસ્સો વરસ થયાં. હૃદયની સાચી ભાવનાનું અમૃત જેમાં સીંચાયું હોય તેવું સત્કર્મ કદી બંધ થાય નહિ.

એ પછી તો સરસ ભાતા ભવન બન્યું. જ્યાં તળેટીમા વડલો

હતો ને ભાતું અપાતું તે ઊખડી ગયો છે, ને અમદાવાદના મિલમાલિક, શેઠ લાલભાઈ દલપતભાઈનાં માતુશ્રી ગંગામાએ સુંદર વિશ્રાંતિગૃહ બાંધ્યું છે. એમાં આવો શિલાલેખ છે : શેઠ લાલભાઈનાં માતાજી ગંગાબાઈ સને ૧૯૧૪, અમદાવાદ મિસ્ત્રી મો.મા.સ. : ૧૯૭૦ની સાલ.

એ પછી એ વિશ્રાંતિ ભવન શેઠ આણંદજી કલ્યાણજી દ્વારા અદ્યતન બન્યું. ભાતાનું આ પુણ્યક્ષેત્ર એ ધર્મક્ષેત્રના પ્રાંગણમાં જ તુલસીક્યારાની જેમ ઊભું છે!

❑❑❑

સંપર્ક : ૯૭૬૯૯૫૭૩૯૩, અમદાવાદ

# શ્રી ભક્તામર સ્તોત્ર - આસ્વાદ

**ડૉ. રતનબેન ખીમજી છાડવા**

(ગતાંકથી ચાલુ...)

**સર્વારિષ્ટ-ચર્મરોગ નાશક**

મત્વેતિ નાથ તવ સંસ્તવનં મયેદ ।
મારભ્યતે તનુ-ધિયાપિ તવપ્રભાવાત્ ॥
ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ ।
મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદબિન્દુઃ ॥૮॥

ભાવાર્થ :- હે નાથ, એવું માનીને મંદબુદ્ધિવાળા એવા મારા દ્વારા આ સ્તોત્રનો આરંભ થાય છે. તે આપના પ્રભાવથી જ સત્-સજ્જન પુરુષોના ચિત્તનું હરણ કરશે. જેમ કમળપત્ર પર પડેલું પાણીનું બિંદુ કમળના પ્રભાવથી મોતીની આભા ધારણ કરે છે અર્થાત મોતીની જેમ ચમકે છે.

વિવેચન :- પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકારે 'હું આરંભ કરું છું' એમ ન કહેતાં કર્મણિ પ્રયોગનો ઉલ્લેખ કરી પોતાની પ્રધાનતાને ગૌણ ગણાવી છે. કારણ કે જ્યારે ભક્તના અંતઃકરણમાં પ્રભુનું નામ દૃઢ થઈ જાય છે ત્યારે તેનું કતૃત્વ લય પામે છે અને કર્તૃત્વની સાથે અહંકાર પણ ઓગળી જાય છે. અર્થાત્ પોતાનું સર્વસ્વ પ્રભુ ચરણે ધરી હળવો બની જાય છે. અહીં આચાર્યશ્રી પણ હળવા બની સાક્ષાત્ પ્રભુનો પ્રભાવ અનુભવી રહ્યા છે. એટલું જ નહિ તેમણે આ શ્લોકમાં 'સ્તોત્ર', 'ચિત્ત' અને 'સજ્જન પુરુષ' જેવા શબ્દોના સંયોજન વડે પોતાના ભાવોને સ્પષ્ટ કરવા કમળપત્ર પર રહેલા જલબિંદુની ઉપમા પ્રસ્તુત કરી ખૂબીપૂર્વક કાવ્યનો મહિમા દર્શાવ્યો છે અને આ શ્લોકથી ભક્તામર સ્તોત્રનો પણ પ્રારંભ થાય છે.

સ્તુતિકારે 'મત્ત્વા' શબ્દ વડે આ શ્લોકનો આરંભ કર્યો છે. 'મત્વા' શબ્દ અનુમાનવાચી છે. એક ભક્ત પરમાત્મા સાથે વાત કરે છે ત્યારે પરમાત્મા ઉપર એક વિશ્વાસ મૂકે છે. તેનું કોઈ પ્રમાણ ન હોય, અનુમાન કરીને જ વિશ્વાસ મૂકે. આવો વિશ્વાસ મૂકતા સમયે ભક્ત પોતાના બધા અહંકાર ભૂલી શૂન્ય બની પ્રભુને જ કર્તાહર્તા સ્વીકારે છે. અને પોતે ભક્તિના રસમાં ડૂબી જાય છે. અહીં સ્તુતિકાર પણ એવું માને છે કે મારા વિશ્વાસ ઉપર આ સ્તોત્ર સ્વયં આરંભ પામી રહ્યું છે.

સ્તુતિકારે 'મત્વા' શબ્દ પોતાના સમગ્ર કથન માટે તેમ જ પરમાત્માના સમગ્ર સ્વરૂપ માટે પણ દર્શાવ્યો છે. જેમ કે પૂર્વોક્ત સાત શ્લોકમાં તેઓ પરમાત્મા સામે રજૂઆત કરે છે કે હે પ્રભુ! 'તમે દેવોના પૂજ્ય, પ્રકાશ કરનારા, પાપ રૂપ અંધકારને ભેદનારા, ગુણોના સાગર, દેવેન્દ્ર દ્વારા સ્તુતિ કરાયેલા, ત્રણ જગતના ચિત્ત હરનારા છો જ્યારે હું મંદબુદ્ધિવાળા, લજ્જારહિત, અલ્પજ્ઞ છું પણ મારા અંતઃકરણમાં એવી પરમભક્તિ ઉદ્‌ભૂત પામી છે, વળી આપનું સમગ્ર સ્વરૂપ આધારભૂત છે એમ માનીને હું આપની સ્તુતિ કરવા તત્પર બન્યો છું.'

આચાર્યશ્રી ત્રિભુવન સ્વામી એવા પરમાત્મા શ્રી ઋષભદેવને સાક્ષાત્ જોઈને વાત કરતાં હોય એવી રીતે સર્વ શ્રેષ્ઠ એવું સંબોધન 'નાથ' શબ્દ દ્વારા કરી પોતાની સનાથતા પ્રગટ કરી કહે છે કે, ''હે નાથ! ભલેને મારી બુદ્ધિ મંદ હોય પરંતુ આપની કૃપાથી જ મને સ્તુતિ કરવાના ભાવ જાગ્યા છે. આપના પ્રભાવથી જ આ સ્તોત્ર મારા દ્વારા રચના પામી રહ્યો છે. આપના અનુગ્રહ વિના મારા જેવો અલ્પ શક્તિશાળી આત્મા આવું ભવ્ય કામ કેવી રીતે કરી શકે! એટલું જ નહિ પણ ... આપના પ્રભાવથી જ મારા દ્વારા સ્તોત્રની રચના થશે તે સજ્જન લોકોના ચિત્તને પણ આકર્ષશે. વળી આ સ્તોત્ર દેવાધિદેવનું હોવાથી અવશ્ય આદરણીય બનશે અને લોકોના ચિત્તમાં અંકિત થઈ જશે.''

અહીં સ્તુતિકારે સ્તોત્રનો મહિમા દર્શાવવા કમળપત્રની ઉપમા પ્રસ્તુત કરી છે. જેમ કમળપત્ર પર રહેલું પાણીનું બિંદુ મોતીની જેમ ચમકે છે. કારણ કે તેમાં કમળની પવિત્રતા અને શુદ્ધતાનો પ્રભાવ રહેલો હોય છે. કમળ કાદવમાં ખીલે છે તેમ છતાં કાદવને જરાપણ સ્પર્શ કરતું નથી. તેમ પરમાત્મા પણ પવિત્ર અને શુદ્ધ છે. તેમનામાં કમળની જેમ પાપરૂપ કાદવનો જરાપણ અંશ હોતો નથી. તેથી તેમના પ્રભાવથી આ સ્તોત્ર પણ સજ્જનોના હાથમાં મોતીની માફક શોભા પામશે.

સ્તુતિકારે આ શ્લોકમાં 'સ્તોત્ર', 'ચિત્ત' અને 'સજ્જન પુરુષ' આ ત્રણ શબ્દોનું સુંદર સંયોજન કરી સમરૂપે દર્શાવ્યા છે. જેમકે ભગવદ્ ભક્તિ સર્વશ્રેષ્ઠ સ્તુતિ ગણાય છે. એટલે સ્તોત્ર પણ સમ્યક્ સત્ સ્તોત્ર કહેવાય. તેમ જ પ્રધાન આલંબન તરીકે 'સજ્જન પુરુષ'નો ઉલ્લેખ કર્યો છે. કારણ કે તેઓ સત્ તત્ત્વથી પ્રભાવિત

હોય અર્થાત્ સમ્યક્ દૃષ્ટિવાળા હોય છે. એટલે કે એક બાજુ સત્ સ્તોત્ર છે. બીજી બાજુ સમ્યક્ દૃષ્ટિવાળા સજ્જન પુરુષો છે. બન્ને પક્ષ સદ્રૂપ હોવાથી તેમની વચ્ચેનું ઉપકરણ ચિત્ત પણ નિર્મળ બની ગયું છે. કારણ કે મન વિષયના રસવાળું હોય જ્યારે ચિત્ત ગુણગ્રાહી હોય છે. એટલે ચિત્ત પણ સત્ બની ગયું છે. આમ ત્રણેય સમપ્રકાશી હોવાથી પરસ્પર આકર્ષાય છે. એટલે આ સત્ સ્તોત્ર સજ્જન પુરુષોના ચિત્તનું હરણ કરશે એમાં કોઈ શંકા નથી. અર્થાત્ સ્થાનના પ્રભાવથી પણ વસ્તુનું મહત્ત્વ વધી જાય છે. આ સ્તોત્રનું માધ્યમ અર્થાત્ સ્થાન દેવાધિદેવ સ્વયં છે. અહીં તેમણે પોતાના આ ભાવને સ્પષ્ટ કરવા માટે સુંદર ઉપમાથી પરોક્ષભાવે પ્રભુના નામનો મહિમા દર્શાવ્યો છે તેમ જ સત્ પુરુષોના ચિત્તની યોગ્યતાને પણ પ્રકાશિત કરી છે.

આચાર્યશ્રી આ શ્લોકમાં પરમાત્માના પ્રભાવને અને તેનાથી આગળ વધીને સ્તુતિમાં જ કર્તૃત્વની સ્થાપના કરી પોતાને એક નિમિત્ત માત્ર ગણે છે. આવા અધ્યાત્મના ગૂઢભાવો તેમના મુખમાંથી શ્લોક રૂપે સરી રહ્યા છે.

**ऋध्धि :- ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो पयाणुसारीणं।**

**मंत्र :- ॐ ह्राँ ह्रीं ह्रूँ ह्रः अ रि आ उ सा अप्रतिचक्रे फट्ट वियक्राय झ्रौं झ्रौं स्वाहा। पुनः ॐ ह्रीँ लक्ष्मण रामचन्द्रदेव्यै नमः स्वाहा।**

વિધિવિધાન :- અરીઠાનાં બીજની માળાથી ૨૯ દિવસ સુધી પ્રતિદિવસ ૧૦૦૦ વાર ઋધ્ધિ તથા મંત્રના જાપ કરવા. તેમ જ ઘી મિશ્રિત ગૂગલના ધૂપથી ક્ષેપણ કરવું તથા ગૃહસ્થે મીઠાની કાંકરી ૭ વાર અથવા ૧૦૮ વાર મંત્રીને હોમમાં નાખવી.

લાભ :- યંત્ર પાસે રાખવાથી તેમ જ આઠમો શ્લોક તેમ ઋધ્ધિ મંત્રની આરાધનાથી બધા પ્રકારની આપત્તિ-વિપત્તિ, પીડા વગેરે દૂર થાય છે. તેમ જ મીઠાની સાત કાંકરી લઈને એક-એકને એકસો આઠ વાર મંત્રીને પીડાતા અંગને ઝાડો દેવાથી પીડા મટી જાય છે.

ભક્તામરની પ્રસ્તુત આઠમી ગાથાના જાપથી શું ફળાગમ મળે છે તે દર્શાવતી એક પ્રાચીન કથા....

**-: શેઠ ધનપાલની કથા :-**

કંચન દેશમાં વસંતપુર નામનું એક નગર હતું. ત્યાં ધનપાલ નામનો એક વણિક રહેતો હતો. તે ઘણો ધર્માત્મા તેમ જ પાપભીરુ હતો. એની પત્ની ગુણવંતી પણ ગુણિયલ હતી. પરંતુ ધન અને સંતાનના અભાવમાં તે બન્ને દુઃખી-દુઃખી રહેતાં હતાં.

ભાગ્યવશાત્ એક દિવસ ચંદ્રકીર્તિ અને મહિકીર્તિ નામના બે જૈનમુનિઓ વિહાર કરતાં કરતાં ધનપાલના ઘર પાસેથી પસાર થયા. ત્યારે તેમણે ખૂબ જ આદરપૂર્વક મુનિઓને ગોચરી-પાણી માટે પધારવા વિનંતી કરી. સમદર્શી એવાં જૈન મુનિઓ શ્રીમંત કે નિર્ધન બધાના ઘરે જાય છે. ધનપાલ તેમ જ તેની પત્નીએ ખૂબ જ ભક્તિભાવથી મુનિઓને આહાર આદિ વહોરાવ્યા. ત્યારબાદ શેઠની પત્નીએ ખૂબ જ વિનયપૂર્વક મુનિરાજને પૂછ્યું, હે ગુરુદેવ! મને કર્મરાજાએ બન્ને બાજુથી દુઃખી કરી છે. પ્રથમ તો હું નિર્ધનતાથી પીસાઈ રહી છું. બીજું સંતાન હીનતાથી દુઃખી રહું છું. તો હું શું કરું? કૃપા કરી આ સંકટમાંથી બચવાનો કોઈ ઉપાય બતાવો.

જૈન સાધુઓ દયાના સાગર હતા. તેમણે ધનપાલ અને ગુણવંતી બન્નેને ભક્તામર સ્તોત્રની આઠમી ગાથા મંત્રવિધિ સાથે શિખવાડીને ત્યાંથી પ્રસ્થાન કર્યું. જો નિષ્કામભાવથી મંત્રની આરાધના કરવામાં આવે તો અવશ્ય તેનું ફળ મળે છે. ધનપાલે પણ એકાંત સ્થળમાં જઈ પર્યંક આસનમાં બેસી સતત ત્રણ દિવસ-રાત સુધી મંત્રની આરાધના કરી. તેની ભક્તિથી શાસનદેવીએ ખુશ થઈ દર્શન આપ્યા અને બોલ્યા, ''હે વત્સ! શું ઇચ્છે છે? તારી કોઈ પણ એક ચિંતાને દૂર કરી આપીશ.''

ધનપાલને ગરીબી ખૂબ જ સતાવતી હતી. એણે વિચાર્યું કે જીવન માટે ધન ખૂબ આવશ્યક છે. એની આગળ સંતાનનો સવાલ મહત્ત્વનો નથી. એટલે એણે શાસનદેવીને ધનની પૂર્તિની વાત બતાવી. ત્યારે દેવી 'તથાસ્તુ' કહી જિન પૂજાનો ઉપદેશ આપી, એક દેવોપુનીત સુંદર સિંહાસન ભેટ આપી દેવલોકમાં જતી રહી. હવે ધનપાલ નામથી જ નહિ પરંતુ દામથી પણ ધનપાલ બની ગયો. તેમ જ ધર્મ-આરાધનામાં રહેવા લાગ્યો.

આ વાત ત્યાંના રાજા સિદ્ધિધરે સાંભળી કે જે નામથી તો ધનપાલ હતો, પણ ખૂબ જ ધનહીન હતો તે ખૂબ મોટો ધનાઢ્ય બની ગયો છે. ત્યારે તેમને ખૂબ જ આશ્ચર્ય થયું. એક દિવસ સ્વયં રાજા શેઠ ધનપાલજીના ઘરે ગયા. ત્યારે દેવી દ્વારા પ્રાપ્ત સિંહાસન જોઈને પ્રસન્ન થયા. રાજાના કહેવાથી શેઠ ધનપાલે સિંહાસન પર શ્રી જિનેન્દ્રદેવની પૂજા કરી. ત્યારે ફરીથી શાસનદેવી પ્રગટ થઈ. તેને જોઈ રાજાને પણ જૈનધર્મ પર દૃઢવિશ્વાસ જાગ્યો. ત્યારે દેવી જૈનધર્મને સર્વોપરિ બતાવી જૈનધર્મનો જય જયકાર કરી દેવલોકમાં ચાલી ગઈ. ત્યારે રાજાએ પ્રજા સહિત જૈનધર્મનો અંગીકાર કર્યો.

''અદ્ભુત છે! ભક્તામર સ્તોત્રની દરેક ગાથા....''

**ક્રમશઃ**

❑❑❑

૩૦૨, ગુંદેચા ગાર્ડન,
લાલબાગ, મુંબઈ - ૪૦૦૦૧૨.
મો.નં. ૯૮૯૨૮૨૮૧૯૬

**સુધારો -જાન્યુઆરી - ૨૦૧૯**

**ભક્તામર - લેખમાળા**

**શ્લોક ૭ લેખમાંના સુધારા**

**લાઈન ૧લી છેલ્લો શબ્દ – સન્નિબદ્ધં**

- **૨જી છેલ્લો શબ્દ – શરીરભાજામ્**
- **૩જી પહેલો શબ્દ – આક્રાન્તલોક**

**વિવેચન : ૨જી લાઈન – સન્નિબદ્ધં • ૭મી લાઈન – સન્નિબદ્ધં**

# નગીનદાસભાઈ સંઘવીને પદ્મશ્રી: પદ્મશ્રીનું સન્માન

જયેશ ચિતલિયા

નગીનદાસભાઈ સંઘવીને તાજેતરમાં જ ભારત સરકાર તરફથી પદ્મશ્રી તરીકેનું સન્માન પ્રાપ્ત થયું . આપણને સૌને આ બાબતનો આનંદ થયો, ગૌરવ પણ થયું કે આપણા ગુજરાતી લેખકને આ સન્માન પ્રાપ્ત થયું. કિંતુ આ સાથે અમુક રંજ પણ થયો. છેક ૯૯ વરસની ઉંમરે તેમને આ સન્માન પ્રાપ્ત થયું. સાચા માનવીની કદર કરવામાં સરકાર હોય યા સમાજ કાયમ મોડું કેમ કરે છે? જે વ્યકિત નિર્દંભ, નિખાલસ, સત્ય, સ્પષ્ટ અને કોઈની પણ શેહમાં આવ્યા વિના સતત પાંચ દાયકા કરતાં વધુ સમયથી અખબારોમાં -સામયિકોમાં સતત લખે છે, લોકોને સાચી માહિતી અને માર્ગદર્શન આપવા લખે છે, લોકોને જગાડવા લખે છે, એ લખવા માટે ખૂબ વાંચે છે, અભ્યાસ કરે છે, સાધના અને તપ કહી શકાય એવું સંશોધન કરે છે એવા ગુજરાતી લેખકને સરકારે આટલા મોડા યાદ કર્યા તેનો રંજ થવો સ્વાભાવિક છે. જો કે આ રંજ સામે પણ આનંદની વાત એ છે કે આવો રંજ તેમને કોઈ નહીં હોય એવો આપણને વિશ્વાસ છે. કેમ કે નગીનદાસભાઈએ કોઈ એવૉર્ડ કે સન્માનને ધ્યાનમાં રાખીને કયારેય લખ્યું નથી. તેમણે એવી કોઈ અપેક્ષા પણ રાખી નથી એવું દઢ્પણે કહી શકાય અને આ વાત સાથે સહમત થનારાઓની સંખ્યા બહુમતીમાં જ હશે.

વાસ્તવમાં નગીનદાસભાઈને સરકારે પદ્મશ્રી આપીને તેમનું સન્માન કર્યું એ વાત સાચી, પરંતુ આમાં પદ્મશ્રી ખિતાબનું પણ સન્માન થયું હોવાનું કહેવામાં અતિશયોકિત લાગતી નથી.

ભાવનગરની શામળદાસ કોલેજમાંથી ઈતિહાસ અને રાજકારણમાં અનુસ્નાતક થયેલા નગીનદાસભાઈએ મુંબઈમાં સ્થાયી થયા બાદ ભવન્સ, રૂપારેલ અને મીઠીબાઈ કોલેજમાં અધ્યાપન કર્યુ છે. ૧૯૬૨માં તેમણે અખબારોમાં લખવાની શરૂઆત કરી, આ લેખનયાત્રા હજી ચાલુ છે અને રહેશે.

તડ અને ફડ એ તેમના સત્યની શૈલી છે. તેઓ પોતે નમ્ર છે, કિંતુ નમ્ર હોવાનો એ અભિનય કરતા નથી યા તેમણે એવો અભિનય કે દેખાવ કરવો પડતો નથી. સમકાલીન અખબારમાં તેમણે *તડ અને ફડ* નામની કૉલમ લખવાની શરૂ કરી હતી, જે માટે એ સમયના દંતકથા સમાન ગુજરાતી તંત્રી હસમુખભાઈ ગાંધીને પણ યશ આપવો રહ્યો, કેમ કે આ કટાર લોકોને રાજી કરવા નહોતી લખાતી, બલકે લોકોને સત્ય *જ્યોં કી ત્યોં ધર દી ચદરિયા* ના અભિગમ સાથે લખાતી, જેથી સત્ય પચાવી નહીં શકનાર અનેક લોકો તરફથી તેમના લખાણ સામે ઘણીવાર વિરોધ થતો, નિંદા થતી. એના વિરોધમાં વાચકોના ખૂબ પત્રો પણ આવતા અને તંત્રી ગાંધીભાઈ તેને બેધડક છાપતા. જો કે નગીનદાસભાઈને આ વિરોધ કે વાંધા-નિંદાથી કોઈ ફરક પડતો નહી, કારણ કે તેમને માત્ર સત્ય કહેવું હોય છે. આ જ *તડ અને ફડ* કોલમ હાલ લાંબા સમયથી *દિવ્ય ભાસ્કર* અખબારમાં ચાલે છે. એ જ અંદાજ અને એ જ મિજાજ સાથે. વહેલી સવારે (પાંચ વાગ્યાની આસપાસ) ઊઠી જઈ દેશ- દુનિયાના અગ્રણી અખબારો-સમાચારોનું વાંચન કરવું એ તેમનો નિત્યક્રમ રહ્યો છે. આજે પણ તેઓ ચિત્રલેખા, દિવ્ય ભાસ્કરમાં નિયમિત અને કવચિત જન્મભૂમિમાં રાજકીય-સામાજિક વિષયો પર લખતા રહે છે. તેમની દુનિયા માત્ર અખબારી લેખો પૂરતી સીમિત નથી, બલકે તેઓએ સંખ્યાબંધ પુસ્તકો પણ લખ્યાં છે. ગુજરાતીમાં તેમણે રામાયણની અંતર્યાત્રા અને મહામાનવ કૃષ્ણ, ગાંધીજી તથા અંગ્રેજીમાં નરેન્દ્ર મોદી અને ગુજરાત એટ ક્રોસ રોડ્ઝ નામનાં પુસ્તક સહિત ૩૦ જેટલાં પુસ્તક લખ્યાં છે. ૨૯ જેટલી પરિચય પુસ્તિકા લખી છે. તેમણે અનેક પુસ્તકો વાંચ્યાં છે અને હજી વાંચતા રહે છે. તેમનું સંશોધનકાર્ય નિરંતર ચાલ્યા કરતું રહે છે. લેખનકાર્ય શરૂ કર્યું એ પહેલાં તેઓ વિલેપાર્લેની મીઠીબાઈ કોલેજમાં ઈતિહાસના પ્રોફેસર હતા. તેમના અનેક વિદ્યાર્થીઓ પછીથી પ્રોફેસર બન્યા છે.

તેઓ ગીતાનો ઊંડો અભ્યાસ ધરાવે છે. કૃષ્ણ, ગીતા, ધર્મ, સમાજ, રાજકારણ, ઈતિહાસ (ભારતીય અને વિશ્વ) પર તેમના વકતવ્યો પણ નિયમિત યોજાતાં રહે છે. તેઓ નિયમિત દેશ-વિદેશનો પ્રવાસ પણ કરતા રહે છે. મોરારીબાપુની વિદેશોમાં રામકથા યોજાય ત્યારે મોટેભાગે નગીનદાસભાઈ તેમાં હાજર હોય અને બાપુની કથાના સારને તેઓ અંગ્રેજીમાં અનુવાદ કરીને કહેતા હોય છે. મજાની વાત એ છે કે બાપુ પણ તેમને બાપા કહે છે.

તેમની વિચારધારા તેમના જીવન જેવી છે અથવા કહો કે તેમનું જીવન તેમની વિચારધારા જેવું છે. કાયમ સફેદ લેંઘો અને ઝભ્ભો પહેરતા નગીનદાસ બાપા પાસે પોતાનું આગવું તેજ છે, ખમીર છે. ઉંમર વધવાની સાથે તેમની ખુમારી અને ખુદ્દારીને જરાય ઘસારો પહોંચાડયો નથી. ગાંધી બાપુ કહેતા, મારું જીવન એ જ મારો સંદેશ છે. નગીનદાસભાઈ સંઘવી- બાપા આવું ભલે કહેતા નથી, કિંતુ તેમના જીવનમાંથી સંદેશ તો એ જ મળે છે. સત્ય સુંદર છે, સત્ય એ જ શિવ છે. તેમને હાલ ૯૯ ચાલે છે, આ નવમી માર્ચે તેઓ ૧૦૦માં પ્રવેશશે. તેઓ સદા સ્વસ્થ રહે એવો વિશ્વાસ -શ્રદ્ધા છે અને પરમાત્માને આપણા સૌની પ્રાર્થના પણ છે.

❑❑❑

સંપર્ક : ૯૮૨૦૯૯૨૨૨૧

# પ્રાર્થના

## ભારતી બી. શાહ

વર્ષો જૂની એક હિન્દી ફિલ્મમાં લતા મંગેશકરે ખૂબ જ સરસ પ્રાર્થના ગાઈ હતી. ફિલ્મ હતી, ''દો આંખે, બારહ હાથ'' પ્રાર્થનાના શબ્દો અને સૂર આજે પણ લોકોના હૃદયમાં ગૂંજી રહ્યા છે.

''એ, માલિક! તેરે બંદે હમ.''

એ સમયમાં લગભગ બધી જ ફિલ્મોમાં એકાદ પ્રાર્થના તો અચૂક ગવાતી. આજે પણ 'હમ કો મન કી શક્તિ દેના' અને 'ઈતની શક્તિ હમે દેના દાતા' જેવી પ્રાર્થનાઓ લોકોને જરૂરથી એક શ્રદ્ધાનું બળ પૂરું પાડે છે.

શકુંતલા જૈન ગર્લ્સ હાઈસ્કૂલમાં જ્યારે અમે ભણવા જતાં ત્યારે સવારના નિયત સમયે ૮.૩૦ કલાકે સૌપ્રથમ નવકારમંત્ર અને ત્યારબાદ 'મા સરસ્વતી'ની પ્રાર્થના કરવાનો નિયમ અમારી સૌ વિદ્યાર્થિનીઓના જીવનમાં વણાઈ ગયેલો. જોકે આજે પણ અંગ્રેજી, ગુજરાતી, મરાઠી કે અન્ય કોઈપણ માધ્યમની સ્કૂલોમાં સર્વપ્રથમ પ્રાર્થના કરવાનો એક વણલખ્યો નિયમ ચાલુ છે. ત્યારબાદ જ વર્ગ શરૂ થાય. પૂ. ગાંધી બાપુની પ્રાર્થના ''વૈષ્ણવ જન તો, તેને રે કહીએ...''નરસિંહ રાવ દિવેટિયાની 'મંગલ મંદિર ખોલો', વિગેરે વિગેરે અનેક પ્રચલિત પ્રાર્થનાઓ વિવિધ પ્રસંગોમાં, વિવિધ રાગો-દ્વારા, વિવિધ સ્વરૂપે માનવજીવન સાથે જોડાયેલી છે.

દુનિયાના તમામ ધર્મોમાં પ્રાર્થનાનું ખૂબ જ મહત્વ છે. પ્રભુ દ્વારા સ્વીકૃતિ મળે. પ્રભુ આપણી વિનંતીનો સ્વીકાર કરે. આપણી ભીતરમાં છુપાયેલી પરમાત્મશક્તિ પૂજા અને પ્રાર્થના દ્વારા પ્રગટ થાય છે. પ્રાર્થના એટલે ઈશ્વર સાથેની ગોષ્ઠિ, એક પ્રકારનો સંવાદ. જે માનવી પોતાના અંતરની વ્યથા, વાતો ઈશ્વર સાથે આદાન-પ્રદાન કરી શકે તે. ઈશ્વરની સમપી પહોંચવાનો માર્ગ પ્રાર્થના. આપણી ભાવનાત્મક સંવેદનાઓ તેમના સુધી પહોંચાડવાની એક ઝંખના જાગે છે ત્યારે તેમાંથી પ્રાર્થના બને છે. ધર્મ અને વિજ્ઞાન આમ તો એકબીજાના જોડીદાર છે. પરંતુ જ્યાં વિજ્ઞાનની મર્યાદા આવે છે ત્યાંથી ધર્મની શરૂઆત થાય છે. માનવી વિજ્ઞાન દ્વારા નહિ પણ ધર્મનાં આલંબનથી પ્રભુનો સ્પર્શ પામવાની ઈચ્છા રાખે છે. ઘણાં વર્ષો પહેલાં ફિલ્મ જગતનો બેતાજ બાદશાહ, અમિતાભ બચ્ચન એક ફિલ્મના શૂટીંગ દરમ્યાન ખૂબ જ ગંભીર હાલતમાં જખમી થઈને હોસ્પિટલનાં બિછાનાં પર જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો હતો. ત્યારે તબીબોએ પણ તેના ચાહકોને કહ્યું હતું કે; ''આપ સૌ પ્રાર્થના કરો, દુઆ કરો એ જ હવે કામ લાગશે.'' અને સમગ્ર હિંદુસ્તાનના તેના ચાહકોએ પ્રાર્થનાઓ, મન્નતો, બાધાઓ કંઈક વ્રત-નિયમો માન્યા હતા અને થોડા જ દિવસોમાં ગજબ ચમત્કાર સર્જાયો... ત્યારે પ્રાર્થનાનું બળ, શ્રદ્ધા અને પ્રાર્થનાની શક્તિ કામ કરી ગઈ. આજે પણ ઘણા દરદીઓની હાલત હોસ્પિટલમાં ગંભીર સ્વરૂપ પકડી લે છે ત્યારે ડૉક્ટરો તેના સ્વજનોને કહી દે છે કે; ''પ્રાર્થના કરો.'' મોટાં મોટાં શહેરોની અનેક નામાંકિત હૉસ્પિટલોમાં દરેક ધર્મોના ભગવાનોની મૂર્તિઓ સાથેનો પ્રાર્થનાખંડ હોય છે.

આ પ્રાર્થના શું છે? પ્રાર્થના એક કલ્પવૃક્ષ સમાન છે. જેની છાયામાં બેસીને યાચક બની નમ્રતા, સરળતા અને વિનયપૂર્વકની માગણી કરવાથી ઈશ્વરની અપરંપાર કૃપા મેળવી શકાય છે. તેનાથી આપણાં મનને, ચિત્તને સ્વસ્થતા મળે છે. એકાગ્રતા આવે છે. પ્રાર્થના પ્રભુને બદલતી નથી, પ્રાર્થના કરનારને બદલે છે. શરત એટલી જ પ્રાર્થના હાથવગી, હોઠવગી, હૈયાવગી હોવી જોઈએ તો જ હરિવર તેનો પ્રતિસાદ આપશે. પ્રાર્થનાના એક એક શબ્દમાં તાકાત હોવી જોઈએ. પ્રાર્થનાનો જવાબ પ્રભુ પાસે માગવાનો ન હોય, તેનો અહેસાસ કરવાનો હોય. પ્રભુ પ્રત્યેની અતૂટ શ્રદ્ધા હોવી જોઈએ. આપણા આત્મા સાથે તેનો સ્પર્શ થવો જોઈએ. પ્રાર્થનામાં શબ્દો ઓછા હોય, પ્રાર્થના મૌન હોય. તેમાં કોલાહલ કે ઘોંઘાટને સ્થાન ન હોય. આપણી પ્રાર્થના એવી સાવચેતીપૂર્વકની હોવી જોઈએ જેથી આસપાસ લોકોને વિક્ષેપ ન પડવો જોઈએ.

જીવ ને શિવ સાથે જોડી આપતો સંબંધ એ જ પ્રાર્થના. તેના દ્વારા આત્મા જાગે તો કર્મશત્રુ પર વિજય મેળવી શકાય અને મોક્ષની નીસરણી પર પહોંચવાનું લક્ષ્ય પ્રાપ્ત થાય. પ્રાર્થના એ માત્ર ક્રિયાકાંડ નથી. આત્માના ઊંડાણમાં ઘર કરી ગયેલા ગાઢ દોષોને બહાર લાવવાની પ્રક્રિયા છે. તેનાથી દોષશુદ્ધિ, મનશુદ્ધિ અને ચિત્તશુદ્ધિ તો થાય જ છે. માનવી માત્ર ભૌતિક સુખની દોડમાં, તૃષ્ણામાં આમથી તેમ દોડયા કરે છે. પણ તે સુખનું સાચું સરનામું ભૂલી ગયો છે. આ સરનામું કોઈપણ વેબસાઈટમાંથી કે Googleમાંથી નથી મળવાનું. ઈસુ કહે છે; ''સુખનું સાચું સરનામું જ ઈશ્વર છે. ઈશ્વર સર્વત્ર છે. ઈશ્વર અહીં પણ છે ત્યાં પણ છે, સમગ્ર બ્રહ્માંડમાં છે, જરૂર છે આપણા સાચા દિલની પુકાર તેમના કાને પડવી જોઈએ. ઈશ્વર સર્વનો છે તો તે મારો પણ છે ને તમારો પણ છે. જગતનાં પ્રાણી-માત્ર, બધા જીવોમાં છે. તમે સૌ પ્રાર્થના દ્વારા એમને પામી શકો છો. સુખ તેમાં જ છે.''

જૈન ધર્મમાં પણ પ્રાર્થનાનું ખૂબ જ મહત્ત્વ છે. જૈન ધર્મના કેટલાંક સૂત્રો અને તેની ગાથાઓ, શ્લોકો વિગેરે પ્રાર્થના સ્વરૂપ જ છે. જન જનને જગાડતી સૂત્રોની ગાથાઓ જિનવર સાથે આપણને જોડી આપે છે. આ પ્રાર્થનાના શબ્દો, તેના અર્થો જો આપણે કંઠસ્થ કરી લઈએ, હૃદયસ્થ ધારણ કરી લઈએ તો આપણું જીવન ધન્ય બની જાય. પ્રાર્થનાનો પ્રાણ પરમાત્મા છે. તેમનું વંદન, ગુણ

કીર્તન અને સ્તવના કરીએ, એક યાચક બનીને તેમના શરણે જઈએ તો પ્રાર્થના સાર્થક થયા વગર રહે નહિ.

છ આવશ્યક ક્રિયાઓમાં આવતાં સૂત્રોમાં બતાવેલી નિત્ય અને નિશ્ચિત પ્રાર્થનાઓ છે. તો તેમાં આવતાં વંદિતુ, અતિચાર, અઢાર પાપસ્થાનક જેવાં સૂત્રો કરેલા પાપોનાં એકરાર અને પ્રાયશ્ચિત માટેના છે. પ્રાર્થનાનાં એકથી વધુ અર્થ છે. તેની એકથી વધુ વ્યાખ્યા છે. એ તમામ અર્થોમાં અને વ્યાખ્યાઓમાં પરમાત્મા અને પંચ પરમેષ્ઠિ કેન્દ્ર સ્થાને છે. જૈન દર્શનમાં નવકાર, લોગસ્સ અને જયવિયજ્ઞયસૂત્ર. આ ત્રણ ચર્તુવિધ સંઘ માટેનાં પ્રાર્થના સૂત્રો છે. નવકાર મહામંત્ર છે. તેનો મહિમા અચિંત્ય છે. મંત્રમાં પણ પ્રાર્થના હોય જ છે. ઈચ્છિતની પ્રાપ્તિ માટે જ મંત્રની સાધના કરવામાં આવે છે. આ અર્થમાં નવકાર એક પ્રાર્થના છે. જૈન શાસનમાં દરેકે દરેક કાર્યોની શુભ શરૂઆત સૌપ્રથમ 'નવકાર મંત્ર'ના પઠનથી જ થાય છે. પ્રાતઃ જાગતા અને રાત્રે સૂતાં પહેલાં નવકાર મંત્રનું સ્મરણ કરવાનો નિયમ જૈનોએ અપનાવેલો હોય છે. નવકારમંત્ર વિશ્વશાંતિ માટેની સનાતન પ્રાર્થના છે. જેના દ્વારા અખિલ વિશ્વનાં પ્રાણી-માત્રનું કલ્યાણ થાઓની, ભાવના રહેલી છે. પ્રાર્થના એટલે મૈત્રી, આદિ ચાર અને અનિત્યાદિ બાર એવી સોળ ભાવના ભાવવાની છે. નવકારમાં પંચ પરમેષ્ઠિના ગુણ નામ છે. + વંદન છે + સર્વનું કલ્યાણ છે. નવકારમાં કોઈ જ માગણી નથી. તેમ છતાં તે પ્રાર્થના તરીકે મહત્ત્વની છે.

લોગસ્સમાં ૨૪ તીર્થંકરોનાં નામ છે, વંદન છે. ગુણકીર્તન છે પણ તે પ્રાર્થના સૂત્ર નથી કહેવાતું. પરંતુ શાસ્ત્રકારો કહે છે કે આ માગણી માગણીમાં ફરક છે. માત્ર 'જયવીયરાય સૂત્ર' જ પ્રાર્થના સૂત્ર કહેવાય છે. આ સૂત્રમાં માત્ર એક વીતરાગનું નામ છે - 'જગગુરુ'નાં વિશેષણથી માત્ર ગુણકીર્તન છે. આ પ્રાર્થના સૂત્ર દ્વારા પ્રભુ પાસે માગણી એટલે યાચના કરવામાં આવે છે. પરમાત્માના સ્તુત્ય ગુણોની પ્રશંસા કરે. એવા ગુણો પોતાને પણ પ્રાપ્ત થાય અને ગુણ સંપન્નજીવન જીવી શકે તેવું બળ અને બુદ્ધિ મળે તેવી માગણી કરવી તે છે. પ્રાર્થના.

લોગસ્સ સૂત્રની ગાથાઃ - ''આરૂગ્ગ બોહિ-લાભં,
સમાહિ વર મુતમં દિંતુ,
સિધ્ધા સિધ્ધિં મમ દિસંતુ''

સિદ્ધત્વ પ્રાપ્ત કરવા માટે અને બોધિલાભ (સમ્યક્ દર્શન) અને શ્રેષ્ઠ ભાવસમાધિ આપો! મને મોક્ષ આપો.

આ ગાથા બોલતા સાધક શ્રેષ્ઠ એવા સિદ્ધપુરુષોનું સ્મરણ કરતાં નત્મસ્તકે પ્રાર્થના કરતાં કહે છે; ''હે ભગવંત! અનંતકાળથી ભાવરોગથી ઘેરાયેલો છું. તેનાં કારણે મારા દ્રવ્યરોગનો પણ પાર આવતો નથી. આ રોગને ટાળવા પરમ આરોગ્યને પામેલા, હે પ્રભુ! આપની પાસે આરોગ્ય માટે બોધિ અને સમાધિની યાચના કરું છું. હે નાથ! આપ કૃપા કરો અને યોગ્યતા જણાય તો મને મારા રોગને ટાળવાનું ઔષધ આપો.'' આ પ્રાર્થના કરવાનો, માગણી કરવાનો યાચકનો અધિકાર છે. આ રીતે તીર્થંકર ભગવંતો પાસે આરોગ્ય માટે બોધિલાભ તથા ઉત્તમભાવ સમાધિની યાચના કરવાથી તેઓ તે આપતા નથી. કારણકે તેઓ વીતરાગ છે. છતાંય તેમની સ્તુતિ, ભક્તિ કરવાના યોગે સ્વયમેવ તે પ્રાપ્ત થાય છે. અને તેથી જ વીતરાગે આપ્યું ગણાય. 'દિંતુ' પદ. ભક્તિના યોગે તેમની સ્તવના નિમિત્ત હોવાથી તે સ્વયં આપનારા જ ગણાય એ શ્રદ્ધાએ, અપેક્ષાએ 'આપો' એ અર્થમાં સિદ્ધ થાય છે.

જય વીયરાય સૂત્રમાં મોક્ષમાર્ગે આગળ વધવા માટે અત્યંત ઉપયોગી ભવ-નિર્વેદ આદિ આઠ વસ્તુની ભગવાન પાસે માગણી કરવામાં આવી છે. માટે તેનું બીજું નામ પ્રાર્થનાસૂત્ર છે. વળી આ માગણીઓ મનની એકાગ્રતાપૂર્વક અને દઢ નિશ્ચય સાથે કરવાની હોય છે. આ સૂત્રને 'પ્રણિધાન સૂત્ર' પણ કહેવાય છે. ચૈત્યવંદનમાં આ સૂત્રની પ્રાર્થના દ્વારા ઈષ્ટફલની સિદ્ધિ, દુઃખનો ક્ષય, કર્મનો ક્ષય,સમાધિ મરણ અને બોધિલાભની ભાવના ભાવવામાં આવી છે. આ સૂત્રની પ્રથમ બે ગાથા મુક્તિશુદ્ર વડે એટલે બે હાથ કમળના ડોડાના આકારે ભેગા કરીને લલાટે લગાડીને બોલવામાં આવે છે.

પરમનો સ્પર્શ પામવાની હૃદયમાં ઝંખના જાગે છે. સંપૂર્ણ રીતે પરમાત્માને સમર્પિત થઈને યાચક બનીને ગોષ્ઠિ કરતાં કરતાં પરમાત્માને 'જય વીયરાય! જદ ગુરુ' 'હે વીતરાગ પ્રભુ! હે જગ ગુરુ' થી સંબોધન કરીને ત્રિલોકના નાથને સંબોધન કરી. પ્રાર્થના સ્વરૂપે માગણી કરવાની છે.

''હે નાથ! મારું સામર્થ્ય નથી કે મોક્ષની સાધના માટે જરૂરી ભાવનિર્વેદ આદિ ગુણો હું આપબળે મેળવી શકું. તેથી આપના પ્રભાવે જ મને આ ગુણો પ્રાપ્ત થાઓ. પરમાત્માના ૧૩ ગુણોની પ્રાર્થના આ સૂત્રમાં કરાવે છે જે આપણા માટે ઉત્તમ ગુણ સંપત્તિનું કારણ બને તેવું શ્રેષ્ઠ આ સૂત્ર છે.''

''હે નાથ! આપ મારાં હૃદયમંદિરમાં બિરાજમાન છો. આપના પ્રભાવથી જ મને આ ગુણો મળવાના છે તેવા દઢ વિશ્વાસ અને શ્રદ્ધાપૂર્વક પ્રાર્થના કરું છું.'' હે ભગવંત, મારે સુખી થવું છે. સાચું સુખ મોક્ષમાં છે તે હું જાણું છું. અને મોક્ષના માર્ગે ગુણ વિના ચલાતું નથી માટે જ આપની પાસે આ ગુણોની સમૃદ્ધિ માગુ છું. સહૃદય પ્રાર્થના કરુ છું. મારી આ પ્રાર્થનાને આપ સાંભળજો. હે, કરુણાસાગર! કૃપા કરીને મને આ ગુણોનું દાન કરજો.

હે વીતરાગ! મને તમારા પ્રભાવથી શિષ્ટજનો જૈને વિરુદ્ધ માનતા હોય તેવા લોક વિરુદ્ધ કાર્યનો ત્યાગ કરાવો.

હે વીતરાગ! તમારા પ્રભાવથી મને ગુરુજનોની પૂજા કરવાનો અવસર પ્રાપ્ત થાઓ. આપના પ્રભાવથી મારામાં પરોપકારવૃત્તિ પ્રગટે એવી કૃપા કરો.

હે વીતરાગ! આપના પ્રભાવથી મને સદ્ગુરુ સાથેનો સુયોગ

પ્રાપ્ત થાઓ અને તેઓના વચનોનું, તેમની આજ્ઞાનું પાલન કરવાનું સામર્થ્ય પ્રાપ્ત થાઓ. હે વીતરાગ! જ્યાં સુધી આ ભવમાં (સંસારમાં) છું ત્યાં સુધી આપના પ્રભાવથી (ભવ નિર્વેદ આદિ ભાવો.) ('ભવ' એટલે જન્મ અને નિર્વેદ એટલે અણગમો કે કંટાળો ફરી વાર જન્મ લેવાનો કંટાળો, ભવ ભ્રમણનો કંટાળો) અખંડિતપણે મને પ્રાપ્ત થાઓ અને જે તત્વ મોક્ષ ભણી લઈ જાય તેને અનુસરવાની વૃત્તિ, સામર્થ્ય આપો. ભવોભવ તમારા ચરણોની સેવા મને પ્રાપ્ત થાઓ.

હે નાથ! આપને પ્રણામ કરવાથી મારાં કર્મોનો નાશ થાઓ, મારાં દુ:ખોનો નાશ થાઓ, મને સમાધિમરણ તથા સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાઓ. સમકિતની સ્પર્શના થાય અને મૃત્યુ વખતે સંપૂર્ણ સમભાવ રહે તથા અંત સમયની આરાધના બરાબર થાય તેવી પરિસ્થિતિ ઉત્પન્ન થજો.

અંતમાં સૂત્રની અંતિમ ગાથામાં 'અત્યં મંગલ' તરીકે 'સર્વ મંગલ'ની ભાવના ભાવવામાં આવે છે. જૈન શાસન સર્વ મંગલોમાં માંગલ્યરૂપ છે, સર્વ કલ્યાણોના કારણરૂપ છે અને સર્વ ધર્મોમાં શ્રેષ્ઠ છે તેથી તે સદા જયવંતુ વર્તે છે. આ ભાવના સમ્યગ્ દર્શનની પુષ્ટિ કરનારી હોઈને અંત્ય મંગલ તરીકે પ્રાર્થના રૂપે બોલવામાં આવે છે. આ ગાથા માની શાંતિ તથા મોટી શાંતિના અંતમાં પણ બોલાય છે તથા દરેક માંગલિક પ્રસંગોની પૂર્ણાહુતિમાં પણ બોલવામાં આવે છે.

આ રીતે જૈન ધર્મમાં બીજાં અનેક સૂત્રોમાં વિવિધ પ્રકારે ગાથાઓ, શ્લોકો પ્રાર્થના સ્વરૂપે બોલવામાં આવે છે. પરમાત્મા એક છે. પ્રાર્થના અનેક છે.

જૈન શાસનનો જયજયકાર થાઓ, સર્વ જીવોનું મંગલ થાઓ, કલ્યાણ થાઓ એ જ શુભ ભાવના સાથે...

અસ્તુ

વિશેષ નોંધ : 'પ્રબોધ ટીકા' - ભાગ-૧ આવશ્યક સૂત્રો (ચૈત્યવંદન) ભાગ-૨ પુસ્તકમાંથી 'નવકાર, લોગસ્સ અને જયવીયરાય' - ત્રણ સૂત્રો - પ્રાર્થનાનો સાર લીધો છે.

❑❑❑

સંપર્ક : ૯૮૩૩૮૬૮૬૯૧

## શાંતિની તલાશ

પૃથ્વી પરનો હરેક માનવી શાંતિ શોધે છે. વિજ્ઞાનની અકલ્પનીય પ્રગતિ થવા છતાં મને ભૌતિક સમૃદ્ધિ વધવા છતાં માનવીને સુખશાંતિ નથી. શાંતિ કેવી રીતે પ્રાપ્ત થાય? નીચેનો શ્લોક તેનું રહસ્ય પ્રગટ કરે છે -

औदार्य हृदये स्यात् चेत् चरित्रं सुंदरं भवेत्।
चरित्रं सुंदरं स्यात् चेत् सामंजस्य गृहे भवेत्।।
सामंजस्य गृहे स्यात् चेत् राष्ट्रं सुशृंखलं भवेत्।
राष्ट्र सुशृंखलं स्यात् चेत् शांतिः पृथ्व्यां ध्रुवं भवेत्।।

શ્લોકમાં પાંચ સોપાન છે - ઔદાર્ય, ચરિત્ર, સામંજસ્ય, સુશૃંખલા અને શાંતિ.

ક્રમશઃ સોપાનોનો અર્થ લઈએ.

જો હૃદયમાં ઉદારતા હશે તો ચરિત્ર સુંદર હશે. 'ઉદાર' એટલે શું? સામાન્ય અર્થ છે - દાનશીલ, ત્યાગશીલ. વિશેષ ઊંડો અર્થ લઈએ તો બુદ્ધિ અને મન બંને રીતે ઉદારચિત્ત હોય તેવી વ્યક્તિ. કેટલાક લોકો પોતાના વિચારને, મતને વળગી રહે છે. સ્થિતિચુસ્ત અને જડ હોય છે, પરંતુ ઉદારચિત્ત વ્યક્તિનું હૃદય વિશાળ હોય છે. એ સરળ, નિષ્કપટ, નિખાલસ, ઈમાનદાર અને ખુલ્લા મનની હોય છે. આ વાત થઈ 'જો' ની. હવે 'તો' પર આવીએ. જો હૃદય ઉદાર, તો ચરિત્ર સુંદર. 'ચરિત્ર'નો અર્થ છે - વર્તન-વ્યવહાર, આચરણ, સ્વભાવ, ચાલ ચલન. એટલે કે ઉદારાત્માનાં વાણીવર્તન ઉમદા હોય છે. છળ-પ્રપંચ કરનારનું વર્તન અભદ્ર હોઈ શકે, પણ જે સરળ અને નિખાલસ છે, એના વર્તનમાં પારદર્શક સૌજન્ય જ હોય, ગાંધીજીના જીવનનો એક પ્રસંગ છે. મુંબઈમાં ગાંધીજીનો જ્યાં ઉતારો હતો ત્યાં કાકા કાલેલકર મદદમાં રોકાયા હતા. ગાંધીજી બેસવાની ગાદીની આસપાસ અને મેજ નીચે કંઈક શોધતા હતા. કાલેલકરે પૂછ્યું, તો કહે, 'પેન્સિલ ક્યાંય જડતી નથી.' ગાંધીજીની બેચેની દૂર કરવા કાલેલકરે પોતાના ખિસ્સામાંથી પેન્સિલ કાઢી અને ગાંધીજીને આપી, પણ ગાંધીજીએ ના લીધી, એમણે કહ્યું, 'પેન્સિલ કેવી હતી, એ વાત મહત્ત્વની નથી. ભલે સાવ નાની હતી, પણ કોણે આપી હતી, એ મહત્ત્વનું છે. એ ખોવાવી ન જોઈએ. મદ્રાસ (તામિલનાડુ) માં નટેસનના પુત્રે મને એ આપી હતી, કેટલા ભાવથી!' કાલેલકર સમજી ગયા કે નાના બાળકના ઉમંગનું, આનંદનું બાપુના વિશાળ હૃદયમાં ઊંચું સ્થાન હતું.

ત્રીજા ક્રમમાં 'સામંજસ્ય'નું નિરૂપણ છે. જો ચરિત્ર સારું હશે તો ઘરમાં સામંજસ્ય હશે. 'સામંજસ્ય' એટલે પરસ્પરના સંબંધો સુમેળભર્યા હોવા તે. બધા વચ્ચે સંઘ હોય, એકમતી હોય, સંવાદિતાપૂર્ણ સાહચર્ય હોય, એવા ઘરમાં સામંજસ્ય પ્રવર્તે છે એમ કહેવાય. 'ઘર' એટલે માત્ર ચાર દીવાલ અને છત નીચે રહેતી થોડીક વ્યક્તિઓ નહિ, પણ વ્યાપક અર્થ લેવાનો છે. પડોશ, સમુદાય, ગામ વગેરેનો પણ તેમાં સમાવેશ થાય છે.

ચોથા ક્રમે આવે છે રાષ્ટ્રની સુશૃંખલા. જો ઘર, સમાજ, ગામ અને વિશાળ રાજ્યમાં પારસ્પરિક એકતા હશે તો સમગ્ર રાષ્ટ્ર સુશૃંખલિત હશે. જેમ શૃંખલા (સાંકળ) ની કડીઓ એકબીજાથી બંધાયેલી હોય છે, એમ સામંજસ્યની સ્થિતિ રાષ્ટ્રની પ્રજાને સુસંકલિત રાખશે. એમની વચ્ચે અતુટ એકતા હશે. આપણે જોયું છે કે જ્યારે જ્યારે કોમ, જાતિ, ભાષા વગેરેના આધારે સમાજમાં ભેદભાવનું વાતાવરણ ઊભું થયું છે, ત્યારે દેશની એકતા ખંડિત થઈ છે. શ્લોકમાં 'સુશૃંખલમ્' શબ્દપ્રયોગ છે, જે સૂચક છે. જેવીતેવી ઉપરછલ્લી 'શૃંખલા' નહિ, પણ 'સુશૃંખલા' - સારી સાચુકલી શૃંખલા - એવો અર્થ અભિપ્રેત છે.

છેલ્લે પાંચમા ક્રમે શ્લોક આપણને વિશ્વશાંતિના બિંદુ પર લઈ આવે છે. પ્રજા ઊંચી ભાવનાથી એકસૂત્રમાં બંધાયેલી હશે તો રાષ્ટ્ર સર્વ રીતે સુખી અને સંતુષ્ટ હશે. એ બીજા રાષ્ટ્ર પ્રત્યે દ્વેષ નહિ રાખે, એની સાથે સંઘર્ષમાં નહિ ઊતરે. પરિણામે પૃથ્વી પર સર્વત્ર શાંતિ નજરે પડશે. શ્લોકરચયિતા 'ધ્રુવમ્' શબ્દ બુદ્ધિપૂર્વક પ્રયોજે છે. ખાતરીપૂર્વક એમનું કહેવું છે કે પૃથ્વી પર શાંતિ 'નિશ્ચિત' (ધ્રુવમ્) હશે. એમાં કોઈ શક નથી.

**શાંતિલાલ ગઢિયા**
૧૦૩, સિરિન એલિગન્સ, ૧૨ બી, પ્રતાપગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨. ફોન. ૦૨૬૫ - ૨૭૫૦૨૭૫

# જ્ઞાન-સંવાદ

## સુબોધી સતીશ મસાલિયા

પ્રશ્ન પૂછનાર : **શ્રી ડી.એમ. ગોંડલિયા,**
(ટ્રસ્ટી) સ્થા. જૈન. સંઘ અમરેલી
ઉત્તર આપનાર : **વિદ્વાનશ્રી સુબોધી સતીશ મસાલિયા**

શ્રી ડી. એમ. ગોંડલિયાજી લખે છે કે ''જ્ઞાન-સંવાદ'' અંતર્ગત, પ્રબુદ્ધ જીવન સપ્ટેમ્બર ૨૦૧૮ના અંકમાં મારો સવાલ, આહારના ત્યાગથી આત્માની ચેતના ક્રમિક રીતે નબળી કેમ પડે છે? આ પ્રશ્નના પ્રત્યુત્તરમાં આપે આપેલ સમાધાનથી સંતોષ થયો છે. ''અનાહારી આત્માનો ખોરાક કર્મ છે,'' એવો પ્રત્યુત્તર યોગ્ય છે. આપનું આ વિધાન સરળતાથી સમજાય છે. એમનો નવો સવાલ આ મુજબ છે....

**સવાલ :** અભવિ આત્મા, અર્થાત, મહાઅશુભ કર્મોનો કર્તા એવો આત્મા કાળે કરીને અજીવ બને છે? કે કાયમ પરિભ્રમણ કરે છે? અથવા શાશ્વત કાળ માટે અભવિ તરીકે ચોક્કસ યોનીમાં રહે છે?

ભાઈશ્રી ..... કોઈપણ જીવ ક્યારે પણ, કેટલો પણ કાળ વીતે છતાં પણ જીવ કદી અજીવ બનતો નથી. અજીવ કદી જીવ બનતો નથી. અભવિ જીવ શાશ્વતકાળ માટે કોઈ ચોક્કસ યોનિમાં રહેતો નથી. એ કાયમ પરિભ્રમણ કરે છે.

પહેલા તો તમે **અભવિ આત્માની જે વ્યાખ્યા કરી છે તે યોગ્ય નથી. અભવિ આત્મા, અર્થાત મહા અશુભ કર્મોનો કર્તા એવું નહિ. ગમે તેવા અશુભ કર્મોનો કર્તા જીવ હોય તે પોતાના કર્મની નિર્જરા કરીને, કર્મને ખપાવીને સિદ્ધ થઈ શકે છે. મોક્ષે જઈ શકે છે.** ''ભવ્ય **જીવ એટલે સિદ્ધ થવાની યોગ્યતા વાળા અને અભવ્ય એટલે સિદ્ધ થવાને અયોગ્ય જીવ.** જેમ માટીનો ઘડો બને પણ રેતીનો ન બને.... તેવી જ રીતે ભવ્ય-અભવ્યમાં સ્વભાવથી જ ભેદ છે. અભવિ આત્મા મોક્ષની વાતો કરે. મોક્ષને સમજાવે, મોક્ષના ઉપાયો બતાવે પણ અંતરથી કદી મોક્ષને ઈચ્છે નહિ. દેવલોકના સુખ મેળવવા, અભવિ આત્મા દીક્ષા લે કે ભયાનક કષ્ટ પણ વેઠે, પણ મોક્ષને માને નહિ. અભવ્ય આત્માની પરિણીતી અત્યંત કઠોર હોય, તેની આંખમાં કરુણાના, અનુમોદનાના કે પશ્ચાત્તાપના આંસુ ન આવે. તે નિર્દય, કઠોર, નઠોર હોય. અભવ્ય જીવો પણ શ્રાવકના તે સાધુના વ્રત અંગિકાર કરે. સૂત્ર સિદ્ધાંત જાણે, એમના ઉપદેશથી બીજા તરી જાય, પોતે બાહ્યકરણી પણ ઘણી કરે, છતાં તેઓને સમ્યક્ જ્ઞાન -દર્શન-ચારિત્રની પ્રાપ્તિ થતી જ નથી. તેથી જ્ઞાનીની દૃષ્ટિએ તો તેઓ અજ્ઞાની ને મિથ્યાત્વી જ છે. અભવિ જીવો પણ સાધુના વ્રત પાળી નવમી ગ્રૈવેયક ના દેવલોકના સુખ ભોગવવા જઈ શકે છે.... પરંતુ અભવિ જીવમાં પરાત્મશક્તિની પ્રગટતા કેવળ જ્ઞાનરૂપે કદી નહીં થાય. એ જીવ અનંતો અનંતો કાળ સંસાર પરિભ્રમણ કર્યા જ કરશે.''

❑❑❑


૧૯, ધર્મપ્રતાપ,
અશોક નગર, દામોદર વાડી,
કાંદિવલી (ઈસ્ટ), ૪૦૦૧૦૧.
ફોન - ૮૮૫૦૦૮૮૫૬૭


# પાલીતાણા તીર્થ સંબંધી વિવાદો અંગે એક મનોમંથન

**ડૉ. અભય દોશી**

**ચૌ**દ રાજલોકમાં સર્વશ્રેષ્ઠ અને સ્વયં સીમંધરસ્વામી પ્રભુ જેનો મહિમા ગાય છે એવું લોકોત્તર તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજ આપણા મહાન પુણ્યના ઉદયથી આપણને પ્રાપ્ત થયો છે. આપણે સૌ તીર્થાધિરાજની યથાશક્તિ ભક્તિ પણ કરતા આવ્યા છીએ. પરંતુ એ સાથે જ આપણી ઉતાવળ, શારીરિક ક્ષુદ્ર ગણતરીઓ, અને કેટલાક સમાજવિરોધી તત્ત્વોની દુર્બુદ્ધિને કારણે શત્રુંજયતીર્થની યાત્રા પદ્ધતિ પર પ્રશ્નો ઊભા થયા છે.

સામાજિક માધ્યમો (વોટસએપ, ફેસબુક આદિ) પર આવતા સંદેશાઓની હારમાળાઓએ આ પ્રશ્નો અંગે, મનોમંથન-ચિંતા અને ચિંતન કરવાની આવશ્યકતા ઊભી થઈ છે. કોઈ પ્રત્યે પક્ષપાતથી નહિ, પણ નિષ્પક્ષ દૃષ્ટિએ ગિરિરાજસંબંધી પ્રશ્નો અંગે વિચારવિમર્શ કરવો પ્રબુદ્ધજનો માટે અનિવાર્ય થઈ ગયો છે.

આજથી ત્રણેક વર્ષ પૂર્વ પાલીતાણામાં ચોમાસું નવ્વાણુ, ઉપધાન આદિ અનુષ્ઠાનો ટૂંક સમય માટે બંધ રાખવાની ચર્ચા હતી. પાલીતાણાનું વધતું જતું વેપારીકરણ અને સ્થાનિક લોકોમાંના અસામાજિક તત્ત્વો પર નિયંત્રણ લાવવા માટે આ પ્રયાસ હતો. પરંતુ, દુર્ભાગ્યે એ પ્રયાસ સફળ ન થયો. આ વર્ષોમાં ગિરિરાજ પ્રત્યેની આરાધનામાં અવિરત વૃદ્ધિ થઈ રહી હતી. પરંતુ એ સાથે જ ડોળીવાળાઓ, સ્થાનિક વેપારીઓ દ્વારા યાત્રિકોનું શોષણ ચાલુ હતું. ખાસ કરીને ડોળીવાળાઓ ગિરિરાજ પર જતાં હોવાથી નાની-મોટી આશાતનાઓ પણ ચાલુ હતી. એ સાથે જ ગિરિરાજ પર અનેક સ્થળે રાતોરાત અન્ય ધર્મીઓના કામચલાઉ મંદિરોનું નિર્માણ થઈ જતું પણ જોવા મળ્યું. આ નિર્માણકાર્યો દ્વારા પરમપવિત્ર ગિરિરાજની અમૂલ્ય ભૂમિ પર કબજો જમાવવાની વૃત્તિ જોવા

મળી. થોડા સમય પહેલાં ગિરિરાજના ત્રણ ગાઉના પ્રદક્ષિણાપથ પર રિસોર્ટના નિર્માણનો વિવાદ જાગ્યો હતો. આ ઉપરાંત પાલીતાણામાં અનેક સાધ્વીઓ તેમ જ નવ્વાણુ આદિ કરવા આવેલ યુવાન શ્રાવિકાઓની ગંદી-મજાક, છેડતી આદિના પ્રસંગો પણ નોંધાયા છે.

આવા વાતાવરણમાં ગિરિરાજની શુદ્ધિ અને સુરક્ષાના કેટલાક ઉલ્લેખનીય પ્રયત્નો પણ થયા. આચાર્યદેવશ્રી મુક્તિવલ્લભ-ઉદયવલ્લભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી સમકિત ગ્રુપ દ્વારા ગિરિરાજની શુદ્ધિ-પ્લાસ્ટિકમુક્તિ માટે પ્રયત્નો થયા. આ.ક. પેઢી દ્વારા ભારતના વિવિધ વિસ્તારના યુવાનો દ્વારા ગિરિરાજ સેવાના કાર્યક્રમો યોજાયા. પ્રમાણમાં અવાવરુ રહેતી નવટૂંકની યાત્રામાં પણ આ પ્રયત્નથી વધુ લોકો જોડાયા. મુનિશ્રી વિરાગસાગરજી દ્વારા હિંસામુક્ત પાલીતાણાની ચળવળ ચાલી રહી છે.

આ બધા પ્રયત્નો વચ્ચે કેટલીકવાર સ્થાનિક પ્રજાના અસામાજિક તત્ત્વો સાથે ઘર્ષણ થયું, પરંતુ શાંતિપ્રિય જૈનપ્રજાએ એ અંગે વધુ ઊહાપોહ ન કર્યો. પરંતુ ૧૧ જાન્યુઆરી ૨૦૧૯નો દિવસ કાંઈક જુદા રંગો લઈ આવ્યો હતો. રાષ્ટ્રસંત પદ્મસાગરસૂરીશ્વરજી મ.સા.ના શિષ્ય ક્રાંતિકારી પ્રવચનકાર વિમલસાગરસૂરીશ્વરજી મ.સા. સહવર્તી મુનિઓ સાથે ગિરિરાજની તળેટીના દર્શને આવ્યા. તેમના સહવર્તી મુનિ કલ્યાણપદ્મસાગરજી મ.સા. જૈન સરસ્વતીમાતાના મંદિરે દર્શનાર્થે ગયા. માર્ગમાં પ્રગટેશ્વરમંદિરમાં થઈ રહેલ અનધિકૃત બાંધકામ અંગે કાંઈક પૃચ્છા કરતાં ડોળીવાળા એસોસિયેશનના પ્રમુખ મનાભાઈ રાઠોડે સમગ્ર પાલીતાણા ખાલી કરાવવાની તેમ જ ધર્મશાળાઓ સળગાવવાની ધમકી આપી. (આ ઘટનાનો વીડિયો પણ વાઈરલ થયો છે.) તેઓ પાલીતાણાના હોદ્દેદાર વ્યક્તિ હોવાથી ધમકીની ગંભીરતા વધી જતી હતી. આ ઘટના બાદ ક્રાંતિકારી પ્રવચનકાર વિમલસાગરસૂરીશ્વરજી મહારાજે પોલીસમાં ફરિયાદ દાખલ કરી. એ સાથે જ અનધિકૃત બાંધકામ પર સ્ટે-ઓર્ડર આવ્યો.

પરંતુ, તેના પરિણામે ગિરિરાજરક્ષાનું એક આંદોલન સોશિયલ મીડિયામાં ફેલાઈ ગયું. વિવિધ સાધુ ભગવંતો દ્વારા પાલીતાણામાં ડોળીવાળાઓ તથા દુકાનદારોના બહિષ્કારની અપીલ મુકાઈ. સાથે જ પાલીતાણામાં એક પણ પૈસો ન વાપરવાની વિનંતી કરાઈ.

આ પૃષ્ઠભૂમિ પર આજથી થોડાં વર્ષો પહેલાં આપણા જૈનસંઘે પ.પૂ. આચાર્યદેવશ્રી નેમિસૂરીશ્વરજી મ.સા. તેમ જ તત્કાલીન પેઢીના હોદ્દેદારો દ્વારા પાલીતાણા રક્ષણ માટે થયેલું આંદોલન સ્મરણમાં આવે. આજથી ૯૩ વર્ષ પહેલાં ઠાકોર દ્વારા ઉઘરાવાતા યાત્રાકર તેમ જ ઠાકોરની મનમાનીના વિરોધમાં બે વર્ષ સુધી સંપૂર્ણ પાલીતાણામાં યાત્રા બંધ રહી હતી. આ તીવ્ર અસહકારે તત્કાલીન અંગ્રેજી સરકાર તેમ જ બ્રિટિશ રાણીની ઊંઘ પણ હરામ કરી હતી. અંતે મધ્યસ્થીઓ દ્વારા સીમલા-કરાર થયો અને પ્રશ્નોનો ઉકેલ આવ્યો હતો. આ આંદોલનની સફળતામાં સમગ્ર જૈન સંઘની એકતાએ ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. એ ઉપરાંત પ.પૂ. આચાર્યદેવશ્રી નેમિસૂરીશ્વરજી મ.સા.નું માર્ગદર્શન તો હતું જ, પરંતુ સમગ્ર જૈનસંઘ વતી જે પણ ઠરાવો પસાર કરાતા, તેમાં આનંદજી પેઢીની મુખ્યતા રહેતી, અને સૌ કોઈ આ ઠરાવોનો સ્વીકાર કરતા.

અત્યારના આંદોલનમાં મુખ્યરૂપે ડોળી ન વાપરવાની વાત પરંતુ દુર્ભાગ્યે એવો એકત્વભર્યો સંપ દેખાતો નથી. થોડાંક વર્ષો પૂર્વે પાલીતાણામાં ભરાયેલા તપાગચ્છીય શ્રમણ સંમેલનની પ્રવરસમિતિ આજ સુધી (તા. ૩૧/૧/૨૦૧૯) સુધી કોઈ સ્પષ્ટ નિર્ણય જાહેર કર્યો ૨૬-૧-૨૦૧૯ના દિવસે મેં યાત્રા કરી, ત્યારે પણ આ અંગે તળેટીના કોઈ સ્વયંસેવકો દ્વારા આ બાબતે જાગૃતિ જોઈ નથી. ડોળી કે સ્થાનિક દુકાનો વાપરનારાની સંખ્યા ઓછી હતી, પરંતુ સંપૂર્ણ બહિષ્કાર શક્ય બન્યો નથી. પ.પૂ. આચાર્યદેવશ્રી રામચંદ્રસૂરીશ્વરજી સમુદાય, પંડિત મહારાજનો સમુદાય. ત્રિસ્તુતિક સમુદાય કે અન્ય અચલ-ખરતર દ્વારા પણ કોઈ વિધિવત્ નિવેદન જાહેર થયું નથી. હાલમાં બુદ્ધિસાગર સમુદાયના ગચ્છાધિપતિ સમગ્ર સંમેલનના આગેવાન છે, પરંતુ તેમને પણ જે નિવેદન જાહેર કર્યું છે, તે કેવળ પોતાના સમુદાય સંદર્ભે છે. આ અંગે વાતચીત કરતા જાણવા મળ્યું કે, શ્રમણસંમેલન તરફથી ટૂંક-સમયમાં નિવેદન આવશે, પરંતુ હાલ તાત્કાલિક બુદ્ધિસાગરસૂરિ સમુદાયે જ નિવેદન જાહેર કર્યુ છે. પરંતુ આશા રાખીએ કે, ટૂંક સમયમાં સમસ્ત જૈન સંઘ અંગે એકતા દર્શાવે તેમ જ સ્થાનિક સમાજવિરોધી તત્ત્વોને યોગ્ય દંડ આપે અને પાલીતાણાને સુરક્ષિત જાહેર કરે.

આ પ્રશ્નોની જડમાં એક પ્રશ્ન છે. છેલ્લાં થોડાં વર્ષોમાં સ્વાદવૃત્તિ બેફામ બની છે. તીર્થયાત્રા માટે ગયા હોય, ત્યાં પણ વિવિધ પ્રકારના સ્વાદિષ્ટ ભોજન વગર ચાલતું નથી. મૂળમાં તો આપણે યાત્રાસ્થળે રસોડું કરવું જોઈએ, પરંતુ સંકુલ આધુનિક જીવનમાં શક્ય બનતું નથી. વળી, પાલીતાણા જેવા સ્થળે ગિરિરાજયાત્રાનો સમય તેમ ભોજનશાળાના નિશ્ચિત સમયનો મેળ ઓછો થતો હોવાથી હોટેલ-ઉદ્યોગ વિશેષરૂપે વિકસ્યો છે. તેઓ દ્વારા ગિરિરાજની પ્રત્યક્ષ-પરોક્ષ આશાતના થતી રહે છે. આના ઉપાયરૂપે અત્યારે તો ગિરિવિહાર- વિશા નિમા ભોજન શાળા (જેની જાહેરાત થઈ છે) તેવી લગભગ દિવસભર ચાલતી ભોજનશાળા જ ઉત્તમ વિકલ્પ બની રહે. વળી, યાત્રામાં આપણે શક્ય હોય તો તપશ્ચર્યા કરીએ, ન હોય તો પણ સ્વાદેન્દ્રિય પર અંકુશ રાખીએ, તો આ દૂષણો પર કાબૂ લાવી શકાય.

એમ છતાં કોઈ પણ યાત્રાધામમાં સ્થાનિક લોકોનો સંપૂર્ણ બહિષ્કાર શક્ય હોતો નથી. પહેલાનું આંદોલન રાજ્યસત્તા વિરુદ્ધ

હતું. અત્યારનું આંદોલન સ્થાનિક પ્રજાનાં રહેલા અનિષ્ઠ તત્ત્વો સામે છે. શ્રી આ.ક. પેઢી, તપાગચ્છીય શ્રમણ સંમેલન કે અન્ય જવાબદાર વ્યક્તિઓએ સક્ષમ નેતૃત્વ લઈ સ્થાનિક પ્રજામાંનાં અનિષ્ટ તત્ત્વોને યોગ્ય સજાઓ કરાવવી જોઈએ, તેમ જ આ પ્રશ્નોનો ઉકેલ લાવવો જોઈએ. હવે સમય આવી ગયો છે કે, માત્ર ગિરિરાજ જ નહિ, પણ આપણા સર્વ તીર્થોના સંરક્ષણ અને વહીવટ માટે લાંબાગાળાનું નીતિ નિર્ધારણ કરવું આવશ્યક છે. આ નીતિનિર્ધારણ (Policy Making) તીર્થમાં કામ કરનારા પૂજારી, કર્મચારી, ડોળીવાળાઓ આદિ સર્વેને જૈનત્વનું વિશેષ પ્રશિક્ષણ આપવું આવશ્યક છે. આ પ્રશિક્ષણ પ્રાપ્ત કરેલા પ્રમાણપત્ર પ્રાપ્ત (Certified) યુવાનેને જ કર્મચારીરૂપે રાખવા જોઈએ. આ વિશેષ પ્રશિક્ષણ માટે વિદ્યાલયો તૈયાર કરવા જોઈએ. દેરાસરોની સ્વચ્છતા, સુરક્ષા તથા દેવદ્રવ્ય-સાધારણ દ્રવ્ય આદિના યોગ્ય વહીવટ માટે આવશ્યક છે. વિવિધ ગચ્છો તથા સમુદાયોના ગચ્છાધિપતિઓ અગ્રણીઓ આ દિશામાં વિચારવિમર્શ કરે એવી નમ્ર વિનંતી છે.

આપણી ગિરિરાજભક્તિ ઉત્કૃષ્ટ છે, એ અનુમોદનીય છે. પરંતુ કેટલોક વિવેક જાળવવો આવશ્યક છે. અમુકવાર ગિરિરાજપૂજાના પ્રસંગે કેટલાક શ્રાવકો પ્રત્યેક પગથિયે ફળ-નૈવેદ્ય (ક્યાંક દીવો-ધૂપ પણ) ચઢાવતા જોવા મળ્યા છે. જે આજના આધુનિક યુગના અન્ય દર્શનીઓની આંખે સવિશેષ ચઢે છે. માટે આવા આયોજન માટે ખૂબ વિચારવું. તે જ રીતે ડોળીવાળાઓ માટે સમેતશિખર, આદિની નિશ્ચિત ભાડાંની વ્યવસ્થા સ્વીકારી અરાજકતા દૂર કરી શકાય. સાધુ-સાધ્વીજી ભગવંતો ઉપધાન આદિ અનુષ્ઠાનો ગિરિરાજમાં જ કરવાનો આગ્રહ છોડી, ગુજરાત-રાજસ્થાનના અન્ય પ્રાચીન તીર્થો અંગે વિચાર કરી શકે. તે જ રીતે હાલનાં ઉત્તર-પૂર્વ ભારતની આપણી કલ્યાણકભૂમિઓમાં પણ આયોજન કરવું સુગમ બન્યું છે, તો એ તીર્થભૂમિમાં આરાધના કરાવવાથી તેના સ્પંદનો જાગૃત થાય, તેમ જ સ્થાનિક પ્રજાને જૈનત્વનો પરિચય થાય એ લાભ પણ મળે. આ અનુષ્ઠાનો સાથે વિદ્યાપ્રસાદ, જૈનત્વશિક્ષણ, અનુકંપા આદિ કાર્યો અવશ્ય સાંકળવા જોઈએ.

ટૂંકમાં, જૈનસંઘ એકત્વ દર્શાવી શત્રુંજયગિરિરાજના તથા અન્ય તીર્થરક્ષાના પ્રશ્નોમાં ઝડપથી, શાંતિપૂર્વક સમાધાન સાધે એ અપેક્ષા સાથે આ લેખ પૂર્ણ કરું છું.

તા.ક. પ્રવર સમિતિએ પોતાનો ટેકો જાહેર કર્યો છે.

❑❑❑ સંપર્ક : ૯૮૯૨૬૭૮૨૭૮

# સ્વાસ્થ્ય શ્રેણી 'આહાર-વિજ્ઞાન, આયુર્વેદ' અને ધર્મ

**હિંમતલાલ શાંતિલાલ ગાંધી**

''**ભ**ગવાન મહાવીર'' પોતાના ખાનપાનની માત્રાનાં જાણકાર. શ્રમણ ભગવાન મહાવીરે જૈન સાધુઓના પરીષહ (કષ્ટો) વિશે ઉત્તરાધ્યયન સૂત્રમાં સચોટ ઉપદેશ આપ્યો છે. આ બાવીસ પરીષહમાં સૌથી પ્રથમ સ્થાને ક્ષુધા પરીષહને ગણાવ્યું છે. ક્ષુધા પરીષહ સહન કરનારા સાધુઓનાં માટે તેમણે કહ્યું છે કે તેઓ ખાનપાનની માત્રાની મર્યાદાના જાણકાર હોવા જોઈએ.

ભોજનનો વિમર્શ કરવાની સાધનાનો હેતુ છે : આંતરિક વૃત્તિઓનું પરિમાર્જન. ભોજનનો પ્રયાસ માત્ર શરીરના બહારી તત્ત્વો સુધી જ સીમિત નથી. તેનો પ્રભાવ આપણી આન્તરિક શક્તિઓ પર, શરીરનાં સૂક્ષ્મ તત્ત્વો પર અને સૂક્ષ્મ શરીર પર પણ પડે છે. એટલા માટે ભોજનના વિષયમાં આપણે ખૂબ સાવધ રહેવું જોઈએ. અન્તર્વૃત્તિને મૂર્ચ્છિત બનાવનારી વસ્તુઓ સાધક માટે પ્રતિબંધિત - નિષેધ રૂપ છે.

એક પ્રકારનો આહાર વિચાર, ભાષા, મનને સ્વસ્થ બનાવે છે. આહાર-વિવેક વિના ધ્યાનનો પ્રયત્ન કરવો એટલે 'આંધળી દળે અને કૂતરા ઘંટી ચાટે.'

ભગવાન મહાવીરે પણ સાધનાનાં પ્રથમ ચરણમાં આહારને ખૂબ મહત્ત્વ આપ્યું છે. તપશ્ચર્યાના બાર પ્રકાર છે. તપશ્ચર્યા શરૂ ક્યાંથી થાય છે? આહારનાં સબંધથી જ શરૂ થાય છે. બારે પ્રકારમાંથી ચાર પ્રકાર આહારસબંધી છે. ઉપવાસ (અનશન), ઉણોદરી, વૃત્તિસંક્ષેપ અને રસ -પરિત્યાગ. ચારેયનો સબંધ ભોજન અને અભોજન (ઉપવાસ) સાથે છે. ખાવું જેટલું મહત્ત્વનું છે, 'ન ખાવું' પણ એટલું જ મહત્ત્વનું છે. સ્વાસ્થ્ય માટે જો સમતોલ ભોજન જરૂરી છે, તો તે માટે ભોજન છોડવું પણ બહુ જરૂરી છે. જે લોકો માત્ર ભોજનનું જ મહત્ત્વ સમજે છે અને ભોજનનાં ત્યાગનું મહત્ત્વ સમજતાં નથી, તેમને માત્ર ઘડપણની બીમારી જ નહીં, અન્ય બીમારીઓ પણ પરેશાન-નષ્ટપ્રાયઃ કરે છે.

શરીરનાં દોષનો નાશ કરવા માટે તથા સાધનામાં વિઘ્ન બનનારા દોષને દૂર કરવા માટે ભોજનનો ત્યાગ જરૂરી છે, તો સાધનાની યાત્રાને આગળ ધપાવવા માટે ભોજન કરવું પણ જરૂરી છે. વ્યક્તિની પ્રાણશક્તિ કમજોર ન બની જાય, પ્રાણશક્તિ ભોજનથી જળવાય છે, એટલે ભોજન લેવું પણ અનિવાર્ય બની જાય છે. 'ખાવું', 'નહિ ખાવું', ક્યારે, કેવી રીતે અને કેટલું ખાવું, મધુર અને રસમિષ્ટ ખાવું કે લુખ્ખું - સુકું ખાવું વગેરે અનેક પ્રશ્નોનો તટસ્થ-સમ્યક્ ઉત્તર છે - 'આહાર વિજ્ઞાન'.

આધ્યાત્મિક સાધનામાં માનસિક સ્વાસ્થ્ય અને ભાવનાત્મક સ્વાસ્થ્યનું મહત્ત્વ વિશેષ છે અને તે માટે આહારવિવેકનો અભ્યાસ અનિવાર્ય બને છે. આપણો આહાર કેવો હોવો જોઈએ? આ પ્રશ્ન વિશે મુખ્યત્વે બે દ્રષ્ટિકોણથી વિચાર-વિમર્શ થયો છે. સ્વાસ્થ્ય અને સાધના. સ્વાસ્થ્યની દૃષ્ટિએ આહારનું ઘણુંબધું મહત્ત્વ છે. શારીરિક

સ્વાસ્થ્ય માટે આનું આટલું મહત્ત્વ છે, પરંતુ માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે એનું કેટલું મહત્ત્વ હશે તે બધા નથી જાણતાં.''

શારીરિક સ્વાસ્થ્યનો મૂળ આધાર છે - સમતોલ ભોજન. પ્રોટિન, કાર્બોહાઈટ્રેટ તત્ત્વો, ખનિજ, મીઠું, વિટામિન્સ આ ઉચિત માત્રામાં ગ્રહણ કરવામાં આવે તો તેને સમતોલ ભોજન માનવામાં આવે છે. આથી શરીર સ્વસ્થ અને પ્રવૃત્તિ કરવામાં સમર્થ રહે છે. ભોજનની અસર મનની ક્રિયાઓ ઉપર પણ બહુ પડે છે, કારણ કે મસ્તિષ્કની રાસાયણિક પ્રક્રિયા ભોજનથી પ્રભાવિત થાય છે. સમતોલ ભોજનનો ઉદ્દેશ છે - શરીર સ્વસ્થ રહે તથા મન વિકૃત, ઉત્તેજિત કે ક્ષુબ્ધ ન થાય.

બીમારી પેદા થવાનું મુખ્ય કારણ છે - અહિતકર અને અમર્યાદિત ભોજન. એક આચાર્યે લખ્યું છે :-

*'હિયાહારા, મિયાહારા, અપ્પાણં તે તિગિચ્છા''*

*ન તે વિજય તિગિચ્છતિ, અપ્પાણં તે તિગિચ્છગા''*

જે લાભદાયી, પ્રમાણસર અને ઓછી માત્રામાં ભોજન કરે છે, તેની ચિકિત્સા વૈદ્ય નથી કરતાં, તેઓ સ્વયં પોતાના ચિકિત્સક છે. ભોજન સ્વાસ્થ્ય આપે પણ છે અને બગાડે પણ છે.

આજ કારણસર આહાર વિષે દરેક ધર્મો અને શાસ્ત્રોમાં તે બાબત સમાવિષ્ટ છે. જૈન શાસ્ત્રોમાં આહાર અંગેની સૂક્ષ્મમાં સૂક્ષ્મ બાબતો અંગે વિસ્તૃત રીતે છણાવટ છે. વનસ્પતીમાં જીવ છે તે હજારો વર્ષ પૂર્વે જૈન શાસ્ત્રોમાં કહેવાયું છે. જૈન શ્રાવકો માટે પણ આહાર શુદ્ધિ, ક્યારે અને કેટલો લેવો વિ. અંગે વિસ્તારથી બતાવવામાં આવ્યું છે. પરંતુ વિશેષતઃ જૈન મુનિઓ માટે ઈન્દ્રિયસંયમ, જીવદયા, અહિંસા, કર્મસિદ્ધાંત ઈત્યાદિની દૃષ્ટિએ ખાનપાનનો, ભક્ષ્યાભક્ષનો ઝીણવટપૂર્વક વિચારવિમર્શ થયો છે. તદ્ઉપરાંત આહાર અંગે અનશન, ઉણોદરી, આયંબિલ, રસત્યાગ વિ. વિવિધ પ્રકારની તપશ્ચર્યા પણ બતાવવામાં આવી છે. જૈનો માટે આહાર કેમ બનાવવો તેનાં પણ નિયમો છે, જેને જયણા કહેવામાં આવે છે. કંદમુળ, દ્વિદળ, વાસી ભોજન, અળગણ પાણી, કાચું પાણી, રાત્રિભોજન વિ. નો પણ નિષેધ કરવામાં આવ્યો છે. અને તે ખરી રીતે તો સંપૂર્ણ વૈજ્ઞાનિક તેમ જ આરોગ્યશાસ્ત્ર મુજબ જ છે. ભગવાન મહાવીરે આહારનાં સમય, પ્રમાણ અને ગ્રાહ્ય વસ્તુઓ વિશે બહુ ગહન વિચાર કર્યો. રાત્રિભોજનનો નિષેધ તેમનું મહાન પ્રદાન છે. આ નિષેધનું ધર્મ ઉપરાંત વૈજ્ઞાનિક કારણ પણ છે. આપણે જે ભોજન કરીએ છીએ, તેનું તૈજસ શરીર દ્વારા પાચન થાય છે. જે માટે સૂર્યનો તાપ જરૂરી છે. જ્યારે તેને સૂર્યનો તાપ નથી મળતો ત્યારે તે નિષ્ક્રિય થઈ જાય છે, પાચન નબળું પડી જાય છે, જેથી બીમારીથી બચી શકાતું નથી. બીજું કારણ છે સૂર્યના પ્રકાશમાં કીટાણુ-જંતુ બહુ સક્રિય થઈ શકતા નથી જે સૂર્યાસ્ત બાદ થાય છે.

ભારતીય સંસ્કૃતિની પરંપરામાં હિન્દુધર્મમાં અન્નને બ્રહ્મ તરીકે ઓળખવામાં આવે છે. અન્નને આધારે આખું વિશ્વ ચાલ્યા કરે છે. અન્ન ન હોય તો પ્રજોત્પતિ ન હોય, અન્ન ન હોય તો જીવન ન હોય, શક્તિ ન હોય અને શક્તિ ન હોય તો સાધના ન હોય. ધર્મ સાધના માટે શરીરની પહેલી આવશ્યકતા છે અને શરીર માટે આહારની પહેલી આવશ્યકતા છે માટે અન્નનું મહત્વ આધ્યાત્મિક ક્ષેત્રે પણ સ્વીકારાયું છે.

**ભગવદ્ ગીતામાં આહાર મીમાંસા :**

બ્રહ્મચર્યરત એટલે સંયમી. સંયમીનો આહાર એટલે કે ધર્મ માર્ગે પ્રાપ્ત થયો હોય. અધર્મથી પ્રાપ્ત થયેલ અન્ન તેને ન ચાલે. ખરું ખોટું કરીને જે પૈસો ભેગો થાય તે ધર્મ-લબ્ધ ન કહેવાય. શરીરશ્રમ દ્વારા જે આહાર પ્રાપ્ત થાય તે શુદ્ધ. તે આહારનાં સેવનથી મનુષ્યનું ચિત્ત શુદ્ધ બને. આહાર ધર્મલબ્ધ હોય ઉપરાંત પરીમીત અર્થાત નિરૂચીત કરેલો હોય. જેને રોજ રોજ થાળીમાં નવી નવી વાનગી જોવે તેની પરીભાષામાં આ ન બેસે. એ નિશ્ચિત આહારનું પણ નિશ્ચિત સમયે સેવન થાય. ઉપરાંત તે શરીરયાત્રા ચલાવવા માટે હોય, સ્વાદ માટે નહીં. તે નમ્રતાપૂર્વક જ લેવાય. સમાજમાં સહકારથી તે પ્રાપ્ત થાય અને તે સંતુલિત (balanced diet) હોય. આ જાતનાં સાત્વિક આહારનું સેવન થાય. ભોજન સાત્વિક હોવું જોઈએ એ તથ્ય ઊંડા સંશોધન પછી પ્રગટ થયું છે. જે ભોજન ચિત્તની વૃત્તિઓમાં વિકૃતિ જન્માવે નહીં તે સાત્વિક ભોજન છે. જે ભોજનથી શુક્લ લેશ્યાનાં (શુભ) વિચારો આવે, પરિશુદ્ધ સંવેદનો જાગે તે હોય છે સાત્વિક ભોજન. ''ગીતામાં રાજસી અને તામસી આહાર ઉપર પણ વિશ્લેષણ છે. આહારને તેનાં પ્રાકૃતિક સ્વરૂપમાં ન લેતાં, તેમાં મસાલા આદી ઉમેરીને કૃત્રિમ સ્વાદ ઉમેરવો તે રાજસી આહારનું લક્ષણ છે. તે જાતનો આહાર દુઃખ, શોક અને રોગ વધારે છે. તામસ આહાર એટલે વિકૃત સ્વાદવાળો, ગીતામાં જણાવ્યા મુજબ તામસીક આહાર એટલે રસહીન, અતિ ઠંડો, વાસી, દુર્ગંધયુક્ત અને એંઠો. નિષેધમાં દારૂ, ગુટકા, માંસાદીનો સમાવેશ ગણી શકાય. રાજસ અતિઉષ્ણ ભોજન પસંદ કરે છે, તામસ અતિશીત (ઠંડું) પસંદ કરે છે. આમ જ્ઞાત્વિક, રાજસ, તામસ આહારનાં વિશ્લેષણ દ્વારા ગીતા કૃત્રિમ (રાજસ), વિકૃત (તામસ) આહાર ન લેવાની તથા સાત્વિક આહાર-પ્રાકૃતિક આહાર સેવનની ભલામણ કરે છે. ઉભય દૃષ્ટિથી આહારનું આ પ્રકારનું ત્રિવિધ વિશ્લેષણ આપણા દૈનિક જીવનને નિરોગી રાખવામાં મહત્વનો ફાળો નોંધાવી શકે.

જે ભોજન આરોગ્યા બાદ મન દૂષિત થાય, ખરાબ વિચારો આવે, ઉત્તેજના અને વાસના જાગે, ક્રોધ અને લાલચની ભાવના પ્રબળ બને, હિંસાના ભાવ જાગે, તે ભોજન તામસી કે રાજસી હોય છે. વિષાદને પ્રોત્સાહન આપનારું ભોજન પણ સાત્વિક હોતું નથી. તે ભોજન તામસી હોય છે, જે શરીરના નીચેનાં કેન્દ્રોને

સક્રિય કરે છે. સાત્વિક ભોજન શરીરનાં નાભિથી ઉપરનાં કેન્દ્રોને જગાડે છે, સક્રિય કરે છે. આ ભોજનથી આનંદ કેન્દ્ર, વિશુદ્ધિ કેન્દ્ર, જ્ઞાન કેન્દ્ર, દર્શન કેન્દ્ર અને જ્યોતિ કેન્દ્ર સક્રિય થાય છે. ભોજનની સાથે શરીરનો, ચૈતન્ય કેન્દ્રનો, વૃત્તિઓનો કેટલો ગાઢ સંબંધ છે, તે જાણવું અત્યંત જરૂરી છે.

આહારનાં વ્યાપક અર્થમાં આપણે જે ગ્રહણ કરીએ છીએ તે એટલે કે અન્ન, જળ, વાયુ, પ્રકાશ વિ. સ્થૂળ બાબતોનો આહારમાં સમાવેશ થાય છે. તદ્ઉપરાંત આપણે જે શ્રવણ કરીને ગ્રહણ કરીએ છીએ તે માનસિક તેમ જ આધ્યાત્મિક આહાર છે. એટલે એ અગત્યનું છે કે ઉપરોક્ત દરેક બાબતો શુદ્ધ સ્વરૂપમાં સમતોલ પ્રમાણમાં, નિયમિત રીતે આપણે સ્વીકારવી જોઈએ. અને તો જ શારીરિક, માનસિક આરોગ્યની પ્રાપ્તિ થાય તથા સંપૂર્ણ સ્વાસ્થ્ય જળવાઈ રહે.

આહાર-વિહાર અને નિદ્રા એ ત્રણ મહત્ત્વની બાબતો પર માણસનું આરોગ્ય અવલંબિત છે. આધુનિક ઔષધોનાં પિતામહ હિપોક્રેટસે (૪૬૦-૩૭૦ ઈ.પૂ.) કહ્યું છે, ''આહારને ઔષધ બનાવો અને ઔષધને આહાર બનવા દો.'' વાક્યનો પૂર્વાંશ બીમારી માટે છે અને ઉત્તરાંશ તંદુરસ્તી માટે છે. તેમણે એ પણ કહ્યું છે કે, ''જેમનો આહાર, શુદ્ધ, સાત્વિક અને સંતુલિત હોય તેને દવાની જરૂર પડતી નથી, અને જેનો આહાર અશુદ્ધ, વિરુદ્ધ, અસંતુલિત તથા અનિયમિત હોય તેને કોઈ દવા અસર કરતી નથી.''

**આયુર્વેદ અને પથ્ય મુજબ આહાર :**

આયુર્વેદ - આયુ એટલે આયુષ્ય-જીવન અને વેદ એટલે જ્ઞાન-વિજ્ઞાન. એ અર્થમાં આયુર્વેદ એટલે જીવન વિજ્ઞાન. દરેક વેદો મહાન ગ્રંથો છે. આયુર્વેદ અતિ પ્રાચીન છે. આયુર્વેદમાં પથ્યને પાયાનું માનવામાં આવે છે. તેમાં મોટા ભાગની બીમારીઓનું કારણ આહારની વિષમતાને માનવામાં આવે છે. દેશ, કાળ, ઋતુ અનુરૂપ તથા વ્યક્તિની ઉંમર, શારીરિક બંધારણ અને ક્ષમતા મુજબ સામ્ય, સુપાચ્ય, પોષક અને શક્તિવર્ધક, સંતુલિત આહારનું સેવન સ્વાસ્થ્યનો મૂળ આધાર છે. શરીરનાં દરેક કોષની જીવનશક્તિ, પ્રતિકારશક્તિ અને વિકાસ અને વૃદ્ધિ આહાર દ્વારા જ થાય છે. શરીર જ્યારે માંદુ પડે છે, ત્યારે જીવનશક્તિની વધારે જરૂર હોય છે અને ત્યારે પથ્યનું મહત્વ ખૂબ જ વધી જાય છે.

આજથી લગભગ ૫૦૦૦ વર્ષ પહેલાં આયુર્વેદ મહર્ષિ ચરક થઈ ગયા. જેમનો મહાન આયુર્વેદ ગ્રંથ 'ચરક-સંહિતા' આયુર્વેદનાં અભ્યાસી માટે ગીતા છે. તેમના કહેવા મુજબ જે વસ્તુઓ જીવન નિર્વાહ માટે ઉપયોગી હોય અને મનને પ્રિય હોય તે બધી પથ્ય છે. એટલે કે મનુષ્યનું શરીર જે પ્રકારની રહેણીકરણી અને આહાર-વિહાર દ્વારા સ્વસ્થ રહે તેને પથ્ય કહે છે. તેનાથી વિપરીત જવાથી સ્વાસ્થ્ય બગડવાની સંભાવના હોય છે, બગડે છે તેને અપથ્ય કહે છે. ઔષધીઓ સાથે પથ્ય (પરેજી) એ આયુર્વેદનું મહાન પ્રદાન છે. પથ્ય પ્રાણશક્તિ, તંદુરસ્ત જીવન, શરીરનો રક્ષક, શક્તિ દેનાર તથા ક્ષીણ થયેલ શરીરને ફરી હૃષ્ટ-પુષ્ટ બનાવનાર છે. ચિકિત્સાની સફળતા પણ તેના પર જ આધારિત છે. એ પણ સત્ય છે કે બીમારના પથ્યની વ્યવસ્થા જો ઉત્તમ હશે તો અસાધ્ય રોગી પણ ક્યારેક વિશેષ તકલીફ વગર જલદી સ્વસ્થ થઈ જશે. જ્યારે અપથ્યથી સ્વસ્થ પણ બીમાર થશે.

શરીર અને મનનાં સ્વાસ્થ્ય માટે જે પદાર્થ હિતકર છે, તે જ પથ્ય છે. જે આહાર-વિહારથી શરીર અને મનને શાંતિ મળે તો તે પથ્ય છે. વધારે ભોજન ખાવાથી કે જે પણ ખાવાથી પેટમાં દર્દ થાય તો તે અપથ્ય છે. ગંદી, અશ્લીલ ફિલ્મો કે સિરિયલો જોવાથી મન બગડે તો તે અપથ્ય છે. વધારે સમય ટી.વી. જોવાથી કે કમ્પ્યુટર સામે બેસવાથી આંખો બગડે તો તે પણ અપથ્ય છે. જેનાથી શરીર કે મનને નુકસાન પહોંચે તે સર્વ પદાર્થ કે ક્રિયા અપથ્ય છે.

ત્રણ હજાર વર્ષ પહેલાં થયેલ આયુર્વેદ મહર્ષિ વાગ્ભટે 'અષ્ટાંગ-હૃદયમ'નામનો મહાન ગ્રંથ આપ્યો છે. તેમના કથન મુજબ-નિરોગી કોણ રહી શકે? તો નિયમિત પથ્ય આહાર અને વિહારનું સેવન કરનાર, વિચારીને કામ કરનાર, ઇંદ્રિયોના વિષયો પર આસક્તિ ન રાખનાર, દાન આપનાર (દાન,સેવા, જ્ઞાનદાન કરનાર), સમતા રાખનાર, સત્ય-નિષ્ઠ ક્ષમા આપનાર અને આપ્તજનનું કહ્યું કરનાર નિરોગી રહે છે. સાધારણ પણ દેહ પુષ્ટિકારક, મધુર, સ્નિગ્ધ, ગાયના દૂધ અને ઘીથી યુક્ત, ધાતુપોષક (આયુર્વેદ મુજબ સાત ધાતુઓ છે) મનને આનંદ આપનાર, રૂચીકર એવો આહાર હોવો જોઈએ એવું હઠયોગ પ્રદીપિકામાં કહેવામાં આવ્યું છે.

સાધારણ પણ અતિ કડવા, અતિ ખારા, અતિ તીખા, અતિ ગરમ, અતિ ઠંડા, વાસી, સૂકા પદાર્થો તેમ જ માદક દ્રવ્યો દારૂ, માછલી, માંસ, હિંગ, લસણ, કાંદા વિ. ઉત્તેજક પદાર્થો પણ આહારમાંથી વર્જ્ય કરવા તેવી સલાહ શાસ્ત્રોમાં આપેલી છે. ટૂંકમાં આરોગ્યને હાનિકારક, શારીરિક, માનસિક અને ભાવનિક સંતુલન અને સામ્ય અવસ્થાને બાધક એવો આહાર ન લેવાની સૂચના યોગ-વિષયક ગ્રંથોમાં સ્પષ્ટ રીતે આપવામાં આવેલ છે.

આધુનિક વિજ્ઞાન-સ્વાસ્થ્ય અને આહાર ઉપર હવે પછીનાં લેખમાં.

❑❑❑

સંપર્ક : ૪૦૪, સુંદર ટાવર, ટી.જે. રોડ,
શીવરી, મુંબઈ - ૪૦૦૦૧૫.
મો.નં. ૯૩૨૩૩૩૧૪૯૩

# સર્જન-સ્વાગત

## ડૉ. પાર્વતીબેન ખિરાણી

દરેક ધર્મદર્શનમાં ઈશ્વર, ગુરુ આદિની પૂજાનું કોઈ ને કોઈ રીતે મહત્ત્વ છે. પરંતુ જૈનદર્શનમાં તો દેવ ગુરુ આદિના પૂજન ઉપરાંત જ્ઞાનના પૂજનનું અદકેરું મહત્ત્વ છે. એટલે દાનના સાત ક્ષેત્રમાં એને મહત્ત્વ આપવામાં આવ્યું છે આ કારણે સૌથી વધારે જ્ઞાનખજાનો પણ જૈનદર્શનમાં પ્રાપ્ત થાય છે. પૂર્વે શ્રાવક જ્ઞાનની ઉત્કટ ભક્તિ કરતા તેમ જ સ્વદ્રવ્યથી જ્ઞાનના ભંડારોનું નિર્માણ કરતા. તેમાં લહિયાઓ દ્વારા હસ્તપ્રતો લખાવડાવીને જ્ઞાનભંડારને સમૃદ્ધ કરતા, આ ઉપરાંત કેટલાય સંઘોમાં પણ જ્ઞાનભંડાર રહેતા હતા, ત્યાં જે જે વિષયનું અવગાહન કરવું હોય એ એ વિષયનાં પુસ્તકો મળી રહેતાં અને અન્ય દર્શનનાં પુસ્તકો પણ આપણા જ્ઞાનભંડારમાં સચવાઈ રહેતાં હતાં. આવી આપણી શ્રુતભક્તિ હતી.

પરંતુ વર્તમાને વિજ્ઞાનયુગમાં આ કાર્યમાં ઓટ આવી ગઈ છે. કેટલાક ગુરુ ભગવંતો પણ જ્ઞાન કરતાં માત્ર ક્રિયાને વધારે મહત્ત્વ આપતા થઈ ગયા છે. આ વાત કેટલાક આચાર્ય ભગવંતોના ધ્યાનમાં આવતા પાછા જ્ઞાનોપાસના અને એના એક અંગ તરીકે હસ્તલેખન, પુસ્તક પ્રકાશન આદિ તરફ વળ્યા છે. આ એક સ્તુત્ય પગલું છે.

આવો જ એક અવસર જ્ઞાનનગરી સુરતના આંગણે 'શ્રી રામચંદ્રસૂરિ આરાધના ભવન' પાર્લે પોઈન્ટના આંગણે 'શ્રી સન્માર્ગ પ્રકાશન' અને 'જિનાજ્ઞા ટ્રસ્ટ'ના સહયોગથી તા. ૭-૧૦-૧૮ રવિવારના શુભ દિવસે યોજાયો. જેમાં આઠ આઠ ગ્રંથનું વિમોચન થયું. જેના સાક્ષી બનવાનું પરમ સૌભાગ્ય અમને (ડૉ. રેણુકા પોરવાલ, ડૉ. ઉત્પલા મોદી, ડૉ. પાર્વતી ખીરાણી) પણ મળ્યું. અમારા માટે આ ગૌરવવંતો અવસર હતો.

શ્રી જૈનશાસનના શિરતાજ આચાર્ય શ્રી વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજાના સાંનિધ્યમાં ૨૪ વર્ષ સુધી જ્ઞાનક્રિયાના પાઠ પછી ગીતાર્થતાને પામેલા અને મહાતપસ્વી વર્ધમાન તપોનિધિ આચાર્ય શ્રી વિજય ગુણયશસૂરીશ્વરજી મહારાજના પુત્ર-શિષ્યરત્ન પ્રવચન પ્રભાવક, સેંકડો જિનાલયના પ્રતિષ્ઠાચાર્ય, સેંકડો દિક્ષાના દાતાર, ૬૦થી વધુ શિષ્ય -પ્રશિષ્યોના ગુરુ, વિશેષમાં મહાન જ્ઞાન પ્રભાવક ૪૦૦થી વધુ પુસ્તકો - ગ્રંથના સંશોધક, સંપાદક, લેખક, સાહિત્ય વ્યાસંગી (સાહિત્યના કામમાં સદાય રચ્યાપચ્યા રહેનાર) અને જેમણે જૈન શાસનને નવા નવા શ્રુતરત્નો આપ્યા છે એવા શ્રુત સાહિત્યરત્ન પ.પૂ. આચાર્ય શ્રી વિજયકીર્તિયશસૂરીશ્વરજીના સાન્નિધ્યમાં આ અવસર યોજાયો હતો. જેમાં આઠ આઠ ગ્રંથોનું વિમોચન થયું. એનો 'સર્જન સ્વાગત'માં સમાવેશ કરવામાં આવ્યો છે.

પુસ્તકનું નામ : **આગમાદિગ્રન્થોદ્ધૃતં સમિતિગુપ્તિવૈભવમ્**

માર્ગદર્શક અને સંપાદક : પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્યશ્રીમદ્‌વિજય-કીર્તિયશસૂરીશ્વર

પ્રકાશક : સન્માર્ગ પ્રકાશન જૈન આરાધનાભવન, પાછિયાની પોળ, રિલીફ રોડ, અમદાવાદ- ૩૮૦૦૦૧.

આવૃત્તિ : પ્રથમ

આધારભૂત : આગમ પ્રકરણાદિ ગ્રંથો

પત્રકાણિ : (પૃષ્ઠ) ૬૨ + ૩૦૬

પ્રતય : (પ્રતિઓ) ૩૫૦

સાહિત્યસેવા : (મૂલ્ય) રૂા. ૪૦૦/-

પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન

ફોન નં. : ૦૭૯-૨૫૩૯ ૨૭૮૯

ચારિત્રજીવનના મુખ્ય સ્તંભરૂપ મહાવ્રતોના માહાત્મ્યને સમજવા માટે વિભિન્ન આગમાદિ શાસ્ત્રોના આધારે 'મહાવ્રતવૈભવમ્' ગ્રંથરત્નનું સંકલન



મહાવ્રતોના અણીશુદ્ધ પાલન માટે પ્રવચન-માતા સમિતિ-ગુપ્તિ અત્યંત આવશ્યક છે તેથી આઠે પ્રવચનમાતાઓનું સર્વાંગીણ કરુણામય સ્વભાવદર્શન કરાવવા અર્થે આગમશાસ્ત્રાદિ સ્રોતના સહારે 'સમિતિ-ગુપ્તિવૈભવ'ની રચના થઈ છે.

સમિતિ-ગુપ્તિ જ ચારિત્રને જન્મ આપીને ચારિત્ર શુદ્ધ કરવાપૂર્વક તેનું પરિપાલન કરનાર હોવાથી આઠેયને માતા કહી છે જે અષ્ટ પ્રવચન માતા તરીકે ઓળખાય છે. એનો સમાવેશ ઉત્તરગુણમાં થાય છે. એમાં શિથિલતા આવે તો મહાવ્રતોમાં શિથિલતા આવી શકે માટે એનું જ્ઞાન અને આરાધના અત્યંત આવશ્યક છે તે સમિતિ-ગુપ્તિ કિલ્લા સમાન છે. એમાં ગાબડું ન પડે તેનું ધ્યાન રાખવાનું છે કારણ કે મહાવ્રતનું રક્ષણ કરનાર છે.

આ ગ્રંથમાં ત્રણ વિભાગ છે. પ્રથમ વિભાગમાં સમિતિ ગુપ્તિની વ્યાખ્યા બંને વચ્ચેનો ભેદ વગેરે છે. બીજા વિભાગમાં શ્રી આચારાંગ આગમથી લઈ અનેકાનેક શાસ્ત્રાધારે આ પદાર્થ નિરૂપાયો છે. ત્રીજા વિભાગમાં સમિતિ-ગુપ્તિની આરાધનાદિ કરી ભવસાગર તરી જનાર મહાત્માઓની કથાઓ છે. પ્રથમ વિભાગ ગુજરાતી ભાષામાં છે. બીજો-ત્રીજો વિભાગ સંસ્કૃત ભાષામાં છે.

❖❖❖

પુસ્તકનું નામ : 'દિગંબર બોટિકમત-નિરાકરણ ગ્રંથસમુચ્ચયઃ' બોટિકપ્રતિષેધાદિ - એકાદશ ગ્રંથરત્નાનિ

કર્તા : **સમર્થશાસ્ત્રાકારશિરોમણિપૂજ્યાચાર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરાધ્યઃ**

સંશોધનકાર : પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય

અને સંપાદક શ્રીમદ્વિજયકીર્તિયશ-સૂરીશ્વરાઃ
આવૃત્તિ : પ્રથમ
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન : સન્માર્ગ પ્રકાશન
ફોન : ૦૭૯૨૫૩૯૨૭૮૯
પૃષ્ઠ : ૧૪૪ + ૪૨૨
સાહિત્યસેવા : (મૂલ્ય) રૂા. ૫૦૦



આ ગ્રંથમાં ૯ અપ્રગટ ગ્રંથ સહિત ૧૧ ગ્રંથનું સંપાદન છે. આચાર્ય હરિભદ્રસૂરિ રચિત આ ગ્રંથોનું સંશોધન સંપાદન પ.પૂ.આ.શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વરજીએ કર્યું છે. જીતુભાઈએ બોટિક શબ્દની વ્યુત્પતિ (વ્યાખ્યા) કરતા કહ્યું હતું કે દૂધને બિલાડી બોટી જાય પછી એ પીવાલાયક ન રહે. આ જિનશાસનને બોટી ગયા છે. એ બોટેલાને સાચું માને છે માટે બોટિક છે. આ મતની સ્થાપના આર્યકૃષ્ણના શિષ્ય શિવભૂતિએ કરી છે. આ મતની ઉત્પતિ વીર પરમાત્માના નિર્વાણ બાદ ૬૦૯ વર્ષે થઈ છે. જેનું વિસ્તૃત વર્ણન આવશ્યક નિર્યુક્તિ આદિ ગ્રંથોમાં થયું છે.

આ ગ્રંથમાં દિગંબર બોટિક સંપ્રદાયની મૂળભૂત માન્યતા અને તેના ખંડન-નિરાકરણના જુદા જુદા અપ્રગટ નવ ગ્રંથો, ગ્રંથભંડારમાંથી શોધીને પહેલવહેલા પ્રકાશિત કરાયા છે. એ જ રીતે તેને પૂરક એવી શ્વેતાંબર પાપનીય ગ્રંથોની સંદર્ભ સામગ્રી પણ એકત્ર કરી મુદ્રિત કરાઈ છે. એના મુખ્ય ત્રણ ગ્રંથો બોટિક પ્રતિષેધ, બોટિકોચ્ચાટનવાદસ્થાનક અને બોટિક નિરાકરણ ને વિશેષથી જોવામાં આવશે તો દિગંબર બોટિક સંપ્રદાયની શું માન્યતા હતી/ છે અને તેઓ શું પરૂપણા કરતા હતા/કરે છે તે જણાશે. સંપાદકે સામાન્યથી એમની માન્યતાઓ-પ્રરૂપણાઓને અહીં જણાવી છે જેના આધારે આજના વિદ્વાનોને વિચારવાના અનેક દૃષ્ટિકોણ મળી રહેશે.

❖❖❖

પુસ્તકનું નામ : મહાવ્રતવૈભવમ્ અનેક ગ્રંથેભ્યઃ સંકલિતમ્ ગુર્જર અનુવાદ સમેતમ્
(ગુજરાતી અનુવાદ સહ)
માર્ગદર્શક અને સંપાદક : પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરીશ્વર
આધારસ્રોત : પૂર્વાચાર્યરચિત ગ્રંથ
પૃષ્ઠ : ૨૬ + ૪૧૮
સાહિત્ય સેવા : (મૂલ્ય) ૪૫૦ રૂા.
પ્રકાશક અને પ્રાપ્તિસ્થાન :
સન્માર્ગ પ્રકાશન



પંચ મહાવ્રતનો વૈભવ ગુજરાતી સંસ્કૃતમાં છે. ૩૩ ગાથામાં પંચ મહાવ્રતનું વર્ણન છે. સંસ્કૃત ભાષામાં ટીકા બનાવી છે. એક બાજુ ગુજરાતી ભાષામાં છે તો બીજી બાજુ સંસ્કૃત ભાષામાં છે. જૈન દર્શનમાં મહાવ્રત આપણા સાધ્યમાં હોવું જોઈએ, એનાથી જ મોક્ષમાં જવાય છે.

અનંત દુઃખાત્મક સંસાર સાગરથી પાર પામી અનંત સુખાત્મક મોક્ષ મહેલને પામવા માટે શ્રામણ્ય-સર્વવિરતિ-સંયમ કે ચારિત્રનું આરાધન આવશ્યક છે. એ શ્રામણ્યની ઉત્પતિ, વૃદ્ધિ અને સ્થિતિ મહાવ્રતોને આભારી છે. મહાવ્રત સલામત તો શ્રામણ્ય સલામત, મહાવ્રત જોખમમાં તો શ્રામણ્ય પણ જોખમમાં. આગમ પંચાગીમાં મહાવ્રતની સાધનાના વિવિધ આયામો વર્ણવાયા છે.

પાંચેય મહાવ્રતોના વર્ણનમાં પંચમાંગ શ્રી ભગવતીજીથી લઈ યોગશાસ્ત્ર સુધીના આધારભૂત ગ્રંથોના ઉલ્લેખો અને દૃષ્ટાંતોને સ્થાન આપવામાં આવ્યું છે.

આ ગ્રંથમાં પંચમહાવ્રતનું સ્વરૂપ, યોગ્યતા, ઉપસ્થાપના વિધિ, ભાંગાભાવના, સ્ખલના, ફળ વગેરે બતાવવામાં આવ્યું છે.

❖❖❖

પુસ્તકનું નામ : વૈરાગ્યસારસમુચ્ચયઃ
(સારસમુચ્ચય)
કર્તા : શ્રીકુલભદ્રાચાર્ય
દિગમ્બર જૈનમતાનુયાયિનઃ)
સંપાદક : પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરીશ્વર
ગુજરાતી અનુવાદ : પૂ.આ. શ્રી વિજય કીર્તિયશસૂરીશ્વર
સાહિત્ય સેવા : (મૂલ્ય) રૂા.૨૫૦
પત્ર : ૮ + ૩૩૨



આ ગ્રંથની ભાષા સંસ્કૃત-સરળ લાલિત્યપૂર્ણ છે. આ એક દિગંબર ગ્રંથ છે. સંપૂર્ણ ગ્રંથમાં શ્વેતાંબર શૈલીને બાધ ન આવે તેવી શૈલી છે. ૧૨ ગાથામાં દિગંબરીય દીક્ષાના વર્ણન સિવાય બીજું કોઈ વાંધાજનક નથી. વૈરાગ્ય ઉત્પન્ન થાય એવા શ્લોક છે. સુભાષિતોના સંગ્રહ જેવો ગ્રંથ છે. કુલ ૩૩૧ ગાથા છે.

❖❖❖

પુસ્તકનું નામ : **गुरुकुलवासः**
**(अनेकग्रन्थेभ्यः सङ्कलितः**
ગુજરાતી અનુવાદ સહિત
માર્ગદર્શક અને સંપાદક - પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય શ્રીમદ્ વિજયકીર્તિયશસૂરીશ્વર
પૃષ્ઠ : ૧૦ + ૧૧૪
સાહિત્યસેવા (મૂલ્ય) : રૂા. ૧૩૦



ગુરુકુળવાસનો ડિક્ષનરી સમાન ગ્રંથ છે. પૂજ્ય શ્રમણ શ્રમણી ભગવંતોના ગુરુકુળવાસની સર્વાંગીણ મહત્તા પ્રસ્થાપિત થઈ છે. ગુરુકુળવાસમાં રહેવું હોય તો ગુરુભગવંત પ્રત્યે ભક્તિ-બહુમાન-સમર્પણ ભાવપૂર્વક ગુર્વાજ્ઞા પાલનની તત્પરતા હોવી જ જોઈએ. ગુરુની સાથે રહેવા છતાં જો આ ગુણ ન હોય તો તે ગુરુકુળવાસ જ નથી અને કદાચિત સકારણ ગુરુથી દૂર રહેવા છતાં આ ગુણ હોય તો તેનામાં તાત્ત્વિક ગુરુકુળવાસ છે જ. ગુરુઆજ્ઞાનો અપલાપ કરીને આજ

સુધીમાં કોઈપણ આત્માએ સિદ્ધિ પ્રાપ્ત કરી નથી કે કરી પણ શકશે નહીં, એ જ રીતે કોઈ પોતાની રીતે શાસ્ત્રાર્થઘટન કરે એની સામે ગુરુ ભગવંત લાલ આંખ કરીને કહે છે આ નિરર્થક છે. ભગવાનની આજ્ઞાનો ભંગ કરીને ગમે એવું આચરણ કરે તે નિષ્ફળ જાય. જુદા જુદા તણખલાની મજબૂતાઈ કેટલી? પણ ભેગા કરીએ તો મજબૂતાઈ વધી જાય એમ ગુરુકુળવાસમાં રહેવાથી મજબૂતાઈ વધી જાય. ગુરુની સેવા કરતાં સાધનાના રહસ્યો પ્રાપ્ત કરે. પાંચ મહાવ્રત મૂલગુણ સાધના છે તો એનું મૂલગુણ ગુરુકુળવાસ છે. એમાં રહેનારને ક્યારેય બીજાની આજ્ઞા માનવાનો વારો આવતો નથી. આમ આ એક મહત્ત્વનો ગ્રંથ છે.

•••

પુસ્તકનું નામ : જૈનસ્વરૂપદર્શનમ્ (જનો નાથ! જૈનત્વયુક્તઃ કથ સ્યાત્)

રચયિતા : પ્રવચન પ્રભાવક પૂજ્યાચાર્ય શ્રીમદ્ વિજય કીર્તિયશસૂરીશ્વર

આધારસ્રોત : જૈન કહો ક્યું હોવે ગુર્જરસજઝાય

સાહિત્યસેવા : રૂા. ૫૦/-

પત્રાણિ -પૃષ્ઠ : ૧૯ + ૪૯



ન્યાય વિશારદ, ન્યાયાચાર્ય, નવ્યન્યાયને ઉજાગર કરનાર મહોપાધ્યાય યશોવિજયજી રચિત આ એક સજ્ઝાય છે. એનું સંસ્કૃતમાં રૂપાંતર કરીને એના ઉપર સંસ્કૃતમાં વિશદ નવવૃત્તિનું સ્થાપન કરાયું છે. આ એક સજઝાય નહિ પણ મહાન શાસ્ત્ર છે. એમાં અભેદ સંબંધના કારણે પોતે જ પ્રશ્ન કરે છે અને પોતે જ જવાબ આપે છે. જે ભક્ત બને છે એ જ ભગવાન બની શકે. પરમાત્માને પરમ ગુરુનું બિરૂદ આપી પોતે શિષ્ય બને. જૈનત્વનો પ્રાદુર્ભાવ થાય તો જ જૈન બનાય પરંતુ ગુરુ ઉપદેશ વિના, આદેશ કે આજ્ઞા વિના, કૃપા મેળવ્યા વગર કાર્ય કરે, તો જૈનધર્મને વગોવે છે. સમતાના જળમાં કર્મમળ ધોવે ને જૈન બને. પાપરૂપી કાદવને દૂર કરે, સ્યાદ્વાદને જાણે અને ન્યાયનિક્ષેપમાંની ભાષામાં બોલે પણ પર પરિણતીને પોતાની ન માને. દેવગુરુધર્મની રહીને અભક્ષ્ય, અપેય ન વાપરે. આમ આ ગ્રંથમાં જૈનસ્વરૂપનું દર્શન કરવાનું છે.

અહીં કુલ છ ગ્રંથોનો અતિ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે. બાકીના બે ગ્રંથનો પરિચય ડિસેમ્બર - ૨૦૧૮ ના અંકમાં આવી ગયો છે.

(૧) જિનકલ્પદર્શન અને

(૨) આધ્યાત્મિક મતિપરીક્ષા ગ્રંથ

❑❑❑

સંપર્ક : ૯૮૨૧૦૫૦૫૨૭

# શ્રી ઋષભદેવના પુસ્તક વિશે

''યુગાદિદેવ શ્રીઋષભદેવ''– લેખક : મુનિ મહારાજશ્રી મૃગેન્દ્રવિજય

''એકવાર વસંતઋતુમાં ઉદ્યાનમાં લોકોને આનંદપ્રમોદ કરતાં જોઈને ઋષભકુમારના મનમાં વિચાર આવ્યો કે, શું આ દુન્યવી, ભૌતિક સુખ કરતાં પણ વધુ ચડિયાતું સુખ હશે ખરું?''

''સમ્રાટ ઋષભ એકવાર રાજ્યસભામાં બિરાજમાન હતા અને રાજનર્તકી નીલાંજનાનું નૃત્ય નિહાળી રહ્યા હતા ત્યારે તે નર્તકી અચાનક જ મૃત્યુ પામી. આ જોઈને રાજા ઋષભ ખેદ પામતાં સ્તબ્ધ બની ગયા અને નિર્વેદ પામ્યા.''

''દીર્ઘકાળ સુધી રાજ્યની ધુરાનું સબળ અને સફળ સંચાલન કર્યા પછી આદિ સમ્રાટ ઋષભ હવે મહાભિનિષ્ક્રમણને પંથે જવા અગ્રસર થયા છે. પ્રજાને ભોગભૂમિમાંથી પ્રવૃત્તિ ક્ષેત્રમાં લાવી, જીવનના પાઠ શીખવ્યા હવે તેઓ સ્વયં ત્યાગના માર્ગે જવા તૈયાર થયા છે...''

પ્રસ્તુત પુસ્તકના ૧૨મા પ્રકરણમાંથી લીધેલા આટલા શબ્દો આપણને વિચાર કરતાં કરી દે છે!

મહારાજશ્રી મૃગેન્દ્રવિજયજીએ આદિ પ્રભુનું જીવનવૃત્તાંત અનેક માહિતીથી સભર કરી આપીને, બારીકીભરી વિગતો આપીને આપણને છેક મૂળ સુધી લઈ ગયા છે.

એટલે જ તો વિચાર કરતા કરી મૂક્યા છે કે, આજે આપણે આવા શા માટે છીએ? પ્રભુ ઋષભદેવે આપેલા રત્નોને બદલે કંકરની માળા પહેરીને કેમ રાચીએ છીએ?

આમ તો રોજ રોજ પ્રભુજીનાં દર્શન કરીએ છીએ, પૂજન કરીએ છીએ, ગુણગાન કરીએ છીએ. શ્રમ કરીને શિખરે બિરાજમાન પ્રભુના દર્શને પણ જઈએ છીએ. તો પણ આપણે વિરાટમાંથી વામણા કેમ બન્યા?

૧૬મા પ્રકરણમાં જણાવ્યું છે તેમ હજારો-લાખ્ખોની સંખ્યામાં સાધુ-સાધ્વીજી મહારાજ આદિદેવે આપેલો બોધ પ્રસરાવી રહ્યા છે...છતાં આપણે ફંટાયા કેમ?

જવાબ છે. આ અને આવાં પુસ્તકો, ગ્રંથો વાંચીને ત્યાં જ પૂર્ણવિરામ ન કરતાં ધર્મના મર્મ સુધી પહોંચી વિશુદ્ધ ધર્મને પામીએ.

આ પુસ્તકમાં મહારાજશ્રીએ આપણાં જૈન ધર્મમાં રહેલું મૂલ્યવાન ધન આપણી સામે મૂકી દીધું છે. ગહન ચિંતન આપ્યું છે. તેની પૂજા કરીને સાથે સાથે એ ચિંતન અંતરમાં ઉતારીએ તો પ્રભુજી અને આપણી વચ્ચેનું 'અંતર' ઘટે!

''યુગાદિદેવ શ્રીઋષભદેવ'' પુસ્તક આપણને મૂળ તરફ જવાની દિશા દેખાડે છે.

આ પુસ્તકના અંત ભાગમાં શ્રીઋષભદેવ ભગવાનના જીવનના પ્રસંગોનાં ૬ કલાત્મક ચિત્રો ઉમેરીને વધુ આકર્ષક તથા મૂલ્યવાન બનાવ્યું છે.

**રમેશ બાપાલાલ શાહ**

❑❑❑

આ પુસ્તક મેળવવા સંપર્ક કરો.
મુગેન્દ્ર મહારાજ સાહેબ મો. ૯૯૦૪૫૮૯૦૫૨

# જાન્યુઆરી અંક વિશેષ : કેલિડોસ્કોપિક નજરે : ગયા અંકની વાત

**શ્રી મોહનભાઈ પટેલ**

જાન્યુઆરીના જ અંકમાં ડૉ. નરેશ વેદ આપણને ઉપનિષદમાં 'દેવસ્યમહિમા' સમજાવે.

તો, પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ કબીરના આલેખન સમજાવે અને કર્મના વૃક્ષ પર ખીલતાં એષણાનાં ફૂલનો મહિમા વર્ણવ્યો છે. મૃત્યુ અને દેહાંતર પ્રાપ્તિ વિશે આ અંકમાં સારું એવું લખાયું છે. શશિકાંત લ. વૈદ્ય મૃત્યુને મુક્તિ સાથે સરખાવે છે. મારા મિત્ર નટવરભાઈ દેસાઈ 'વિદાય વેળા' વિશે લખીને પણ એ જ વાત કરે છે કે, અંધારામાંથી આવ્યા અને વિદાય પછી ક્યાં જવાના છીએ ? તે આપણે જાણતા નથી. એટલે કે, અંધારામાંથી આવ્યા અને અંધારામાં જવાનું છે. સવાલ એ ઊભો થાય છે કે, આ બધું ખરું પણ ક્યારે તે પણ આપણા હાથમાં નથી. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહ્યું કે, जातस्य हि ध्रुवो मृत्यु પણ, આ બધામાં કોઈ ટાઈમસ્લોટ આપ્યો નથી.આપણો જ જીવ, આપણું જ શરીર, એને આપણે સ્વેચ્છાએ કેમ ના ત્યજી શકીએ ? હું આપઘાતની વાત નથી કરતો. એ તો બહુ જ વ્યાજબીપણે ગુનો ગણાયો છે. શ્રી ભાણદેવજીએ એમના લેખ 'સ્વેચ્છા દેહત્યાગ'માં આત્મહત્યા અને સ્વેચ્છાએ જે થઈ શકે તે દેહત્યાગ એટલે કે સમાધિ વચ્ચેનો ફરક સુપેરે સમજાવ્યો છે. આત્મહત્યા તો મનનો નબળો, કાયર કે મૂર્ખ માણસ જ કરે. સમાધિ એ સ્વેચ્છાએ સ્વીકારેલ યોગસિદ્ધિનો માર્ગ છે. જોકે, આપણા જેવા સામાન્ય લોકો માટે સમાધિ, મૃત્યુ પ્રાપ્ત કરવું એ બહુ સામાન્ય વાત નથી. કોઈક વિરલાઓ જ એવી સમાધિ મેળવે કે જેમાં ઇન્દ્રિયોનાં દ્વાર બંધ થાય, બાહ્યજગત સાથેનો સંપર્ક તૂટી જાય, મન સ્થિર અવસ્થાને પામે. આ બધું કઈ રીતે મેળવાય ? ખૂબ સમજણપૂર્વકનો લેખ છે ભાણદેવજીનો. જેમાં 'શ્રીમદ્ ભગવદ્ ગીતા'માં વર્ણવેલ સમાધિ અને મૃત્યુ અને સામાન્ય દેહપરિવર્તન જે આપણે સામાન્ય માણસોને પણ ગીતાની આટલી સારી વાત સમજીને સંતોષ માનવાનો કે,

देहिनोऽस्मिन् यथा देहे कौमारं यौवनं जरा।
तथा देहान्तरप्राप्तिर्धीरस्तत्र न मुह्यति ।।

તો, ખેંચીને જીવવાનો કે પ્રયાસ કરીને મરવાની કોઈ જરૂર નથી. આપણા માટે કરનારે બધું ગોઠવી દીધું હોય છે. આટલું જ સમજીએ તો પણ ઘણું છે.

# ભાવ - પ્રતિભાવ

અસહિષ્ણુતા, અસ્વસ્થતા અને બેચેનીથી ઉદ્ભવે છે.

ઘણી બધી રીતે, દુનિયા પહેલાં કરતાં વધુ જટિલ છે. વધુ માહિતી છે, માહિતીના વધુ સ્રોત, જીવનમાંથી પસંદ કરવાની વધુ શક્યતાઓ અને આપણી આસપાસની સિસ્ટમ્સ પહેલાં કરતાં વધુ જટિલ છે.

ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા અને ટેક્નૉલૉજીના કારણે, લોકોએ તર્ક વિના ઝડપી જીવન શરૂ કર્યું છે.

વિશ્વ ભયંકર સ્પર્ધાત્મક બની ગયું છે. પછી ભલે તે શિક્ષણ, રમત, વ્યવસાય, રાજકારણ, સર્જનાત્મકતા ક્ષેત્રે હોય. ધર્મ અને આધ્યાત્મિકતા પણ પ્રતિકારિત રહી શક્યા નથી, બચી શક્યા નથી.

મને લાગે છે કે લોકો ખૂબ જ મહત્વાકાંક્ષી બની રહ્યા છે અને તેઓ ખૂબ જ ટૂંકા સમયમાં તેમના સપનાં ભરવા માગે છે.

આજના સમયમાં લોકો વધુ અસ્વસ્થ બનવાના ઘણાં કારણો છે; આમાંના કેટલાંક નીચે પ્રમાણે છે:

- તે એક સ્પર્ધાત્મક વિશ્વ છે, જે વૈશ્વિકીકરણની વાસ્તવિકતાઓ દ્વારા સંચાલિત છે. જેથી લોકો ટકી રહે અને શ્રેષ્ઠ બનવા માટે વધુ સારું કરવા માગે છે. ઘણી વખત, જ્યારે તેઓ આમ કરે છે ત્યારે તેમાં ઘણા દબાણ હોય છે કારણ કે જુદાં જુદાં સંસાધનો અને સક્ષમતાઓવાળા ઘણા સ્પર્ધકો હોય છે. જ્યારે તેઓ પોતાને કેટલાંક પાસાઓમાં અભાવ શોધી કાઢે છે, ત્યારે તે રેસ જીતવા માટે સપોર્ટ, જ્ઞાન અથવા શક્તિ માટે કચડી નાખે છે. આ તેમને બેચેન બનાવે છે.

વૈશ્વિકીકરણની દુનિયામાં ઘણી તકો છે, જે લોકો લાભ લેવા માંગે છે, જેનાથી તે તકોનો લાભ લેવા માટેના માર્ગો શોધવામાં આવે છે. પ્રક્રિયામાં તેઓ અસ્વસ્થ બને છે, કેમ કે અન્યો તેના માટે સ્પર્ધા કરે છે, જેને તેઓ તેમના માર્ગને અવરોધે છે.

- નેટ, સોશિયલ મીડિયા અને અન્ય સ્રોત દ્વારા ઉપલબ્ધ વિશાળ માહિતી ઉપલબ્ધ છે. તેઓ સંબંધિત માહિતીને શોધે છે, જે ઘણી વાર પ્રયાસો કરે છે, જે તેમને ક્યારેક અસ્વસ્થ બનાવે છે.

આપણે પોતાને આ પ્રશ્ન પૂછવાની જરૂર છે કેમ આપણે અસ્વસ્થ છીએ? શું આપણે અસ્વસ્થ છીએ કારણ કે તે આદત બની ગઈ છે? આ સંજોગોમાં, અસહિષ્ણુતા વારંવાર ઉદભવે છે.

બકુલ ગાંધી

મહામંત્ર નવકાર ના સાધક પૂ. શ્રી જયંતભાઈ રાહી ઉ. ૭૮ આજ મહા સુદ એકમ ના રોજ નમસ્કાર મહામંત્ર ની આરાધના કરતા અરિહંત શરણ પામેલ છે.

# The Momentous Era

Prachi Dhanvant Shah

January the first month of the English calendar commemorates my memories with the most special and important person in my life. The month of celebration! The birth month entitled by us to our dearest darling Papa. Being unaware of his birth date, during my early childhood, we landed up celebrating several birthdays for Papa but one fine day we decided and declared 5th January as Papa's Birthday. So, what better than sharing his words and thoughts with my readers? This platform entrusts me to share one of his articles written in Gujarati with a yearning to share his thoughts notably for dignitary who are not so affluent with Gujarati linguistics.

**"The glistening luminescence of a full moon in the sky"**

How do we define penance and pilgrimage under one termed definition? By means of external penance, we enable our senses to be disciplined and gets self-restrained. This being experienced, it eliminates any kind of disorders in our body, leading to close accordance and cognizance with the true element and essence of spirituality. Similarly, by means of self-reflection, penance through your internal senses and aspiring spiritual knowledge with right faith would enable you to rendezvous Moksha. Equivalently, visiting the pilgrim has the synonymous clout. With its spectacle, you would ordeal strong inclination and devotion being outset in your soul leading to an affirm spiritual growth of a devotee. But all this being said, is constrained to the beneficiary of an individual in person. The benefits are restrained to only one individual and soul, what about others?

January 19, 20 of 2013 I was fortunate to encounter a social conclave with my friend NavinbhaiManiyaar who addressed me to a close contemplation of *Shri C.U Shah PragnyachakshuMahilaSevakunj* ( LadiesShelter) of Surendranagar, that encouraged and enforced me to define Penance and Pilgrim in unique divination.

Self-cognizance is excellent but besides just recognizing oneself, being altruistic and serving others selflessly is outstandingly phenomenal.

Blind, dull, blunt and diseased girls being served with all patience and love without any selfish motives. Seeing this, I confronted to myself and acclaimed that this is the true definition and alacrity of penance. And when you experience the aura of pure love, compassion, and equality, chanting of benign devotion all around, then the whereabouts is certainly be recognized as a Pilgrimage. Although being disabled physically, every soul is pure and pious driven snow. When you applaud these souls with compassion, love, and receptivity then you would certainly sight Paramatma in their reflection.

These girls did not nurture themselves with the perception of helplessness but they have challenged their disabilities by means of various talent and activities.

When you see fifty girls competing with each other in a cooking challenge completing the entire meal, or be it any other competition and activities we would certainly speculate that this is called as a challenge to nature and fate.

Here there are no differences in religion nor there are any hesitation and age bar. Women of any age if is blind or blunt or disabled, are welcomed with compassion and given shelter. They are educated with different talent such as music, computers, sewing, electronics etc and pioneer themselves with a talent that bestows them to lead life independently with self-respect and confidence. (For more details please contact: Shri Navinbhai Maniyaar-09323398610-India)

Girls who bid goodbye to this hermitage after getting married to their ideal partner, turn around to look at this place as their maternal home. It becomes their home to seek warmth and mother love. No matter how far they go in life, this place remains uprooted strong in their heart and remains an essential part of their life. So far 135 blind girls have got married from here and departed to their husband's home. But when they leave, they also take along all the ritual gifts that every girl receives from their maternal home as goodwill to their new life. Not only the flow restraints to their marriage but the daughters of this home are blessed with their baby shower too!

This time we encountered and celebrated along the 19th wedding festival of this ashram. Four blind couple commemorated themselves into married life. This is the true essence of marriage and confining of two souls. Because these couples have not witnessed each other's physical appearance but have just perceived their soul and so the true soul mates. The

ritual ceremony of Kanyavidaay ( goodbye to your maternal family) was emotional and admirable. All the girls when addressed Navinbhai with the term “Papa” full of affection, I certainly felt envious of him.

Any organization would hail smoothly and successfully only if someone dedicates his soul to it selflessly. And here in this shelter, resides such couple who are the heart and soul of this organization. They are Muktaben & Pankajbhai Dagli. I would certainly call ascetic Muktaben mother Teresa of Gujarat. If under any circumstances you across a book “Nain maa Naval noor” (નેણમાં નવલનૂર) by Bakul Dave on Muktaben's life, please do read it assuredly , because on reading the same, not only the most difficult challenges of your life would seem painless, but your pain would irrefutably morph into pleasure. Those who wish to seek and love compassion, who urge to serve others and want to incline their soul towards social work, who wish to search for a spark of light in darkness, who yearn to learn what is right penance, and who wish to perceive live pilgrimage should certainly and undeniably read this magnificent book.

I bow down to all the donors and volunteers associated with this organization. I believe whoever donates, they would certainly experience an upsurge in their wealth. And those who preserve their wealth lose the essence of that wealth. Charity is like ***Kalpavruksh***(Wish fulfilling divine tree ) and also ***Kaamdhenu***(divine bovine-goddess). It is stated in ***Uttaradhyaan Sutra*** that “ Serviceability is life; generosity is Penance”.

Surendranagar beholds one more such pilgrim called “Raam Roti”. Here every day Rotlas are cooked out of 500 kg Bajara. Besides just providing employment to women who cook these rotlas, these rotlas are served to needy underprivileged people and animals around. This auspicious work is been led by one Dada Bharwaad.

May the definition and understanding of penance and pilgrimage be implicated with this extensive perception. May all never face *Amavasya* ( Lunar eclipse) in life. And by any chance, if your karma enforces you to face lunar eclipse in life, may your previous good karma bequeath you the brightness of full moon! This is all I wish always!

- Dr. Dhanvant T. Shah; Dated : March 16th 2013.

******************

If by any means, with the wish of expressing my father's words, I administered any inaccuracy or erroneousness, I seek your clemency. Although I do not authorize myself to mark commentary on the thoughts of my legend Dr.Dhanvant Shah, his article does haul me into the flashback. His every nerve thrived compassion. He was a benevolent humane and his soul warmhearted. There have been so many such episodes that reflect into my memory today.

Not revealing her name, there lived a girl with us during my childhood days at our place. She was a young girl but coming from not so educated and monetary firm background, she was entitled to work as a domestic help at our place. Papa was never happy with this idea of young children working at the cost of quitting their education for financial support. With the idea of not mentioning her name, let me name her as Usha for now. Usha was a great help to my mom and also a great company to us in our childhood. Although, whenever she was free in the afternoon, when we were gone to school, she would try to educate herself with our books. She was fascinated with books and the urge of learning thrived strongly within her. Usha did go to school once and studied till 9th grade and then she was enforced to quit her schooling to support her family. When papa saw Usha's inclination towards education, he was very happy. He enrolled her in a school and nourished her with his fatherly love, and for Usha, he became her Papa and us her family. Papa encouraged her and made sure she finishes her graduation. But she not only finished graduation but also accomplished masters and today she is an executive officer in a corporate firm. A small gesture of love, affection and compassion, changed Usha's life for good. It does not cost enough to spread love, it does not harm if you seek compassion in your soul but it just gives you joy and changes someone's life for good.


Coming through hard ways from his childhood, leading life without parents in an ashram, Papa not only understood other's pain but he experienced others pain and could sense it distinctly. His only aspiration of life was to love every soul and see a smile on everyone's face. As a father he always taught us the same.

“Live in such a way that if ever your children are asked the definition of Kindness, Compassion, and Generosity, they'll answer ‘My Parents’ “ - I am a daughter of such parents!

❑❑❑

49, wood ave, Edison,
N.J. 08820, U.S.A.
prachishah0809@gmail.com
+1-9175825643

ખલીલ જિબ્રાને કહ્યું છે કે 'પ્રેમ લેવામાં નહીં આપવાથી ફલિત થાય છે.' જેમ પ્રકૃતિ પોતાનું સર્વસ્વ જીવસૃષ્ટિ માટે અર્પણ કરતી આવી છે તેમ આપણે પોતાનું સર્વશ્રેષ્ઠ કોઈને આપી આનંદ મેળવવો જોઈએ. સ્વાર્થ કરતા પરમાર્થ શ્રેષ્ઠ છે. ત્યાગી ને ભોગવવાની વૃત્તિ આપણા વેદોની દેન છે. 'ખરેખર તો પ્રકૃતિમાં માણસને નિષ્કામ અને નિરહંકારી બનાવવાની શક્તિ છે.' પરંતુ આપણે પ્રકૃતિમાં માણસને નિષ્કામ અને નિરહંકારી બનાવવાની શક્તિ છે.' પરંતુ આપણે પ્રકૃતિ તરફ કેટલા સજાગ છીએ એ પણ એક પ્રશ્ન છે.



શિખર સાંભળે,
તળેટીનો અવાજ,
એટલે તો ઝરણું થઈ ભેંટવા ધસે.
o
તરુવર ને એકલું ન લાગે,
એટલે તો,
પક્ષીઓ કલરવ કરે છે.
o

સાગર સાંભળે,
કિનારાનો સાદ,
એટલે તો પ્રચંડ મોજુ થઈ ભેંટવા દોડે.
o
વૃક્ષનો સદ્ભાવ,
એટલે તો માળો બાંધવા,
પરવાનગી નથી લેતાં પક્ષી.
o

સૌજન્ય : 'કૃતિ, આકૃતિ અને પ્રકૃતિ' – પુસ્તકમાંથી
સવજી છાયા – દ્વારકા

(પ્રકૃતિને જોઈ ચિત્રો દોરાયા છે શ્રી સવજી છાયાની કલમે)

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019. & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો હોય મારો અંતિમ પત્ર તો...

સુરેશ ગાલા

પુત્રોને,

સાધના દરમ્યાન પ્રાણની ગતિ અને લયમાં જે ફેરફાર અનુભવ્યા છે એના આધારે એવું લાગે છે કે છ મહિનાની અંદર આ દેહ છૂટી જશે. આ મારું તમને અંતિમ સૂચન છે.

(૧) જીવનનું ધ્યેય સમ્યગદર્શનની પ્રાપ્તિ રાખજો. સમ્યગદર્શનનો અર્થ તમને સમજાવ્યો છે કે હું દેહ નથી, હું મન નથી એની અનુભૂતિ કરવી.

(૨) જૈન ધર્મમાં જ્ઞાનને આત્માનો ગુણ માન્યો છે. અવધિજ્ઞાન મનઃપ્રવજ્ઞાન અને કેવળજ્ઞાનને પ્રત્યક્ષ જ્ઞાન કહે છે. (ઈન્દ્રિયોના ઉપયોગ વિના પ્રાપ્ત થતું જ્ઞાન). મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનને પરોક્ષજ્ઞાન કહે છે. (ઈન્દ્રિયોના ઉપયોગ દ્વારા પ્રાપ્ત થતું જ્ઞાન) મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું પણ ખૂબ જ મહત્ત્વ જૈનધર્મમાં છે. આનંદ પણ આત્માનો ગુણ છે. ઈન્દ્રિયાતિત આનંદની પ્રાપ્તિ ન થઈ હોય તો ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતાં સાત્ત્વિક આનંદનું પણ મહત્ત્વ છે. જેમ મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનનું મહત્ત્વ છે! પાંચે પાંચ ઈન્દ્રિયોનો સાત્વિક આનંદ પણ ધર્મ આરાધનાનો ભાગ નથી એમ માનતા નહી.

(૧) કર્ણેન્દ્રિય માટે - શાસ્ત્રીય સંગીત પક્ષીઓનો કલરવ, ઝરણાનું સંગીત, મનને શાંતિ પમાડે એવાં સ્તવનો, ગીતો અને ભજનો આદિ.

(૨) ચક્ષુઈન્દ્રિય માટે - સૂર્યોદય, સૂર્યાસ્ત, પુષ્પો, બગીચાઓ, દરિયો, નદી, તળાવ, ચંદ્ર ભગવાનની મૂર્તિઓ આદિ.

(૩) ઘ્રાણેન્દ્રિય માટે - પુષ્પોની સુગંધ, ધૂપની સુગંધ આદિ.

(૪) સ્વાદેન્દ્રિય માટે - સાત્ત્વિક સ્વાદિષ્ટ શાકાહાર.

(૫) સ્પર્શેન્દ્રિય માટે - શીતળતા

(૩) તમે જે આર્થિક ઉપાર્જન કરો છો એમાંથી થોડો ભાગ શૈક્ષણિક અને આરોગ્યક્ષેત્રે જરૂરિયાતમંદો માટે વાપરજો.

(૪) આયુર્વેદના દિનચર્યા અને ઋતુચર્યાના જે નિયમો તમને સમજાવ્યા છે એનું પાલન કરજો. રાત્રે વહેલા સૂઈ વહેલા ઊઠવાનું રાખજો.

(૫) શરીરને સ્વસ્થ રાખવા સાત્ત્વિક આહાર અને પૂરતી નિદ્રા લેજો. નિયમિત કસરત કરજો. સદ્‌ગુરુએ શીખવાડેલ આત્મસાધના નિયમિત કરજો.

(૬) જે જે સંબંધોમાં જોડાણા છો અથવા જોડાશો એ સર્વ સંબંધો ઋણાનુબંધને કારણે છે. મૈત્રી, પ્રમોદ, કારુણ્ય અને માધ્યસ્થ્ય ભાવનાને કેન્દ્રમાં રાખી અન્ય સાથે વર્તજો.

(૭) આ મારા સૂચનો પૌત્રીઓને સમજાવજો અને એ પ્રમાણે એમની જીવનરીતી ગોઠવાય એનો ખ્યાલ રાખજો.

(૮) કદાચ તમારી મમ્મીનો દેહ મારાથી પહેલાં છૂટે તો મારી એટલી ક્ષમતા નથી કે સૂક્ષ્મ જગત સ્થિત તમારી મમ્મી સાથે અનુસંધાન કરી શકું, પણ એવી પ્રતિતી થાય છે કે She is my Soulmate! પૂર્ણતા પ્રાપ્ત થશે ત્યાં સુધી સંગાથે રહેશે.

(૯) ઋણાનુબંધને કારણે આપણે ભેગા થયા છીએ. ઋણાનુબંધ પૂરા થશે અને આપણે વિખૂટા પડી જશું, કદાચ ઋણાનુબંધ બાકી હશે તો આપણે પાછા નવા સ્વરૂપે મળશું. શ્રી મકરંદભાઈ દવેની આ પંક્તિઓ હૃદયમાં કંડારી રાખજો.

**જીવનની સાંજ થશે ને આપણે જઈશું પોઢી,**
**સૂરજ સાથે જાગશું પાછા નવો આંચળો ઓઢી,**
**નિત નવા વેશ ધરી નિત નવે નવે દેશ,**
**આપણે આવશું! ઓળખી લેશું આંખ્યુની સંદેશ.**

□□□

**Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai -400004.**

**Printed & Published by :** Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 **Printed at** Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N.M.Joshi Marg, Lower Parel (E), Mumbai - 400 011. Tel. 40032496 / 9867540524. **Editor : Sejal M. Shah**
**Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai -400004.**